શ્રી આદિનાથાય નમઃ

શ્રી પ્રાચીન—

# સ્તવન સઝાય સંગ્રહ.


સંગ્રહ કર્તા,

ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજી ગણી.



પ્રકાશક

સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
પાલીતાણા.

મહેતા નાગરદાસ પ્રાગજી
ડોશીવાડાની પોળ—અમદાવાદ.

વિક્રમ સંવત ૧૯૮૮. -:૦:- આવૃત્તિ ૧ લી.

કીમત રૂા. ૧-૮-૦

પાલીતાણા-શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસમાં
શા. અમરચંદ બહેચરદાસે છાપી.

# અર્પણ પત્રીકા.

જૈનશાસનનભોનભોમણિ—સિદ્ધાંતમહોદધિ—પ્રશમરનિધિ
સગૃહીત નામધેય પરમપૂજ્ય ગુરૂમહારાજશ્રી ૭ ઉપાધ્યાયજી

**કનકવિજયજીગણીના સેવામાં.**

આપશ્રીજીએ આપના વિશુદ્ધચારિત્ર અને ઉત્તમ બ્રહ્મચર્ય તથા
અપૂર્વજ્ઞાન ક્રિયાદિના પ્રભાવથી નિર્મલ ધર્મોપદેશ આપીને
અનેક દેશના ભવ્યપ્રાણીઓને સમ્યકત્વ દેશવિરતિ
સર્વવિરતિ આદિ પ્રાપ્ત કરાવીને શુદ્ધ મોક્ષ માર્ગે
ચડાવી શાસનમાં મહાન્ ઉપકાર કર્યો છે.
તેવીજરીતે મને પણ સંસાર સમુદ્ર તરવા
જહાજ સમાન પારમેશ્વરી દીક્ષા આપી
મહાન્ ઉપકાર કર્યો છે. તે ઉપકા-
રનું સ્મરણ કરવા ખાતર આ
પુસ્તક આપશ્રીજીને સમર્પણ
કરી મારા આત્માને
કૃતાર્થ માનું છું.

લી૦ આપનો કૃપાકાંક્ષી
સેવક, મુક્તિવિજય.

# પ્રસ્તાવના.

આ બુકની અંદર આવેલાં ચૈત્યવંદનાદિને લખવા લખાવામાં ઉપાધ્યાયજી મહારાજશ્રી ૭ કનકવિજયજી ગણીએ અત્યંત પ્રયાસ કર્યો છે. ચૈત્યવંદનો સ્તુતિઓ અને અતીશેં વૈરાગ્ય રસીક સ્તવનો તથા વૈરાગ્ય રસ ભરપૂર અને નહિ છપાએલી એવી મોટી સઝાયોનો ઘણો શ્રેષ્ટ સંગ્રહ કરેલો છે. તે ઉપરાંત પ્રેસ કોપી તથા પ્રુફો ઘણો પ્રયાસ લઇને પોતે જાતે સુધારેલ છે. કેટલાક વખતથી ઘણા લોકોની માગણી હતી. કે શ્રેષ્ટ અને વૈરાગ્ય રસીક સ્તવન સઝાયાદિનો સંગ્રહ કરીને એક પુસ્તક બહાર પાડો. જેથી ભવ્ય પ્રાણીઓને ઘણા ઉપકારક થશે. તેથી આ વખતે ૧ લી આવૃતિમાં બુકાકાર પુસ્તક બહાર પાડેલું છે. શુધિ તરફ ઘણું લક્ષ રાખેલ છતાં પ્રેસ દોષથી અથવા દૃષ્ટિ દોષથી અશુધિ રહી હોય તો તે બીજી આવૃતિમાં સુધરશે.

આ બુક બાળ અને વૃધ સર્વેને કંઠે કરવું સુગમ પડે. તેથી મોટા ટાઇપમાં છપાવવામાં આવેલ છે માટે સર્વ સુજ્ઞ જનોને ભલામણ છે. કે આખી બુક કંઠસ્થ કરવાથી ઘણી લાભદાયી થશે.

આ બુકની શરૂઆતમાં વયોવૃધ શાંતમૂર્તિ પરમ તપસ્વી ચારિત્ર ચુડામણી પરમ ઉપકારી પરમ ગુરૂ મહારાજ

શ્રી ૭ જીતવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર આપેલું છે. અને ત્યાર પછી પાંચ વિભાગમાં સંગ્રહ કરેલો છે, તે નીચે મુજબ,

પેલા ભાગમાં ૩૨ ચૈત્યવંદનો છે બીજા ભાગમાં ચાર જોડાવાલી ૩૫ સ્તુતિઓ છે. ત્રીજા ભાગમાં ૬૬ સ્તવનો છે અને ચોથા ભાગમાં વૈરાગ્ય રસિક અને કેટલીક મોટી સઝાયો ૭૪ આપેલી છે. અને પાંચમા ભાગમાં મંગલ આદિ પાંચ ઉપયોગી વસ્તુઓ છે, તે અનુક્રમણીકા વાંચવાથી માલુમ પડશે. આ બુક છપાવવામાં ઉપાધ્યાયજી મહારાજશ્રી ૭ કનકવિજયજી ગણીના ઉપદેશથી શ્રાવક શ્રાવિકા વર્ગની જે સહાય મલેલી છે, તેમનાં નામો આની જોડે લખેલ છે.

સંવત ૧૯૮૭ આશો વીદ ૧૦

લી. મુક્તિવિજય

ઠે૦ જામનગર વાલાની ધર્મશાલા.

પાલીતાણા

# જુની અને જાણીતી પેઢી.

અમારે ત્યાંથી જૈન ધર્મના દરેક પુસ્તકો તથા આગમો—સુત્રો વિગેરે જથાબંધ મળે છે, ફોટોગ્રાફો, ચોપડાં, નવકારવાળી, રંગીન નકશા શ્રીસિદ્ધચક્રજીના ગટા—ઉન ચરવાળા, ઓધારીયા—કટાસણા, વિગેરે જથાબંધ તથા છુટક મળે છે.

સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર—પાલીતાણા.

મેતા નાગરદાસ પ્રાગજી
જૈન બુકસેલર,
ડોશીવાડાની પોળ—અમદાવાદ.

# અનુક્રમણિકા.


| ચૈત્યવંદનનું નામ. | ચૈત્યવંદનનું પહેલું પદ. | પત્ર. |
|---|---|---|
| ૧ બીજનું | દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, | ૧ |
| ૨ પાંચમનું | ત્રિગડે બેઠા વીરજીન, | ૨ |
| ૩ ,, | બાર પર્ષદા આગલે, | ૩ |
| ૪ ,, | શ્રી સૌભાગ્ય પંચમીતણો, | ૩ |
| ૫ આઠમનું | મહા શુદિ આઠમને દિને, | ૪ |
| ૬ એકાદશીનું | શાશન નાયક વીરજી, | ૫ |
| ૭ દોઢસો કલ્યાણકનું | શાશન નાયક જગજયો, | ૧૯ |
| ૮ રોહિણીનું | વાસવ પુજીત વાસુપૂજ્ય, | ૬ |
| ૯ ,, | રોહિણી તપ આરાધીયે, | ૭ |
| ૧૦ નવપદનું | પહેલે દિન અરિહંતનું, | ૮ |
| ૧૧ ,, | સકલ મંગલ પરમ કમલા, | ૧૫ |
| ૧૨ પર્યુષણનું | નવ ચોમાસી તપ કર્યા, | ૮ |
| ૧૩ વીશ વિહરમાનનું | સીમંધર યુગમંધર પ્રભુ, | ૯ |
| ૧૪ એકસો સિંતેર જીનનું, | સોલ જીનેશ્વર સામલા, | ૧૦ |
| ૧૫ સીમંધર સ્વામીનું | સીમંધરજીન વિચરતા, | ૧૦ |
| ૧૬ ,, | જયતુજીન જગદેક ભાનુ, | ૧૧ |
| ૧૭ અનાગત ચોવિશીનું, | પદ્મનાભ પહેલા જીણંદ, | ૧૨ |
| ૧૮ અતીત ચોવિશીનું | અતીત ચોવિશી પ્રથમ દેવ, | ૧૬ |
| ૧૯ તીર્થંકરના લંછનનું | આદિદેવ લંછન વૃષભ, | ૧૮ |
| ૨૦ તીર્થંકરની દીક્ષાદિકનું, | સુમતિનાથ એકાસણું, | ૩૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | સામાન્ય જીનનું | જયજય શ્રીજીન રાજ આજ, | ૩૧૪ |
| ૨૨ | બાવન જીનાલયનું, | શુદ્ધિ આઠમ ચંદ્રાનન, | ૧૯ |
| ૨૩ | પુંડરીકજીનું | આદીશ્વર જીન રાયનો, | ૩૧૫ |
| ૨૪ | ,, | શ્રી શત્રુંજય મહાત્મ્યની, | ૧૬ |
| ૨૫ | આદીશ્વરનું | કલ્પવૃક્ષની છાંયડી, | ૩૧૨ |
| ૨૬ | અરનાથજીનું | નગર ગજપુર પુરંદરપુર, | ૧૪ |
| ૨૭ | મલ્લીનાથજીનું | પુરૂષોતમ પરમાત્તમા, | ૧૩ |
| ૨૮ | પાર્શ્વનાથજીનું | ૐ નમઃ પાર્શ્વનાથાય, | ૩૧૧ |
| ૨૯ | ,, | નમદેવ નાગેંદ્ર, | ૨૨ |
| ૩૦ | ,, | અમરભુતિને કમઠ વિપ્ર, | ૩૧૩ |
| ૩૧ | મહાવીર કલ્યાણકનું | સિધારથ સુત વંદિયે | ૧૭ |
| ૩૨ | સિદ્ધભગવાનનું | જગતભૂષણ વિગતદૂષણ | ૨૧ |


## અથ સ્તુતિ સંગ્રહ.


| થાયનું નામ. | | થાયનું પહેલું પદ. | |
|---|---|---|---|
| ૧ | બીજની | અજુવાળી તે બીજ સોહાવે રે. | ૨૪ |
| ૨ | પાંચમની | પાંચમને દિન ચોસઠ ઈંદ્રે. | ૨૪ |
| ૩ | ,, | શ્રીજીન નેમિ જીનેસરસ્વામી. | ૨૫ |
| ૪ | આઠમની | અષ્ટમી તપ મહિમા. | ૨૭ |
| ૫ | એકાદશીની | નિરૂપમ નેમિ જીનેસર ભાખે. | ૨૭ |
| ૬ | ,, | ગોપીપતિ પુચ્છે. | ૨૮ |
| ૭ | ,, | ગોયમ બોલે ગ્રંથ સાંભળી. | ૩૧૭ |
| ૮ | ચોથની | સર્વાર્થ સિદ્ધથી ચવીએ. | ૩૧૫ |
| ૯ | સિદ્ધચકની | વીર જીનેસર ભવન દિનેસર. | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ,, | પ્રહ ઉઠી વંદુ સિદ્ધચક્ર સદાય. | ૩૧ |
| ૧૧ | ,, | પહેલે પદ જપીયે અરિહંત. | ૩૩ |
| ૧૨ | સિદ્ધાચલની | જીહાં ઓગણોતેર કોડા કોડી | ૪૩ |
| ૧૩ | ,, | શત્રુંજય સાહિબ પ્રથમ જીણંદ. | ૫૦ |
| ૧૪ | ,, | સવિ મલી આવો. | ૫૧ |
| ૧૫ | રોહિણીની | નક્ષત્ર રોહિણી જે દિન આવે. | ૩૬ |
| ૧૬ | ,, | માસ માસ રોહિણી તપ કીજે. | ૩૮ |
| ૧૭ | ગીરનારની | શ્રી ગિરનાર શિખર શણગાર. | ૪૪ |
| ૧૮ | સીમંધર પ્રમુખજીનની, | શ્રીસીમંધર સેવિત સુરવર. | ૪૫ |
| ૧૯ | સીમંધરની | શ્રી સીમંધર મુજને વાહાલા | ૪૬ |
| ૨૦ | દશત્રિકની | નિસીહિ ત્રણ પ્રદક્ષિણા ત્રણ. | ૪૭ |
| ૨૧ | નંદીશ્વરની | નંદીશ્વર વરદ્વીપ સંભારૂં. | ૪૮ |
| ૨૨ | અધ્યાત્મની | વીતરાગ અરિહંત પુજીએ. | ૪૮ |
| ૨૩ | સૌધર્મ દેવલોકની | સુધર્મ દેવલોક પહેલો જાણો | ૩૪ |
| ૨૪ | પર્યુષણની | મણીરચિત સિંહાસન. | ૨૯ |
| ૨૫ | ,, | વર્ષ દિવસમાં અષાઢ ચોમાસું. | ૩૧૬ |
| ૨૬ | ઋષભદેવની | આદિજીનવર રાયા | ૫૨ |
| ૨૭ | ,, | ત્યાસી લાખ પૂરવ ઘરવાસે. | ૫૪ |
| ૨૮ | સુમતિનાથની | મહોટા તે મેઘરથ રાયરે. | ૪૯ |
| ૨૯ | શ્રી પાર્શ્વનાથની, | ભીલડીપુર મંડણ. | ૩૭ |
| ૩૦ | ,, | પોસી દશમ દિન પાસ જીનેસર | ૩૮ |
| ૩૧ | ,, | જગજન ભંજન માહે જે ભલીયો. | ૩૯ |
| ૩૨ | ,, | શ્રી પાસજીનેસર. | ૪૧ |
| ૩૩ | શ્રી મહાવીરસ્વામીની | ગંધારે મહાવીર જીણંદા. | ૩૨ |

૩૪ ,, વીર જગત્પતિ જન્મજ થાવે. ૫૩

૩૫ વીશ સ્થાનકની, પુછે ગૌતમ વીરજીણુંદા. ૪૧


## અથ સ્તવન સંગ્રહ.


| | સ્તવનનું નામ | સ્તવનનું આદિપદ | પત્ર |
|---|---|---|---|
| ૧ | બીજની ઢાલ ૩ | સરસવચનરસ વરસતી | ૫૬ |
| ૨ | જ્ઞાનપંચમીની ઢાલ ૬ | પ્રણુમી પાસજીનેસર | ૫૮ |
| ૩ | એકાદશીની ઢાલ ૩ | દ્વારિકા નગરી સમોસર્યારે. | ૬૫ |
| ૪ | એકાદશીનું | અવિચલ વ્રત એકાદશી. | ૧૧૩ |
| ૫ | સાધારણ જીન ઢાલ ૫ | પ્રણુમી પાસ જીનેસર | ૭૨ |
| ૬ | સિદ્ધચક્રજીનું | નવપદ ધરજો ધ્યાન | ૭૯ |
| ૭ | ,, | સિદ્ધચક્રને ભજીયેંરે | ૮૦ |
| ૮ | ,, | સિદ્ધચક્રવર સેવા કીજે | ૮૦ |
| ૯ | સિદ્ધાચલનું | સંઘપતિ ભરત નરેસરૂ | ૯૩ |
| ૧૦ | ,, | હૈત સમાનને | ૯૫ |
| ૧૧ | ,, | ચાલો ચાલો વિમલગિરિ જઇયેંરે. | ૯૬ |
| ૧૨ | ,, | પ્રથમ જીનેસર પુજવા | ૯૭ |
| ૧૩ | રાયણ પગલાંનું | શ્રી આદિશ્વર અંતરજામી. | ૯૮ |
| ૧૪ | શત્રુંજયનું | હાંરે મારે આજ મલીયો | ૧૨૧ |
| ૧૫ | સિદ્ધગિરિનું | પાલીતાણું નગર સોહામણું રે | ૧૪૫ |
| ૧૬ | શ્રી ઋષભજીનનું | આજતો વધાઇ રે | ૮૨ |
| ૧૭ | ,, | ઋષભજીનેશ્વર સ્વામી રે | ૧૦૧ |
| ૧૮ | ,, | જ્ઞાન રયણ રયણાયરૂ રે. | ૧૪૬ |
| ૧૯ | પ્રભાતીયું | શ્રી ગૌતમ ગુરૂ સમરીએ | ૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | શ્રી અષ્ટાપદનું | મનડું અષ્ટાપદ મોહ્યું માહરૂંજી. | ૮૫ |
| ૨૧ | પરમાતમ અનુભવ પ્રકાશ પદ | હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં | ૧૦૩ |
| ૨૨ | છંવછરીદાનનું | શ્રી વરદાઇના ચરણ નમીને | ૧૦૩ |
| ૨૩ | પ્રતિમા સ્થાપનનું | ભરતાદિકે ઉદ્ધારજ કીધો. | ૧૦૭ |
| ૨૪ | સીમંધર જીન ૧૫ મી ઢાલ, | ધન્ય તે મુનિવરારે | ૧૦૮ |
| ૨૫ | સીમંધરનું | શ્રી સીમંધર સાહેબા | ૧૧૪ |
| ૨૬ | ,, | ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી | ૧૨૩ |
| ૨૭ | વીશસ્થાનકનું | હાંરે મારે પ્રણમું સરસતી | ૧૧૧ |
| ૨૮ | અજીતનાથ | પંથડો નિહાલું રે. | ૧૨૫ |
| ૨૯ | સંભવનાથ | હાંરે પ્રભુ સંભવ સ્વામી. | ૧૨૬ |
| ૩૦ | અભિનંદન | તુમે જોજો જોજો રે. | ૧૨૨ |
| ૩૧ | ,, | પ્રભુ મુજ દરિશન મલીયો અલવે | ૧૨૭ |
| ૩૨ | સુમતિનાથ | રૂપ અનૂપ નિહાલી. | ૧૨૮ |
| ૩૩ | પદ્મપ્રભ | પદ્મ જીનેસર પદ્મ લંછન ભલું | ૧૨૯ |
| ૩૪ | સુપાર્શ્વનાથ | નિરખી નિરખી તુઝ બિંબનેરે | ૧૩૦ |
| ૩૫ | ચંદ્રપ્રભ | ચંદ્રપ્રભ મુખચંદ | ૧૩૧ |
| ૩૬ | સુવિધિનાથ | સુવિધિ જીણેસર પાય નમીને | ૧૩૨ |
| ૩૭ | શીતલનાથ | શીતલજીન તુજ મુજ આંતરૂ | ૧૩૩ |
| ૩૯ | શ્રેયાંસનાથ | મનડું તે મોહ્યું સહીયાં માહરૂં | ૧૩૩ |
| ૪૦ | વાસુપૂજ્ય | વાસવવંદિત વંદિયેજી રે | ૧૩૪ |
| ૪૧ | વિમલનાથ | વિમલ જીણેસર નિજ કારજ કરૂં | ૧૩૫ |
| ૪૨ | અનંતનાથ | ધાર તરવારની સોહિલી | ૧૩૬ |
| ૪૩ | ધર્મનાથ | હારે મારે ધર્મ જીણંદશું | ૧૩૭ |

| | સ્તવનનું નામ | સ્તવનનું આદિપદ | પત્ર |
|---|---|---|---|
| ૪૪ | શાંતિનાથ | શ્રી શાંતિનાથ મહારાજ | ૮૪ |
| ૪૫ | ,, | શાંતિજીન એક મુજ વિનંતીજી | ૮૪ |
| ૪૬ | ,, | શાંતિ જીનેશ્વર સાચો સાહિબ | ૧૧૬ |
| ૪૭ | ,, | સુણુ દયાનિધિ તુઝ પદ પંકજ | ૧૧૭ |
| ૪૮ | ,, | શાંતિ જીનેશ્વર સાહિબ વંદો | ૧૪૪ |
| ૪૯ | ,, | મારો મુજરો લ્યોને રાજ | ૧૪૭ |
| ૫૦ | કુંથુનાથ | કુંથુ જીનેશ્વર જાણુજો રે, | ૮૮ |
| ૫૧ | અરનાથ | શ્રી અરજીન ભવજલનો તારૂ, | ૧૩૮ |
| ૫૨ | મલ્લિનાથ | મલ્લિ જીનેશ્વર ધર્મ તુમારો | ૧૩૯ |
| ૫૩ | ,, | સાહિબા મલ્લિજીનેશ્વર નાથ | ૧૪૦ |
| ૫૪ | ,, | જીનરાજા તાજા | ૧૪૩ |
| ૫૫ | મુનિસુવ્રત | મુનિસુવ્રત કીજે મયા રે, | ૧૪૨ |
| ૫૬ | નમિનાથ | શ્રી નમિનાથ જીણુંદને રે, | ૧૪૨ |
| ૫૭ | નેમિનાથ | નેમિ પ્રભુ આવ્યા રે. | ૮૯ |
| ૫૮ | ,, | પરમાતમ પૂરણુ કલા, | ૧૧૮ |
| ૫૯ | પાર્શ્વનાથ | મોહન મુજરો લેજો રાજ | ૧૧૯ |
| ૬૦ | ,, | પરમાતમ પરમેશ્વરૂ | ૧૨૦ |
| ૬૧ | ,, | હાલો હાલો હાથી ઘોડા શણુગારો રે | ૧૧૫ |
| ૬૨ | મહાવીર | વીર જીણુંદ જગત ઉપગારી. | ૮૬ |
| ૬૩ | ,, | વંદો વીર જીનેશ્વર રાયા | ૮૭ |
| ૬૪ | વીશ વિહરમાન, | વૃષભ લંછન શ્રી સીમંધર સ્વામી | ૧૦૧ |
| ૬૫ | વેદની કર્મ૦ ૫ મી ઢાલ | સાંભળજો મુનિ, | ૧૪૮ |
| ૬૬ | અંતરાય કર્મ૦ ૪ થી ઢાલ | બાજી બાજી બાજી, | ૧૪૯ |

## અથ સઝાય સંગ્રહ.


| સઝાયનું નામ | સઝાયનું આદિપદ | |
|---|---|---|
| ૧ ઝાંઝરીયા મુનિની ઢાલ ૪ | સરસ્વતી ચરણે શીશ નમાવું | ૧૫૦ |
| ૨ દશવિધ યતિ ધર્મની ઢાલ ૧૧ | સુકૃત લત્તા વન સિંચવા | ૧૭૭ |
| ૩ સોલ સુપનની ઢાલ ૨ | શ્રી ગુરૂપદ પ્રણમી કરી | ૨૪૧ |
| ૪ પંચ મહાવ્રત ભાવના ઢાલ ૫ | મહાવ્રત પહેલુંરે | ૨૮૩ |
| ૫ નવવાડની ઢાલ ૮ | સારદ માત મયા મુજ કીજે | ૨૨૦ |
| ૬ ખંધકમુનિ ઢાલ ૨ | નમો નમો ખંધક મહામુનિ | ૨૯૫ |
| ૭ દશચંદરવાની ઢાલ ૩ | સમરી સિધ અનંત મહંત. | ૨૬૧ |
| ૮ બીજની | બીજ તણે દિન દાખવ્યોરે. | ૧૮૫ |
| ૯ પાંચમની | પ્રવચન વચન વિચારીયેંજી. | ૨૫૧ |
| ૧૦ અગીઆર પડિમાની | સાતમે અંગે ભાખીયોજી | ૧૯૫ |
| ૧૧ ઉતરા૦ ૧૦ માં અધ્યયનની | વીરવિમલ કેવલ ધણીજી | ૨૭૧ |
| ૧૨ બારમા પાપસ્થાનક | જેહને કલહ સંઘાતે પ્રીતરે. | ૧૭૭ |
| ૧૩ શીખામણની | ગર્ભાવાસમાં ચિંતવેરે. | ૧૫૬ |
| ૧૪ પદ્મવિ૦ મહારાજની | દેવસમા ગુરૂ પદ્મવિજયજી | ૧૭૬ |
| ૧૫ પરદેસી રાજાની | જીહો પરમ પુરૂષ પરમેસરૂરે લાલ. | ૧૭૮ |
| ૧૬ શીખામણની | ચઉવીસ જીનં પ્રણમી કરી | ૧૮૦ |
| ૧૭ શ્રી ધર્મારાધનની | સરસત્તિ સામિની વિનવું. | ૧૮૨ |
| ૧૮ પાંચમા આરાની | અરિહંત સિદ્ધસૂરિ વાચકમુનિ. | ૧૮૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | આત્માને શિખામણ | મારા આતમ. | ૧૯૬ |
| ૨૦ | માનત્યાગ | ચતુર સનેહિ ચેતીયેરે | ૧૯૩ |
| ૨૧ | કાયા માયા | કાયા માયા દોનું કારમી. | ૧૯૪ |
| ૨૨ | નિરપક્ષ પુરૂષ સ્વરૂપ, | અવધુ નિરપક્ષ વિરલા કોઈ. | ૧૯૮ |
| ૨૩ | લઘુતા પદ | લઘુતા મેરે મન માની. | ૧૯૯ |
| ૨૪ | માયાની | માયાકારમી રે. | ૨૦૦ |
| ૨૫ | જીભડલીની | બાપડલીરે જીભડલી. | ૨૫૩ |
| ૨૬ | ચૌદ પૂર્વની | ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે. | ૨૦૫ |
| ૨૭ | મધુબિંદુ | મધુબિંદુ સમો સંસાર. | ૨૦૭ |
| ૨૮ | મધુબિંદુ દૃષ્ટાંત | સરસ્વતિ મુજરે | ૨૦૯ |
| ૨૯ | પંચગતિ | આરંભ કરતો રે. | ૨૦૮ |
| ૩૦ | વણુઝારાની | પરદેશીનો કાંઇ પતિયારો. | ૨૧૧ |
| ૩૧ | દીવાળીની | વાંદી વીર જીનેશ્વર. | ૨૧૨ |
| ૩૨ | ઉપદેસની | હાંરે લાલા સિદ્ધ સ્વરૂપી આતમા | ૨૧૭ |
| ૩૩ | પડિકમણાની | કર પડિક્કમણું ભાવશું | ૨૩૪ |
| ૩૪ | નાલંદા પાડાની | મગધ દેશમાંહિ બિરાજે | ૨૩૮ |
| ૩૫ | મનઃસ્થિર કરણ | મનઃસ્થિર કરજો રે | ૨૪૫ |
| ૩૬ | રાત્રિ ભોજનની | સકલ ધરમનું સાર તે કહીએરે | ૨૪૭ |
| ૩૭ | વીર પ્રભુની | સમવસરણ સિંહાસનેજીરે. | ૨૪૮ |
| ૩૮ | શીલની | શ્રી જીનવાણી હો. | ૨૦૩ |
| ૩૯ | ,, | શીલ સમો વ્રત કો નહિ. | ૨૪૯ |
| ૪૦ | તપની | કીધાં કર્મ નિકંદવા રે. | ૨૫૦ |
| ૪૧ | ભાવની | રે ભવિ ભાવ હૃદય ધરો | ૨૫૧ |
| ૪૨ | લોભ નિવારક | રાત દિવસ કાયા મૂઢ પોષે રે | ૨૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૪૩ | અન્યત્વ સંબંધ– | કેહનારે સગપણ કેહની રે મીયાં | ૨૫૫ |
| ૪૪ | સુભદ્રાસતી | હું પભણું શી એહની વાત. | ૧૮૮ |
| ૪૫ | આંબિલતપ | શ્રી મુનિચંદ મુનીશ્વર વંદિયે. | ૨૫૭ |
| ૪૬ | શીખામણ | તવ સોહમ ગણધર કહે. | ૨૫૯ |
| ૪૭ | હોકાની | હોકો રે હોકો શું કરો રે | ૨૬૭ |
| ૪૮ | ચરણ કરણ સિતરીની | પંચમહાવ્રત દશવિધ યતિધર્મ | ૨૬૮ |
| ૪૯ | અસઝાય વારકની | પવયણ દેવી સમરી માત | ૨૬૯ |
| ૫૦ | સડતાલીસ દોષની | સકલ જીનેશ્વર પ્રણમું પાય | ૨૭૬ |
| ૫૧ | કર્મ પચીશીની | દેવ દાનવ તીર્થંકર | ૨૮૦ |
| ૫૨ | આત્મબોધની | કાંઇ નવિ ચેતે રે | ૨૫૬ |
| ૫૩ | ” | સાંભલ સયણાં સાચી સુણાવું | ૨૮૮ |
| ૫૪ | રહનેમિ | કાઉસગ ધ્યાને મુનિ | ૧૯૭ |
| ૫૫ | ગૌતમ સ્વામીની | શ્રી ગૌતમ સ્વામી પુછા કરે | ૨૦૧ |
| ૫૬ | વિજય શેઠની | શુક્લપક્ષ વિજયા વ્રત લીનો | ૨૦૪ |
| ૫૭ | સ્થુલભદ્રની | એકદિન કોશ્યા ચિત અંગે | ૨૧૫ |
| ૫૮ | ” | શ્રી સ્થુલિભદ્ર મુનિં૦ | ૩૦૦ |
| ૫૯ | સીતાજીની | જલજલતી બલતી ઘણી રે | ૨૧૬ |
| ૬૦ | ” | જનક સુતા હું નામ ધરાવું. | ૩૦૪ |
| ૬૧ | ભવદત્ત ભવદેવની | ભવદેવભાઈ ઘરે આવિયારે | ૨૧૮ |
| ૬૨ | ચિત્ત બ્રહ્મદત્તની | ચિત્ત કહે બ્રહ્મરાયને | ૨૨૬ |
| ૬૩ | શાલિભદ્રની | રાજગૃહી નગરી મઝારોજી | ૨૨૯ |
| ૬૪ | કેશી ગોયમની | એ દોય ગણધર પ્રણમીયે | ૨૭૪ |
| ૬૫ | ઢંઢણ ઋષિની | ઢંઢણ ઋષિને વંદણા હું વારી | ૨૮૮ |
| ૬૬ | ઇલાચીપુત્રની | નામ ઇલાપુત્ર જાણીયે | ૨૯૦ |

| | | | |
|---|---|---|---|
| ૬૭ | મેતારજ મુનિની | શમદમ ગુણના આગરૂજી | ૨૯૧ |
| ૬૮ | અરણિક મુનિની | અરણિક મુનિવર | ૨૯૨ |
| ૬૯ | વયરમુનિની | સાંભલજો તુમે | ૨૯૪ |
| ૭૦ | જંબુસ્વામીની | રાજગૃહી નગરીવસે | ૨૯૮ |
| ૭૧ | પ્રસન્નચંદ્રની | પ્રણમું તુમારા પાય | ૨૯૯ |
| ૭૨ | રૂકિમણીની | વિચરંતા ગામોગામ | ૩૦૨ |
| ૭૩ | રહનેમિરાજુલનોસંવાદ | રહનેમિઅંબરવિણુ | ૩૦૬ |
| ૭૪ | દેવાનંદાની | જીનવરરૂપ દેખી મન હરખી | ૩૦૫ |
| | પરચુરણ | | |
| ૧ | મંગલ | ચાલો સહીયર મંગલ ગાઈએ | ૧૮૩ |
| ૨ | ચઉદ પૂર્વના દુહા | શ્રી ઉત્પાદ પૂર્વ પ્રથમ | ૨૩૫ |
| ૩ | ખામણાં | શ્રી અરિહંતજીને ખામણાંરે | ૨૩૭ |
| ૪ | ચાર શરણાં | મુજને ચારે શરણાં હોજો | ૩૧૯ |
| ૫ | ૮૪લાખજીવમાંસુંગાંખ્હેરાં | લાખ ચોરાસી યોનિમેં | ૩૨૦ |

॥ ॐ श्री परमात्मने नमः ॥

# શાસન ઉપકારી બાળબ્રહ્મચારી પરમ તપસ્વી પૂણ્યપ્રભાવિક મુનિમહારાજ શ્રી જીતવિજયજી મહારાજનું

# જીવન વૃત્તાંત.*

## પાટ—વૃક્ષ.

મણિવિજયજીદાદા.

| | |
|---|---|
| અમૃતવિજયજી,<br>બુટેરાયજી, | |
| પદ્મવિજયજી, | જીતવિજયજી. |
| ગુલાબવિજયજી<br>શુભવિજયજી,<br>આચાર્યશ્રી વિજયસિદ્ધિ સુરીશ્વરજી<br>હીરવિજયજી. | |

---

૨૨. શ્રીમાન્ મુનિમહારાજશ્રી જીતવિજયજીનું આ જીવન વૃત્તાંત પંન્યાસજી હાલ ઉપાધ્યાયજી મહારાજ શ્રી કનકવિજયજી એ સં. ૧૯૮૨ છપાવેલા જીવન ચરિત્ર ઉપરથી આ લખ્યું છે.

**સંસારપણાની હકીકત**

આ મુનિ મહારાજનો જન્મ સંવત ૧૯૯૬ ના ચૈત્ર શુદી ૨ જને દિવસે કચ્છ દેશના ભચાઉ તાલુકાના મનફેરા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ઉકાજી હતું અને માતાનું નામ અવલબાઈ હતું જ્યારે તેમનું નામ જેમલ હતું. કચ્છદેશ એ શૂરવીર અને દાનવીરની પ્રાધાન્ય ભૂમિ ગણાય છે. તે દેશના આભૂષણરૂપ તેમજ મહાન્ પ્રાચીન, ભદ્રેસરનું ભવ્ય તીર્થ જેમાં આવેલું છે, જેની અંદર પ્રાચીન પૂરાણી અલૌકિક ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. બાર દુકાળી ટાળનાર મહાન્ જગડુશાહ જેવા દાની અને કુબેર ભંડારીનો આ ભૂમિએ જન્મ આપ્યો હતો. આ ભૂમિના પણ કુદરતી ગુણોનો વારસો આ ચારિત્રના નાયક જેમલને મળ્યો હતો. તેમના શરીરનો બાંધો મૂળથીજ મજબુત હતો તેમ સાધારણ કુટુંબમાં ઉછરવા છતાં તેમનું મુખ-લાવણ્ય શોભતું હતું તેમ તે ઉપર ભવ્યતાની છાપ દૃશ્યમાન થતી હતી. " પુત્રના લક્ષણ પારણામાંથી જણાય " તેમ તેઓ ભવિષ્યમાં પરમ પ્રભાવશાળી થશે તેની સઘળી રૂપરેખા તેમના બાલ્યજીવનમાંથીજ તરી આવતી હતી તેઓ સ્વભાવે શાન્ત સરલ અને ગંભીર હતા. તેમના માતા પિતા પણ પરોપકાર પરાયણ, સંતોષી અને ધર્મિષ્ઠ હતા. હરરોજ દેવદર્શન કરવા જતા તેમ ગુરૂની સેવા અને પ્રભુભક્તિ યથાશક્તિ કરતા હતા, તેમની માતા અવલબાઈમાં પણ નામ

પ્રમાણેજ અવલ ગુણો હતા. તેમના પિતા તથા માતાના સંસ્કારી જીવનની છાપ તેમના આ પુત્રરત્ન જેમલમાં ઉતરી હતી. તેમનો જન્મ થયા બાદ તેમના માતપિતાની સ્થિતિમાં પણ સારો ફેરફાર થવાથી તેમના માતપિતાનો તેમના ઉપર અપૂર્વ પ્રેમ હતો. જેમલની બુદ્ધિ કુશાગ્ર હતી. નિશાળમાં પણ આવડતને લીધે તેમ સદ્વર્તનને લીધે સ્કુલ માસ્તરે તેમને વડા નિશાળીયા બનાવ્યા હતા. તેઓ બાર વર્ષની ઉમ્મરના થયા તે વખતે તેમની આંખોએ અસહ્ય પીડા થઈ આવી. તેમના માતાપિતાએ ઘણા ઉપચારો કર્યા ઘણા કુશળ અને અનુભવી વૈદ્યો પાસે દવા કરાવી પણ કોઈથી આરામ થયો નહિ. આથી જેમલ અસહ્ય પીડાથી પીડાતા હતા. આ દુઃખ તેમણે લગભગ ચાર વર્ષ ભોગવ્યું છેવટમાં કહ્યું છે કે " જે થાય તે સારાને માટે " ચંદ-નબાલાનું રડવું જેમ તેના મોક્ષનું કારણ થયું તેમ આપણા ચરિત્રના નાયક જેમલની દુઃખતી આંખો પણ શિવવધુ વરમાળ પહેરવામાં નિદાનભૂત થઈ આંખોની અત્યંત પીડાએ તેમને ધર્મબુદ્ધિથી વિચાર આવ્યો કે " મેં પૂર્વભવે કઠીન અને ચીકણા કર્મ કર્યાં હશે જેથી અત્યારે મને આ દુઃખનો ઉદય આવ્યો છે. પણ જો મારી આંખો મટી જાય તો હું જરૂર દીક્ષા અંગીકાર કરૂં. " આ અભિગ્રહ પોતાના મન સાથે નક્કી કર્યો અરૂણોદય થતાં જેમ તમિસ્રા ટળી જાય તેમ આ શુભભાવના ઉદય થતાં તેમનાં અશુભ કર્મો હળવાં અને તેમની આંખોની અસહ્ય

પીડા મટી જેથી જાણે નવે અવતાર આવ્યા હોય તેમ થયું તેથી તેમને તેમજ તેમના માતા પિતા તથા સગાં વહાલાં સર્વને ઘણો આનંદ થયો. પોતાની આંખો સારી થતાં તેમણે શાસ્ત્રાભ્યાસ કરવો શરૂ કર્યો અને હંમેશાં પોતાની ચિત્તવૃત્તિ જ્ઞાન ધ્યાનમાં એકાગ્ર કરતા અને દુનિયાની જંજાળને સ્વપ્ને પણ સંભાળતા નહિ. પોતાના જ્ઞાનનો લાભ પોતાના આડોશી પાડોશીને પણ તેઓ વખતો વખત ભેગા કરી આપતા હતા. ગામના લોકો પણ તેમનું ધર્માખ્યાન સંભળાવવા તેમને આમંત્રણ કરતા હતા. તેમની આંખો સારી થયેલી જોઈ અને તેઓ ઉમ્મર લાયક થવાથી તેમના માતપિતાની ઇચ્છા તેમને લગ્નગ્રંથીમાં જોડવાની થઈ. તે તેમણે તેમના પુત્ર જેમલને જણાવી જેથી જેમલે પોતાની પ્રતિજ્ઞાની વાત તેના માતા પિતાને વિનિત ભાવે જણાવી અને સંસારમાં નહિ પડતાં ચારિત્ર્ય લેવાની પોતાની ઉત્કટ ઇચ્છા પ્રદર્શિત કરી. જેનું ચિત્ત વૈરાગ્ય વાસનાઓથી ભરપૂર હોય અને જેણે સંસારને ખારો દવ જાણ્યો હોય તેમને તે સંસારી ભાવના પ્રગટે પણ શાની? જેમલને અત્યંત વૈરાગ્ય વાસના હતી જેથી તેમના માતાપિતાએ તેમનું ચિત્ત વૈરાગ્ય વાસનાથી ભરપૂર જોઈ તેમને લગ્ન ગ્રંથીમાં જોડવાનો વિચાર માંડી વાળ્યો, પ્રતિજ્ઞા પાલનમાં પણ પુરૂષાર્થ સમાચલો છે અને તે આપણા ચરિત્રના નાયક જેમલે તેમના ઉજ્વળ દષ્ટાંતથી પુરવાર કરી બતાવ્યું છે. આથી તેઓ તેમના માતાપિતાની સાથે શ્રી સદ્‌ગુરૂ સમાગમ માટે શ્રી

સિદ્ધગિરિ યાત્રાએ ગયા અને ત્યાં દાદાની સન્મુખ ચતુર્થવ્રત ઉચર્યું, અને ત્યાંથી પોતાના દેશમાં ગયા તે પછી પાંચવર્ષો તેમણે સતત્ અભ્યાસ કરવામાં ગાળ્યાં અને જ્ઞાનાભ્યાસમાં તેમની બુદ્ધિ ખીલવીને શાસ્ત્રવિશારદ થયા. ત્યારબાદ મુનિ મહારાજશ્રી પદ્મવિજયજી જેઓ સુવિહિ સાધુ હતા. તેઓ આડીસરમાં વિહાર કરતા પધાર્યા હતા તે વખતે ચારિત્ર નાયક જેમલે તેમની પાસે—

સંવત ૧૯૨૫ ના વૈશાખ સુદી ૩ અક્ષય તૃતીયાને શુભ દિને શુભ ચોઘડીયે દીક્ષા અંગીકાર કરી. તેમનું સં-

દીક્ષા

સારી પણાનું નામ જેમલ હતું તે તે દિવસથી મુનિશ્રી જીતવિજયજી પડયું પોતે પોતાના માતાપિતાની આજ્ઞા મેળવી દીક્ષા અંગીકાર કરી હતી. તેમનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હતો. કોઇ પણ જાતના બાહ્ય આડંબર કે દંભથી તેઓ અલગ હતા અને માનપાન અને સત્કારના તેઓ ભૂખ્યા ન હતા. આખા ગામમાં તેમની દીક્ષાના સમાચાર ફેલાતાં અતિ આનંદ પ્રસરી રહ્યો હતો. કારણકે સર્વના તે પરિચિત હતા. ખુદ્ દરબાર શ્રી લખાજી પણ આ શુભ સમાચાર સાંભળી પ્રસન્ન થયા હતા. સંઘ તરફથી આ ઉત્સવ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. તેઓ ભવિષ્યમાં શાશનમાં પરમ પ્રભાવિક થશે એવું સુચવનારો એક અદ્‌ભુત બનાવ બન્યો હતો અને તે એકે જે રાયણના વૃક્ષ નીચે તેમણે દીક્ષા લીધી હતી તે ઘણો વખ-

તથી સુકું હતું તે લીબુ નવપલ્લવિત થયું, અને ત્યાં આમલ કુવાનું પાણી જે ખારૂં હતું તે મીઠું થયું. આથી મૂળથીજ તેમની નામનામાં વૃદ્ધિ થઇ અને પરિણામે જગત પૂજ્ય બન્યા.

**ગુરૂ સાથે વિહાર**

તેઓ દીક્ષા લીધા પછી ગુરૂ મહારાજ સાથે વિહાર કરી ભીમાસર પધાર્યા અને સંવત ૧૯૨૬ થી તે સં. ૧૯૩૫ સુધી ચોમાસાં પોતાના ગુરૂ સાથે કર્યાં. તે તેમના સ્વતંત્ર ચોમાસામાં વિગતવાર બતાવવામાં આવેલછે. સંવત ૧૯૩૫–૩૮ સુધી પોતાના ગુરૂમહારાજની અતિ વૃદ્ધાવસ્થા થવાથી અને શરીર દુર્બળ અને અશકત હોવાથી પલાંસવામાં તેઓ ગુરૂ મહારાજની સુશ્રુષા અર્થે રહ્યા અને ચોમાસા ત્યાં કર્યાં જે વખતે સંઘમાં કલેસ હતો તે દૂર કર્યો હતો અને તે પ્રસંગે જે દિક્ષાઓ થઇ તેમજ ધર્મ પ્રભાવનાઓ થઇ તે તે બાબતના આગળ હેડીંગમાં વિગતવાર જણાવવામાં આવ્યું છે, જેથી તેનો ઉલ્લેખ આ સ્થળે કર્યો નથી.

**ગુરૂ વિરહ**

તેમના વયોવૃદ્ધ ગુરૂ મહારાજે સંવત ૧૯૩૮ ની સાલમાં વૈશાખ સુદી ૧૧ ને પહેલે પહોરે પલાંસવા ગામમાં દેહોત્સર્ગ કર્યો. મુનિ મહારાજશ્રી જીતવિજયજીએ આથી મોટો આધાર ગુમાવ્યો, જેમ ગૌતમસ્વામીને મહાવીરસ્વામીનો વિરહ અસહ્ય હતો તેવોજ તેમના ગુરૂનો તેમને વિ-

રહે અસહ્ય હતો કારણકે તેમના ગુરૂનો તેમનાં ઉપર અ-
થાગ પ્રેમ હતો; ઉપકાર પણ અમાપ હતો તેમ તેમનું
તેમના તરફ અતિવાત્સલ્ય હતું. ગુરૂ મહારાજશ્રી કાળધર્મ
પામ્યા પછી તેમણે પોતાના શિષ્ય પરિવાર સાથે વિહાર કર્યો.

**ચોમાસાં**

સંવત ૧૯૨૬ પલાસવાં; સં. ૧૯૨૭ અમદાવાદ; સં. ૧૯૨૮ જામનગર; સં. ૧૯૨૯ રાજનગર; સં. ૧૯૩૦ ઘાણેરાં; સં. ૧૯૩૧ રાધનપુર; સં. ૧૯૩૨ પલાં-સવા; સં. ૧૯૩૩–૩૪ ફત્તેગઢ; સંવત. ૧૯૩૫ થી ૩૮ પલાંસવા; આટલાં ચોમાસાં ગુરૂ સાથે કર્યાં. સં. ૧૯૩૯ રાધનપુર; સં. ૧૯૪૦ અમ-દાવાદ; સં. ૧૯૪૧ ઉદેપુર; સં. ૧૯૪૨ સોજત; સં. ૧૯૪૩ પાલીનગર; ૧૯૪૪ ડીસા કેંપ; ૧૯૪૫ પાલણપુર; સં. ૧૯૪૬ પલાંસવા; સં. ૧૯૪૭ પાલીતાણા; સં. ૧૯૪૮ દાઠાં; સં. ૧૯૪૯ લીંબડી; સં. ૧૯૫૦–૫૧–૫૨ અમદાવાદ; સં. ૧૯૫૩ વિજાપુર; ૧૯૫૪ ડીસા; સં. ૧૯૫૫ વાવગામ; સં. ૧૯૫૬ સુઇગામ; સં. ૧૯૫૭ રાધનપુર; સં. ૧૯૫૮ ડીસા; સં. ૧૯૫૯ ભાભેર; સં. ૧૯૬૦ સાંતલપુર; ૧૯૬૧ આડીસર; સં. ૧૯૬૨ લાકડીયા; સં. ૧૯૬૩ અંજાર; સં. ૧૯૬૪ રાયણ, સં. ૧૯૬૫ માંડવી; સં. ૧૯૬૬ ભુજનગર; સં. ૧૯૬૭ આણંદપુર (વાંઢીયા) સં. ૧૯૬૮ કચ્છ બીદડા; સં. ૧૯૬૯ કચ્છ મુંદરા; સં. ૧૯૭૦ થી ૭૪ ફત્તેહગઢ; સં. ૧૯૭૫ થી ૭૯ સુધી પલાંસવા; ચોમાસાં કર્યાં.

સં. ૧૯૩૨ ની સાલમાં પલાંસવા ચોમાસું કર્યું તે વખતે મોતીચંદ માનસંગના પુત્રી અંદરબાઇએ ચૌદ વર્ષની ઉમરમાં તેમજ દોશી કસ્તુરચંદ હરખચંદના પુત્રી ગંગાબાઇએ સોળ વર્ષની ઉમ્મરે ચતુર્થ વ્રત ગ્રહણ કર્યા અને લોદરીયા હેમચંદ ખેતશીએ બાર વ્રત ગ્રહણ કર્યાં સં. ૧૯૩૩-૩૪ માં ફતેહગઢમાં તેમની પાસે ચોથું વ્રત ઉચ્ચર્યું તેમ સં. ૧૯૩૫ થી ૩૮ ના પલાંસવામાં ચોમાસાં દરમિઆન પણ ઘણા જનોએ તેમની પાસે ચતુર્થવ્રત ઉચ્ચર્યાં તેમ સં. ૧૯૩૯ માં રાધનપુરમાં કેટલાયે શ્રાવક શ્રાવિકાઓએ ચતુર્થ-વ્રત અંગીકાર કર્યાં સં. ૧૯૬૦ માં ફતેહગઢમાં વિહાર કર્યો તે વખતે ચૌદ જણાએ ચતુર્થવ્રત ગ્રહણ કર્યા સં. ૧૯૬૧ માં આડીસરમાં ચોમાસાં વખતે આઠ જણે ચતુર્થ વ્રત લીધું.

તેમના હસ્તે વ્રતોચ્ચારણ

સં. ૧૯૩૧ માં રાધનપુર ચોમાસું કર્યું તે વખતે ભાઇ પુનાજીને તથા બાઇ નંદુબાઇને દિક્ષા આપી ભાઇનું નામ પુણ્યવિજયજી તથા બાઇનું નામ નિધાનશ્રીજી રાખ્યું સં. ૧૯૩૮ માં પલાસવામાં પલાસવાના રહીશ ચંદુરા હરદાસને દિક્ષા આપી તેમનું નામ હીરવિજયજી રાખ્યું કોઠારી જોઇતાલાલને દિક્ષા આપી તેમનું નામ જીતવિજયજી રાખ્યું, અંદર બાઇને દિક્ષા આપી તેમનું નામ આણંદશ્રીજી રાખ્યું જેઓ અત્યારે વિધ-

તેમના હસ્તે દિક્ષા (પ્રતિબોધ)

માન છે. દિક્ષા પર્યાય અત્યારે તેમનો ૫૦ વર્ષનો છે. તેઓ શાસ્ત્રનાં સારાં અભ્યાસી છે. અને વિશુદ્ધ ચારિત્રશીલ છે. અને ગંગા બાઇને દિક્ષા આપી તેમનું નામ જ્ઞાનશ્રીજી રાખ્યું સં. ૧૯૪૯ ના જેઠ સુદી ૧૦ ના રોજ અમદાવાદમાં પલાંસવાના કોઠારી વાઘજી મુળજીને દિક્ષા આપી તેમનું નામ વીરવિજયજી રાખ્યું સં. ૧૯૫૩ માં વિજાપુરમાં ચોટીલા ગામનાં બાળ બ્રહ્મચારી મણીબાઇને વૈશાખ સુદી ૧૫ ના રોજ દિક્ષા આપી તે માણેકશ્રીજીના નામે પ્રસિદ્ધ થયાં છે સં. ૧૯૫૬ ના વૈશાખ માસમાં રાધનપુરમાં કીડીઆ નગરના રહેવાસી મ્હેતા ડોસાભાઈ જેઠાને દિક્ષા આપી ધીરવિજયજી નામ રાખ્યું સં. ૧૯૬૨ માં લાકડીઆના ચોમાસું ઉતરતાં ભીમાસર ગામે માગસર સુદી ૧૫ ને સોમવારના શુભ મુહુર્તે ચંદુરા કાનજી નાનચંદને દિક્ષા આપી તેમનું નામ કીર્તિવિજયજી રાખ્યું તેમજ દોશી ડુંગરભાઇ કસ્તુરભાઇને દિક્ષા આપી હરખવિજયજી નામ રાખ્યું મુનિમહારાજશ્રી કીતવિજયજીનું નામ વડી દિક્ષા વખતે બદલી કેનકવિજયજી મહારાજ રાખ્યું સં, ૧૯૬૭ ના માહ સુદી ૧૦ ના રોજ માંડવીમાં બે બાઇને દિક્ષા આપી એકનું નામ મુક્તિશ્રીજી રાખ્યું અને બીજી બાઈનું નામ ચતુરશ્રીજી રાખ્યું જે અત્યારે વિદ્યમાન છે અને શાસ્ત્રનાં સારાં અભ્યાસી છે સં. ૧૯૭૨ માં ભીમાસરમાં ગઢેચા ભગવાનસંગજીનાં સુપુત્રી વિજુ બાઈને દિક્ષા આપી જે વિવેકશ્રીજી તરીકે પ્રસિદ્ધ થયાં છે.

સંવત ૧૯૩૮ માં માગશર શુદ ૩ ના શુભ મુહુર્તે બાલ બ્રહ્મચારી બે ભાઈઓ તથા બાલ બ્રહ્મચારી બે બાઇઓ એમ ચારે જણની એકી સાથે દીક્ષા

**ધર્મ પ્રભાવના**

વખતે મહાન્ દિવ્ય ઓચ્છવ થએલ હતો, ને તે દીક્ષા પ્રસંગે ગામ પરગામથી ૧૦) હજાર માણુસની ગંજાવર મેદની થઈ હતી, તે માણુસોને મહાન્ પુન્યશાલીઓની દીક્ષા જોઇ દરેકના આત્મામાં ધર્મ ભાવનાની જાગૃતી તેમજ શાશનની મહાનૂ ઉન્નતી થઈ હતી. એ પ્રસંગે કેટલાકોએ ચતુર્થવ્રત, બારવ્રત ઇત્યાદિ વ્રતોચ્ચારણ કર્યાં હતાં. અને ઘણી ધામધુમ થઈ હતી. અને સંઘ તરફથી ૮૦ હજાર કોરીનો ખર્ચ થયો હતો. અને ત્યાંના દરબાર વાઘેલા રાણાશ્રી પુંજાજીએ અને આડીસરના જાડેજા લખાજી દરબાર તરફથી પણ શ્રી સંઘને સારી મદદ મલી હતી, અને તે વખતે સકલ સંઘમાં અસાધારણ આનંદ આનંદ છવાઇ રહ્યો હતો.

સં. ૧૯૪૯ માં અમદાવાદ ચોમાસા વખતે દીક્ષાની ઘણી ધામધુમ થઇ હતી. અને અઠાઇમહોત્સવ થયો હતો.

સં. ૧૯૫૩ માં વીજાપુરમાં એક બાલ બ્રહ્મચારી બાઇની વૈશાખ શુદ ૧૫ ની દીક્ષા વખતે મહાન્ દીક્ષા ઓચ્છવ થયો હતો. ત્યાંથી વિહાર કરતાં ડીસા પધાર્યા. અને ત્યાં સતર છોડનું ઉજમણું થયું હતું.

સં. ૧૯૫૬ માં રાધનપુરમાં એક ભાઇની દીક્ષા વખતે શ્રેષ્ટ દીક્ષા ઓચ્છવ થયો હતો.

સં. ૧૯૫૯ ના ભાલેરના ચોમાસા વખતે પણ માસખમણાદિ તપસ્યાઓ તેમજ મહાન્ શાશનની ઉન્નતિ થઈ હતી.

સં. ૧૯૬૨ ના ભીમાસર માગશર શુ. ૧૫ ના દિવસે બે ભાઇઓની દીક્ષામાં અપૂર્વ દીક્ષા ઓચ્છવ થયો હતો. અને બહાર ગામના માણસો સંખ્યાબંધ ભેગાં થયાં હતા, અને ઘણી ધામધુમ થઇ હતી.

સં. ૧૯૬૭ મહા શુદ ૧૦ના રોજે માંડવીમાં બે બાઇઓને દીક્ષા પ્રસંગે મહાન્ ઓચ્છવ થયો હતો. અને તે ચોમાસું કચ્છ બીદડામાં કરી ચોમાસું ઉતર્યા પછી માંડવી પધાર્યા. અને ત્યાં નાથાભાઇ તથા લક્ષ્મીબાઈ બંને સ્ત્રી પુરૂષે ચોથું વ્રત લીધું, તે નિમિતે અઠાઇ મહોચ્છવ તથા સમવસરણની રચના કરી હતી. અને ચોસઠ પહોરા પોસહ કરાવ્યા હતા.

સં. ૧૯૭૧ ની સાલમાં ફતેગઢમાં તેઓશ્રીના ઉપદેશથી ગઢેચા દીપચંદ ટોકરશીએ ઉપધાન કરાવ્યાં હતાં. તેમજ સિદ્ધગિરિનો છરી પાલતો સંઘ તેમના તરફથી નીકળ્યો હતો.

સં. ૧૯૭૨ માં ભીમાસરમાં એક બાઇનો દીક્ષા ઓચ્છવ થયો અને સારી ધામધુમ થઇ હતી.

આ સિવાય પોતે જ્યાં જ્યાં વિહાર કરતા ત્યાં ચૈદ પૂર્વાદિ તપસ્યાઓ વ્રત પચ્ચખ્ખાણો, સ્વામીવત્સ્છલો, ઉપધાનાદિ થતાં હતાં. તેઓ ઘણા જીવોને શાસ્ત્રનું શ્રવણ

કરાવી પ્રતિબોધ પમાડતા હતા. અને ધર્મ માર્ગમાં જોડતા હતા. તેઓ પુરા તપસ્વી અને જ્ઞાનનિષ્ટ હતા, તેથી જ્યાં તે જતા ત્યાં તેમના પ્રભાવની છાયા પડતી. સંઘમાં કલેશ હોય તે પણ નાબુદ કરતા, ઘણા અજ્ઞાની કુટુંબો પણ તેમનાથી ધર્મ પામ્યા છે. તેમના તપના પ્રભાવથી આંબેડીના વિહાર વખતે એક ચમત્કાર બન્યો હતો. અને તે એકે જોટા શુલા-બચંદ કરીને એક શ્રાવક હતો. જે બન્ને પગે લંગડો હોવાથી લાકડાની ઘોડીએ ચાલતો હતો. ગુરૂ મહારાજે તેની દુઃખ વિયુક્તિ અર્થે પાંચ નવકારવાળી ગણવાનું સૂચવ્યું હતું. તે ગણવાથી તેના પગ સાજા થયા હતા અને તેની ઘોડી હંમેશને માટે દૂર થઇ આ તેમના વિશુદ્ધ ચારિત્ર પ્રભાવનું લાક્ષણિક દૃષ્ટાંત છે. વળી સં. ૧૯૭૫ ના પલાંસવે ચોમાસાંમાં સાંભલ્યું કે મનફરામાં દરસાલે મોટા જીવોની હિંસા થાય છે એ વાત સાંભલવાથી એકદમ વીર્યોલ્લાસ થયો અને ઉપદેશ આપી જીવો ચડતા બંધ કરાવવાના વિચારથી મનફરા પધાર્યા અને ત્યાં દેવીને દરવર્ષે બે મોટા જીવોનો ભોગ અપાતો હતો. તે ત્યાંના દરબારને પ્રતિબોધી અભય અપાવ્યું. અને ભોગ આપતો બંધ કરાવ્યો. છેવટે અવસાન વખતે પણ સં. ૧૯૮૦ ની સાલમાં પલાંસવાના જાગીરદાર વાઘેલા રાણાશ્રી મેઘરાજજીના પાટવી કુંવર શ્રી જીવણસિંહજી તથા તેમના કારભારી રામચંદભાઇ મહારાજશ્રીને વાંદવા આવેલા તે વખતે તેમને અમૃતમય ઉપદેશ આપ્યો હતો જેથી તેઓ ઘણાજ પ્રસન્ન થયા હતા.

**યાત્રા ગમન**

સંવત્ ૧૯૩૯ માં શ્રી કેસરીયાજીની, સં. ૧૯૪૬ માં શ્રી સિદ્ધાચળજીની, સં. ૧૯૫૭ માં શ્રી શંખેશ્વરજીની, સં. ૧૯૬૩ માં શ્રી ભદ્રેસરની યાત્રાઓ કરી હતી. શ્રી સિદ્ધાચળજીની યાત્રાઓ તેમણે બે ત્રણ વખત કરી હતી.

**કાયમી તપસ્યા**

મહારાજશ્રીની કાયમી તપસ્યામાં માસિક છ ઉપવાસ, રોજના એકાસણાં, તથા માંદગીના વખતમાં પણ છઠ, અઠ્ઠમ તથા અઠાઇ લગી કરતા. તપશ્ચર્યા ઉપર તેમને અપૂર્વ પ્રેમ હતો અને તે છેવટના સમય સુધીમાં તેઓ શરીરની દુર્બળ અવસ્થા હોવા છતાં પણ અષાડ સુદ ૧૪ છેલ્લી પાખીનો પણ ઉપવાસ કરેલ તેમજ પોતાની ક્રિયા તેમજ આચાર વિચારમાં શુદ્ધ હતા. તેઓશ્રી અશક્તાવસ્થાએ પણ સ્થાન પરાવર્તન કરી નવકલ્પી વિહાર કરતા.

**મુખ્યશિષ્યાદિ પરિવાર**

તેઓશ્રીજીના મુખ્ય શિષ્ય મુનિમહારાજશ્રી હીરવિજયજી માહારાજ આદિ આઠ મુનિરાજો પરિવારમાં છે તથા સાધ્વીજી શ્રી આણંદશ્રીજી આદિ શિષ્ય પ્રશિષ્યા આદિ પરિવારમાં ૩૫ ઠાણાં છે.

**અંતસમયે શિષ્યાદીની સેવા**

મુખ્ય શિષ્ય હીરવિજયજી મહારાજ તથા તેમના શિષ્ય પંન્યાસજી કનકવિજયજી ગણી હાલ ઉપાધ્યાયજી કનકવિજયજી ગણી તથા તેમના શિષ્ય મુકિતવિજયજી કલ્યાણવિજયજી ખીમાવિજયજી તથા મુખ્ય સાધ્વીજી આણંદશ્રીજી તથા તેમનાં શિષ્યા રતનશ્રીજી ચતુરશ્રીજી લાભશ્રીજી હરખશ્રીજી વિવેકશ્રીજી આદિ ૭ ઠાણુંની તેઓશ્રીજીના અંતકાળ સુધી હાજરી હતી. અને અંત અવસ્થાએ ઉપર લખેલ સાધુ સાધ્વીજીએ સારી રીતે નિઝામણા કરાવ્યાં હતાં અને અત્યંત સેવા બજાવી હતી. પોતાનું શરીર બળક્ષીણ થતાં અવસ્થાને લઇને પલાંસવામાં તેઓએ છેવટનાં સામટાં ચોમાસાં કર્યાં હતાં અને ત્યાંજ સ્થિરવાસ કરી છેલ્લી અવસ્થા પર્યંત રહ્યા હતા. સં. ૧૯૮૦ અષાડ વદ ૬ શુક્રવારની પ્રભાતે " સિદ્ધ અનંતા નમું નિશદિશ " એ પ્રમાણે એકજ સિદ્ધનું ધ્યાન ધરતાં અને ધર્મ સાંભલતાં સાંભલતાં અતીશે સમાધિ પૂર્વક પોતાના પરિવારની ક્ષમાપના સ્વીકારી આ દેહપિંજરને છોડી દેવલોક સિધાવ્યા.

**સંઘસત્કાર**

તેમના પ્રતિ શ્રી સંઘનો અપૂર્વ સદ્ભાવ હતો. તે તેમના અંત સમયે ઉપર મુજબ થયેલી ધાર્મિક ઉચ્ચારણાઓ ઉપરથી સ્હેજે અનુમાન થઇ શકે તેમ છે. સં. ૧૯૮૦ ની સાલમાં તેઓશ્રીના અવસાન સમયમાં ઘણે સ્થળેથી આસરે લગભગ લોકો તેમને વાંદવા આવ્યા હતા અને તે-

મના નિમિત્તે નીચે મુજબ ધર્મ ક્રિયાઓ થશે તેવો દિવ્ય ધ્વનિ તેમના કર્ણપૂટ પર સંભળાવવામાં આવ્યો હતો સાધુ સાધ્વી તરફથી ૪૨૫ ઉપવાસ, ૧૨૫ એકાસણા, સ્થાનિક તેમજ આસપાસના ગામોમાંથી દર્શનાર્થે આવેલા શ્રાવક વર્ગમાંથી ૮૦૦ ઉપવાસ, ૧૧૧ પોસહ, ૭૦૦૦ સામાયિક, ૧૨૫ આયંબિલ; ૩૦૭૫ એકાસણાં અને રોકડ રૂપીઆ ૫૦૦૦) શુભ માર્ગે વાપરવા—આ દિવ્ય ધ્વનિ સાંભળતાં તેમને ઘણીજ પ્રસન્નતા થઇ હતી ને તે બાબત તેમને ઘણી અનુમોદના કરી હતી.

પલાંસવામાં તેમને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. અને તેમની શિબિકા ઘણા ઠાઠ માઠ પૂર્વક કાઢવામાં

**અગ્નિ સંસ્કાર**

આવી હતી સકળ સંઘ તરફથી અઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો હતો. સંવત ૧૯૮૦ ના અષાડ વદી ૬ ના દિવસે તેમણે દેહોત્સર્ગ કર્યો તેમને ચંદનથી અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

તેમના જવાથી શ્રી સંઘમાં ઘણીજ દીલગીરી છવાઈ રહી હતી. કચ્છનું કોહીનુર (મુનિરત્ન) ગુમાઈ ગયું તેમ

**શોકમાં ગમગીન**

ચોતરફથી ઉદ્દઘોષણાઓ થતી હતી. તેમના દેવલોક પામ્યાના સમાચાર દેશ દેશાવર ફરી વળતાં ઘણે સ્થળે ધર્મ ક્રિયાઓ થઈ હતી. ઘણે સ્થળેથી તારો તેમજ પત્રો આવ્યા હતા. તેઓ કેટલા શાશન પ્રિય હતા શ્રી સંઘનો

તેમના પ્રતિ કેવો અવિચલ પ્રેમ હતો તે ઉપરની હકીકત ઉપ-રથી સ્હેજે કળી શકાય છે.

તેમના મુખ્ય અગ્રગણ્ય શિષ્ય મુનિ મહારાજશ્રી હીરવિજયજી હતા. તેઓ સ્વભાવે શાંત, સરળ અને ભદ્રિક

**મુખ્ય શિષ્ય**

પરિણામી હતા. તેમની મુખમુદ્રા દેખીને ભવ્ય જીવોને અપૂર્વ આલ્હાદ થતો. તેમનો જન્મ સં. ૧૯૧૩ માં હતો. અને તેમણે સં. ૧૯૩૮ નાં માગશર સુદી ત્રીજના દિવસે દીક્ષા લીધી હતી અને બેંતાલીશ વર્ષ પર્યંત ગુરૂસેવા કરી હતી. ત્યારપછી સાત વર્ષ પાલીતાણા, રાધનપુર, ઝીંઝુવાડા, કચ્છ વગેરેમાં વિહાર કરી ભવ્ય જીવોને ઉપકાર કરી સં. ૧૯૮૭ ના ( કચ્છી ) આસો વદી ૧૧ ના રોજ કચ્છ વાગડના ગામ પલાંસવામાં દેવલોક સિધાવ્યા. અને તઓશ્રીના પરિવારમાં

હાલ મુખ્ય અગ્રગણ્ય ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજી ગણી મહારાજશ્રી છે જેઓ હીરવિજયજી મહારાજના શિષ્ય છે. તેમનું જ્ઞાન ક્રિયા અને ચારિત્ર ઘણા ઉંચા પ્રકારનું છે. જેઓ ધાર્મિક પ્રગતિના કાર્યો કરી રહ્યા છે. અને શિષ્ય પરિવારની ઐકયતા જાળવી રહ્યા છે, તે ગુરૂ પરંપરાનો અમુલ્ય વારસો છે એમ કહેવું તે કોઈપણ રીતે અતિશયોકિત ભરેલું નથી ૐ શાંતિ. લેખક

પાલીતાણા } શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા.
તા. ૪-૧૧-૩૧ } શ્રીમીન્ટેન્ડન્ટ ય, વિ. જૈન ગુરૂકુળ.

# શ્રી પ્રાચીન સ્તવન સજ્ઝાય સંગ્રહ.

## બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો ચોથા અભિ-નંદન; બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકં-દન. ॥ ૧ ॥ દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન; એમ પ્રકાશ્યું સુમતિજીને, તે ચવિઆ બીજદીન. ॥ ૨ ॥ દોય બંધન રાગદ્વેષ, તેહને ભાવે તજીએ; મુજ પરે શીતલજીન કહે, બીજ-દિન શિવ ભજીએ. ॥ ૩ ॥ જીવાજીવ પદાર્થનું, કરી નાંણ સુજાંણ; બીજદિને વાસુપુજ્ય પરે, લહો કેવલ નાંણ. ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ; અરજિન બીજદિને ચવી, એમ જન આગળ કહીએ. ॥ ૫ ॥ વર્તમાન

ચોવીશીએ, એમ જીન કલ્યાણ; બીજદિને કેઇ પામીઆ; પ્રભુ નાણ નિર્વાંણ. ॥ ૬ ॥ એમ અનંત ચોવીશીએ, હુઆ બહુ કલ્યાણ; જિન ઉત્તમ પદ, પદ્મને નમતાં હોય સુખ ખાંણ. ॥૭॥

---

## ज्ञान पंचमीनुं चैत्यवंदन.

ત્રિગડે બેઠા વીરજીન, ભાખે ભવિજન આગે; ત્રિકરણ શું ત્રિહુલોકજન, નિસુણો મન રાગે, ॥ ૧ ॥ આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆળી; જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાળી. ॥ ૨ ॥ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર; જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ॥ ૩ ॥ જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાંન; લોકાલોક પ્રકાશ કર, જ્ઞાન એક પરધાન. ॥ ૪ ॥ જ્ઞાની શ્વાસો શ્વાસમાં, કરે કર્મનો છેહ; પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ. ॥ ૫ ॥ દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન; જ્ઞાન તણો મહિમા ઘણો; અંગ પાંચમે ભગવાન. ॥ ૬ ॥ પંચ માસ લઘુ પંચમી, જાવ જીવ ઉત્કૃષ્ટિ; પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટી. ॥ ૭ ॥ એકાવનહી

પંચનો એ, કાઉસગ્ગ લોગસ્સ કેરો; ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ॥ ૮ ॥ ઇમ પંચમી આરાહિએ, આણી ભાવ અપાર; વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ॥ ૯ ॥

---

## પંચમીનું ચૈત્યવંદન.

બાર પરષદા આગળે, શ્રી નેમિ જીનરાય; મધુર ધ્વનિ દિએ દેશના, ભવિજનને હિતદાય. ॥ ૧ ॥ પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર; કાર્તિક સુદિ પંચમી ગ્રહો, હરખ ધણો બહુ માન. ॥ ૨ ॥ પાંચ વર્ષ ઉપર વળી, પંચમાસ લગે જાણ; અથવા જાવજીવ લગે, આરાધો ગુણ ખાણ. ॥ ૩ ॥ વરદત્તને ગુણ મંજરી, પંચમી આરાધિ; અંતે આરાધન કરી, શીવપુરીને સાધી. ॥ ૪ ॥ ઇણિપેરે જે આરાધશે એ, પંચમી વિધી સંયુકત; જિન ઉત્તમ પદ પદ્મને, નમી થાય શીવ ભક્ત. ॥ ૫ ॥

---

## સૌભાગ્ય પંચમીનું ચૈત્યવંદન.

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શિણગાર; પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવ-

તાર. ॥ ૧ ॥ સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર; સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર. ॥ ૨ ॥ પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર; પંચ વર્ણ જિન બિંબને, થાપી જે સુખકાર. ॥ ૩ ॥ પંચ પંચ વસ્તુ મેળવી, પૂજા સામગ્રી જોગ; પંચવર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ॥ ૪ ॥ યથાશકિત પૂજા કરો, મતિ જ્ઞાનને કાજે; પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રીજિન શાશન રાજે. ॥ ૫ ॥ મતિ શ્રુત વિણ હોવે નહીએ અવધિ પ્રમુખ મહા જ્ઞાન; તે માટે મતિ ધુરે કહ્યુ, મતિ શ્રૂતમાં મતિ માંન. ॥ ૬ ॥ ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોય સમકાળે; સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ॥ ૭ ॥ લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગ; મતિ સાધન શ્રુત શાધ્ય છે, કંચન કળશ સંયોગ. ॥૮॥ પરમાતમ પરમેશરૂએ, સિદ્ધ સકળ ભગવાન; મતિ જ્ઞાન પામી કરી, કેવળ લક્ષમી નિધાન. ॥ ૯ ॥

---

## અષ્ટમીનું ચૈત્યવંદન.

મહાસુદિ આઠમને દિને, વિજયાસુત જાયો; તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો.

॥૧॥ ચૈતર વદની આઠમે, જનમ્યા રૂષભ જિણંદ; દિક્ષા પણ એ દીન લહી, હુઆ પ્રથમ મુનીચંદ. ॥૨॥ માધવ સુદી આઠમ દીને, આઠ કર્મ કર્યાં દુર; અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. ॥ ૩ ॥ એહીજ આઠમ ઉજળી, જનમ્યા સુમતિ જીણંદ; આઠ જાતિ કળશે કરિ, ન્હવરાવે સુર ઇંદ્ર. ॥ ૪ ॥ જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રતસ્વામી; નેમિ અષાડ શુદી આઠમે, અષ્ટમીગતિ પામી. ॥ ૫ ॥ શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગ ભાણ; તેમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિર્વાણ. ॥ ૬ ॥ ભાદ્રવા વદિ આઠમદિને, ચવીઆ સ્વામી સુપાસ; જિન ઉત્તમ પદ પદ્મને સેવ્યાથી શિવવાસ. ॥ ૭ ॥

---

## एकादशीनुं चैत्यवंन.

શાશન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો; સંઘ ચતુર્વિધ સ્થાપવા. મહસેન વન આયો. ॥ ૧ ॥ માધવ સિત એકાદશી, સોમલદ્વિજ યજ્ઞ; ઇંદ્રભુતિ આદિ મળ્યા, એકાદશ વિજ્ઞ, ॥ ૨ ॥ એકાદશસેં ચઊ ગુણો, તેહનો પરિવાર; વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ॥ ૩ ॥

જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર; વીરે થાપ્યા વંદીએ, જિન શાશન જયકાર. ॥ ૪ ॥ મલ્લી જન્મ અરમલ્લી પાસ, વર ચરણ વિલાસી; રૂષભ અજિત સુમતિ નમી, મલ્લી ઘન ઘાતી પદ્મ પ્રભ શિવવાસ પાસ, ભય ભવનાં તોડી; એકાદશી દિન આપણી, રૂદ્ધિ સઘળી જોડી. ।૬॥ દશ ક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસેં કલ્યાણ; વર્ષ અગ્યાર એકાદશી. આરાધો વર નાણ. ॥ ૭ ॥ અગ્યાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં; પુંજણી ઠવણી વીંટણા, મશી કાગળને કાઠાં. ॥ ૮ ॥ અગીઆર અવ્રત છંડવાએ, વહો પડીમા અગ્યાર; ક્ષમાવિજય જિનશાશને, સફળ કરો અવ તાર. ॥ ૯ ॥

---

## રોહીણી તપ ચૈત્યવંદન.

વાસવપૂજિત વાસુપૂજ્ય, વર અતિ શય-ધારી; કેવળ કમળા નાથ સાથ, અવિરતિ જેણે વારી. ॥ ૧ ॥ પરમાતમ પરમેશ્વરૂએ, ભવિજન નયનાનંદ; શાંત દાંત ઉત્તમગુણી, વરજ્ઞાન દિ-ણંદ. ॥ ૨ ॥ બેઠી બારે પર્ષદા, નિસુણે જિન નિર્વાણ; એકચિત્ત લય લાઇએ, દેઇ નિજ કાન.

॥ ૩ ॥ તવ જગપતિ તિહાં ઉપદિશે રોહિણી તપ સુવિચાર; આરાધો ભવી ભાવસું, આતમને સુખકાર. ॥ ૪ ॥ સાત વર્ષ સાત માસની, અવધિ કહી સુપ્રમાણ; આરાધે સુખ સંપદા, પામે પદ નિરવાણ. ॥ ૫ ॥ વાચક શુભ નય શિષ્યનોએ, ભકતિવિજય ગુણ ગાય; વાસુપૂજ્ય જિન ધ્યાનથી, અનુભવ સુખ થાય.

---

## બીજું રોહીણી તપનું ચૈત્યવંદન

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય; દુખ દોહગ દુરે ટળે, પુજક હોય પુજ્ય. ॥ ૧ ॥ પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમે; મધ્યાને કરી ધોતીઆ, મન વચન કાય ખેમે. ॥ ૨ ॥ અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજાનૃત્ય વાજિંત્ર; ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર. ॥૩॥ ત્રિહુંકાળે લઇ ધુપદીપ, પ્રભુ આગળ કીજે; જિનવર કેરી ભકતિશું, અવિચળ સુખ લીજે. ॥ ૪ ॥ જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ; જિનવર પદને ધ્યાઇએ, જિમ નાવે સંતાપ. ॥ ૫ ॥ કોડ કોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ, માંન કહે ઇણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ. ॥ ૬ ॥

## નવપદનું ચૈત્યવંદન.

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન; બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણ ગાંન. ॥૧॥
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર; ચોથે પદે ઉવઝાયના, ગુણ ગાઓ ઉદાર. ॥ ૨ ॥
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ; પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ. ॥ ૩ ॥
છઠ્ઠે પદે દર્શન નમો દરિસણ અજુઆલો; નમો નાંણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ॥ ૪ ॥
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ; પદ નવમે બહુ તપતણો, ફળ લીજે અભંગ. ॥ ૫ ॥
એણી પરે નવપદ ભાવશુંએ, જપતાં નવ નવ કોડ; પંડિત શાંતિવિજય તણો. શિષ્ય કહે કર જોડ. ॥ ૬ ॥

---

## પર્યુષણનું ચૈત્યવંદન.

નવ ચોમાશી તપ કર્યા, ત્રણમાશી દોય; દોય દોય અઢીમાશી તેમ, દોઢમાશી હોય. ॥૧॥
બહોંતેર પાશખમણ કર્યા, માશખમણ કર્યા બાર; પડૂદ્વિમાશી તપ આદર્યા, બાર અઠમ તપ સાર.

॥ ૨ ॥ પડ્માશી એક તપ કર્યો, પંચ દિન ઉણું ષટ્માસ; બશોઓગણત્રીશ છઠ ભલા. દિક્ષા દીન એક ખાસ. ॥ ૩ ॥ ભદ્ર પ્રતીમા દોય ભલી, મહાભદ્ર દિનચાર; દશ સર્વતોભદ્રના, લાગઠ નિરધાર. ॥ ૪ ॥ વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ; દ્રવ્યાહારે પારણું કર્યાં, ત્રણશે ઓગણ પચાશ. ॥ ૫ ॥ છદ્મસ્થ એણીપરે રહ્યાએ, સહ્યાં પરીષહ ઘોર; શુકલ ધ્યાન અનલે કરી, બાળ્યા કર્મ કઠોર. ॥ ૬ ॥ શુકલ ધ્યાન અંતે રહ્યાએ, પામ્યા કેવળજ્ઞાન; પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ॥ ૭ ॥

---

## શ્રી વીશવિહરમાંનજિન ચૈત્યવંદન.

શ્રીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર; જંબૂદ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર. ॥ ૧ ॥ સુજાત સાહેબને સ્વયંપ્રભુ, રૂષભાનન ગુણમાલ; અનંતવીર્યને સુરપ્રભ, દશમા દેવ વિશાલ. ॥ ૨ ॥ વજ્રધર ચંદ્રાનન નમું, ધાતકી ખંડ મોઝાર; અષ્ટ કર્મ નિવારવા, વંદુ વારહજાર. ॥ ૩ ॥ ચંદ્રબાહુને ભુજંગમ પ્રભુ, નમી ઇશ્વર સેન; મહાભદ્રને દેવજશા, અજિતવીર્ય નામેણ.

॥ ૪ ॥ આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર; વિજય અડ નવ ચઉવીશમી, પણવીશમી કિરતાર. ॥ ૫ ॥ જગનાયક જગદીશ્વરૂએ, જગબંધવ હિતકાર; વિહરમાંનને વંદતા, જીવ લહે ભવપાર. ॥ ૬ ॥

## एकशोशितेर जीन चैत्यवंदन.

સોળ જીનવર શ્યામળા, રાતા ત્રીશ વખાંણુ; લીલા મરકત મણી સમા, અડત્રીશ ગુણ ખાંણ. ॥ ૧ ॥ પીળા કંચન વર્ણ સમા, છત્રીશ જીનચંદ; શંખવર્ણ સોહામણું, પચાસે સુખકંદ. ॥ ૨ ॥ સિત્તેર સોજિન વંદીએ એ, ઉત્કૃષ્ટા સમકાળ; અજિતનાથ વારે હુઆ, વદું થઈ ઊજમાળ. ॥૩॥ નાંમ જપંતા જિન તણું, દુર્ગતિ દુરે જાય; ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય. ॥ ૪ ॥ જિનવર નાંમે જશ ભલો, સફળ મનોરથ સાર; શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવસુખ અનુભવ પાર. ॥ ૫ ॥

## सीमंधरस्वामीनुं चैत्यवंदन.

સીમંધરજિન વિચરતા, સોહે વિજય મોઝાર; સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ॥ ૧ ॥

નવ તત્વની દીએ દેશના, સાંભળીલે સુરનર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કરજોડ. ॥ ૨ ॥
ઇહાં થકી જિન વેગળા, સહસ તેત્રીશ શત એક;
સત્તાવન જોજન વળી સત્તર કળા સુવિશેષ. ॥૩॥
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરૂં, શ્વાસ માંહે સો વાર. ॥૪॥
શ્રી સીમંધર જિનવરૂએ, પુરે વાંછિત કોડ; કાંતિ-
વિજય ગુરૂ પ્રણમતાં, ભક્તિ બે કરજોડ. ॥ ૫ ॥

---

## શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન. બીજું

વિમલ કેવળ જ્ઞાન કમલા—એ દેશી.

જયતુ જિન જગદેકભાનું, કામ કશમલ તમહરં; દુરિત ઓઘ વિભાવવર્જિતં, નૌમિ શ્રી જીન મંધરં. ॥ ૧ ॥ પ્રભુ પાદપદ્મે ચિત્ત લચનો, વિષય દોલિત નિર્ભરં; સંસાર રાગ અસાર ઘાતિકં, નૌમિ શ્રી જીનમંધરં. ॥ ૨ ॥ અતિ રોષ વન્હિ માન મહીધર, તૃષ્ણા જલધિ હિતકરં; વંચનોર્જિત જંતુ બોધકં, નૌમિ શ્રી જીનમંધરં. ॥૩॥ અજ્ઞાન તર્જિત રહિત ચરણં, પરગુણો મેં મત્સરં; અરતિ અર્હિત ચરણ સરણં, નૌમિ શ્રીજીન મંધરં. ॥ ૪ ॥ ગંભીરવદન ભવતુ દિનદિન, દેહિ મે

પ્રભુ દર્શનં; ભાવવિજય શ્રી દદતુ મંગલં, નૌમિ શ્રી જીનમંધરં. ॥ ૫ ॥

## અથ અનાગત ચોવીશી ચૈત્યવંદન.

પદ્મનાભ પહેલા જીણુંદ, શ્રેણીકનો જીવ; સુરદેવ બીજા નમું, સુપાર્શ્વ શ્રાવકનો જીવ. ॥૧॥ શ્રી સુપાર્શ્વ ત્રીજા વલી, જીવ કોણીક ઉદાઈ; સ્વયંપ્રભ ચોથા જીણુંદ, પોટ્ટિલ મન ભાઈ ॥૨॥ શ્રી સર્વાનુંભૂતિ પાંચમા, દઢાયુ શ્રાવક જાણુ; દેવશ્રુત છઠ્ઠા જીણુંદ, કાર્તિક શેઠ વખાણુ. ॥ ૩ ॥ શ્રી ઉદયજીન સાતમાએ, શંખ શ્રાવકનો જીવ; શ્રી પેઢાલ જીન આઠમા, આનંદમુનિનો જીવ. ॥૪॥ પોટ્ટિલ નવમા વંદિએએ, જીવને તે સુનંદ; શતકીર્ત્તિ દશમા જીણુંદ, શતક શ્રાવકાણુંદ. ॥૫॥ શ્રીસુવ્રત અગીયારમા દેવકી રાણી જાંણુ; અમમ જીનવર બારમા, શ્રી કૃષ્ણ વખાંણુ. ॥ ૬ ॥ નિસ્કષાય જીન તેરમા, સત્યકી વિદ્યાધર; નિષ્પુલાક જીન ચૌદમા બલભદ્ર સુહંકર, ॥ ૭ ॥ શ્રી નિર્મમ જીન પંદરમા, શ્રી સુલસા સાખી; ચિત્રગુપ્ત જીન સોલમા, રોહિણિ દેવી ભાખી. ॥ ૮ ॥ સમાધિ જીન સતરમા, રેવતિ શ્રાવિકા જાણુ; સંવર જીન અઢા-

રમા, જીવ શતાનિ વખાણુ. ॥ ૯ ॥ યશોધર જીન ઓગણીશમા, કૃષ્ણ દ્વિપાયન થાય; વિજયાનંદ જીન વીશમા, કર્ણ જીવ સોહાય. ॥ ૧૦ ॥ એકવીશમા મલ્લજીણંદ; નારદ જીવ કહીએ; અંબડ શ્રાવક દેવને, બાવીશમા લહીએ. ॥ ૧૧ ॥ શ્રી અનંતવીર્ય ત્રેવિશમા, જીવ અમરનો જેહ; ભદ્રંકર ચોવિશમા, સ્વાતિ બુધગુણ ગેહ. ॥ ૧૨ ॥ એમ ચોવિશેજી જીનવરા, હોસે આવતે કાલે; ભાવ સહિત જીન વંદતાં, પ્રણમું જીન ત્રણ કાલે. ॥૧૩॥ લંછન આયુ વર્ણ પ્રમાણ, કલ્યાણાંતર જીન સરખા; સંપ્રતિ ચોવિશે જીનવરા, ચઢતે ભાવે નિરખ્યા. ॥ ૧૪ ॥ પંચ કલ્યાણક એહનાં એ, હોસે કાલે જગીશ; ધીરવિમલ પંડિતતણો, નય પ્રણમે નીતદિશ. ॥ ૧૫ ॥

---

## श्री मल्लिनाथ जिन चैत्यवंदन.

પુરૂષોતમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન; પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમાં નહી ઉપમાન. ॥ ૧ ॥ મરકત રત્ન સમાનવાન, તનુકાંતિ બિરાજે; મુખસોહા શ્રીકાર દેખી, બિધુ મંડળ લાજે. ॥ ૨ ॥ દહિ વરદલ નયન સયલ, જન

આણુંદકારી; કુંભરાય કુલ ભાણુભાલ, દીધિતિ મનોહારી. ॥ ૩ ॥ સુર વધુનર વધુ મલિમલિ, જિનગુણુ ગણુગાતી; ભક્તિ કરે ગુણુવંતની, મિથ્યા અઘઘાતી. ॥ ૪ ॥ મલ્લિ જીણુંદ પદ પદ્મનીએ, નિત્ય સેવા કરે જેહ; રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ. ॥ ૫ ॥

---

## श्री अरनाथ जिन चैत्यवंदन.

નગર ગજપુર પુરંદર પુર, શોભયા અતિજિત્વરં; ગજવાજિ રથવર કોટિ કલિતં, ઈંદિરા ભૂતમંદિરં; નરનાથ બત્રીશ સહસ સેવિત, ચરણુ પંકજ સુખકરં; સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં. ॥ ૧ ॥ અપ્સરા સમરૂપ અદ્‌ભુત કલાયૌવન ગુણુ ભરી; એકલાખ બાણુ સહસ ઉપર સોહિએ અંતે ઊરી, ચોરાસી લખ ગજરાજી સ્યંદન, કોટિ છન્નુ ભટવરં; સુર અસુર વ્યંતર૦ ॥ ૨ ॥ સગપણિંદી સગ એગેંદી, ચઉદ રત્ન શું શોભિતં; નવનિધાનાધિપતિનાકી, ભક્તિ ભાવભૂતૈર્નૂતં ॥ કોટિ છન્નુ ગ્રામનાયક, સકલ શત્રૂ વિજિત્વરં; સુરઅસુર૦ ॥ ૩ ॥ સહસ અષ્ટોત્તર સુલંછન, લક્ષિતં કનક ચ્છવિં; ચિન્હ નંદા

વર્ત શોભિત સ્વપ્રભા નિર્જિતરવિં, ચક્રી સપ્તમ ભુક્તભોગી અષ્ટાદશમો જિનવરં; સુર અસુર વ્યંતરં ॥ ૪ ॥ લોકાંતિ કામર બોધિતો જિન, ત્યક્તરાજ્યરમાભરં; મૃગશીર એકાદશી શુક્લ પક્ષે ગ્રહિત સંયમ સુખકરં, અરનાથ પ્રભુ પદ પદ્મ સેવન; શુદ્ધરૂપ સુખાકરં, સુર અસુર વ્યંતરં ॥ ૫ ॥ ઇતિ

---

## अथ नवपद्नुं चैत्यवंदन

સકલ મંગલ પરમ કમળા, કેલિ મંજુલ મંદિરં; ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવ પદ જયકરં. ॥ અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં; વરજ્ઞાન પદ ચારિત્ર તપએ, નમો નવ પદ જયકરં. ॥ ૨ ॥ શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતાં નવપદવરં; જગમાંહિ ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ॥ ૩ ॥ શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસેસવે; વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥ ૪ ॥ આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં; બેવાર પડિકમણું પડિલેહણ, નમો નવ પદ જયકરં. ॥ ૫ ॥ ત્રણ કાલ ભાવે પૂજીએ,

ભવતારક તીર્થંકર તિમ ગુણણું હોય હજાર ગણીએ; નમો નવપદ જયકરં. ॥ ૬ ॥ વિધિ સહિત મન વચ કાયા, વશ કરી આરાધીએ; તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ॥ ૭ ॥ ગદકષ્ટ ચુરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વરં; શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજયવિલસે સુખભરં. ॥ ૮ ॥

---

## શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય મહાત્મ્યની, રચના કીધી સાર; પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન ગણધાર. ॥ ૧ ॥ એક દિન વાણી જિનતણી, સુણી થયો આણંદ; આવ્યા શત્રુંજયગિરિ, પંચક્રોડ સહરંગ. ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દીનેએ, શિવશું કીધો યોગ; નમીએ ગિરિને ગણધરૂ, અધિક નહી ત્રિલોક. ॥ ૩ ॥

---

## શ્રી અતીત ચોવીશી ચૈત્યવંદન

અતીત ચોવીશી પ્રથમ દેવ, જિન કેવલ [1]જ્ઞાની [2]નિર્વાણી [3]સાગર [4]મહાજસ, વિમલ

[૫]અભિધાની ॥ ૧ ॥ [૬]સર્વાનુભૂતિ [૭]શ્રીધર [૮]સુદત્ત, [૯]દામોદર [૧૦]સુતેજા; [૧૧]સ્વામી [૧૨]સુવ્રત [૧૩]સુમતિ તે, [૧૪]શીવગતિ [૧૫]સુહેજા. ॥ ૨ ॥ [૧૬]અસ્તાઘ [૧૭]નેમીશ્વર [૧૮]અનિલ, [૧૯]યશોધર [૨૦]કૃતાર્થ ।જનેશ; [૨૧]શુદ્ધમતિ [૨૨]ને શિવંકરો, [૨૩]સ્યંદન [૨૪]સંપ્રતિ કહેશ. ૩.

---

## श्री महावीरना पंच कल्याकनुं चैत्यवंदन

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાદેવી માય; ક્ષત્રિય કુંડમાં અવતર્યા, પ્રભુજી પરમદયાળ. ॥ ૧ ॥ ઉજવલી છઠ આષાઢની, ઉત્તરાફાલ્ગુની સાર; પુષ્પોત્તર વિમાનથી, ચવીયા શ્રીજિનભાણ. ॥ ૨ ॥ લક્ષણ અડહિય સહસ્ત્રએ, કંચનવર્ણી કાય; મૃગપતિ લંછન પાઉલે, વીરજિનેશ્વર રાય. ॥૩॥ ચૈત્રિ શુદિ તેરસદિને, જન્મ્યા શ્રી જિનરાય; સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ. ॥ ૪ ॥ માગશર વદિ દશમિદિને, લીએ પ્રભુ સંજમ ભાર; ચઉનાણી જિનજી થયા, કરવા જગ ઉપકાર. ॥ ૫ ॥ સાડા બાર વરસ લગે, સહ્યા પરિસહ ઘોર; ઘનઘાતી ચઉ કર્મનો, વ્રજ કર્યો ચકચુર. ॥ ૬ ॥ વૈશાક શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય; શમી વૃક્ષતળે પ્રભુ, પામ્યા પંચ-

મનાણુ. ॥ ૭ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીએ મહાવીર; ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર. ॥ ૮ ॥ કાર્તિક અમાવાસ્યા દિને, શ્રીવીર લહ્યા નિર્વાણ; પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવલ-નાણ. ॥ ૯ ॥ જ્ઞાન ગુણે દીવા કર્યાએ, કાર્તિક કમલા સાર; પુણ્યે મુક્તિ વધૂ વર્યા, વરતી મંગળ માળ. ॥ ૧૦ ॥ ઇતિ

---

## अथ चोवीश तिर्थकरना लंछननु चैत्यवंदन.

આદિ દેવ લંછન વૃષભ, અજિતજિન હસ્તિ સોહે; સંભવનાથને હય ભલો, અભિનંદન હરિ સોહે. ॥ ૧ ॥ સુમતિનાથને ક્રૌંચ પક્ષી, પદ્મપ્રભ રક્ત કમળ; સુપાર્શ્વજિનને સાથીઓ, ચંદ્રપ્રભુ શશી નિર્મળ. ॥ ૨ ॥ સુવિધિજિનેશ્વર મત્સ્યનુંએ, શીતલજિન શ્રીવત્સ; ખડ્ગી જિનવરશ્રેયાંસને, પ્રણમો મન ધરી રંગ. ॥ ૩ ॥ વાસુપૂજ્ય મહિ-ષનું, વિમલજિન સુઅરજોય; સીંચાણોપક્ષી અનં-તને, શ્રી ધર્મને વજ્રએ હોય. ॥ ૪ ॥ શાંતિજિન મૃગલો ભલો, શ્રી કુંથું વળી છાગ; નંદાવર્ત શ્રી અરપ્રભુ, શ્રીમલ્લી કુંભ ચંગ. ॥ ૫ ॥ મુનિસુવ્ર-તને કાચબોએ, નીલ કમળ નમિરાય; દક્ષિણાવર્ત

શંખજજ્યો, શ્રીનેમિજિનને પાય. ॥ ૬ ॥ પુરૂષા-દાણી પાર્શ્વપ્રભુ, લંછન નાગનું સાર; વીર જિને-શ્વરને ભલું, સિંહ કહ્યો ઉદાર. ॥ ૭ ॥ ગર્ભકા-ળથી એસહી, સર્વ જિનને તુંગ; જિમણે પગે જંઘા-તણો, એ આકાર ઉત્તુંગ. ॥ ૮ ॥ લંછન એ સવિ શાશ્વતાંએ, આગમમાંહિ જોજો, ક્ષમાવિજય જસ નામથી, શુભને જસ સુખ હોજો ॥ ૯ ॥

---

## श्री बावन जिनालयनुं चैत्यवंदन.

શુદિ આઠમ ચંદ્રાનન, સર્વજ્ઞાય ગણીજે; ઋષભાનન શુદિ ચૌદસે, શાશ્વત નામ ભણીજે. ॥ ૧ ॥ અંધારી આઠમ દિને, વર્ધમાન જીન ન-મીએ, વારિષેણ વદ ચૌદશે, નમતાં પાપ નિગમીએ. ॥ ૨ ॥ બાવન જિનાલય તપએ, ગુણ ગણણો સુખ-કાર; શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર ૩.

---

## अथ दोढसो कल्याणकनुं चैत्यवंदन.

શાસન નાયક જગજયો, વર્ધમાન જગદીશ; આતમહિતને કારણે, પ્રણમું પરમ મુનીશ. ॥ ૧ ॥ ખટપરવિજેણે વર્ણવી, તેહમાં અધિકી જેહ; એકા-દશી સમકો નહી, આરાધો ગુણ ગેહ. ॥ ૨ ॥ માગ-

શર શુદી એકાદશી, આરાધો શિવવાસ; કલ્યાણક નેવુ જિનતણા, એકસોને પચાશ ॥ ૩ ॥ મહાયશ સર્વાનુભૂતિ શ્રીધર, નમિ મલ્લિ અરનાથ; સ્વયંપ્રભ દેવ શ્રુત ઉદય, મલિયા શિવપુર સાથ. ॥ ૪ ॥ અકલંક શુભંકર સમનાથ, બ્રહ્મેન્દ્ર ગુણ ગાંગીક; સાંપ્રત મુનિ વિશિષ્ટ જિન, પામ્યા પુન્યની નીક. ॥ ૫ ॥ સુમૃદુ વ્યક્ત કલાસત, અરણ્યયોગ અયોગ; પરમ સુધારતિ નિકેસ તેમ, પામ્યા શિવ સંયોગ. ॥ ૬ ॥ સર્વાર્થ હરિભદ્ર મગધાધિપ, પ્રયચ્છ અક્ષોભ મલય સિંહ; દિનરૂક ધનદ પૌષધ તથા, જપતાં સફલિ જિહ. ॥ ૭ ॥ પ્રલંબ ચારિત્રનિધિ પ્રશમરાજિત, સ્વામી વિપરિત પ્રસાદ; અઘટિત ભ્રમણેંદ્ર રૂષભચંદ્ર, સમર્યાં શિવઆશ્વાદ. ॥ ૮ ॥ દયાંત અભિનંદન રત્નેશનાથ, શ્યામકોષ્ટ મરૂદેવ અતિપાર્શ્વ; નંદિષેણ વ્રતધર નિર્વાણ તથા, થાયે શિવ સુખ આશ. ॥ ૯ ॥ સૌંદર્ય ત્રિવિક્રમ નરસિંહ, ક્ષેમંત સંતોષિત કામનાથ; મુનિનાથ ચંદ્રદાહ દિલાદિત્ય, મલિયો શિવ પુર સાથ. ॥ ૧૦ ॥ અષ્ટાહ્નિક વણિક ઉદયનાથ, તમો કંદ સાયકાક્ષ ખેમંત; નિર્વાણ રવિરાજ પ્રથમ, નમતાં દુઃખનો અંત. ॥ ૧૧ ॥ પુરૂરવાસ અવબોધ વિક્રમેંદ્ર, સુશાંતિ હરદેવ નંદિકેશ; મહામૃગેંદ્ર અશોચિત ધર્મેંદ્ર, સંભારો નામ નિવેશ. ॥ ૧૨ ॥

અશ્વવૃંદ કુટલિક વર્ધમાન, નંદિકેશ ધર્મચંદ્ર વિ-વેક; કલાપક વિસોમ અરણુનાથ, સમર્યાં ગુણ અ-નેક. ॥ ૧૩ ॥ ત્રણ પદે ત્રણ ચોવીસીયો, પદે પદે કોઠો જાણ; ચોથા પદમાં ભાવના, આરાધો ગુણ ખાણ. ॥ ૧૪ ॥ દોઢસો કલ્યાણક તણો, ગુણણો એ મનોહાર; ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવ-પાર. ॥ ૧૫ ॥ જિનવર ગુણમાલા, પુન્યની એ પ્રનાલા; જે શિવ સુખ રસાલા, પામીયે સુવિશાલા. ॥ ૧૬ ॥ જિન ઉત્તમ થુણીજે, પાદ તેહના નમીજે; નિજરૂપ સમરીજે, શિવ લક્ષ્મી વરીજે. ॥ ૧૭ ॥ ઇતિ ॥

---

## श्री सिद्ध भगवाननुं चैत्यवंदन.

જગતભૂષણ વિગતદૂષણ, પ્રણવ પ્રાણ નિરૂ-પકં; ધ્યાન રૂપ અનુપમોપમ નમો સિદ્ધ નિરં-જનં. ॥ ૧ ॥ ગગન મંડલ મુક્તિપદ્મં સર્વ ઉર્ધ્વ નિવાસનં; જ્ઞાન જ્યોતિ અનંત રાજે. નમો. ॥ ૨ ॥ અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાઉખં, નામ ગોત્ર નિરંતરાયં. નમો૦ ॥ ૩ ॥ વિકટ ક્રોધા-માન યોધા, માયા લોભ વિસર્જનં; રાગ દ્વેષ વિમ-ર્દિતાંકુરં. નમો૦ ॥૪॥ વિમલ કેવલજ્ઞાન લોચન, ધ્યાન શુકલ સમીરિતં; યોગિના મિતિ ગમ્ય રૂપં.

નમો૦ ॥ ૫ ॥ યોગ મુદ્રા સમ સમુદ્રા, કરી પલ્યં-કાસનં; યોગિના મિતિ ગમ્યરૂપં. નમો૦ ॥ ૬ ॥ જગત જન કે દાસ દાસી, તાસ આશ નિરાસનં; યોગિના મિતિ ગમ્યરૂપં. નમો૦ ॥ ૭ ॥ સમય સમકિત દષ્ટિ જિનકી, સોય યોગી અયોગિકં; દેખિતા મે લીન હોવે. નમો૦ ॥ ૮ ॥ સિદ્ધ તીર્થ અતીર્થ સિદ્ધા, ભેદ પંચ દશાધિકં; સર્વ કર્મ વિમુક્ત ચેતન. નમો૦ ॥ ૯ ॥ ચંદ્રસૂર્યદીપમણીકી, જ્યોતિ તે ન ઓલંઘિત્તં, તે જ્યોતિથી કોઇ અપર જ્યોતિ. નમો૦ ॥ ૧૦ ॥ એક માંહે અનેક રાજે, અનેક માંહિ એકકં; એક અનેકકી નહી સંખ્યા. નમો૦ ॥ ૧૧ ॥ અજર અમર અલખ અનંત, નિરાકાર નિરંજનં; પરબ્રહ્મજ્ઞાન અનંત દર્શન. નમો૦ ॥ ૧૨ ॥ અચલ સુખકી લેહેરમાં, પ્રભુલીન રહે નિરંતરં; ધર્મધ્યાનથી સિદ્ધિ દર્શન. નમો૦ ॥ ૧૩ ॥

---

## श्री चिंतामणि पार्श्वनाथनुं चैत्यवंदन.

નમદેવ નાગેંદ્ર મંદારમાલા, મરંદછટા ધૌત પાદારવિંદં; પરાનંદ સંદર્ભ લક્ષ્મી સનાથં, સ્તુવે

દેવ ચિંતામણિ પાર્શ્વનાથં. ॥ ૧ ॥ તમો રાશિ વિત્રાસને વાસરેશં, હતક્લેશલેશં શ્રિયાં સંનિવેશં; ક્રમાલીન પદ્માવતી પ્રાણુનાથં. સ્તુવે૦ ॥ ૨ ॥ નવ શ્રીનિવાસં નવાંભોદ તુલ્યં, નતાનાં શિવશ્રેણી દાને સલિલં; ત્રિલોકીશપૂજ્યં ત્રિલોકસ્ય નાથં. સ્તુવે૦ ॥ ૩ ॥ હતવ્યાધિ વૈતાલ ભૂતાદિ દોષં, કૃતા શેષ ભવ્યાવલિ પુન્યપોષં; મુખશ્રી પરાભૂત દોષાધિ-નાથં. સ્તુવે૦ ॥ ૪ ॥ નૃપસ્યાશ્વસેનસ્ય વંશે ડવ-તંસં, જનાનાં મનો માનસે રાજહંસં; પ્રભાવ પ્રભા-વાહિની સિંધુનાથં. સ્તુવે૦ ॥ ૫ ॥ કલૌભાવિનાં કલ્પવૃક્ષોપમાનં, જગત્પાલને સંતતં સાવધાનં; ચિરં મેદપાટસ્થિતં વિશ્વનાથં. સ્તુવે૦ ॥ ૬ ॥ ઇતિ નાગેંદ્રનરામર, વંદિતપાદાંબુજ પ્રવરતેજાઃ દેવકુલપાટકસ્થઃ; સ જયતિ ચિંતામણિ પાર્શ્વ. ॥૭॥

ઇતિ ચૈત્યવંદન સંપૂર્ણ.

# સ્તુતિઓનો સંગ્રહ

## बीजनी सीमंधर जिन स्तुति.

અજુવાળી તે બીજ સોહાવેરે, ચંદારૂપ અનુપમ ભાવેરે, ચંદા વીનતડી ચિત્ત ધરજોરે, શ્રી સીમંધરને વંદણા કહેજોરે. ॥ ૧ ॥ વીશ વિહરમાન જિનને વંદોરે, જિનશાસન પૂજી આણંદોરે, ચંદા એટલું કામ મુજ કરજોરે, શ્રી સીમંધરને વંદણા કરજોરે. ॥ ૨ ॥ શ્રી સીમંધર જીનની વાણીરે, તેતો પીતા અમીય સમાણીરે, ચંદા તમે સુણી અમને સુણાવોરે, ભવ સંચીત પાપ ગમાવોરે. ॥ ૩ ॥ શ્રી સીમંધર જીનની સેવારે, જીનશાસન આણંદ મેવારે, તું તો હોજો સંઘની માતારે, જગતચંદ્ર વિખ્યાતારે ૪.

---

## पंचमीनी स्तुति.

પાંચમને દિન ચોસઠ ઇંદ્રે, નેમિજીન મહોત્સવ કીધોજી, રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધોજી, અંજન રત્ન સમકાયા દીપે, શંખલંછન સુપ્રસિધ્ધોજી કેવલ પામી મુકિત પહોંચ્યા સઘળાં કારજ

સીધ્યાંજી. ॥ ૧ ॥ આબુ અષ્ટાપદને તારંગા, શેત્રું જયગિરિ સોહેજી, રાણકપુરને પાર્શ્વશંખેશ્વર, ગિરનારે મનમોહેજી, સમેત શીખરને વળી વૈભારગિરિ ગોડીથંભણ વંદોજી, પંચમીને દિન પૂજા કરતાં, અશુભ કર્મ નિકંદોજી. ॥ ૨ ॥ નેમિ જીનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલેજી, બીજા તપ જપ છે અતિ બહોલા, નહી કોઈ પંચમી તોલેજી, પાટી પોથી ઠવણી કવળી, નોકારવાળી સારીજી, પંચમીનું ઉજમણું કરતાં, લહીએ શીવ વધુ પ્યારીજી. ॥ ૩ ॥ શાસનદેવી સાનિધ્યકારી, આરાધે અતિ દીપેજી, કાને કુંડલ સુવર્ણ ચુડી, રૂપે રમઝમ દીપેજી, અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાનિધ્ય કારીજી, પંડિત હેતવિજય જયકારી જિનજંપે જયકારીજી. ॥ ૪ ॥

---

## પંચમીની સ્તુતિ બીજી.

શ્રી જીન નેમિ જીનેશ્વર સ્વામી, એક મને આરાધો ધામી, પ્રભુ પંચમી ગતિ પામી, પંચ રૂપ કરે સુર સામી, પંચવર્ણ કલસેં જલનામી, સવિ સુરપતિ શિવકામી, જન્મ મહોચ્છવ કરે ઇદ્ર ઈંદ્રાણી દેવતણી એ કરણી જાણી ભકિત વિશેષ વખાણી;

નેમજી પંચમી તપ કલ્યાણી, ગુણમંજરી વરદત્ત પરેં પ્રાણી કરો ભાવ મન આણી. ॥ ૧ ॥ અષ્ટાપદ ચોવિશ જીણુંદ, સમેત શિખરે વીસ સ્થુભ ભવિ વંદ્ય શત્રુંજય આદિ જીણુંદ; ઉત્કૃષ્ટા સત્તરિસય જીણુંદ નવકોડી કેવલી જ્ઞાનદિણુંદ નવકોડી સહસ મુણીંદ; સામ્પ્રતિ વીશ જીણુંદ સોહાવે, દોય કોડી કેવલી નામ ધરાવે, દોય કોડી સહસ મુનિ કહાવે; જ્ઞાનપંચમી આરાહો ભાવે, નમો નાણસ્સ જપતાં દુઃખ જાવે; મનવંછિત સુખ થાવે. ॥ ૨ ॥ શ્રી જીનવાણી સિદ્ધાંતે વખાણી જોયણ ભુમી સુણે સવિ પ્રાણી, પીજીએં સુધા સમાણી; પંચમી એક વિશેષ વખાણી અજુવાલી સઘલી એ જાણી બોલે કેવલનાણી જાવ જીવ વરસેં એક કરેવિ સૌભાગ્ય પંચમી નામે લેવિ માસેં એક ગ્રહેવિ; પંચ પંચ વસ્તુ દેહરે ઢોવિ એમ સાડા પંચ વર્ષ કરેવિ આગમ વાણી સુણેવિ. ॥ ૩ ॥ સિંહગમની સિંહલંક બિરાજે સિંહનાદ પરે ગુહિર ગાજે, વદનચંદ પરે છાજે; કટિ મેખલાને ઉર સવિ રાજે પાયે ઘુઘરા ઘમઘમ વાજે, ચાલતી બહુત દીવાજે; ગઢ ગિરનાર તણા રખવાલા અંબલુંબજુત્તિ અંબાબાલા અત્તિ ચતુરા વાચાલા; પંચમી તપસી કરત સંભાલા દેવી લાભ વિમલ સુવિશાલા રત્નવિમલ જયમાલા; ॥ ૪ ॥

## श्री अष्टमीनी स्तुति.

અષ્ટમી તપ મહિમા, મોટો કહે મહાવીર, આઠમ તપ ભંજે, અષ્ટકર્મ જંજીર; આઠ સિદ્ધિ રૂદ્ધિ આપે, તેમ મદ ભંજે આઠ; દુઃખ દુર્ગતિ કાપે, જેમ દાવાનલ કાષ્ઠ. ॥ ૧ ॥ ચોવીશે જીનની, પ્રતિમા ભરતે ભરાવી, અષ્ટાપદ ઉપર, નાસિકા સરખી ઠરાવી; પૂરવ થકી વંદો, દોય ચાર અઠ દશદેવ, એ ચાર નિક્ષેપે, સંભાળી કરૂં સેવ. ॥ ૨ ॥ મહાવીર થકી ત્રિપદી, પામીને તત્કાળ દ્વાદશાંગી ગુંથી, ગણધર દેવ રસાળ; એમાંથી ઉપદિશે, આઠમનો અધિકાર, અષ્ટમી આરાધો, જિમ પામો ભવપાર. ॥ ૩ ॥ જિનશાસન દેવી, સિદ્ધાયિકા માતંગ, આઠમ તપતપીએ, સાનિધ્ય કરે ધરી રંગ, સુર સમકિત ધારી, ભવિક કરે કલ્યાણ; ભાવવિજયના વાચક, સેવક જયું ભાસભાણ. ॥ ૪ ॥

---

## एकादशीनी स्तुति.

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી; એક મને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામજી; તેહનિસુણી માધવ પૂછે, મન ધરી

અતિ આનંદાજી; એકાદશીનો એહવો મહિમા, શ્યા· ભણી કહે જીણંદાજી. ॥ ૧ ॥ એકશત અધિક પ- ચાશ પ્રમાણ, કલ્યાણક સવિ જિનનાજી, તેહ ભણી તે દિન આરાધો, છંડી પાપ સવિ મનનાજી; પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાનજી, તે દિન માયા મમતા તજીએ; ભજીએ શ્રી ભગવાન જી. ॥ ૨ ॥ પ્રભાતે પડિકમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી, દેવ જુહારી ગુરૂને વાંદી; દેશનાનીસુણો સા- રીજી, સ્વામી જમાડી કર્મ ખપાવી, ઉજમણું ઘર સારૂજી અશનાદિક ગુરૂને વહોરાવી, પારણું કરો પછી વારૂજી. ॥ ૩ ॥ બાવીશમા જિન એણીપરે બોલે સુણ તું કૃષ્ણ નરિંદાજી, એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખવૃંદાજી, દેવી અંબાઇ પુણ્ય પ- સાયે, નેમીશ્વર હિતકારીજી, પંડિત હરખવિજય તસ શિષ્ય માનવિજય જયકારી જી. ॥ ૪ ॥

---

## एकादशीनी स्तुति बीजी.

ગોપીપતિ પૂછે, પભણે નેમિકુમાર, ઇહાં થોડે કીધે, લહીએ પુણ્ય અપાર, મૃગશર અજવાળી, અગ્યારશ સુવિચાર, પોસહવિધિ પાળી, લહુ તરીએ સંસાર. ॥ ૧ ॥ કલ્યાણક હુવા, જિનના સો પચાસ,

તસ ગુણણું ગણતાં, પહોંચે વંછિત આશ, ઇહાં ભાવ ધરીને, વ્રત કીજે ઉપવાસ, મૌનવ્રત પાળી, છાંડી જે ભવપાસ. ॥ ૨ ॥ ભગવંતે ભાખ્યો, શ્રી સિદ્ધાંત મોઝાર, અગ્યારશ મહિમા, મૃગશીર પખ શુદી સાર, સવિ અતીત અનાગત, વર્ત્તમાન સુવિચાર, જિનપતિ કલ્યાણક, છોડે પાપ વિકાર. ॥૩॥ ઐરાવણવાહન, સુરપતિ અતિબલવંત, જિમ જગ જશ ગાજે, રયણીકાંત હસંત, તપસાંનિધ્ય કરજો, મૌન અગ્યારશ સંત, તપકીર્તિ પ્રસરે, શાસન વિનય કહંત. ॥ ૪ ॥

---

## પર્યુષણની સ્તુતિ.

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર, પર્યુંષણ કેરો, મહિમા અગમ અપાર; નિજ મુખથી દાખી, સાખીં સુરનર વૃંદ, એ પર્વ પર્વમાં, જેમ તારામાં ચંદ. ॥ ૧ ॥ નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે, વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે, દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર, કર પડિકમણાં ધર, શીળ અખંડિતધાર. ॥ ૨ ॥ જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર, ભવ સાત આઠ અવશેષ તાસ સંસાર; સહુ સૂત્ર શિરોમણિ કલ્પસૂત્ર સુખકાર, તે શ્રવણ

સુણીને, સફળ કરો અવતાર. ॥ ૩ ॥ સહુ ચૈત્ય-જુહારી, ખમતખામણા કીજે, કરી સાહમીવત્સલ, કુગતિદ્વાર પટ દીજે, અઠ્ઠાઇમહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાચી, એમ કરતાં સંઘને, શાસનદેવ સહાચી. ॥૪॥

---

## श्री सिद्धचक्रजीनी स्तुति.

વીરજીનેશ્વર ભવનદીનેશ્વર, જગદીશ્વર જય-કારીજી, શ્રેણિક નરપતિ આગળ જંપે સિદ્ધચક્ર તપ સારીજી, સમકિત દૃષ્ટિ ત્રિકરણ શુદ્ધે, જે ભવિયણ આરાધેજી, શ્રી શ્રીપાળનરિંદ પરે તસ, મંગળ કમળા વાધેજી. ॥ ૧ ॥ અરિહંત વિચ્ચે સિદ્ધસૂરિ પાઠક, સાહુ ચિહુદિશિ સોહેજી, દંસણનાણ ચરણ તપ વિ-દિશે, એહ નવપદ મન મોહેજી, આઠ પાંખડી હૃદયાં બુજરોપી, લોપી રાગને રીસજી, ૐ હિં પદ એકની ગણીએ, નવકારવાળી વીશજી. ॥ ૨ ॥ આસો ચૈત્ર શુદી સાતમથી, માંડી શુભ મંડાણજી, નવનિધિ દાયક નવનવ આંબિલ, એમ એકાશી પ્રમાણજી, દેવવંદન પડિકમણું પૂજા, સ્નાત્ર મહોત્સવ ચંગજી, એહ વિધિ સઘળો જિહાં ઉપદીસ્યો, પ્રણમું અંગ ઉપાંગજી. ॥ ૩ ॥ તપ પૂરે ઉજમણું કીજે, લીજે નરભવ લાહોજી, જિનગૃહ પડિમા સ્વામીવત્સલ,

સાધુભક્તિ ઉત્સાહોજી, વિમલેશ્વર ચક્રેશ્વરીદેવી, સાનિધ્યકારી રાજેજી, શ્રી ગુરૂ ક્ષમાવિજય સુપસાયે, મુનિ જિન મહિમા છાજેજી. ॥ ૪ ॥

---

## सिद्धचक्रजीनी स्तुति बीजी.

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય, જપીએ નવપદનો, જાપ સદા સુખદાય, વિધિ પૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાળ, તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાળ. ॥ ૧ ॥ માલવપતિ પુત્રી મયણા અતિ ગુણવંત, તસ કર્મ સંયોગે કોઢી મિલિયો કંત, ગુરૂ વયણે તેણે, આરાધ્યું તપ એહ, સુખ સંપદા વરીયા, તરીયા ભવજળ તેહ. ॥ ૨ ॥ આંબિલને ઉપવાસ, છઠ્ઠ વળી અઠ્ઠમ, દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસ વિશેષ, ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર, જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ॥ ૩ ॥ તપ સાનિધ્ય કરશે, શ્રી વિમળેશ્વરયક્ષ, સહુ સંઘના સંકટ, ચૂરે થઇ પ્રત્યક્ષ, પુંડરીક ગણધાર, કનકવિજય બુધશિષ્ય. બુધદર્શનવિજય કહે પહોંચે સકળ જગીશ. ॥ ૪ ॥

---

## શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ.

અંધારે મહાવીર જીણુંદા, જેને સેવે સુરનર ઇંદા, દીઠે પરમાણંદા, ચૈત્ર શુદ તેરશ દિન જાયા, છપનદિક્ કુમરી ગુણ ગાયા, હરખ ધરી હુલરાયા, ત્રીસ વરસ પાલી ઘરવાસ, માગશર વદ દશમી વ્રત જાસ, વિચરે મન ઉલ્લાસ, એ જિન સેવો હિત કર જાણી, એહથી લહીએ શિવ પટરાણી, પુણ્યતણી એ ખાણી ॥ ૧ ॥ રૂષભ જિનેશ્વર તેર ભવસરિ, ચંદપ્રભ ભવ આઠ ઉદાર, શાંતિકુમર ભવબાર, મુનિસુવ્રતને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર, સત્તાવીશ ભવ વીરના કહીએ સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ, જિન વચને સદ્દહીએ ચોવીસ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર, નમતાં જયજયકાર ॥ ૨ ॥ વૈશાક શુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન ઉપદેશ દીયે પ્રધાન, અગ્નિ ખુણે હવે પરખદા સુણીએ, સાધ્વી વૈમાનીક સ્ત્રી ગણીએ, મુનિવર ત્યાંહીજ ભણીએ, વ્યંતર જ્યોતિષી ભુવનપતિસાર એહને નૈરૂત્ય ખુણે અધિકાર વાયવ્ય ખુણે એહની નાર, ઇશાને શોભે નરનાર, વૈમાનિક સુર પરખદા બાર, સુણે જિનવાણી ઉદાર ॥ ૩ ॥ ચક્રેશ્વરી અજિતા દુરિતારિ,

કાલી મહાકાલી મનોહારી, અચ્યુતા સંતા સારી, જવાલા સુતારકા અશોકા, શ્રીવત્સા વરચંડામાયા, વિજયાંકુશી સુખદાયા, પન્નતિનિર્વાણી અચ્યુઆ ધરણી, વૈરોટયા દત્તા ગંધારી અઘહરણી, અંબા પઉમા સુખકરણી, સિદ્ધાયિકા શાસન રખવાળી, કનકવિજય બુધ આનંદકારી, જસવિજય જયકારી. ॥૪॥

---

## સિદ્ધચક્રજીની સ્તુતિ.

પહેલે પદ જપીયેં અરિહંત, બીજે સિદ્ધ જપો જયવંત, ત્રીજે આચારજ સંત; ચોથે નમો ઉવઝાય એ તંત, નમો લોએ સવ્વસાહુ મહંત, પાંચમે પદ વિલસંત, દર્શન છઠે જપો મતિવંત, સાતમે પદ નમો નાણ અનંત, આઠમે ચારિત્ર હુંત; નમો તવસ્સ નવમેં સોહંત, શ્રી સિદ્ધચક્રનું ધ્યાન ધરંત, પાતકનો હોએ અંત. ॥ ૧ ॥ કેશર ચંદન સાથે ઘસીજેં, કસ્તુરી માંહે ભેલીજેં, ઘન ઘનસાર ઠવીજેં; ગંગોદક શું ન્હવણ કરીજે, શ્રી સિદ્ધચક્રનું ધ્યાન ધરીજે, સુરભિ કુસુમ ચરચીજેં, કુંદરૂ અગરનો ધૂપ કરીજેં, કામધેનુ ધૃત દીપ ભરીજે, નિર્મલભાવ વરીજેં, અનુભવ નવપદ ધ્યાન ધરીજેં, રોગાદિક દુઃખ દૂર હરીજે, મુકિત વધૂ પરણીજેં. ॥ ૨ ॥ આશોને વલી

ચૈત્ર રસાલ, ઉજ્જ્વલ પક્ષે ઓલી સુવિશાલ, નવ આંબિલ સો ચાલ; રોગ શોગનો એ તપ કાલ, સાડા ચાર વરસ તસ ચાલ, વળી જીવે તિહાં ભાલ; જે સેવે ભવિ થઇ ઉજમાલ, તે લહે ભોગ સદા અસરાલ, જેમ મયણાં શ્રીપાલ; છંડી અલગો આલ પંપાલ, નિત નિત આરાધો ત્રણકાલ, શ્રી સિદ્ધચક્ર ગુણમાલ. ૩. ગજગામિની ચંપકદલ કાય, ચાલે પગને ઉર ઠમકાય, હૈયડે હાર સોહાય; કુંકુમ ચંદન તિલક રચાય, પહેરી પીત પટોલી બનાય, લીલાએ લલકાય, બાલી ભોલી ચક્કેસરી માય, જે નર સેવે સિદ્ધચક્ર રાય. દ્યો તેહને સુસહાય, શ્રી વિજયપ્રભસુરી તપગચ્છરાય. પ્રેમવિજય ગુરૂ સેવા પાય, કાંતિવિજય ગુણ ગાય. ॥૪॥

---

## સુધર્મા દેવલોકની સ્તુતિ.

સુધર્મા દેવલોક પહેલો જાણો, દ્વાદરાજ ઉંચો તસ જાણો, સોહમ ઈંદ્રો તેહનો રાણો, શક્ર નામે સિંહાસન છાજે, ઐરાવણ હાથી તસગાજે, દીઠે સંકટ ભાંજે, સકલ દેવ માંને તસ આંણ, આઠ ઈંદ્રાણી ગુણની ખાંણ, વજ્ર તે જમણે પાંણ, બત્રિસલાખ વૈમાનનો સ્વામિ, રીષભદેવને નમે શીરનામિ, હૈયે હરખ બહુ પામિ. ॥ ૧ ॥ ચોવિસે જીનવર, પ્રણમિજે, વિહ-

રમાંનજીન પૂજા કીજે, માનવ ભવફલ લીજે, બાર દેવલોકને નવગ્રૈવેયક, પાંચ અનુત્તર સકલ વિવેક, જીહાં છે પડિમા અનેક, ભુવનપતિ વ્યંતર માંહે સાર, જ્યોતિષિ માંહે સંખ્યા અપાર, તેહશું નેહ અપાર, મેરૂ પ્રમુખ વલિ પર્વત જેહ, તીર્ચ્છાલોકમાં પડિમા જેહ, હું વંદું ધરી નેહ. ॥ ૨ ॥ સમવસરણ સુર રચેરે ઉદાર. જોજન એક તણો વિસ્તાર, રચના વિવિધ પ્રકાર, અઢીગાઉ ઉંચું તસજાણ, ફુલપગર સોહીએ ઢીંચણ સમાન, દેવ કરે તિહાં ગાન, મણિ હેમ રત્નમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે, તિહાં બેઠા જન પડિબોહે, અણવાગ્યાં વાજિંત્ર વાગે, ત્રણ છત્ર શિર ઉપર છાજે, સેવક જનને નિવાજે. ॥૩॥ ચરણ કમલને ઉરના ચાલા, કટી મેખલ ખલકે સુવિશાલા, ગલે મોતનકીમાલા, પુનમચંદ જેમ વદન બિરાજે, નયન કમલની ઉપમા છાજે, દીઠે સંકટ ભાજે, બાલિભોલિ ચક્રેશ્વરી માય, જે નર સેવે સિદ્ધ ચક્રરાય, શ્રી સંઘને સુખદાય, શ્રી ખીમાવિજય ગુરૂતપગચ્છરાય, પ્રણમું કાંતિવિજય ઉવઝાય, શીષ્ય કીર્તિવિજય ગુણગાય. ॥ ૪ ॥ સંપૂર્ણમ્

# રોહિણીની સ્તુતિ.

નક્ષત્ર રોહિણી જે દિન આવે, અહોરત્ત પોસહ કરી શુભ ભાવે, ચઉવિહારો મન લાવે, વાસુપૂજ્યની ભક્તિ કીજે, ગુણણું પણ તસ નામ જપીજેં, વરસ સત્તાવીશ લીજેં, થોડીશક્તેં વરસ તે સાત, જાવજ્જીવ અથવા વિખ્યાત, તપ કરી કરો કર્મ ઘાત, નિજશકતેં ઉજમણું આવે, વાસુપૂજ્યનું બિંબ ભરાવે, લાલમણિ મયઠાવે. ॥ ૧ ॥ એમ અતીત અને વર્તમાન, અનાગત વંદો જીન બહુમાન, કીજે તસ ગુણ ગાન, તપકારકની ભક્તિ આદરિએ, સાધર્મિક વલિ સંઘની કરીએ, ધર્મ કરી ભવ તરીએ, રોગશોક રોહિણિ તપે જાય, સંકટ ટલે તસજસ બહુ થાય, તસ સુરનર ગુણગાય, નિરાશંસપણે તપ એહ, શંકા રહિતપણે કરો તેહ, નવનિધિ હોય જેમ ગેહ. ॥ ૨ ॥ ઉપધાન થાનક જીન કલ્યાણ, સિદ્ધચક્ર શત્રુંજય જાણ, પંચમી તપ મન આણ. પડિમા તપ રોહિણી સુખકાર. કનકાવલિ રત્નાવલિસાર. મુક્તાવલિ મનોહર. આઠમ ચઉદસ ને વર્દ્ધમાન, ઈત્યાદિક તપ માંહે પ્રધાન. રોહિણી તપ બહુ માન. એણિપેરે ભાખે જીનવર વાણી, દેશના મિઠી અમિય સમાણી, સૂત્રેં તેહ ગુંથાણી ॥ ૩ ॥ ચંડાયક્ષણી યક્ષકુમાર. વાસુપૂજ્ય શાસન સુખ-

કાર વિઘ્ન મિટાવણુહાર, રોહિણી તપ કરતા જન જેહ, ઇહભવ પરભવે સુખ લહે તેહ, અનુક્રમે ભવનો છેહ, આચારી પંડિત ઉપગારી, સત્ય વચન ભાખે સુખકારી, કર્પુરવિજય વ્રતધારી, ખિમાવિજય શિષ્ય જીનગુરૂરાય. તસ શિષ્ય મુજ ગુરૂ ઉત્તમ થાય, પદ્મવિજય ગુણગાય. ॥ ૪ ॥

---

## ભીલડિઆ પાર્શ્વનાથની સ્તુતિ

ભીલડિપુર મંડણ સોહીએ, પાસ જીણંદ, તેહને તમે પૂજો સુરનર નારિના વૃંદ, તેહ ત્રુઠો આપે ધાન્ય કણ કંચનકોડ તે શિવ પદ પામે કરમતણા ભય છોડ. ॥ ૧ ॥ ધનવર્સાય ઘનાઘન કેશરના રંગરોલ તેહમાં તમે ભેલો કસ્તૂરીના ઘોલ, તેણે શું પૂજો ચઉવીસે જીણંદ, જેમ દૈવ દુખ જાવે આવે ઘર આણંદ. ॥ ૨ ॥ ત્રિગડે જીન બેઠા સોહિએ સુંદરરૂપ, તસવાણી સુણવા આવી પ્રણમે ભૂપ, વાણી જોજનની સુણજો ભવિયણ સાર, તે સુણતાં હોસે પાતિકનો પરિહાર. ॥ ૩ ॥ પાય રમઝમ રમઝમ ઝાંઝરનો ઝમકાર, પદ્માવતી ખેલે પાર્શ્વ તણે દરબાર સંઘવિઘ્ન હરજો કરજો જયજયકાર એમ સૌભાગ્યવિજય કહે સુખ સંપત્તિ દાતાર. ॥ ૪ ॥

## રોહિણીની સ્તુતિ બીજી

માસમાસ રોહિણી તપ કીજે, વાસુપૂજ્યની પ્રતિમા પૂજીજે, રોગ શોક ન આવે અંગે, દોય સહસ જપો મન રંગે. ॥ ૧ ॥ અતીત અનાગતને વર્તમાન, ત્રણ ચોવીશી બોંતેર નામ, શુભવિજય કહે એહ પ્રકાશ, સુખ લહે રોહિણી તપ ભાસ. ॥૨॥ એછે આગમ અંગ અગ્યાર, ચૌદપૂર્વને ઉપાંગબાર, ત્યાંછે રોહિણી તપ વિખ્યાત, જપતાં લહીએ મુક્તિનો વાસ. ॥ ૩ ॥ શાસનદેવી મન બળ આપો, સુમતિ કરી જિનશાસને થાપો, શુભવિજય કહે દાસ તુમારો, લાભવિજય કહે એહ સંભારો. ॥ ૪ ॥

---

## શ્રી પાર્શ્વનાથની સ્તુતી.

પોસીદશમ દિન પાસ જીનેસર, જનમ્યા વામા માયજી, જન્મ મહોચ્છવ સુરપતિ કીધો વલિય વિશેષે રાયજી, છપન દિકકુમરી હુલરાવ્યો સુરનર કિંનર ગાયોજી, અશ્વસેન કુલકમલવતંસે ભાનુઉદય સમ આયોજી. ॥ ૧ ॥ પોસીદશમ દિન આંબિલ કરીએ જેમ ભવસાયર તરીએજી, પાસ જીણંદનું ધ્યાન ધરતાં સુકૃત ભંડાર ભરીએજી, રૂષભાદિક જીનવર

ચોવિશે તે સેવો ભલે ભાવેજી, શિવરમણી વરી નિજ બેઠા પરમપદ સોહાવેજી. ॥ ૨ ॥ કેવલ પામિ ત્રિગડે બેઠા પાસ જીનેસર સારજી, મધુર ગીરાએ દેશના દેવે ભવિજન મન સુખકારજી, દાનશીયલ તપ ભાવે આદરસે તે તરસે સંસારજી, આ ભવ પરભવ જીનવર જપતાં ધર્મ હોસે આધારજી. ॥ ૩ ॥ સકલ દિવસમાં અધિકો જાણી, દશમીદિન આરાધોજી, ત્રેવિશમો જીન મનમાં ધ્યાતાં આતમસાધન સાધોજી, ધરણેંદ્ર પદ્માવતીદેવી, સેવા કરે પ્રભુ આગેંજી; શ્રી હર્ષવિજય ગુરૂ ચરણકમલની રાજવિજય સેવા માગેંજી ॥ ૪ ॥

---

## पार्श्वनाथ स्तुति.

જગજન ભંજન માંહે જે ભલીયો, જોગીસર ધ્યાનેં જે કલિયો, શિવવધુ સંગે હલિયો, અખિલ બ્રહ્માંડે જે જલહલિયો, ષટ્દર્શન મતેં નવિ ખલિયો, બલવંત માંહે બલીયો, જ્ઞાન મહોદય ગુણ ઉછલિયો, મોહ મહાભટ જેણે છલિયો, કામ સુભટ નિર્દલિયો, અજરઅમરપદ ભારે લલિયો, સો પ્રભુ પાસ જીનેશ્વર મલિયો, આજ મનોરથ ફલિયો. ॥ ૧ ॥ મુક્તિ મહા મંદિરના વાસી, અધ્યાતમ પદના ઉ-

પાસી, આનંદ રૂપ વિલાસી; અલખ અગોચર જે અવિનાસી, સાધુ શિરોમણી મહાસંન્યાસી, લોકાલોકપ્રકાસી; જગ સઘલે જેહની છાબાસી, જીવાયોનિ લાખ ચોરાસી, તેહના પાસ નિકાસી; જલહલ કેવલ જ્યોતિશ્રી આસી, અથિર સુખના જે નહિ આસી, વંદુ તેહને ઉલાસી. ॥ ૨ ॥ શ્રી જીન ભાષિત પ્રવચન માલા, ભવિજન કંઠે ધરો સુકુમાલા, મહેલી આલ પંપાલા; મુક્તિ વરવાને વરમાલા, વારૂ વર્ણ તે કુસુમ રસાલા, ગણધરે ગુંથી વિશાલા; મુનિવર મધુકર રૂપ મયાલા, ભોગી તેહના વલી ભૂપાલા, સુરનર કોડિ રઢાલા; જે નર ચતુર અને વાચાલા, પરિમલ તે પામે વિગતાલા, ભાંજે ભવ જંજાલા. ॥ ૩ ॥ નાગનાગિણી અધબલતા જાણી, કરૂણાસાગર કરૂણા આંણી, તતક્ષણ કાઢયા તાણી; નવકાર મંત્ર દીયો ગુણખાંણી, ધરણીધર પદ્માવતી રાણી, થયા ધણી ધણીયાણી, પાસ પસાયે પદ પરમાણી, સા પદ્મા જીનપદેં લપટાણી, વિઘ્નહરણ સપરાણી; ખેડા હરિયાલામાં શુભ ઠાણી, પૂજો પાસ જીણંદ ભવિ પ્રાણી, ઉદય વદે એમ વાણી. ॥૪॥

## श्री पार्श्वनाथ जीन स्तुति.

શ્રીપાર્શ્વજીનેશ્વર સેવા કરૂં ત્રણ કાલ, મને શિવપદ આલો ટાલો પાપ જંજાલ, જીન દર્શન દીઠે પુગે મનની આશ, રાય રાણા સેવે સુરપતિ થાવે દાસ. ॥ ૧ ॥ વિમલાચલ આબુ ગઢ ગિરનારે નેમ, અષ્ટાપદ સમેત શિખર પંચે તીરથ એમ, સુર અસુર વિદ્યાધર નરનારી બહુ કોડ, વલી યુગતે વંદે ધ્યાવે બે કર જોડ. ॥ ૨ ॥ સાકરથી મીઠી શ્રીજીન કેરી વાણી, બહુ અર્થ વિચારી ગુંથી ગણધરે જાણી, તે વચન સુણીને માને હર્ષ અપાર, ભવસાયર તારે ટાલે દુર્ગતિ બાર. ॥ ૩ ॥ કાને કુંડલ ઝલકે કંઠે નવસરોહાર, પદ્માવતી દેવી સોહે સવિશણગાર, શાસન રખવાલી સાન્નિધ્ય શુદ્ધ જ થાય, બુધ અમૃત સાગર પ્રણમે તાસ પસાય, જંપે એમ દોલત સુર-નર તસ ગુણ ગાય. ॥ ૪ ॥

---

## वीशस्थानक तपनी स्तुति.

પુછે ગૌતમ વીર જીણંદા, સમવસરણ બેઠા સુખકંદા, પૂજિત અમર સૂરિંદા, કેમ નિકાચે પદ જીનચંદા, કિણ વિધે તપ કરતાં ભવ ફંદા, ટાળે

દુરિતહ દંદા, તવ ભાખે પ્રભુજી ગતનિંદા, સુણ ગૌતમ વસુભૂતિ નંદા, નિર્મલ તપ અરવિંદા, વિશ સ્થાનક તપ કરત મહંદા, જેમ તારક સમુદાયેં ચંદા, તેમ એ સવિ તપ ઇંદા. ॥ ૧ ॥ પ્રથમ પદેં અરિહંત નમિજેં, બીજે સિદ્ધ પયવણુ પદ ત્રીજેં, આચારજ થેર ઠવિજેં, ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજેં, નાણ દંસણ પદવિનય વહીજેં, અગિઆરમે ચારિત્ર લીજેં, બંભવયધારીણં ગણીજેં, કિરિયાણં તવસ્સ કરીજેં, ગોયમ જીણાણં લહિજેં, ચારિત્ર નાણ સુઅસ્સ તીથ્થસ્સ કીજેં, ત્રીજે ભવ તપ કરત સુણીજેં, એ સવિજીન તપ લીજેં. ॥ ૨ ॥ આદિ નમો પદ સઘલે ઠવીશ, બાર પંદર બાર વલી છત્રીશ, દશ પણવીશ સગવીશ પાંચને સડસઠ તેરગણીશ, સિત્તેર નવ કિરિયા પચ્ચવીશ, બાર અઠ્ઠાવીશ ચઉવીશ, સત્તર એકાવન પિસ્તાલીશ, પાંચ લોગસ્સ કાઉસ્સગ્ગ રહીશ, નવકારવાળી વીશ, એક એક પદે ઉપવાસજ વીશ, માસ ષટેં એક ઓળી કરીશ, એમ સિદ્ધાંત જગીશ. ॥ ૩ ॥ શકતેં એકાસન તિવિહાર, છઠ્ઠ અઠ્ઠમ માસખમણ ઉદાર, પડિક્કમણું દોય વાર, ઈત્યાદિક વિધિ ગુરૂગમધાર, એક પદ આરાધન ભવપાર, ઉજમણું વિવિધ પ્રકાર, માતંગયક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઇ શાસન

સુખકાર, વિઘ્ન મિટાવણહાર, ખીમાવિજય જસ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મ આધાર, વીરવિ- જય જયકાર ॥ ૪ ॥

---

## सिद्धाचलनी स्तुति.

જિહાં ઓગણોતેર કોડા કોડી, તિમ પંચાશી લાખવળી જોડી, ચુમાલીશ સહસ કોડી; સમવસર્યા જિહાં એતિ વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર. ॥ ૧ ॥ સહસ્રકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા ગણધાર, પગલાંનો વિસ્તાર; વળી જિન બિંબ તણો નહી પાર, દેહરી થંભે બહુ આકાર, વંદુ વિમલગિરિ સાર. ॥ ૨ ॥ એંશી સિત્તેર સાઠ પચાસ બાર, જોજન માને જસ વિસ્તાર, ઇગબિતિ ચઉપણ આર, માન કહ્યું તેનું નીરધાર, મહિમા એહનો અગમ અપાર, આગમ માંહે ઉદાર. ॥ ૩ ॥ ચૈત્રી પુનમ દિન શુભ ભાવે, સમકિત દૃષ્ટિ સુરનર આવે, પૂજા વિવિધ રચાવે, જ્ઞાનવિમલ સુરિ ભાવના ભાવે, દુર્ગતિ દોહગ દૂર ગમાવે, બોધિબીજ જસ પાવે. ॥ ૪ ॥

---

# श्री गिरनारजीनी स्तुति.

શ્રી ગિરનાર શિખર શણુગાર, રાજીમતી હૈડાનો હાર, જિનવર નેમિકુમાર, પૂર્ણ કરૂણા રસ ભંડાર, ઊગાર્યા પશુઆં અંબાર, સમુદ્રવિજય મલ્હાર, મોર કરે મધુરા કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર, સહસ ગમે સહકાર, સહસાવનમેં હુઆ અણુગાર, પ્રભુજી પામ્યા કેવળસાર, પહોચ્યા મુગતિ મોઝાર. ॥ ૧ ॥ સિદ્ધગિરિ એ તીરથસાર, આબુ અષ્ટાપદ સુખકાર, ચિત્રકૂટ વૈભાર, સુવર્ણગિરિ સંમેતશિખર શ્રીકાર, નંદીશ્વર વરદ્વીપ ઉદાર, જિહાં બાવન વિહાર, કુંડલ રૂચકને ઇષુકાર, શાશ્વત્તાં અશાશ્વતાં ચૈત્યવિચાર, અવર અનેક પ્રકાર, કુમતિ વયણે મભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ॥ ૨ ॥ પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રોપદી પાંડવની પટરાણી, પૂજા જિનપ્રતિમાની, વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યા દૃષ્ટિ અજાણી, છાંડયા તે અવિરતિ જાણી, શ્રાવક કુલની એ સહીનાણી, સમકિત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી, પૂજનીક જીન પ્રતિમા અંકાણી, ઇમ અનેક આગમની વાણી, શ્રુત સુણજો ભવિ પ્રાણી. ॥૩॥ કટીકટીમેખલા ઘુઘરીયાળી, પાયે નૂપુર રમઝમ

ચાલી, ઉજ્જયંતગિરિ રખવાળી, અધર લાલ જીસ્યા-પ્રવાળી, કંચનવાન કાયા સુકુમાળી, કર લહકે અં-બડાળી, વૈરીને લાગે વિકરાળી, સંઘના વિઘ્ન હરે ઉજમાળી, અંબાદેવી મયાળી, મહિમાએ દશ દિશિ અજુઆળી, ગુરૂશ્રી સંઘવિજય સંભાળી, દિન દિને નિત્ય દિવાળી. ॥ ૪ ॥

---

## श्री सीमंधर प्रमुख विचरता जिननी स्तुति.

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જગ જય કારીજી, ધનુષ પાંચસેં કંચન વરણી મૂર્તિ મોહન-ગારીજી, વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિત-કારીજી, પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદય કમ-ળમાં ધારીજી. ॥ ૧ ॥ [૧]સીમંધર [૨]યુગમંધર [૩]બાહુ [૪]સુબાહુ [૫]સુજાત [૬]સ્વયંપ્રભ [૭]રૂષભજી, [૮]અનંત [૯]સુર [૧૦]વિશાળ [૧૧]વજ્રધર [૧૨]ચંદ્રાનન અભિરામજી, [૧૩]ચંદ્ર [૧૪]ભુજંગ [૧૫]ઇશ્વર [૧૬]નેમિપ્રભ [૧૭]વીરસેન ગુણ ધા-મજી, [૧૮]મહાભદ્રને [૧૯]દેવજસાવળી, [૨૦]અજિત કરૂં પ્રણામજી. ॥ ૨ ॥ પ્રભુ મુખ વાણી બહુ ગુણ ખાણી મીઠી અમૃત સમાણીજી, સૂત્ર અને અર્થે ગુંથાણી ગણધરથી વીરચાણીજી, કેવળ નાણી બીજ વખાણી, શિવપુરની નીશાણીજી, ઉલટ આણી દિલ માંહે જાણી,

વ્રત કરો ભવિપ્રાણીજી. ॥ ૩ ॥ પહેરી પટોળી ચરણાં ચોળી, ચાલો ચાલમરાલીજી, અતિ રૂપાળી અધર પ્રવાળી આંખલડી અણીયાલીજી, વિઘ્ન નીવારી સાનિધ્યકારી, શાસનની રખવાળીજી, ધીરવિમળ કવિરાયનો સેવક, બોલે નયનીહાલીજી. ॥ ૪ ॥

---

## श्री सीमंधरनी स्तुति बीजी.

શ્રી સીમંધર મુજને વહાલા, આજ સફળ સુવિહાણુંજી, ત્રિગડે તેજતપંતા જિનવર, મુજ તુઠયા હું જાણુંજી, કેવળ કમળા કેલિ કરંતા કુલમંડન કુલદીવોજી, લાખ ચોરાસી પૂરવ આયુ, રૂકૂમણી વર ઘણું જીવોજી. ॥ ૧ ॥ સંપ્રતિ કાળે વીશ તીર્થંકર, ઉદયા અભિનવચંદાજી, કેઇ કેવળી કેઇ બાળપણે, કેઇ મહીપતિ સુખકંદાજી, સુરનર કોડાકોડ મળીને, જુએ મુખ અરવિંદાજી, શ્રી સીમંધર આદિ અનુપમ મહાવિદેહ ક્ષેત્રે જિણંદાજી ॥ ૨ ॥ શ્રી સીમંધર ત્રિગડું જોવા, અલજયો સુણવા વાણીજી, વાટ વિષમને આડા ડુંગર, આવી ન શકે કો પ્રાણીજી, રાગ ધરી રંગ ધરી પાયે લાગું, સૂત્ર અર્થ મન આણીજી, અમૃત રસથી અધિક વખાણી, જીવદયા પટરાણીજી. ॥ ૩ ॥ પંચાંગુલી તુંહી જ પ્રત્યક્ષ

તુંહી જગમાં માતાજી, પહેરી ચરણા ચોળી કાળી, અધર વિરાજે રાતાજી, સ્વર્ગભવન સિંહાસન બેઠી, તુંહી દેવી વિખ્યાતાજી, સીમંધર શાસન રખવાળી, શાંતિકુશળ સુખસાતાજી. ॥ ૪ ॥

---

## अथ दशत्रिक विगेरेनी स्तुति.

નિસીહિ ત્રણ પ્રદક્ષિણા ત્રણ, પ્રણામ ત્રણ કરીજેજી, ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવિજેજી, ત્રણ દિશિ વર્જી જીન જુઓ, ભૂમિ ત્રણ પૂંજીજેજી, આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન ચૈત્યવંદન ત્રણ કીજેજી. ॥ ૧ ॥ પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે ત્રીજે એક ચૈત્ય ધારોજી, ચોથે નામ જિન પાંચમે સર્વ, લોકચૈત્ય જુહારોજી, વિહરમાન છઠ્ઠે જિનવંદો, સાતમે નાણુ નિહાલોજી, સિદ્ધ વીર ઉજ્જિત અષ્ટાપદ, શાસન સુર સંભાળોજી. ॥ ૨ ॥ શક્રસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઇયાણું ત્રીજેજી, ચોવીસત્થામાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજેજી, સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારોજી, જીતનિર્યુક્તિમાંહે ભાખ્યા તેહમાંહે વિસ્તારોજી. ॥ ૩ ॥ તંબોલ પાન ભોયણ વાણહ, મેહુણ એક ચિત્ત ધારોજી, થુંક સલેખમ–વડીનીતિ

લઘુનીતિ જુવટે રમતું વારોજી, એ દશે આશાતના મોટી વરજો જિનવર દ્વારોજી, ક્ષમાવિજય જીન એણીપરે જંપે, શાસનસુર સંભારોજી. ॥ ૪ ॥

---

## નંદીશ્વર દ્વીપની સ્તુતિ.

નંદીશ્વર વર દ્વીપ સંભારૂં, બાવન ચોમુખ જિનહર જુહારૂં; એકે એકે એકસો ચોવીશ, બિંબ ચોસઠસય અડતાળીશ. ॥ ૧ ॥ દધિ મુખ ચાર રતિકર આઠ, એક અંજનગિરિ તેરે પાઠ; ચઉદિશિના એ બાવન જુહારૂં, ચાર નામ શાશ્વતાં સંભારૂં. ॥૨॥ સાતદ્વીપ તિહાં સાગર સાત, આઠમો દ્વીપ નંદીશ્વર વાત; એ કેવળીએ ભાખ્યું સાર, આગમ સાંભળો જય જયકાર. ॥ ૩ ॥ પહેલો સુધર્મા બીજો ઇશાન, આઠ આઠ અગ્ર મહિષીનાં સ્થાન, સોળ પ્રાસાદ તિહાં વાંદીજે, શાસનદેવી સાનિધ્ય કીજે. ॥ ૪ ॥

---

## અધ્યાત્મની સ્તુતિ.

વીતરાગ અરિહંત પૂજીએ, કેવળજ્ઞાનદર્શન લીજીએ, કર્મકલંક સબ પરિહરીએ નિષ્કલંક સિદ્ધિ વધૂ વરીએ. ॥ ૧ ॥ ભેદ જ્ઞાની અનુભવી

આતમા, નિજપરભિન્ન મહાતમા, ક્ષપકશ્રેણિ આરો- હણ ધ્યાનાત્તમા, સબ જૈન થયા સિદ્ધાતમા. ॥ ૨ ॥ ષટદ્રવ્ય વસ્તુને ઓલખી, ગુણ પર્યાય સ્વભાવ લક્ષણ લખી, પર પાંચ અજીવ અકારણી, આત્મ- જ્ઞાની ધર્મધારણી. ॥ ૩ ॥ એહી દેવ પરમાતમ કીજીએ, સેવે સુરનર ઈંદ મન રીજીએ, તિહાં જ્ઞાન શીતલ જસ લીજીએ પરમાનંદમય રસ પીજીયે. ૪.

---

## શ્રી સુમતિનાથની સ્તુતિ.

મોટા તે મેઘરથ રાયરે, રાણી સુમંગલા, સુમ- તિનાથજીન જન્મીઆએ, આસન કંપ્યુ તામરે, હરિમન કંપીયા, અવધિજ્ઞાને નિરખતાએ, જાણ્યું જન્મ જિણંદરે, ઉઠયા આસનથકી, સાત આઠ ડગ ચાલીઆએ, કરજોડી હરિ તામરે, કરે નમુથ્થુણં. સુમતિનાથના ગુણ સ્તવેએ. ॥ ૧ ॥ હરિણેગમેષી તામરે, ઈંદ્રે તેડીયા, ઘંટા સુઘોષા વજડાવીયાએ, ઘંટા તે બત્રીસ લાખરે, વાગે તે વેળા, સુરપતિ સહુ કો આવીયાએ, રચ્યું તે પાલક વિમાનરે, લાખ જોજન- તણું, ઉંચું જોજન પાંચસોએ, હરિ બેસી તે માંહિ રે, આવે વાંદવા, જિન રૂષભાદિક વંદીઆએ. ॥૨॥ હરિ આવે મૃત્યુ લોકરે, સાથે સુર બહુ, કેતા ગજ

ઉપર ચડયાએ, ગરૂડ ચડયા ગુણવંતરે, નાગ પ-ક્ષાણીયા, સુરમલી જિનઘર આવીયાએ, ત્રણ પ્રદ-ક્ષિણા દેઈરે, પ્રણમી મંગલા, રત્નકુક્ષિ તારી સહી એ, જન્મ્યા સુમતિજિણંદરે, ત્રણ જ્ઞાન સહિત, ધન્ય વાણી જિનજી તણીએ. ॥ ૩ ॥ પંચરૂપ કરી હાથરે, ઇંદ્રે તેડીઆ, ચામર વીંજે દોય હરિએ, એક હરિ છત્ર ધરંતરે, વજ્ર કરે ગ્રહી, એક હરી આગળ ચાલતાએ, આવ્યા મેરૂશૃંગેરે, પાંડુકવન જિહાં, નવરાવી ઘર મૂકીઆએ, જક્ષ તુંબરૂદેવરે, મહા કાલી જક્ષિણી, રૂષભ કહે રક્ષા કરોએ. ॥ ૪ ॥

---

## સિદ્ધાચળની સ્તુતિ.

શત્રુંજય સાહેબ પ્રથમ જીણંદ, નાભિભૂપ કુલકમલ દિણંદ, મરૂદેવીનો નંદ; જસ મુખ સોહે પૂનમચંદ, સેવા સારેઈંદ્ર નરિંદ્ર, ઉન્મૂલે દુખદંદ, વાંછિત પૂરણ સુરતરૂ કંદ, લંછન જેહને સુરભિ-નંદ, ફેડે ભવભય ફંદ, પ્રણમે જ્ઞાનવિમલ સૂરિંદ, જેહના અહોનિશ પદ અરવિંદ, નામે પરમાનંદ. ॥ ૧ ॥ શ્રીસીમંધર જિનવર રાજે, મહાવિદેહે બાર સમાજે, ભાવે એમ ભવિકાજે, સિદ્ધક્ષેત્ર નામે ગિરિ-રાજે, એહ ભરત માંહે એ છાજે, ભવજલ તરણ

જહાજે, અનંતતીર્થંકર વાણી ગાજે, ભવિમન કેરા સંશય ભાંજે, સેવક જનને નિવાજે, વાજે તાલ કંસાલ પખાજે, ચૈત્રી મહોત્સવ અધિક દીવાજે, સુરનર સજી બહુ સાજે. ॥ ૨ ॥ રાગ દ્વેષ વિષ ખીલણુમંત, ભાંજી ભવભય ભાવઠ ભ્રાંત; ટાલે દુઃખ દુરંત, સુખસંપત્તિ હોય જે સ્મરંત, ધ્યાયે અહોનિશ સઘલા સંત, ગાયે ગુણ મહંત, શિવસુંદરી વશ કરવા તંત, પાપતાપ પીલણ એ જંત, સુણિએ તે સિદ્ધાંત, આણિ મોટી મનની ખાંત, ભવિયણ ધ્યાવો એકણુચિત્ત, રાન વેલાઉલ હુંત. ॥ ૩ ॥ આદિ જીનેસર પદ અનુસરતી, ચતુરંગુલ ઉંચી રહે ધરતી, દુરિત ઉપદ્રવ હરતી, સરસ સુધારસ વયણ ઝરંતી, જ્ઞાનવિમલગિરિ સાનિધ્ય કરંતી, દુશ્મન દુષ્ટ દલંતિ, દાડિમ પકવ કલી સમદંતી, જ્યોતિગુણ ઇહ રાજી પંતી, સમકિત બીજવપંતી, ચક્કેસરી સુરી સુંદરી હુંતી, ચૈત્રીપૂનમદિને આવંતી, જયજયકાર ભણંતી. ॥ ૪ ॥

---

## સિધાચલ સ્તુતિ બીજી.

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો, વિમલગિરિ વધાવો, મોતીયાં થાલ લાવો, જો હોય

શિવ જાવે, ચિત્ત તો વાત લાવો, ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો. ॥ ૧ ॥ શુભ કેશર ઘોલી, માંહે કર્પુર ચોલી, પહેરી સિત પટોલી, વાસીયે ગંધધુલી, ભરી પુષ્કરનોલી, ટાલીયે દુઃખ હોલી, સવિ જીનવર ટોલી, પૂજીયે ભાવ ભોલી. ॥ ૨ ॥ શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગબાર, વલી મૂલસૂત્ર ચાર, નંદી અનુયોગ દ્વાર, દશપયન્ના ઉદાર, છેદ ષટ્વૃત્તિ સાર, પ્રવચન વિસ્તાર, ભાષ્યનિર્યુંકિત સાર. ॥ ૩ ॥ જયજય જયનંદા, જૈન દૃષ્ટિ સુરીંદા, કરે પરમાણંદા, ટાલતા દુઃખ દંદા, જ્ઞાનવિમલ સુરીંદા, સામ્યમાકંદ કંદા, વરવિમલગિરીંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા. ॥ ૪ ॥

---

## અથ આદિશ્વરની સ્તુતિ.

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કાયા, મરૂદેવી માયા, ધોરી લંછન પાયા, જગત્ સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા, કેવલસિરિરાયા, મોક્ષ નગરે સધાયા. ॥ ૧ ॥ સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી, દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપવારી, શ્રેણીક્ષપક સુધારી, કેવલાનંત ધારી; નમીયે નરનારી, જેહ વિશ્વોપકારી. ॥ ૨ ॥ સમવસરણ

બેઠા, લાગે જે જિનજી મીઠા; કરે ગણપ પઇઠ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતા ટાલે રિઠ્ઠા; ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા ॥ ૩ ॥ સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાલીયે મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારે દૂરંતા; જિન ઉત્તમ થુણુંતા, પદ્મને સુખ દિંતા. ॥ ૪ ॥

---

## અથ મહાવીરસ્વામીની સ્તુતિ.

ગાૈતમ બોલે ગ્રંથ સંભાલી. એ દેશી.

વીર જગત્પતિ જન્મજ થાવે, નંદન નિશ્રિત શિખર રહાવે, આઠ કુમારી ગાવે; અડગજદંતા હેઠે વસાવે, રૂચકગિરિથી છત્રીશ જાવે, દ્વીપ રૂચક ચઉભાવે; છપ્પન્ન દિગ્‌કુમરી હુલરાવે, સૂતિકરમ કરી નિજ ઘર પાવે, શક્ર સુઘોષા વજાવે, સિંહનાદ કરી જ્યોતિષી આવે, ભવનવ્યંતર શંખ પડહે મિલાવે, સુરગિરિ જન્મ મલ્હાવે. ॥ ૧ ॥ રૂષભતેર શશિ સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે, મુનિસુવ્રત નવ કીજે; નવ નેમીશ્વર નમન કરીજે, પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે,

અજીતાદિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સંક્ષેપે ઠવીજે, ભવ સમકિતથી ગણીજે, જિન નામ બંધ નિકાચિત કીજે, ત્રીજે ભવ તપ ખંતી ધરીજે, જિનપદ ઉદયે સીઝે ॥ ૨ ॥ આચારંગ આદે અંગ અગ્યાર, ઉવવાઇ આદે ઉપાંગ તે બાર, દશ પયન્ના સાર; છછેદ સુત્ર વિચિત્ર પ્રકાર, ઉપગારી મુલ સૂત્ર તે ચાર, નંદી અનુયોગ દ્વાર; એ પીસ્તાલીશ આગમ સાર, સુણતાં લહીયે તત્વ ઉદાર, વસ્તુ સ્વભાવ વિચાર; વિષયભુજંગિનીવિષ અપહાર, એ સમો મંત્ર ન કો સંસાર, વીરશાસન જયકાર. ॥ ૩ ॥ નકુલ બીજોરૂં દોય કર ઝાલી, માતંગસુર શામકાંતિ તેજાલી, વાહન ગજ શુંઢાલી; સિંહ ઉપર બેઠી રઢીયાલી, સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિ તાભા ચાર ભુજાલી, પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગને વીણા રસાલી, વામ ભુજા નહી ખાલી, શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી, અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી ॥ ૪ ॥ ઇતિ ॥

---

## ऋषभदेव स्वामीनी स्तुति.

ચ્યાસી લાખ પૂરવ ઘર વાસે, વસીયા પરિકર યુક્તાજી, જન્મ થકી પણ દેવ તરૂ ફલ, ક્ષીરોદધિ

જલ ભોકતાજી; મઈ સુઅ ઓહિ નાણે સંજુત્ત, નયણ વયણ કજ ચંદાજી, ચાર સહસસ્યું દીક્ષા શીક્ષા, સ્વામી શ્રીરૂષભજિણંદાજી ॥ ૧ ॥ મનઃપર્યવ તવ નાણુ ઉપન્યું, સંયતલિંગ સહાવાજી, અઢી દ્વીપમાં સન્નિપંચેંદ્રી, જાણે મનોગત ભાવાજી; દ્રવ્ય અનંતા સુક્ષ્મતીર્છાં, અઢારસેં ખિત્ત ઠાયાજી, પલિયઅસંખમભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્યપજ્જાયાજી. ॥ ૨ ॥ રૂષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસન ઠાયાજી, અનભિલાપ્ય અભિલાપ્ય અનંતા, ભાગ અનંત ઉચરાયાજી, તાસ અનંતમે ભાગે ધારી ભાગ અનંતે સૂત્રજી; ગણધર રચીયા આગમ પૂજી, કરીએ જન્મ પવિત્રજી. ॥ ૩ ॥ ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, સમકિત શુદ્ધ સુહાવેજી; આદિદેવની સેવ કરંતી, શાસન શોભ ચઢાવેજી, શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી, શ્રી શુભવીર વિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારેજી. ॥ ૪ ॥

સ્તુતિ સમાપ્ત.

# અથ સ્તવન સંગ્રહ.

## બીજ તિથીનું મોટું સ્તવન.

### ઢાળ ૧ લી.

( દેશી સુરતી મહિમાની ).

સરસવચનરસ વરસતી, સરસતી કળા ભંડાર; બીજ તણો મહીમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ॥ ૧ ॥ જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન; વીર જીણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ॥ ૨ ॥ શ્રેણિક નામે ભુપતિ, બેઠા બેસણ ઠાય; પુછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ॥ ૩ ॥ ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દીએ જિનરાય; કમળ સુકોમળ પાંખડી, એમ જિનહૃદય સોહાય. ॥ ૪ ॥ શશિ પ્રગટે જીમ તે દિને, ધન્ય તે દિન સુવિહાંણ; એક મને આરાધતાં, પાંમે પદ નિર્વાણ. ॥ ૫ ॥

### ઢાળ ૨ જી.

કલ્યાણક જિનનાં કહું, સુણ પ્રાણીજીરે; અભિનંદન અરિહંત; એ ભગવંત ભવી પ્રાણીજીરે; માઘ શુદિ બીજને દિને, સુણ૦ પામ્યા શિવસુખ સાર, હરખ અપાર. ભવિ૦ ॥ ૧ ॥ વાસુપૂજ્ય જીન બાર-

મા, સુણ૦ એહજ તિથે નાણુ, સફળ વિહાણ. ભવિ૦ અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ૦ અવગાહન એકવાર મુકિત મોઝાર. ભવિ૦ ॥ ૨ ॥ અરનાથ જિનજી નમું, સુણ૦ અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત, ભવિ૦ ઉજ્વળ તિથિ ફાગણુની ભલી, સુણ૦ વરીયા શિવવધુ સાર, સુંદરનાર. ભવિ૦ ॥ ૩ ॥ દશમા શીતળ જિનેશ્વરૂ, સુણ૦ પરમપદની એ વેલ, ગુણુની ગેલ, ભવિ૦ વૈશાખ વદિ બીજને દિને, સુણ૦ મૂકયો સરવે એ સાથ, સુરનર નાથ, ભવિ૦ ॥ ૪ ॥ શ્રાવણ શુદની બીજ ભલી, સુણ૦ સુમતિનાથ જિનદેવ, સારે સેવ, ભવિ૦ એણિ તિથિએ જિનજીતણાં. સુણ૦ કલ્યાણક પંચેસાર, ભવનો પાર. ભવિ૦ ॥ ૫ ॥

ઢાળ ૩ જી.

જગપતિ જિન ચોવીશમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે ભવિકજન, શ્રેણિક આદે સહુ મળયારે લાલ, શકિતતણે અનુસારરે ભવિકજન, ભાવ ધરીને સાંભળોરે લાલ. ॥ ૧ ॥ દોય વરસ દોય માસનીરે લાલ, આરાધો ધરી ખંતરે; ભવિક૦ ઉજમણું વિધિ શ્યું કરોરે લાલ, બીજતે મુકિત મહંતરે, ભવિક૦ ભાવ. ॥ ૨ ॥ માર્ગ મિથ્યા દૂરે તજોરે લાલ, આરાધો

ગુણના થોકરે, ભવિક૦ વીરની વાણી સાંભળીરે લાલ, ઊચ્છરંગ થયો બહુ લોકરે ભવિક૦ ભાવ. ॥ ૩ ॥ એણિ બીજે કેઇ તર્યારે લાલ, વળી તરશે કરશે સંગરે, ભવિક૦ શશિસિદ્ધિ અનુમાનથીરે લાલ, શૈલ નાગધાર અંકરે, ભવિક૦ ભાવ. ॥ ૪ ॥ અષાડ શુદ્ધિ દશમી દિનેરે લાલ, એ ગાયો સ્તવન રસાળરે, ભવિક૦ નવલવિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગળ માલરે ભવિક૦ ભાવ. ॥ ૫ ॥

---

## કળશ.

એમ વીરજિનવર, સયલ સુખકર ગાયો અતિ ઉલટ ભરે, અષાડ ઉજવળ દશમી દિવસે, સંવત અઢાર અઠોતરે; બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસએ, જેહભવિક ભાવે સુણે ગાવે, તસ ઘર લીલવિલાસએ. ॥ ૧ ॥

---

## જ્ઞાનપંચમીનું સ્તવન.

### ઢાળ ૧ લી.

દેસી રશીઆની.

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું, આણી ઉલટ અંગ ચતુરનર, પંચમી તપ મહિમા મહિઅલઘણો

કહેશું સુણજોરે રંગ. ચ૦ ॥ ૧ ॥ ભાવ ભલે પંચમી તપ કીજીએ, ઉપદેસે હો શ્રી નેમીશ્વરૂ, પંચમી કરજોરે તેમ. ચ૦ ગુણમંજરી વરદત્ત તણી પરે, આરાધે ફળ જેમ. ચ૦ ભા૦ ॥ ૨ ॥ જંબુદ્વીપે ભરત મનોહરૂ, નયરી પદમપુર ખાસ. ચ૦ રાજા અજિતસેનાભિધ તિહાં કણે, રાણી યશોમતી. તાસ. ચ૦ ભા૦ ॥ ૩ ॥ વરદત્ત નામે હો કુંવર તેહનો, કોઢે વ્યાપીરે દેહ. ચ૦ નાણ વિરાધિને કર્મ જે બાંધીઉં, ઉદયે આવ્યું રે તેહ. ચ૦ ભાવ૦ ॥૪॥ તેણે નયરે સિંહદાસ ગૃહી વસે, કપૂરતિલકા તસ નાર. ચ૦ તસ બેટી ગુણમંજરી રોગિણી, વચને મુંગી અપાર. ચ૦ ભાવ૦ ॥ ૫ ॥ ચઉનાણી વિજયસેન સૂરીશ્વરૂ, આવ્યા તિણ પુર જામ. ચ૦ રાજા શેઠ પ્રમુખ વંદન ગયા, સાંભળી દેશના તામ. ચ૦ ભાવ૦ ॥ ૬ ॥ પુછે તિહાં સિંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપન્યો પુત્રીને રોગ. ચ૦ થઇ મુંગી વલી પરણે કો નહી, એ શ્યા કર્મના ભોગ. ચ૦ ॥ ૭ ॥ ગુરૂ કહે પૂરવ ભવ તમે સાંભળો, ખેટક નયરે વસંત. ચ૦ શ્રી જિનદેવ તિહાં વ્યવહારીઓ, સુંદરી ગૃહિણીનો કંત. ચ૦ ભાવ૦ ॥ ૮ ॥ બેટા પાંચ થયા હવે તેહને, પુત્રી અતી ભલી ચાર. ચ૦ ભણવા મુકયા પાંચે પુત્રને, પણ તે ચપળ અપાર. ચ૦ ભાવ૦ ॥ ૯ ॥

## ઢાળ ૨ જી.

( શીરોહીનો શેલો હોકે–એ દેશી. )

તે સુત પાંચે હોકે, પઢણ કરે નહી, રમત ર-મતાં હોકે, દિન જાયે વહી. શીખવે પંડિત હોકે, છાત્રને રીશ કરી; આવી માતાને હોકે, કહે સુત રૂદન કરી. ॥ ૧ ॥ માતા અધ્યારૂ હોકે, અમને મારે ઘણું, કામ અમારે હોકે, નહી ભણવા તણું. શંખણી માતા હોકે, સુતને શીખ દીએ; ભણવા મત જાજો હોકે, શું કંઠ શોષ કીએ. ॥ ૨ ॥ તેડવા તુમને હોકે, અધ્યારૂ આવે; તો તસ હણજો હોકે, પુનરપિ જિમ નાવે. શીખવી સુતને હોકે, સુંદરીએ તિહાં; પાટી પોથી હોકે, અગ્નિમાં નાંખી દીયાં. ॥ ૩ ॥ તે વાત સુણીને હોકે, જીનદેવ બોલે ઇસ્યું, ફીટરે સુંદરી હોકે, કામ કર્યું કીસ્યું; મુરખ રાખ્યા હોકે, એ સર્વ પુત્ર તુમે; નારી બોલી હોકે, નવિ જાણું અમે. ॥ ૪ ॥ મૂરખ મોટા હોકે, પુત્ર થયા જ્યારે; ન દીયે કન્યા હોકે, કોઇ તેહને ત્યારે. કંત કહે સુણ હોકે, એ કરણી તુમચી; વયણ ન માન્યાં હોકે, તે પહેલાં અમચાં. ॥ ૫ ॥ એમ વાત સુણીને હોકે, સુંદરી કોધે ચડી, પ્રીતમ સાથે હોકે, પ્રમદા અતિહી વઢી, કંતે મારી હોકે,

તિહાંથી કાળ કરી, એ તુમ બેટી હોકે, થઇ ગુણમંજરી. ॥ ૬ ॥ પૂર્વ ભવે એણે હોકે, જ્ઞાન વિરાધીઉં, પુસ્તક બાળી હોકે, કર્મ જે બાંધીઉં, ઉદયે આવ્યું હોકે, દેહેરોગ થયો, વચને મુંગી હોકે, એ ફળ તાસ લહ્યો. ॥ ૭ ॥

ઢાળ ૩ જી. લલનાની.

નિજ પુરવ ભવ સાંભળી, ગુણમંજરીએ ત્યાંહિ લલના૦ જાતિસ્મરણ પામીયું, ગુરૂને કહે ઉત્સાહ, લલના, ભવિકા જ્ઞાન અભ્યાસીએ. ॥ ૧ ॥ જ્ઞાનભલો ગુરૂજીતણો, ગુણમંજરી કહે એમ, લલના૦ શેઠ પૂછે ગુરૂને તિહાં, રોગ જાવે હવે કેમ, લલના૦ ભ. ॥૨॥ ગુરૂ કહે હવે વિધિ સાંભળો, જે કહ્યો શાસ્ત્રમોઝાર. લલના૦ કાર્તિક શુદિ દિન પંચમી, પુસ્તક આગળ સાર, લલના૦ ભવિ. ॥ ૩ ॥ દીવો પંચ દીવટ તણો, કીજીએ સ્વસ્તિક સાર, લલના૦ નમોનાણસ્સ ગુણણું ગુણો, ચૌવિહાર ઉપવાસ, લલના૦ ભ૦ ॥૪॥ પડિકમણાં દોય કીજીએ, દેવવંદન ત્રણ કાળ, લલના૦ પાંચ વરસ પાંચ માસની, કીજીએ પંચમી સાર, લલના૦ ભ. ॥ ૫ ॥ તપ ઉજમણું પારણે, કીજીએ વિધિનો પ્રપંચ, લલના૦ પુસ્તક આગળ મુકવાં, સઘળાં વાનાં પાંચ, લલના૦ ભવિ. ॥ ૬ ॥ પુસ્તક

ઠવણી પુંજણી, નવકારવાળી પ્રત, લલના૦ લેખણુ ખડીઆ દાભડા, પાટી કવલી જુક્ત લલના૦ ભ૦ ॥ ૭ ॥ ધાન્ય ફળાદિક ઢોઇએ કીજીએ જ્ઞાનની ભક્તિ, લલના૦ ઉજમણું એમ કીજીએ, ભાવથી જેહવી શક્તિ, લ૦ ભ૦ ॥ ૮ ॥ ગુરૂ વાંણી એમ સાંભળી પંચમી કીધી તેહ, લલના૦ ગુણમંજરી મુંગીટળી, નીરોગી થઇ દેહ, લલના૦ ભ. ॥ ૯ ॥

## ઢાળ ૪ થી.

( યાદવરાય જઈ રહ્યા—એ દેશી. )

રાજા પૂછે સાધુનેરે, વરદત્ત કુમરને અંગ; કોઢ રોગ એ કીમ થયોરે, મુજ ભાખો ભગવંત સદ્ગુરૂજી ધન્ય તમારૂં જ્ઞાન. ॥ ૧ ॥ ગુરૂ કહે જંબુદ્વીપમાંરે, ભરતે શ્રીપુરગામ; વસુનામા વ્યવહારીઓરે, દોય પુત્ર તસ નામ. સદ્૦ ॥ ૨ ॥ વસુસારને વસુદેવજીરે, દીક્ષા લીએ ગુરૂ પાસ; લઘુ બંધવ વસુદેવનેરે, પદવી દીએ ગુરૂ તાસ. સદ્૦ ॥ ૩ ॥ પંચશત અણગારનેરે, આચારજ વસુદેવ; શાસ્ત્ર ભણાવે ખંતસુરે, નહિ આળસ નિત્યમેવ. સદ્૦ ॥ ૪ ॥ એક દિન સૂરિ સંથારીઆરે, પૂછે પદ એક સાધ; અર્થ કહીઓ તેહને વળીરે, આવ્યો બીજો સાધ, સદ્૦ ॥ ૫ ॥ એમ બહુ મુનિ પદ પૂછવારે,

એક આવે એક જાય; આચારજની ઉંઘમાંરે, થાય અતિ અંતરાય. સ૬૦ ॥ ૬ ॥ સૂરિ મને એમ ચિંતવેરે, કયાં મુજ લાગ્યું પાપ; શાસ્ત્ર મેં એ અભ્યાસીઆંરે, તો એટલો સંતાપ. સ૬૦ ॥ ૭ ॥ પદ ન કહું હવે કેહનેરે, સઘળાં મુકું વિસાર; જ્ઞાન ઉપર એમ આણીઓરે, ત્રિકરણ ક્રોધ અપાર, સ૬૦ ॥ ૮ ॥ બાર દિવસ અણબોલીયારે અક્ષર ન કહ્યો એક; અશુભ ધ્યાને તે મરીરે. એ સુત તુજ અવિવેક. સ૬૦ ॥ ૯ ॥

## ઢાળ ૫ મી.

( મુખને મરકલડે—એ દેશી. )

વાણી સુણી વરદત્તેજી, જાતિ સ્મરણ લહ્યું; નિજ પુર્વભવ દીઠોજી, જેમ ગુરૂએ કહ્યું. વરદત્ત કહે તવ ગુરૂનેજી, રોગ એ કેમ જાવે; સુંદર કાય હોવેજી, વિદ્યા કેમ આવે. ॥ ૧ ॥ ભાખે ગુરૂજી ભલી ભાતજી, પંચમી તપ કરો; જ્ઞાન આરાધો રંગેજી, ઉજમણું કરો. વરદત્તે તે વિધિ કીધીજી, રોગ દૂરે ગયો; ભુક્ત ભોગી રાજ્ય પાળીજી, અંતે સિદ્ધ થયો, ॥ ૨ ॥ ગુણમંજરી પરણાવીજી, શાહ જીનચંદ્રને; સુખ ભોગવી પછી લીધુંજી, ચારિત્ર સુમતિને. ગુણમંજરી વરદત્તેજી, ચારિત્ર પાળીને; વિજય વિમાને

પહોંચ્યાંજી, પાપ પ્રજાળીને. ॥ ૩ ॥ ભોગવી સુર સુખ, તિહાંથીજી ચવિયા દોય સુરા; પામ્યા જંબૂવિદેહેજી, માનવ અવતારા. ભોગવી રાજ્ય ઉદારાજી, ચારિત્ર લીએ સારા; હુવા કેવળ જ્ઞાનીજી, પામ્યા ભવ-પારા. ॥ ૪ ॥

ઢાળ ૬ ઠી.

( ગિરિથી નદીઆં ઉતરેરે લોલ—એ દેશી. )

જગદીશ્વર નેમીસરૂ રે લાલ, એ ભાખ્યો સં-બંધરે સોભાગી લાલ; બારે પર્ષદા આગળેરે લાલ, એ સઘળો પ્રબંધરે. સો૦ ॥ ૧ ॥ પંચમી તપ ક-રવા ભણીરે લાલ, ઉત્સુક થયા બહુ લોકરે. સોભા૦ મહાપુરૂષની દેશનારે લાલ, તે કિમ હોવે ફોકરે. સો૦ ॥ ૨ ॥ કાર્તિક શુદી જે પંચમીરે લાલ, સૌ-ભાગ્યપંચમી નામરે. સોભા૦ સૌભાગ્ય લઇએ એ-હથીરે લાલ, ફળે મન વંછીત કામરે. સોભા૦ ॥૩॥ સમુદ્રવિજયકુલસેહરોરે લાલ, બ્રહ્મચારી શિરદા-રરે. સો૦ મોહનગારીમાનિનીરે લાલ, રૂડી રાજુલ નારરે. સોભા૦ ॥ ૪ ॥ તે નવિ પરણી પાતળીરે લાલ, પણ રાખ્યો જેણે રંગરે. સો૦ મુકિતમહે-લમાં બેહુ મલ્યાંરે લાલ, અવિચળ જોડ અભંગરે. સોભા૦ ॥ ૫ ॥ તેણે એ મહાત્મ્ય ભાખીયોરે લાલ,

પાંચમનો પ્રગટરે સો૦ જે સાંભળતાં ભાવશું રે લોક શ્રી સંઘને મહગટરે. સોભા૦ ॥ ૬ ॥

---

## કળશ.

એમ સયળ સુખકર સયળ દુખહર, ગાયો નેમિ જિણેસરો, તપગચ્છ રાજા વડ દિવાજા, વિજયાનંદ સૂરીસરો, તસચરણપદ્મપરાગમધુકર કોવિદકુંવરવિજયગણી, તસ શિષ્ય પંચમીસ્તવન ભાખે, ગુણવિજય રંગે મુનિ. ॥ ૭ ॥

---

## एकादशी स्तवन.

### ઢાળ ૧ લી.

( ચંદ્રાવલાની દેશી. )

દ્વારિકા નગરી સમોસર્યારે, બાવીશમો જીનચંદ, બેકર જોડી ભાવશુંરે, પૂછે કૃષ્ણ નરિંદ–પૂછે કૃષ્ણ નરિંદ વિવેકે, સ્વામી અગીઆરસ માની અનેકે, તેહ તણો કારણ મુજ દાખો, મહિમા તિથિનો યથાર્થ ભાખો, જી. જિણંદજીરે. ॥ ૧ ॥ નેમિ કહે કેશવ સુણોરે પર્વ વડું છે એક, કલ્યાણક જિનનાં કહ્યાંરે,

દોઢસો એણે દિન જેહ, દોઢસો એણેદિન સૂત્રપ્ર-
સિદ્ધાં, કલ્યાણુક દશ ક્ષેત્રનાં લીધાં, અતીત અનાગ-
તને વર્ત્તમાન, સર્વ મળી દોઢશો તસ માન. જી૦ ॥૨॥
કલ્પવૃક્ષ તરૂમાં વડોરે, દેવમાંહે અરિહંત, ચક્રવર્તી
નૃપમાં વડોરે, તિથિમાં તિમ એ હુંત, તિથિમાં
તિમ એહુંત વડેરો; ભેદે કર્મ સુભટનો ઘેરો; મૌન
આરાધ્યો શિવપદ આપે, સંકટ વેલતણા મૂળ કાપે.
જી૦ ॥૩॥ અહોરત પોષહ કરીરે મૌન તપ ઉપવાસ,
અગીઆર વરસ આરાધીએરે, વળી અગીયારહ માસ,
વળી અગીયારહ માસ જે સાધે, મનવચ કાયે શુદ્ધ
આરાધે, ભવ ભવ સુખીઆ તે નર થાશે, સુવ્રત
શેઠ પરેં ગવરાશે, જી૦ ॥૪॥ કૃષ્ણ કહે સુવ્રત કીસ્યો
રે કેમ પામ્યો સુખ શાત, નેમિ કહે કેશવ સુણોરે
સુવ્રતનો અંવદાત, સુવ્રતનો અવદાત વખાણું, ધાત-
કીખંડ વિજયપુર જાણું, પૃથ્વીપાળ તિહાંરાજા
વિરાજે, ચંદ્રાવતી રાંણી તસ છાજે, જી૦ ॥૫॥ વાસ
વસે વ્યવહારીઆરે સુર નાંમે તિહાં એક, સદગુરૂ મુખે
એક દિન ગ્રહીરે અગીઆરસ સુવિવેક—અગીઆરસ
સુવિવેકે લીધી; રૂડી ઉજમણાની વિધિ કીધી; પેટ
શૂળથી મરણ લહીને; પહોંચ્યો અગીઆરમે સ્વર્ગ
વહીને, જી૦ ॥ ૬ ॥ એકવીશ સાગર તણુંરે, પાળી

નિરૂપમ આય, ઉપજ્યો જિહાં તે કહું રે, સુણજો જાદવરાય-સુણજો જાદવરાય એક ચિત્તે, સૌરીપુરી વસે શેઠ સમૃદ્ધિદત્તે; પ્રીતીમતી તસ ઘરણીને પેટે, પુત્રપણે ઉપજ્યો પુણ્ય ભેટેજી, જી૦ ॥૭॥ જન્મ સમયે પ્રગટ હુવોરે ભૂમિથી સબળ નિધાન, ઉચિત જાણી તસ થાપીઉં રે, સુવ્રત નામ પ્રધાન, સુવ્રત નામ ઠવ્યું માયતાયે, વાધ્યો કુમર કળાનિધિ થાયે; અગીઆર કન્યા વર્યો સમજોડી, અગીઆર હોય ઘર સુવર્ણ કોડીજી, જી૦ ॥ ૮ ॥ વિલસે સુખ સંસારનાં રે દોગુંદક સુર જેમ, અન્ય દિવસ સહગુરૂ મુખે રે, દેશના નિસુણી એમ, દેશના નિસુણી એમ મહાતમ, બીજ પ્રમુખ તિથિઓ અતિ ઉત્તમ, સાંભળીને ઈહાપોહકરતે, જાતિસ્મરણ લહ્યું ગુણવંતે. જી. જી૦ ॥ ૯ ॥ કરજોડી સુવ્રત એમ ભણેરે, વરસ દિવસમાં સાર; દિવસ એક મુજ દાખવોરે જેહથી હોય ભવ પાર, જેહથી હોય ભવપાર તે દાખો, ગુરૂ કહે મૌન. એકાદશી રાખો, તહત્તી કરી વિધિશું આરાધે, માગશર શુદ્ધિ એકાદશી સાધે. જી. ॥ ૧૦ ॥ શેઠને સુખીઓ દેખીનેરે જન કહે એ ધર્મસાર; પ્રેમ સહિત આરાધતાં રે, કાંતિવિજય જયકાર, કાંતિવિજય જયકાર સદાઈ; નિત્ય નિત્ય સંપદા હોઈ સવાઈ, એહતિથિ સકલતણે મનભાવી, પહેલી ઢાળ કહી સુખદાઈજી. જી૨ ૧૧

## ઢાળ ૨ જી.

એક દિવસેરે શેઠ સુવ્રત પોસહધરે, સહકુટુંબેરે રચણી સમય કાઉસ્સગ્ગ કરે, તવ આવ્યારે ચોર લેવા ધન આંગણે, ફરી બાંધેરે ધનની ગાંસડી તત્ક્ષણે, ત્રુટક—તત્ક્ષણે બાંધ્યો દ્રવ્ય બહુલો, શિર ઉપાડી સંચરે, તવ દેવ શાશનતણે થંભ્યા ચોર અતિચિંતા કરે, દીઠા પ્રભાતે કોટવાળે, બાંધી સોંપ્યા રાયને, વધ હુકમ દીધો રાયે તવ તિહાં, શેઠ આવ્યા ધાઇને. ॥ ૧૨ ॥ નૃપ આગળરે શેઠ મુકી તિહાં ભેટણું, છોડાવ્યુંરે ચોર સહુનું બંધણું, જગ વાધ્યોરે મહિમા શ્રી જૈનધર્મનો, કેઇ છેડેરે મિથ્યાત્વ મારગ ભર્મનો,

ત્રુટક—મિથ્યાત્વમારગ તજી પુરજન જૈન ધર્મ અંગીકરે, એક દિવસ ધગ ધગ કરત ઉદ્ભટ અગ્નિ લાગ્યો તિણે પુરે, બાળે મંદિર હાટ સુંદર લોક નાઠા ધસમસી, સહકુટુંબ પૌષધ સહીત તીણે દિન શેઠ બેઠા સમરસી, ॥ ૧૩ ॥ જન બોલેરે શેઠ સલુણા સાંભળો; હઠ કાં કરો રે નાસો અગ્નિમાં કાં બળો, શેઠ ચિંતવે રે, પરિષહ સહશું તે સહી, વ્રત ખંડન રે એણે અવસરે કરશું નહિ, નહિ યુક્ત મુજને વ્રત વિલોપન એમ રહ્યો દઢતા ગ્રહી, પુરબળ્યું સઘળું શેઠના ઘર હાટ તે ઉગર્યાં સહી, પુરલોક અચરિજ દેખી

સઘળો, અતિ પ્રશંસે દઢપણો, હવે શેઠ સંગ્રહ કરે રૂડા ઊજમણું કરવા તણો. ॥ ૧૪ ॥ મુક્તાફળ રે મણીમાણીકયને હીરલા, પીરોજા રે વિદ્રુમ ગોલક અતિભલા, સુવર્ણાદિકરે, સપ્તધાતુ મેલે રૂડી, ક્ષીરોદકરે પ્રમુખ વિવિધ અંબર વલી, ત્રુટક-વળી ધાન્યને પકવાંન બહુવિધ ફળ ફૂલ મન ઉજળે, અગીઆર સંખ્યા એક એકની ઠવે શ્રીજીન આગળે, જીન ભક્તિ મંડે દુરિત ખંડે, લાભ લે નરભવ તણો, મહિમા વધારે સુવિધિ ધારે, તપ સુધારે આપણો ॥ ૧૫ ॥ સાતે ક્ષેત્રેરે ખરચે ધન મન ઉલ્લસી, સંઘ પુજારે, સ્વામી ભક્તિ કરે હસી, દીયે મુનિનેરે, જ્ઞાનો પગરણ શુભમને, અગીઆરસરે, એમ ઉજવી તેણે સુવ્રતે, ત્રુટક-તેણે સુવ્રતે એક દિવસ વાંધા, સૂરિજય-શેખરગુરૂ, સુણી ધર્મ અનુમતિ માગી વ્રતની, લીએ સંયમ સુખકરૂ; અગીઆર તરૂણી ગ્રહી સંયમ તપ તપી અતિ નિર્મળું, લહી નાણ કેવળ મુકિત પેહોંચ્યા લહ્યું સુખ ધન ઉજળું. ॥ ૧૬ ॥ દોયશય છઠરે, એકસો અઠમ સારરે, ષટમાસીરે, એક ચો-માસી ચારરે, ઇત્યાદિકરે સુવ્રત મુનિવર તપ કરે, અગીરસરે, તિથિ સેવે મુનિ મન ખરે. ત્રુટક-મન ખરે પાળે શુદ્ધ સંયમ, એક દિન એક રૂષિ તણે,

થઇ ઉદર પીડા તેણે દિવસે, અછે સુવ્રત વ્રતપણે, એક દેવ વૈરી પૂર્વભવનો ચળાવા આવ્યો સહી, મુનિ રાય સુવ્રત તણે અંગે, વેદના કીધી વહી. ॥ ૧૭ ॥ સમતા ધરીરે, નિશ્ચલ મેરૂ પરે રહ્યો, સુર પરિસહરે, સ્થિર થઇને સાસહ્યો, નવિ લોપેરે, મૌન સુવ્રત મુનિ રાજીએ, ઐાષધપણુરે, સુર દાખ્યો પણ નવિ કીએ, ત્રુટક—નવિ કીએ ઐાષધ રોગ હેતે, અસુર અતિ કોપે ચઢયો, પાટુ પ્રહારે હણ્યો ત્યારે મિથ્યા મતિ પાપે મઢયો, ઋષિ ક્ષપકશ્રેણી ચઢીએ કેવળ લહી મુકતેં ગયો, એમ ઢાળ બીજી કાંતિ ભણતાં સકળ સુખ મંગલ થયો. ॥ ૧૮ ॥

---

## ઢાળ ૩ જી.

સુણીએ હો જીન સુણીએ—એદેશી.

ભાખી હોજીન ભાખી નેમિજિણંદ, એણીપરે હો જિન એણીપરે સુવ્રતની કથાજી, સદ્દહે હોજીન, સદ્દહે કૃષ્ણ નરિંદ, છેદન હો પ્રભુછેદન ભવભયની વ્યથાજી, ॥ ૧૯ ॥ પર્ષદા હો જીન પર્ષદાલોક તે વાર, ભાવે હો તિહાં ભાવે અગીઆરસ ઉચરીજી, એહથી હો એમ એહથી ભવિક અપાર, સહેજે હો

ભવ સહેજે ભવસાયર તરીજી, ॥ ૨૦ ॥ તારક હો જીન તારક ભવથી તાર, મુજને હો પ્રભુ મુજ નિર્ગુણીને હિત કરીજી, તરસું હો જીન તરસુ જો તપ સાધ, તુમચી હો પ્રભુ તુમચી તીહાં મોટીમ ક્ષીશીજી, ॥ ૨૧ ॥ સાચી હો જીન સાચી ચિત્ત અવધાર, ક્ષીધી હો એમ ક્ષીધી મેં તારી ચાકરીજી, દક્ષશ હો જીન દક્ષશ તું સમાધિ, એવડી હો જીન એવડી કાંઇ ગાઢીમ ક્ષશીજી, ॥ ૨૨ ॥ છેહડો હો તુજ છેહડો સાહ્યો આજ, મોટી હો જિન મોટી મેં આશા કરીજી, દીધા હો જીન દીધા વિણુ મહા-રાજ, છુટીશ હો કેમ છુટીશ કિમ વિણુ દુખ હરીજી, ॥ ૨૩ ॥ ભવ ભવ હોજીન ભવભવ સરણું તુજ, હોજો હોજિન હોજો કહ્યું કેતું વળીજી. દેજો હો જિન દેજો સેવા મુજ, રંગે હો પ્રભુ રંગે પ્રણમું લળી લળીજી, ॥ ૨૪ ॥ ત્રીજી હો એહ ત્રીજી પૂરી થઇ ઢાળ, પ્રેમે હો એમ પ્રેમે કાંતિવિજય કહેજી, નમતાં હો પ્રભુ નમતાં નેમિ દયાળ, મંગલ હો ધરી મંગલ માલા મહમહેજી. ॥ ૨૫ ॥

## કળશ.

એમ સકલ સુખકર દુરિત ભયહર, ભવિકતરૂ નવજળધરૂ, ભવતાપવારક જગતતારક, જયો જિનપતિ જગગુરૂ, સત્તરસે ઓગણોતેર વરસે, રહી ડભોઈ ચોમાસએ, સુદિમાસ મૃગશર તિથિ અગીઆરસ રચ્યા ગુણ સુવિલાસએ, ॥ ૧ ॥ થઈ થુઈમંગલ મોટી ભવના પાપ પડલ દુરે હરે, જયવાદ આપે કીર્તિ થાપે સુજસ દશ દિશિ વિસ્તરે; તપગચ્છ નાયક વિજયપ્રભગુરૂ, શિષ્ય પ્રેમવિજય તણો, કહે કાંતિ સુણતાં ભવિક ભણતાં, પામીએ મંગલ અતિ ઘણો. ॥ ૨ ॥

---

## પદ્મવિજયજી કૃત.

### श्री साधारण जिन कल्याणक स्तवन.

દુહા–પ્રણમી પાસ જીનેસર, સદ્ગુરૂને સુપસાય, પંચ કલ્યાણકે ગાયશું, સાધારણ જીનરાય. ॥ ૧ ॥ ચ્યવન જન્મ વ્રત કેવલ, પંચમ વલી નિરવાણ; એક કલ્યાણક ગાયસું, હોય કલ્યાણ કલ્યાણ. ॥ ૨ ॥ નર નારી તે ધન્ય છે, જીણે કલ્યાણક દીઠ; તે સુરવર

પણ ધન્ય જેણે, મોચ્છવ કીધ ઉક્કીઠ. ॥ ૩ ॥ એક કલ્યાણક જેણે દિને તે દિન, હોય અનંત; કલ્યાણક તેણે કારણે, કરીયેં સમાકિતવંત. ॥ ૪ ॥ આંખ મિચિ ઉઘાડીએ, નહિ સુખ તેતિવાર; સુખીઆ ભિન્નમુહુર્ત લગેં, નારક પણ હોય સાર. ॥ ૫ ॥ ઇંદ્ર ચોસઠ આવે તિહાં, મોચ્છવ કરવા કાંમ; કરી મોચ્છવ સ્તવનાવલી, જાય નંદીશ્વર ઠાંમ. ॥ ૬ ॥ તિહાં અઠાઇમોચ્છવ કરી, જાએ નિજઆવાસ; એમ એક કલ્યાણકે, કરતાં હર્ષ ઉલ્લાસ ॥ ૭ ॥ પ્રભુ ગુણની અદ્‌ભુતતા, અચરિજતા ગુણ ગેહ; રોમકૂપ વિકસે વલી, લાભ લહે બહુ તેહ. ॥ ૮ ॥

## ઢાળ ૧ લી.

જબ ઉપજેજી, જનનીકુખેં જીનવરા, તવ ઇંદ્રાજી આસનથી ઉઠે ત્વરા; પ્રભુ સામ્હાજી, સાત આઠ પગલાં ભરે, કરજોડીજી, શક્રસ્તવ ઇમ ઉચરે. ॥૧॥ ઉલાલો–ઉચરે હર્ષે અતિપ્રકર્ષે, ઉપન્યો તીર્થંકરો પહિણસ્વામિગોત્ર જેહનાં, દ્રવ્ય જીનવર સંહરો, ધન્ય દિન આજનો જાણો, તીર્થપતિ સેવા મલી, મનમાંહે રાચો અને નાચો, કરો સ્તવનાવલી. ॥ ૨ ॥ ચૌદ સ્વપનાંજી, જનની દેખે તામ એ; પુછે પતિજી, સ્વપન પાઠક તે ઠામ એ; તેહ ભાખેજી, સ્વપન વિ-

ચાર સોહામણો; સુત હોસેજી, ત્રિભુવનજનમન કામણો, ॥ ૩ ॥ કાંમણો શાશ્વત સુખજ કેરો ચઉદ રાજહલોકને, અગ્રભાગે જવા માટે કારણો ભવી થોકને; સુણીય નરપતિ મનોવાંચ્છિત દાન આપી તેહને; ગર્ભપોષણ ક્રિયા કરતાં મોદ વાધે જેહને. ॥ ૪ ॥ ગર્ભ વાધેજી, સંપુર્ણ દોહલે કરી, કલ્યાણકજી, ચ્યવન મોચ્છવ કરતા હરિ; મનચિંતેજી એ સંસારસાગર તરી, પુણ્યે પામ્યાજી જીનવર સેવા સુખકરી. ॥ ૫ ॥ સુખ કરી સેવા લહીય મેવા પરમેષ્ઠિપદ ધ્યાઇએ, આયંબિલ એકાસણું નિવિ, પૌષધે આરાધીએ; આરાધતાં પ્રભુ સાંભલે તેણે નિર્જરા બહુ પાઇએ, ભક્તિ શકિત તીર્થપતિના ભવિકજન ગુણ ગાઇએ. ॥ ૬ ॥

## ઢાળ બીજી.

હવે ભાઇ માલ પહેરાવો—એ દેશી.

જબ જનમ્યા જીનવર રાયા, તબ ત્રિભુવન જન સુખ પાયા; મંદમંદ વાયુ તિહાં વાય, સવિ રૂતુ પરીપાક સોહાય. ॥ ૧ ॥ પંખી સુપ્રદક્ષિણા દેતા સવિ ગ્રહ ઉંચસ્થાનકે રહેતા; છપન્નદિક્કુમરી જાણે, આવે અતિહર્ષભરાંણે. ॥ ૨ ॥

તેહ સુતિકકર્મ કરીને; ગુણ ગાય મોદ ધરીને, જબ સવિ નિજસ્થાનકે જાય, તબ ઈંદ્રઆસન ડોલાય. ॥ ૩ ॥ સુઘોષા ઘંટા વજડાવે, સવિદેવને જાંણ કરાવે; અનુક્રમે જીન જનની પાસેં, આવી પ્રણમે મન ઉલ્લાસે ॥૪॥ લઇ જાય મેરૂગિરિ શ્રૃંગ, મિલે ચોસઠ ઇંદ્ર સુચંગ, કરે સ્નાત્રમોચ્છવ મન રંગ; ગુણગ્રામ કરે પ્રભુ સંગ. ॥ ૫ ॥ સોંપે વલી માતાને આવી, સ્તવના કરતા મન ભાવી; વર્ષે તિહાં અતિ વસુધાર, જીનવર ઘર ભરીય ઉદાર. ॥ ૬ ॥ પોહોંતા નિજનિજ આવાસ, નૃપતિ નિરખે વિહાણે ઉલ્લાસ; ભૂપતિ મન હરખિત થાય, કરે જન્મમોચ્છવ વલી રાય. ॥ ૭ ॥

## ઢાળ ત્રીજી.

સારદ બુધદાઈ—એ દેશી.

હવે લોકાંતિક સુર, કહે બુઝો ભગવંત, પ્રભુ અવધિ દેખે, ભોગ કરમનો અંત; તવ દાંન સંવત્સરિ, દેતાં વાંછિત તંત, હયગયમણીમાણેક, પુરે દેવમહંત. ॥ ૧ ॥ ત્રુટક—પુરે દેવ મહંત તે લાવી, વરી વરીઆઘોષાવે, એક કોડી આઠલાખ નિરંતર, લેખો દાંનનો થાવે; વરસમાં ત્રણસેંકોડ અઠયાસી, ઉપર

એં શીલાખ, કંચન વરસિ જગ ઉરણુ કરે કલ્પ વૃત્તિની સાખ. ॥ ૨ ॥ દીક્ષા અવસરે હવે આસન ઈંદ્રનું ડોલે, તવ અવધિ પ્રયુંજે અવસર લઇ એમ બોલે; જીનદીક્ષામોચ્છવ કરવાને અમે જઈસ્યું, સહુ સુણજો દેવા લાભ અનંત ઉપાઇસ્યું. ॥ ૩ ॥ ત્રુટક–લાભ અનંત ઉપાઇસ્યું દેવા એમ કહીને તિહાં આવે; રત્નકનકમણીમૃન્મયકેરા કલસા અધિક સોહાવે, નવરાવી શિબિકા બેસાડી; વનખંડે જીન લાવે, શુભથાનકે ઉતરવા કારણ શિબિકાને તિહાં ઠાવે. ॥ ૪ ॥ હવે જીન નિજહાથે આભૂષણ ઉતારે, માનુ કર્મનિકંદે તિમ શિરકેશ વિડારે; પછે સોહમ ઈંદો કોલાહલ તિહાં વારે, પ્રભુ સામાયિકનો કરે ઉચ્ચાર તેવારે. ॥ ૫ ॥ ત્રુટક–કરે ઉચ્ચાર તેવારે પ્રભુને ઉપજે ચોથું જ્ઞાન; ખંધે ઇંદ્ર વસ્ત્ર એક મુકે લાખ મૂલનુ માન, પ્રભુ તિહાંથી હવે આગલ વિચરે; દરીમાંથી હરિ જેમ, સહુ નિજ નિજ સ્થાનક વલી આવે, તૃતીય કલ્યાણક એમ. ॥ ૬ ॥

## ઢાળ ચોથી.

( ચોપાઈની દેશી. )

લઇ દીક્ષા પ્રભુ કરે વિહાર, અપ્રતિબંધપણે સુખકાર; કોઇક ઠાંમ કાઉસગ્ગ રહે, પરિસહ ઉપસર્ગ

સઘલા સહે. ॥ ૧ ॥ જેહને જેટલો છદ્મસ્થ કાલ, તેટલો કાલ તપે સુવિશાલ; અનુક્રમે વધતે શુભ પરિણામ, શુક્લધ્યાંન અંતર જબ ઠામ. ॥ ૨ ॥ જ્ઞાન દર્શન આવરણુને મોહ, વલી અંતરાય તે ચોથો જોહ; ઘાતિ ચાર હણી વડવીર, બારમે ગુણ ઠાણે તે ધીર. ॥ ૩ ॥ નિર્મલ ઉપજે કેવલજ્ઞાન, ચાર નિકાયસું હોવે જાણ; કેવલજ્ઞાન મહોચ્છવ કરે, સમોવસરણ વિરચે તત્પરે. ॥ ૪ ॥ ગણધરની કરે તિહાં થાપના, દ્વાદશાંગી વિરચે શુભમના; ચાર પ્રકારે સંઘ થપાય, પાંત્રીશ ગુણવાણી ઉચરાય. ॥ ૫ ॥ અતિશય પણ ચોત્રીશ પુરાય, કોડી દેવ નિકટે જીનરાય; ભવિક જીવને કરે ઉપકાર, લોકાલોકના જાણણહાર. ॥ ૬ ॥

## ઢાળ પાંચમી.

ઉલાલાની દેશી.

વિચરતા અવસર જાણીરે આદરે અણસણ નાણીરે; કોઇક કાઉસગ્ગે રહેતારે, પર્યંકાસને કેતારે. ॥ ૧ ॥ વેદનીઆયુગોત્ર નામરે, એહનો ક્ષય હુવો જામરે; સિદ્ધિ સમયમાં વરીયારે, ઈંદ્રા શોકમાં ભરીયારે. ॥ ૨ ॥ આવે જીનવર પાસેરે, મુકે આંશુ નિસાસેરે; પ્રદક્ષિણા દઇ એમ બોલેરે, કિમ નવિ જીન વચન ખોલેરે. ॥ ૩ ॥ એમ વિલવે તિહાં દેવરે,

ચય વિરચે તત્ખેવરે; અગ્નિકુમારને વાયરે, મેઘકુમાર સુર આયરે. ॥ ૪ ॥ નિજ નિજ કારજ કરતારે, પણ ઉછાહ ન ધરતારે, જીન ગણધર મુનિરાયરે, ચયત્રિક કરે તેણે ઠાયરે. ॥ ૫ ॥ હવે જીનદાઢાને દંતરે, અસ્થિને ભસ્મ જે હુંતરે; તે લીયે નિજ નિજ યોગરે, જીનવિરહતણો એ શોગરે. ॥ ૬ ॥ શુભરચે ત્રણ સારરે, જીન ગુણ ગાય ઉદારરે, પ્રભુ વિણ નહિ કોઇ આધારરે, જાય નંદીશ્વર ઠારરે. ॥ ૭ ॥ મોચ્છવ તિહાં કરી દેવરે, જાય નિજ નિજ થાનક હેવરે, સમુદ્રગમાં જીનદાઢા મુકેરે, તસ વિનયાદિ ન ચુકેરે. ॥૮॥ ભગવતીઅંગે એ ભાખ્યુંરે, જંબુદ્વિપપન્નતિએ દાખ્યુંરે; શુદ્ધભાખી ચિત્ત રાખ્યુંરે, મોક્ષ કલ્યાણક આખ્યુંરે. ॥ ૯ ॥

---

## कळश.

ઇય પણ કલ્યાણક સુગુણ ઠાણક પામીએ આરાધતાં, સાકે સોલ બ્યાસી વરસેં, ઉદ્યમ હર્ષ તે વાધતાં; સાહ નાગજી કહેણથી સાધારણ જીન ગાઇયા, ક્ષમાવિજય જીન ઉત્તમ નામેં પદ્મવિજયે ધ્યાઇયા. ॥ ૧ ॥ ઇતિ

## सिद्धचक्रनुं स्तवन १.

નવપદ ધરજો ધ્યાન, ભવિજન નવપદ ધરજો ધ્યાન, એ નવપદનું ધ્યાન કરતાં, પામે જીવ વિશ્રામ, ભવિજન० ॥ १ ॥ અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણ ખાંણ, ભવિ. ॥ २ ॥ દર્શનજ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુ માન. ભવિ ॥ ३ ॥ આશો ચૈત્રી શુદિસાતમથી, પુનમ લગી પ્રમાણ, ભવિ. ॥ ४ ॥ એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચ્યારનું માંન, ભવિ. ॥ ५ ॥ પડિક્કમણાં દોયટંકનાં કીજે, પડિલેહણ બેવાર, ભવિ. ॥ ६ ॥ દેવવંદન ત્રણ ટંકનાં કીજે દેવ પુજો ત્રિકાળ, ભવિ. ॥ ७ ॥ બાર આઠ છત્રીસ પચવીસનો, સત્તાવીસ સડસઠ સાર, ભવિ. ॥ ८ ॥ એકાવન સીત્તેર પચાસનો, કાઊસગ્ગ કરો સાવધાન, ભવિ. ॥ ९ ॥ એક એક પદનું ગુણણું ગણિએ, ગણીએ દોય હજાર, ભવિ. ॥ १० ॥ એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવપાર; ભવિ. ॥ ११ ॥ કરજોડી સેવક ગુણગાવે, મોહન ગુણમણિમાલ; ભવિ. १२. તાસશિષ્ય મુનિહેમ કહે છે, જન્મ મરણ દુખટાલ, ભવિ. ॥ १३ ॥

## सिद्धचक्रनुं स्तवन २.

સિદ્ધચક્રને ભજીએરે, કે ભવિયણ ભાવધરી, મદમાંનને તજીએરે, કે કુમતિ દુર કરી, પહેલે પદે રાજેરે, કે અરિહંત શ્વેતતણુ બીજે પદે છાજેરે, કે સિદ્ધ પ્રગટ ભણું, સિ૦ ॥ ૧ ॥ ત્રીજે પદે પીળારે કે આચારજ કહીએ, ચોથે પદે પાઠકરે, કે નીલવર્ણ લહીએ, સિદ્ધ૦ ॥ ૨ ॥ પાંચમે પદે સાધુરે, કે તપ સંયમશૂરા, શ્યામવર્ણે સોહેરે, કે દર્શનગુણ પુરા, સિદ્ધ૦ ॥ ૩ ॥ દર્શનજ્ઞાનચારિત્રરે, કે તપ સંયમ શુદ્ધ વરો, ભવિ યણ ચિત્તઆણીરે, કે હૃદયમાં ધ્યાન ધરો, સિ૦ ॥ ૪ ॥ સિદ્ધચક્રને ધ્યાનેરે, કે સંકટ ભય ન આવે, કહે ગૌતમ વાણીરે, કે અમૃત પદ પાવે, સિદ્ધ૦ ॥ ૫ ॥

---

## सिद्धचक्रनुं स्तवन ३.

( સાંભળ રે તું સજની મોરી રજની કયાં રમીઆવી જી રે. એ દેશી.

સિદ્ધચક વર સેવા કીજેં, નરભવ લાહો લીજેં જીરે, વિધિ પૂર્વક આરાધન કરતાં ભવભવ પાતક

છીજે, ॥ ૧ ॥ ભવિજન ભજીએ જીરે, અવર અના-
દિની ચાલ નિત નિત તજીએ જીરે. ॥ એ ટેક ॥
દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદાજીરે,
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રીજીનચંદા,
ભવિ૦ ॥ ૨ ॥ અજ અવિનાશી અકલ અજરામર,
કેવલ દંસણ નાણી જીરે, અવ્યાબાધ અનંતુ વિરજ,
સિદ્ધ પ્રણમો ભવિ પ્રાણી, ભવિ૦ ॥ ૩ ॥ વિદ્યા
સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર યોગરાજ પીઠજીરે,
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇદુ.
ભવિ૦ ॥ ૪ ॥ અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ
છેદને મુળ ચારજીરે, દશ પયન્ના એમ પણયાલીશ,
પાઠક તેહના ધાર, ભવિ૦ ॥ ૫ ॥ વેદ ત્રણને હાસ્યા-
દિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજીરે, ચૌદ અભ્યંતર
નવવિધ બાહ્ય, ગ્રંથિ તજે મુનિરાય, ભવિ૦ ॥ ૬ ॥
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકાર-
જીરે, શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર.
ભવિ૦ ॥ ૭ ॥ અઠ્ઠાવીશ ચૌદને ષટ દુગઇગ મત્યા
દિકના જાણજીરે, એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે
પદ વરનાણ. ભવિ૦ ॥ ૮ ॥ નિવૃતિને પ્રવૃતિ ભેદે,
ચારિત્ર છે વ્યવહાર જીરે, નિજ ગુણ સ્થિરતા ચરણ
તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ૦ ॥ ૯ ॥ બાહ્ય

અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુ જીરે, તે તપ નમીએ ભાવ ધરીને, ભવ સાયરમાં સેતુ. ભવિ૦ ॥ ૧૦ ॥ એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજીરે, દેવગુરૂને ધર્મ તે એહમાં, દોય ત્રણ ચાર પ્રકાર, ભવિ૦ ॥ ૧૧ ॥ માર્ગ દેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતે જીરે, સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ હેતે. ભવિ૦ ॥ ૧૨ ॥ વિમલેશ્વર સાંનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધે જીરે, પદ્મવિજય કહે તે ભવિપ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ॥ ૧૩ ॥

---

## श्रीऋषभजिन स्तवन.

આજ તો વધાઇ, રાજા નાભિકે દરબાર રે; મરૂદેવાયે બેટો જાયો, ઋષભ કુમાર રે. આજ૦ ॥ ૧ ॥ અયોધ્યામાં ઓચ્છવ હોવે, મુખ બોલે જયકાર રે; ધનનન ઘનનન ઘંટા વાજે, દેવ કરે થેઇકાર રે. આજ૦ ॥ ૨ ॥ ઈંદ્રાણી મલી મંગલ ગાવે, લાવે મોતીમાળ રે; ચંદન ચર્ચી પાયે લાગે, પ્રભુ જીવો ચિરંકાલરે. આજ૦ ॥ ૩ ॥ નાભિરાજા દાનજ દેવે, વરસે અખંડ ધાર રે; ગામ નગરપુર પાટણ દેવે, દેવે

મણી ભંડાર રે. આજ૦ ॥ ૪ ॥ હાથી દેવે સાથી દેવે, દેવે રથ તુખાર રે; હીર ચીર પીતાંબર દેવે, દેવે સવિ શણગાર રે. આજ૦ ॥ ૫ ॥ તિન લોકમે દિનકર પ્રગટયો, ઘર ઘર મંગળ માલ રે; કેવલ કમલા રૂપ નિરંજન, આદિશ્વર દયાલ રે. આજ૦ ॥૬॥

---

## પ્રભાતીઉ.

શ્રી ગૌતમ ગુરૂ સમરીએ, ઉઠી ઉગતે સુર, લબ્ધિનો લીણો ગુણનીલો, દીઠે સુખ ભરપુર. શ્રી૦ ॥ ૧ ॥ ગૌતમ ગોત્રતણો ધણી, રૂપે અતિશય ભંડાર; અઠ્ઠાવીશ લબ્ધિનો ધણી, શ્રી ગૌતમ ગણધાર. શ્રી૦ ॥ ૨ ॥ અમૃતમય અંગુઠડો, ઠવીઓ પાત્ર મોઝાર; ખીર ખાંડ ઘૃત પુરીઆં, મુનિવર દોઢ હજાર. શ્રી૦ ॥ ૩ ॥ પહેલુ મંગલ શ્રી વીરનું, બીજું ગૌતમસ્વામ, ત્રીજુ મંગલ સ્થુલભદ્રનું. ચોથું ધર્મનું ધ્યાન. શ્રી૦ ॥ ૪ ॥ પ્રભાતે ઉઠી પ્રણમીએ, શ્રી જીનવર ભાણ; લબ્ધિવિજય ઉવઝાયનો, પામે ક્રોડી કલ્યાંણ. શ્રી૦ ॥ ૫ ॥

---

## શ્રી શાન્તીનાથ સ્તવન.

શ્રી શાંતિનાથ મહારાજ, સુણો તમે જ્ઞાની; એ સેવક કહે કરજોડી, સુણો નિરવાંણી. ॥ ૧ ॥ હું કાલ અનાદિ અનંત, ભમ્યો ભવ માંહિ; તોયે તૃપ્તિ ન પામ્યો લગાર ગ્રહો નિજ બાંહિ. ॥ ૨ ॥ મને કામ ક્રોધ બહુમાંન, લોભ તો નડીયો; તેહથી ભવસાગર કૂપમાંહિ હું પડીયો. ॥ ૩ ॥ તુમ સરીખા તારક, મુજને મલીઆ સ્વામી; હવે પાર પમાડો, મારા અંતરજામી. ॥ ૪ ॥ એક પારેવાને દાન, અતુલ બલ દીધું, મન માંન્યુ કારજ તેહનું, તો ઘણું સિધ્યું૦ ॥ ૫ ॥ તમે વિશ્વસેન કુલચંદ, સોલમા જિન દેવા, હું ભવોભવ માગું, ચરણ કમળની સેવા૦ ॥ ૬ ॥ કહે હિરવિજય મુજ આપો, અરિહંત દેવા, હું નિત્ય ચાહું છું, સ્વામી તમારી સેવા૦ ॥ ૭ ॥

---

## શ્રી શાન્તીનાથનું સ્તવન.

શાંતિજીન એક મુજ વિનંતિજી; સાંભળો જગત આધાર, સાહિબ હું બહુ ભવ ભમ્યોજી; સેવતાં પાપ અઢાર, શાંતિ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા માંહે રાચી-

ઓજી, નાચીઓ બોલી મૃષાવાદ, માચીઓ લેઇ ધન પારકું જી, હારીઓ નિજ ગુણ સ્વાદ. શાંતિ૦ ॥ ૨ ॥ દેવ માનવ તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં ઘણીવાર, નવવિધ પરિગ્રહ મેલીઓજી, ક્રોધ કીધોરે અપાર. શાંતિ૦ ॥ ૩ ॥ માંન માયા લોભ વશ પડયો જી, રાગને દ્વેષ પરિણામ, કલહ અભ્યાખ્યાન તિમ સહીજી, પૈશુન્ય દુરિતનું ઠામ. શાંતિ૦ ॥ ૪ ॥ રતિ અરતિ નિંદા મેં કરીજી, જેહથી હોય નરકવાસ, કપટ સહિત જુઠું ભાખીઉં જી, વાસીયું ચિત્ત મિથ્યાત્વ, શાંતિ૦ ॥ ૫ ॥ પાપસ્થાનક એ કહ્યાંજી, જેહ પ્રભુ આગમ માંહી, તેહ અશુદ્ધ પરિણામથી જી, રાખજો ગ્રહી મુજ બાંહી, શાંતિ૦ ॥ ૬ ॥ તું પરમાતમ જગગુરૂજી, હિતકર જગ સુખદાય, હંસવિજય કવીરાજનોજી, મોહનવિજય ગુણ ગાય. શાંતિ૦ ॥ ૫ ॥

---

## શ્રી અષ્ટાપદનું સ્તવન.

મનડું અષ્ટાપદ મોહ્યું માહરૂજી, નામ જપું નિશ દિશજી; ચઉ અઠ દસ દોય વંદીએજી, ચઉ દિશિ જિન ચોવીશજી, મનડું૦ ॥ ૧ ॥ એક એક જોજન આંતરૂજી, પાવડીઆં છે આઠ જી, આઠ જોજન ઉંચું

દેહરૂં જી, દુઃખ દોહગ જાય નાઠજી. મન૦ ॥ ૨ ॥ ભરતે ભરાવ્યાં રૂડાં દેહરાંજી, શોભે હીરાનાં તિહાં થુભજી, આવે જો મુહુરત સેવનાજી, જાણી જુઓ જઇ ઉભજી. મન૦ ॥ ૩ ॥ ગોતમસ્વામી તિહાં ચડયાજી, આણી ભગીરથે ગંગજી; ગોત્ર તીર્થંકર તિહાં બાંધીઉંજી, રાવણે કરી નાટારંભજી. મન૦ ॥ ૪ ॥ દૈવેં ન દીધી મુજને પાંખડીજી, કેમ કરી આવું હજુરજી, સમયસુંદર કહે વંદણાજી, પ્રહ ઉગમતે સુરજી. મ૦ ॥ ૫ ॥

---

## श्री महावीरजिन स्तवन.

વીરજિણંદ જગત ઉપકારી, મિથ્યા ધ્વામ નિવારી જી, દેશના અમૃતધારા વરસી, પર પરિણતિ સવિ વારીજી. વી૦ ॥ ૧ ॥ પાંચમે આરે જેહનું શાસન, દોય હજારને ચારજી, યુગપ્રધાન સૂરીશ્વર વહસે, સુવિહિતમુનિ આધારજી, વીર૦ ॥ ૨ ॥ ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી; લવણજલધિ માંહિ મીઠો જળ, પીવે શૃંગી મચ્છજી, વીર૦ ॥ ૩ ॥ દશ અચ્છેરે દુષિત ભરતે, બહુ મત ભેદ કરાલજી, જિન કેવલી પૂર્વધર વિરહે, ફણી-

સમ પંચમ કાલજી. વીર૦ ॥ ૪ ॥ તેહનો ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ તુજ બિંબજી, નિશિદીપક પ્રવહણ જિમ દરીએ, મરૂમાં સુરતરૂ લુંબજી. વીર૦ ॥ ૫ ॥ જૈનાગમ વકતાને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી, કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી. વીર૦ ॥ ૬ ॥ મારે તો સુસમાથી દુ:સમા, અવસર પુણ્ય નિધાનજી, ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી, વીર૦ ॥ ૭ ॥

---

## श्री महावीरजिन स्तवन.

( રાગ—ધનાશ્રી. )

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશલા દેવીના જાયારે હરિ લછંન કંચન મય કાયા, અમર વધુ હુલરાયા રે. વંદો૦ ॥ ૧ ॥ બાળપણે સુરગિરિ ડોલાયા, અહિ વંતાલ હરાયારે, ઈંદ્ર કહણુ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયારે; વંદો૦ ॥ ૨ ॥ ત્રીસ વરસ ઘરવાસ રહ્યા, સંયમશું લય લાયારે, બાર વરસ તપ કર્મ ખપાયા, કેવળનાણ ઉપાયારે. વંદો૦ ॥ ૩ ॥ ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સોહાયા રે, ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયારે.

વંદો૦ ॥ ૪ ॥ ત્રણ ભુવનમે આણ મનાયા, દશ દોય છત્ર ધરાયારે, રૂપ્ય કનકમણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયારે. વંદો૦ ॥ ૫ ॥ રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિનાદ વજાયારે, દાનવ માનવ વાસવ આયા, ભકતે શીર્ષ નમાયારે. વંદો૦ ॥ ૬ ॥ પ્રભુ ગુણ ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે, પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જિન સુખદાયા રે. વંદો૦ ॥ ૭ ॥

---

## શ્રી कुंथुनाथजीनुं स्तवन.

કુંથું જિનેશ્વર જાણજોરે, મુજ મનનો અભિપ્રાયરે જિનેશ્વર, તું આતમ અલવેશ્વરૂ હોલાલ, રખે તુજ વિરહો થાયરે. જિ૦ તુજ વિરહો કેમ વેઠીએ હોલાલ, તુજ વિરહો દુઃખદાયરે, જિ૦ તુજ વિરહો ન ખમાયરે, જિ૦ ક્ષણ વરસાંશો થાયરે, જિ૦ વિરહો મોટી બલાયરે, જિનેશ્વર. કુંથું૦ ॥ ૧ ॥ તાહરી પાસે આવવું રે, પહેલાં નાવે તું દાયરે, જિ૦ આવ્યા પછી તો જાયવું હોલાલ, તુજ ગુણવશ ન સોહાયરે. જિ૦ કું૦ ॥ ૨ ॥ ન મિલ્યાનો ધોખો નહિંરે જસ- ગુણનું નહી નાણરે, જિ૦ મલિઆ ગુણ કલિઆ

પછી હોલાલ, વિછડંતાં જાયે પ્રાણુરે, જિ૦ કું૦ ॥૩॥ જાતિ અંધને દુઃખ નહીંરે, ન લહ્યો નયનનો સ્વાદરે, જિ૦ નયન સ્વાદ લહી કરી હોલાલ, હાર્યાંને વિખવાદરે; જિ૦ કું૦ ॥ ૪ ॥ બીજે પણ કિહાં નવિ ગમેરે, જિહાં તુજ વિરહો વંચાયરે, જિ૦ માલતી કુસુમે મ્હાલિઓ હોલાલ, મધુપ કરીરે ન જાયરે, જિ૦ કું૦ ॥ ૫ ॥ વનદવ દાધાં રૂખડાંરે, પલ્લવે વલી વરસાદરે, જિ૦ તુજ વિરહાનલના દહ્યા હોલાલ; કાલ અનંત ગમાતરે, જિ૦ કું૦ ॥ ૬ ॥ ટાઢક રહે તુંજ સંગમાંરે, આકુલતા મિટી જાયરે, જિ૦ તુજ સંગે સુખીઓ સદા હોલાલ; માનવિજય ઉવઝાયરે, જિ૦ કું૦ ॥ ૭ ॥

---

## શ્રી નેમિનાથના નવભવનું સ્તવન.

નેમિ પ્રભુ આવ્યારે, સહસાવનકે મેદાન, કરૂણા લાવ્યારે, જીનપદ નામકે નિદાન, કૃષ્ણજી વંદન કેરે કામ, દેઇ વનપાળકને બહુ દાન, સાથે સેના લઇ અભિરામ, પ્રભુજી પેખીરે, પંચાભિગમ પ્રકાર, વંદના કીધીરે, માને સફલ અવતાર, દેશના દીધીરે, પ્રભુજીએં ભવિ ઉપકાર. નેમિ૦ ॥ ૧ ॥ કૃષ્ણજી

પુછે પ્રભુને એમ, રાજુલને તુમ ઉપર પ્રેમ, અરિહા નેમિજીન બોલ્યા એમ, નવભવ કેરીરે, વાત સુણોને કહાન, ધુરેં ભવેં ધારોરે, ધન્ય ધનવતી અભિધાન, સમકિત સારૂંરે, પામ્યા મોક્ષ નિદાન. નેમિ૦ ॥ ૨ ॥ ધનદત્ત ભાઈ બીજો ધનદેવ, સમ્યક્ કરતા સંયમ સેવ, સહુ એ ઉપન્યા સોહમદેવ, નિજ નિજ પ્રીતેંરે, સુખ ભોગવે સુ રસાલ, યાત્રા કરતારે, શાશ્વત ચૈત્ય વિશાલ, વિચરંતા વંદેરે, જીનવર પરમ દયાલ. નેમિ૦ ॥ ૩ ॥ વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતી થાય, મનગતિ ચપળગતિ દોય ભાય, ત્રીજા ભવમાંરે, સુજસ કેવલીની પાસ, સમકિત પામ્યારે, દિક્ષા દમધર સકાસ,[૧] ચારિત્ર પાલીરે, ઉપન્યા માહેંદ્ર સુરવાસ. નેમિ૦ ॥ ૪ ॥ હવે પંચમ ભવ ઉપન્યા જેહ, અપરાજીત કુમર ગુણ ગેહ, પ્રીતિમતી તસરાણી જેહ, તેણે ભવેં કીધોરે, બહુજનને ઉપકાર, પૃથ્વી ભમતાંરે, મળીયા કેવળી અણગાર, મિત્રને સાથેંરે, પ્રણમ્યા ભક્તિ ઉદાર નેમિ૦ ॥ ૫ ॥ કેવલી કહે તું સમકિતવંત, ભરતમાં બાવીશમો અરિહંત, વિમલબોધ ગણધર એ તંત, સુરસોમ નામેંરે, ભાઈ તે પણ ગણધાર,

---

૧ પાસે.

સાભલી પામ્યારે, મનમાં હરખ અપાર, અનુક્રમેં બુઝયારે, લીધો સંયમ ભાર. નેમિ૦ ॥ ૬ ॥ ચારિત્ર પાલી નિરતિચાર, આરણ દેવલોકમાં અવતાર, પાંચે જણમાં પ્રીતિ અપાર, લીધો તિહાંથીરે, શ્રીમતી કુખેં અવતાર, હથિણાઉરેંરે, નામે શંખ કુમાર, તેજબળ રૂપેંરે, સૂરજ શશિ અનુકાર. નેમિ૦ ॥૭॥ સુર નરનારી જસ ગુણ ગાય, જસકીર્તિ કાંઇ કહી નવ જાય, ધનવતી જીવ યશોમતી થાય, મતિપ્રભ મંત્રીરે, જીવ વિમલબોધ નામ, તિણે ભવેં વાંધારે, શાશ્વત ચૈત્ય ઉદ્દામ, બહુ વલી પરણ્યારે, વિદ્યાધરી રૂપ નિધાન. નેમિ૦ ॥ ૮ ॥ જસધર ગણધર નામેં ભાય, ઉપન્યા હવે શ્રીષેણ જે તાય, દિક્ષા લહીને કેવલી થાય, તાતની પાસેંરે, થયા પાંચે મુનિરાય, ચારિત્ર પાળેરે, આઠે પ્રવચન માય, શંખમુનિ સિદ્ધેરે, વીશસ્થાનક સુખદાય. નેમિ૦ ॥ ૯ ॥ કરે નિકાચિત જીનપદ નામ, અણસણ આદરે સહુ તિણે ઠામ, પાદપોપ નામે ગુણ કામ, અપરાજિતેંરે, આયુ સાગર બત્રીશ, અનુત્તરેં હુવારે, દેવ સદા સુ જગીશ, તિહાંથી ચવીયારે, સુણ યાદવના અધીશ. નેમિ૦ ॥ ૧૦ ॥ ઇણભવ અભિધા નેમિકુમાર, રાજીમતિ નામેં એ નાર, ક્ષીણભોગ હુઆ એણે સંસાર, તિણેં

નવિ પરણ્યોરે, વળીઓ તોરણથી એમ, રાજુલ વિનવેરે, નવ ભવનો ધરી પ્રેમ, સહુ પડિબોહ્યારે, ગણધર પદ લહ્યા ક્ષેમ. નેમિ૦ ॥ ૧૧ ॥ પ્રેમે દુખીયા હોવે સંસાર, પ્રેમે ઘેલા હોવે નરનાર, પ્રેમે મુકે સવિઆચાર, પ્રેમ વિલુદ્ધારે, માનવી કરે ઝંપાપાત, અગ્નિમાં પેસેરે, મૂર્ચ્છાને જલપાત, ગલે દીયે ફાંસોરે, પ્રેમની કંઈ કરૂં વાત. નેમિ૦ ॥ ૧૨ ॥ સાંભલી બુઝયાં કેઇ નરનાર, રાજુલ લીધાં મહાવ્રત ચાર, પામી કેવલજ્ઞાન ઉદાર, પ્રભુજી પહેલાંરે પહોંચી મુક્તિ મઝાર, પ્રભુ વિચરંતારે, અનુક્રમે આવ્યા ગિરનાર, મુનિવર વૃંદેરે, પરવર્યા જગત આધાર. નેમિ૦ ॥ ૧૩ ॥ પાંચસે છત્રીશ મુનિ પરિવાર, રૂંધી યોગ અનેક પ્રકાર, સમય એક ઉર્ધ્વ ગતિસાર, સિદ્ધિ વરીયારે, છોડી સકળ જંજાળ, સહજાનંદીરે, સાદિ અનંતો કાલ, નિજગુણ ભોગીરે, આત્મશક્તિ અજુ-આલ. નેમિ૦ ॥ ૧૪ ॥ જિહાં નિજ એક અવગાહન હોય, તિહાં રહે સિદ્ધ અનંતા જોય, કોઇને બાધા ન કરે કોય, નિજ નિજ સત્તારે, નિજ નિજ પાસેં હવંત, કોઇની સત્તારે, કોઇમાં ન ભળે એ તંત, નિશ્ચય નયથીરે, આત્મક્ષેમ રહંત. નેમિ૦ ॥ ૧૫ ॥ વ્યવહારેં રહીયાં લોયંત, દંપતી એમ થયાં સુખ-

વંત, પ્રેમે પ્રણુમો ભવિ ભગવંત, પ્રભુજી ગાયારે, +સાગર અગ્નિ ગજ ચંદ, સવંત જાણોરે, કાર્તિક વદિ સુખકંદ, પોષાળ પાડેરે, પાટણ રહી શીવાનંદ. નેમિ૦ ॥ ૧૬ ॥ સાતમ દિન સૂરજસુતવાર, જીનજી ઉત્તમ ગુણ ગણધાર, બ્રહ્મચારી માંહે શિરદાર, તેહના પ્રણુમું રે, ભાવે લળી લળી પાય, શિવપદ માગું રે, ફરી ફરી ગોદ બિછાય. એણીપરે ગાયારે પદ્મવિજય જીનરાય. નેમિપ્રભુ૦ ॥ ૧૭ ॥ ઇતિ

## શ્રી સિદ્ધાચલનું સ્તવન.

સંઘપતિ ભરત નરેશ્વરૂ, શત્રુંજયગિરિ આવેરે લોલ, અહો શત્રુંજય ગિરિ આવેરે લોલ, સોવન દેરાસર વળી, આગળ પધરાવેરે લો. અહો૦ વાસવ પ્રમુખ સુરાબહુ, સાથે તિહાં સોહેરે લો૦ અહો૦ વંશ ઇક્ષ્વાકુ સોહાવીઓ, ત્રિભુવન મન મોહેરે લો૦ અહો૦ સંઘપતિ૦ ॥ ૧ ॥ બાહુબળ આદે કરી, કોડી મુનિવર મળીયારે લો૦ અહો૦ જ્ઞાની ગણધર જાણીયે, નમિ વિનમિ બળીયારે લો૦ અહો૦ સોમયશા આદિ દઇ, મહીધર રથ વાળારે લોલ. અહો૦ સામંત મંત્રી અધિપતિ, માની મચ્છરાળારે લો૦ અહો૦ સંઘપતિ૦

---

+ સંવત ૧૮૩૭ ૧. શનિવાર.

॥ ૨ ॥ શ્રાવકને વલી શ્રાવિકા, વર અણુવ્રત ધારીરે લો૦ અહો૦ કનકસેનાદિક સાધવી, વ્રતિની વ્રત ધારીરે લો૦ અહો૦ ચતુરંગસેનાએ પરિવર્યા, છત્ર ચામર ધારારે લો૦ અહો૦ અઢળક દાનને વરસતા, જેમ સજલ જલધારારે લો૦ અહો૦ સંઘપતિ ॥૩॥ સાથેં સુભદ્રાદિક બહુ, પ્રવર પટ્ટરાણીરે લો૦ અહો૦ ઈંદ્રમાળ પહેરે તિહાં, ધન્ય ધન્ય અવતારારે લો૦ અહો૦ ઓચ્છવશું ગિરિરાજની, કરે ભક્તિ અપારારે લો૦ અહો૦ શિખર શિખર ત્રિહુંકાળના, કરે જીનવિહારારે લો૦ અહો૦ સંઘપતિ ॥ ૪ ॥ ગણધર નાભિ સાથેં અછે, બહુ મુનિ આધારારે લો૦ અહો૦ બિંબ પ્રતિષ્ઠા તે કરે, વિધિશું જયકારારે લો૦ અહો૦ સંઘપતિતિલક સોહાવીયું, ઈંદ્રાદિક સાખેં રે લો૦ અહો૦ સ્થાપી થાપે યશ ઘણો, જ્ઞાન વિમલ એમ ભાખેરે લોલ. અહો૦ સંઘપતિ ભરત નરેશ્વરૂ, શત્રુંજયગિરિ આવેરે લોલ. અહો૦ શ્રી સિદ્ધગિરિ આવેરે લોલ ॥ ૫ ॥ ઇતિ

---

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન બીજું

હેત સમાનને અસ્ત સમાનરે, જે તાહરે દિલ આવેરે, નામર સજ્જનારે કાઇ સિદ્ધગિરિ રાજ ભેટાવેરે,

વંદાવેરે, પૂજાવેરે, ફરસાવેરે, બતલાવેરે, દેખાવેરે, ગવરાવેરે નાગર સજ્જનારે. કોઈ૦ ॥ ૧ ॥ અતિહિ ઉમેયોને, બહુ દિન વહિયોરે, માનવના વૃંદ આવેરે, નાગર સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૨ ॥ ધવલ દેવલીઆંને, સુરપતિ મલીઆરે, કોઈ ચારે પાજેં ચઢાવેરે, ના૦ સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૩ ॥ શ્રી જીન નિરખિત, હરખીત હોવેરે, તૃષિત ચાતક ઘણુ પાવેરે, ના૦ સ૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૪ ॥ નાટિક ગીતને, વાજીત્ર વાગેરે, કોઈ મનગમતા નાદ સુણાવેરે, ના૦ સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૫ ॥ ધન્ય ધન્ય તે ગૃહપતિને નરપતિ, કોઈ સંઘપતિ તિલક કરાવેરે, ના૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૬ ॥ સકલ તીરથ માંહે સમરથ એ ગિરિ કેઇ આગમ પાઠ સુણાવેરે, ના૦ સ૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૭ ॥ ઘેર બેઠાં પણ એ ગિરિ ગાવેરે, શ્રી જ્ઞાન વિમલ સુખ પાવેરે, નાગર સ૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ નાગર સજ્જનારે કોઈ. ॥ ૮ ॥

## शत्रुजयनुं स्तवन ३ जुं.

ચાલો ચાલો વિમલગિરિ જઇએ રે, ભવજલ તરવાને, તુમેં જયણાએં ધરજો પાયરે, પાર ઉતરવાને, ॥ એ આંકણી ॥ બાળ કાળની ચેષ્ટા ટાળી, હાંરે હું તો ધર્મ યૌવન હવે પાયોરે, ભવ૦ ભૂલ અનાદિની દૂર નિવારી, હાંરે હું તો અનુભવમાં લય લાયોરે, પાર ઉતારવાને. ચાલો ચાલો વિમલ૦ ॥૧॥ ભવ તૃષ્ણા સવિ દૂર કરીને, હાંરે મારી જીન ચરણે લય લાગીરે, ભ૦ સંવર ભાવમાં દિલ હવે ઠરીઉં, હાંરે મારી જીન ચરણે લય લાગીરે, પાર૦ ચાલો૦ ॥ ૨ ॥ સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણાં તપ કારીરે, ભવ૦ પડિક્કમણાં દોય વિધિ શું કરશું, હાંરે ભલી અમૃત ક્રિયા દિલધારીરે પાર૦ ચા૦ ॥ ૩ ॥ વ્રત ઉચ્ચરશું ગુરૂની સાખેં, હાંરે હું તો યથાશક્તિ અનુસારરે, ભવ૦ ગુરૂ સંઘાતેં ચડશું ગિરિપાજેં, હાંરે એતો ભવોદધિ બુડતાં તારેરે, પાર૦ ચા૦ વિ૦ ॥ ૪ ॥ ભવતારક એ તીરથ ફરસી, હાંરે હું તો સુરજ કુંડમાં નાહીરે, ભવ૦ અષ્ટ પ્રકારી શ્રી આદિ જીણંદની, હાંરે હું તો પૂજા કરીશ લય લાહીરે. પાર૦ ચા૦ ॥ ૫ ॥ તીરથપતિને તીરથ સેવા, હાંરે એતો મીઠા મોક્ષના મેવારે, ભવ૦

સાત છઠ્ઠ હોય અઠ્ઠમ કરીને, હાંરે મને સ્વામિવાત્સ-સ્યની હેવારે, પાર૦ ચાલો૦ ॥ ૬ ॥ પ્રભુપદ પદ્મ-રાયણ તળે પૂજી, હાંરે હું તો પામીશ હરખ અપા-રરે, ભવ૦ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયેં, હાંરે હું તો પામીશ સુખ શ્રીકારરે, પાર ઉતરવાને, ચાલો ચાલો વિમલગિરિ જઇએરે, ભવજલ તરવાને, તુમેં જય-ણાએં ધરજો પાયરે, પાર ઉતરવાને. ॥ ૭ ॥

---

## શ્રી શત્રુંજયનું સ્તવન ચોથું.

પ્રથમ જિનેશ્વર પૂજવા, સૈયરમોરી અંગ ઉલટ ધરી આવહો, કેસરચંદન મૃગમદે, સૈયરમોરી સુંદર આંગી બનાવહો, સેહેજ સલુણો મારો, શિવસુખ-લીનો મારો, જ્ઞાનમાં ભીનો મારો, દેવમાં નગીનો માહારો સાહિબો, સૈયરમોરી જયો જયો પ્રથમ જીણું-દહો, ॥૧॥ ધન્ય મરૂદેવી કુંખને, સૈયરમોરી વારી જાઉં વારહજાર હો, સ્વર્ગ શિરોમણિને તજી, સૈ૦ જીહાં લહે પ્રભુ અવતાર હો, સેહેજ૦ ॥ ૨ ॥ દાયકના-યક જન્મથી સૈ૦ લાજયો સુરતરૂ વૃંદ હો, યુગલા ધર્મ નિવારણો સૈ૦ જે થયો પ્રથમ નરિંદ હો. સેહેજ૦ ॥ ૩ ॥ લોક નીતિ સવિ શીખવી સૈ૦ દાખવા મુ-

ક્તિનો રાહ હો, રાજ્યભળાવી પુત્રને સૈં૦ થાપ્યો ધર્મ પ્રવાહ હો. સેહેજ૦ ॥ ૪ ॥ સંજમ લેઇને સં-ચર્યા સૈં૦ વરસલગે વિણુ આહાર હો, શેલડી રસ સાટે-દીઓ, સૈં૦ શ્રી શ્રેયાંસને સુખકાર હો. સેહેજ૦ ॥૫॥ મોહોટા મહંતની ચાકરી સૈં૦ નિષ્ફળ કદીએ ન થાય હો, મુનિપણે નમિવિનમિ કર્યા સૈં૦ ક્ષણુમાં ખેચર રાય હો. સેહેજ૦ ॥ ૬ ॥ જનનીને કીધું ભેટણું, સૈં૦ કેવલરત્ન અનુપહો, પેહેલાં માતાજીને મોકલ્યાં સૈં૦ જોવા શિવવહુ રૂપ હો. સેહેજ૦ ॥ ૭ ॥ પુત્ર નવાણુ પરિવર્યા સૈં૦ ભરતના નંદન આઠ હો. અષ્ટકરમ અષ્ટા-પદે સૈં૦ યોગ નિરૂદ્ધે નાઠ હો. સેહેજ૦ ॥ ૮ ॥ તેહના બિંબ સિદ્ધાચળે સૈં૦ પુજો પાવન અંગ હો, ખીમા-વિજય જીન નિરખતાં સૈં૦ ઉછળે હર્ષ તરંગ હો. સેહેજ૦ ॥ ૯ ॥

---

## श्री रायण पगलानुं स्तवन.

શ્રી આદિશ્વર અંતર જામી, જીવન જગત આ-ધાર, શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચલ શણુ-ગાર, રાયણ રૂડીરે, જીહાં પ્રભુ પાયધરે, વિમલગિરિ વંદોરે, દેખત દુઃખહરે, પુન્યવંતા પ્રાણીરે, પ્રભુ-

જીની સેવા કરે૦ ॥ ૧ ॥ ગુણ અનંતા એ ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત, વળીરે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત, ભવોભવ કેરારે, પાતિક દૂર કરે, વિમલગિરિ વંદોરે૦ ॥ ૨ ॥ વાવડીયું રસ કુંપા કેરી, મણિરે માણેકની ખાણ, રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ, સુખના સ્નેહીરે, બંધન દૂર કરે, વિમલગિરિ વંદોરે૦ ॥ ૩ ॥ પાંચ કોડીશું પુંડરીક સિધ્યા, ત્રણ કોડીશું રામ, વીશ કોડીશું પાંડવ સિધ્યા, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ, મુનિવર મોટારે, અનંતા સિદ્ધિવરે, વિમલગિરિ વંદોરે૦ ॥ ૪ ॥ એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રીજિન ભાણ; દુર્ગતિ કાપે ને પાર ઉતારે (વ્હાલો) આપે કેવળનાણ, ભવિજન ભાવેરે, જે એનું ધ્યાન ધરે, વિમલગિરિ વંદોરે૦ ॥ ૫ ॥ દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રીજિન પાય, ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતીસેં જ્યોતમિલાય, કીર્તિ એહનીરે, માણેક મુનિ કરે, વિમલગિરિ વંદોરે૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

## चोवीश तीर्थंकरना आंतरानुं स्तवन.

ચોવીસ જીનને કરી પ્રણામરે, જેથી મન વંછિત સીઝે કામરે, અવસર્પિણી આયુ ઓછું ઘણું રે, ચઉ-

વીસ તીર્થંકરના અંતર ભણુંરે. ॥ ૧ ॥ રિષભ અજિત અંતર એમ જાણુરે, પચાસ લાખ કોડી સાગર માનરે, સંભવ ત્રીસ અભિનંદન કોડી દશ લાખરે, સુમતિ નવ લાખ કોડી જીન ભાખરે. ॥૨॥ પદ્મપ્રભ કોડી નેવું હજારરે, સુપાર્શ્વનાથ કોડી નવ હજારરે, ચંદ્રપ્રભ નવસો કોડી સાગર જાણુરે, સુવિધિનાથ કોડી નેવું પ્રમાણુરે. ॥ ૩ ॥ નવકોડી સાગર શીતલનાથરે, એકકોડી શ્રેયાંસ શિવપુર સાથરે, સો સાગર છાસઠ લાખ છવીસ હજારરે, વરસે ઉણે એકકોડી માંહે ધારરે. ॥ ૪ ॥ વાસુપૂજ્ય સાગર ચોપન કલ્પે સાખરે, વિમલ ત્રીસ અનંતનાથ નવ ભાખરે, ધર્મ ચાર ત્રણ શાંતિ વખાણુરે, પોણે પલ્યોપમે ઓછું આણુરે. ॥ ૫ ॥ કુંથુંનાથ અધપલ્ય પા અર સારરે, ઉણે એકકોડી વરસ હજારરે, મલ્લીનાથ એકકોડી વરસહજારરે, મુનિસુવ્રત ચોપનલાખ ધારરે. ॥ ૬ ॥ નમિ છ લાખ નેમિ પાંચ લાખ સારરે, પાર્શ્વનાથ પોણા ચોરાશી હજારરે, અઢાસેં વરસે શ્રી મહાવીર સ્વામીરે, જીતવિજય નમે શીરનામીરે. ૭.

## શ્રી વીશ વિહરમાનનું સ્તવન.

રૂષભલંછન શ્રી સિમંધર સ્વામી; ગજયુગ મંધર અંતરજામી, હરિણ બાહુ કપિ સુબાહુ સ્વામી; રવી સુજાત પંચમા મોક્ષ કામી; વીચરંતા વીશેજીન વંદો, જેમ ભવ ભમવું દુખ છંડો. ॥ ૧ ॥ શશિ સ્વયંપ્રભ છઠ્ઠા જાણો; સિંહરૂષભાનન સાતમા વખાણો, અનંતવીર્ય ગજ અશ્વ સુરપ્રભ નવમા, ભાનુલંછન વિશાલજીન દશમા. વિ૦ ॥ ૨ ॥ શંખ વજ્રધર વૃષભ ચંદ્રાનન બારમા, રાતુંકમલ ચંદ્રબાહુ તેરમા; નીલું કમલ ભુજંગ ભોગવામી, ચંદ્ર પનરમા ઇશ્વર શિવગામી. વિ૦ ॥ ૩ ॥ ભાનુ નેમિ પ્રભુજીન સોલમા, રૂષભલંછન વીરસેન સત્તરમા, ગજ મહાભદ્ર ચંદ્ર દેવજસા સારા, સાથીઓ અજિત વીર્ય લાગે પ્યારા. વિ૦ ॥ ૪ ॥ એ વીશેજીન કંચન વરણા, નામ જપતાં થઇએ અવર્ણા; શ્રી ગુરૂપદ પદ્મની સેવા, જીતવંછે નિત શિવપદ લેવા. વિ૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## અથ રીષભદેવ સ્વામીનું સ્તવન.

રિષભ જીનેશ્વર સ્વામીરે અરજી માહરી, અવધારો કાંઇ ત્રિભુવનના દેવજો, કરૂણાનંદ અખંડરે

જ્યોતિ સ્વરૂપ છો, એહવા જોઈને મેં આદરી તુમ સેવજો. ॥ ૧ ॥ લાખ ચોરાશી યોનિરે વારોવાર હું ભમ્યો, ચોવીશે દંડકે ઉભગ્યું માહરૂં મનજો, નિગોદાદિક ફરસીરે થાવર હું થયો, એમરે ભમતો આવ્યો વિગલેંદ્રિ ઉપન્નજો. ॥ ૨ ॥ તિર્યંચ પંચેદ્રિતણારે ભવ મેં બહુ કર્યાં, ફરસી ફરસી ચઉદરાજ મહારાજજો, દશે દષ્ટાંતે દોહિલોરે મનુષ્ય જન્મ અવતર્યો, એમરે ચડતો આવ્યો શેરીએ શિવકાજજો. ॥ ૩ ॥ જગતતણા બંધવરે જગસથ્થવાહ છો, જગતગુરૂ જગરખણ એ દેવજો, અજરામર અવિનાશીરે જ્યોતિ સ્વરૂપ છો, સુરનર કરતા તુજ ચરણાની સેવજો. ॥ ૪ ॥ મરૂદેવીના નંદનરે વંદના માહરી, અવધારો કાંઇ પ્રભુજી મહારાજજો, ચઉદરાજનો ઉચ્છિષ્ટરે પ્રભુજી તારીએ, દીજીએ કાંઇ વંછિત ફળ જીનરાજજો. ॥ ૫ ॥ વંદના માહરી નિસુણીરે પરમ સુખ દીજીએ, ક્ષીજીએરે કાંઇ જન્મ મરણ દુખ દૂરજો, પદ્મવિજયજી સુપસાયેરે રિષભજીન ભેટીયા, જીત વંદે કંઇ પ્રહ ઉગમતે સૂરજો. ॥ ૬ ॥ ઇતિ.

## परमातम अनुभव प्रकाश पद.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, વિસર ગઇ દુવિધા તન મનકી, અચિરાસુત ગુન ગાનમેં. હમ૦ ॥ ૧ ॥ હરિહર બ્રહ્મ પુરંદરકી રૂધિ, આવત નહિકો ઉ માનમેં, ચિદાનંદકી મોજ મચીહે, સમતા રસકે પાનમેં. હમ૦ ॥ ૨ ॥ ઇતને દિન તુંમ નાંહિ પિછાન્યો, મેરો જન્મ ગયો અજાનમેં, અબતો અધિકારી હોઇ બેઠે, પ્રભુ ગુણ અક્ષય ખજાનમેં. હમ૦ ॥ ૩ ॥ ગઇ દીનતા સબહી હમારી, પ્રભુ તુઝ સમકિત દાનમેં, પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માનમે. હમ૦ ॥ ૪ ॥ જિનહિ પાયા તિનહિ છુપાયાં, ન કહે કોઉકે કાનમેં, તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં. હમ૦ ॥ ૫ ॥ પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ્યજ્યું, સો તો ન રહે મ્યાનમેં, વાચક જસ કહે મોહ મહા અરિ, જીતલીયો હે મેદાનમેં૦ હમ. ॥ ૬ ॥ ઇતિ

---

## अथ संवच्छरीदान स्तवन.

( આદર જીવ ક્ષમાગુણ આદર એ દેશી. )

શ્રીવરદાધના ચરણ નમીને, વલી પ્રણમી ગુરૂ પાયા રે, સયલ તીર્થંકર દાનજ દેવે, તે કહું હરખ સવા-

ચારે. ॥ ૧ ॥ સુણજો દાન સંવછરી મહિમા, જેહથી સમકિત લહીએરે, ત્રિજગને વશ કરવા એ દાન, મોટો મંત્રાક્ષર કહીએરે. સુણજો. ॥ ૨ ॥ લોકાંતિકદેવ તીર્થંકરને, કહે જયનિસીમેં આવીરે, તવ તીર્થંકર દાન સમર્પે, વરસીપડહો વજડાવેરે, સુ. ॥ ૩ ॥ એક ક્રોડ આઠ લાખ સોવન મુદ્રા, નિત્ય પ્રતે તે દેવેરે, એક પોહોર પછી દો પહોર સુધી, ભવિજન આવે તે લેવેરે, સુ. ॥ ૪ ॥ જે જિનતાત તેસી જિન સહિતા, નામની મુદ્રા કરાવેરે, તે એક મુદ્રા એંશી રતીની, માનિપ કોશ ભરાવેરે, સુ. ॥ ૫ ॥ તે એક દિનના દીનારનું સોવન, નવ હજાર મણ થાયરે, જે જિનવારાના શકટ વખાણું, તે શવાબસેં ભરાયરે, સુ. ॥ ૬ ॥ લાખ બત્રીસ મણ સહસ ચાલીસમણ, હોવે કનકના એતારે, સહસ એકાશી શકટ ભરાયે, એક વરસમાં દેતાંરે સુ. ॥ ૭ ॥ ત્રણસેં, ક્રોડ અઠયાશી ક્રોડ ઉપરેં, એંશી લાખ ભણીએરે, તેટલા દીનાર વરસી દાનેં, દે જિન સૂત્રમેં સુણીયેરે, સુ. ॥ ૮ ॥ જેતા દીનાર તીર્થંકર નિત્યે, આપે કોશથી કાઢીરે, ઇંદ્ર આદેશે ધનદપુરે, તેતા, સોવન મુદ્રા દાડીરે, સુ. ॥ ૯ ॥ એ તો મુદ્રા કનકમણ ગાડી, તેહની સંખ્યા વખાણીરે, પણ હવે

વિધિ કહ્યું દાન દેવાની, સુણીજે તે આગલ પ્રાણીરે, સુ. ॥ ૧૦ ॥ દાનશાલા જિનતાત કરાવે, ચઉજિન દાન આચરવારે, તિહાં બેસી પ્રભુ દાનજ દેવે, સંજમનારી વરવારે, સુ. ॥ ૧૧ ॥ પહેલી શાળાએ અન્ન જમાડે, બીજીએ વસ્ત્ર પહેરાવેરે, ત્રીજીએ ભૂષણ ચોથીએ ટકા દે, જિનજી નિત્ય સ્વભાવેરે, સુ. ॥ ૧૨ ॥ તિણે અવસરે જીન જમણે પાસે, રહે ઇંદ્ર સોહમવાસીરે, કોશથી મુદ્રા કાઢી દેવા, તે ભણી રહે ઉલ્લાસીરે, સુ. ॥ ૧૩ ॥ જિન આગે ઉભો રહે ઇશાનેંદ્ર, રત્ન જડીત લેઇ લકુટીરે, દેવ અસુર કોઇ વિઘ્ન કરેવે, કાઢે તેહને કુટીરે, સુ. ॥ ૧૪ ॥ વળી જે મનુષ્યના ભાગમાં લખીયું, ઇશાન ઇંદ્ર એમ ધારેરે, તેહના મુખમાંથી તે તેહવાં, વચણ કહાવે વિચારીરે, સુ. ॥ ૧૫ ॥ ચમરેંદ્ર જિન મુઠ્ઠિના દીનાર, રોલવે જો અધિક હોયરે, ઓછા હોયતો પુરા કરે બલીંદ્ર, સ્વામીની પ્રતીત જોયરે, સુ. ॥ ૧૬ ॥ ભુવનપતિ સુર ભરતના જનને, દાન લેવા તેડી આવેરે, વ્યંતરના સુર પાછા તે જનને, નિજ નિજ મંદિર ઠાવેરે, સુ. ॥ ૧૭ ॥ જ્યોતિષી સુરમલી વિદ્યાધરને, દાન લેવાને જણાવેરે, એહવા અતિશય તીર્થંકરના, કહેતાં પાર ન આવેરે, સુ. ॥ ૧૮ ॥ વલી

જિનવર કેરા દાનનો મહિમા, ભાખ્યો એમ સિદ્ધાં-
તેરે, બાર વરસ લગે ખટખંડ સુધી, સઘલે શાંતિ
વર્તેરે સુ૦ ॥ ૧૯ ॥ ચોસઠ ઇંદ્રાદિક સુર સઘલા,
લીજે દાન ઉચ્છાહેરે, બાર વરસ લગે કલહ ન હોવે,
તેને પણ માંહો માંહેરે, સુ. ॥ ૨૦ ॥ ચક્રી હરિ નૃપ
દાનના ટકા, મુકે નિજ કોશે ઉલટેરે, બાર વરસ
લગે કોશથી ટકા, કાઢતાં કિમહિ ન ખુટેરે, સુ. ॥૨૧॥
ઇત્યાદિક તે દાન થકી જન, બાર વરસ જસ ગાયરે,
વલી તે દાનથી બાર વરસના, રોગીના રોગ તે
જાયરે, સુ. ॥ ૨૨ ॥ વલી તસ નૂતન રોગ ન પ્રગટે,
બાર સંવચ્છર સુધિરે, મંદ બુદ્ધિ કોઇ દાનજ લેવે,
હોવે સુરગુરૂ બુદ્ધિરે, સુ. ॥ ૨૩ ॥ એહવા પંચ
દશ અતિશય પ્રભુના, વરસીદાને પ્રગટેરે, ઇમ દાન
દેઇ પ્રભુ સંયમ લેઇ, ઉપશમે કર્મને ઝપટેરે, સુ.
॥ ૨૪ ॥ કેવલ લેઇ શિવરમણી વશ કરી, ત્રિજગ
નાયક ઉલસેરે, દાન પ્રભાવે ત્રિગડે બેસી, કેવળ
કમળા વિલસેરે, સુ. ॥ ૨૫ ॥ દાન દેવાની જે વિધિ
ભાખી, સયલ તિર્થંકર કેરીરે, વિચારસારગ્રંથ
મોજાર, જોજો એ સાખ ભલેરીરે, સુ. ॥ ૨૬ ॥
ઇણીપરે ભવિયાં તુમે પણ નિસુણી, દેજો દાન અભં-
ગરે, ઇહભવે પરભવે સુખ અનંતાં, ઉલટે ગંગ

તરંગરે, સુ. ॥ ૨૭ ॥ એહવી દાનની શકિત સદા મુઝ, ભવભવતે ઉદયે આવેરે, પંડિત કેસર અમર પસાયે, લીજીયે વંછિત વરવોરે, સુ. ॥ ૨૮ ॥

---

જસવિજયજી કૃત.

## प्रतिमा स्थापन स्तवन.

ભરતાદિકે ઉધારજ કીધો, શત્રુંજય મોઝાર, સોનાતણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્નતણાં બિંબ સ્થાપ્યાં હો, કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી૦ એ જીન વચને થાપી હો, કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી, એ આંકણી. ॥ ૧ ॥ વીર પછી બસેં નેવુ વર્ષે, સંપ્રતિરાય સુજાણ, સવાલાખ જીન દેહરાં કરાવ્યાં, સવાકોડી બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦ ॥ ૨ ॥ દ્રૌપદીએ જીન પ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી, છઠે અંગે વીરે ભાંખ્યું, ગણધર પૂરે સાખી હો. કુમતિ૦ ॥ ૩ ॥ સંવત નવસેં ત્રાણું વરસેં, વિમલમંત્રીશ્વર જેહ, આબુતણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચહજાર બિંબ સ્થાપ્યાં હો, કુમતિ૦ ॥ ૪ ॥ સંવત અગીઆર નવાણું વર્ષે, રાજા કુમારપાળ, પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાતહજાર બિંબ સ્થાપ્યા હો,

કુમતિ૦ ॥ ૫ ॥ સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ, પાંચહજાર પ્રાસાદ કરાવ્યા, અગીઆરહજાર બિંબ સ્થાપ્યા હો, કુમતિ૦ ॥ ૬ ॥ સંવત બાર બહોંતેર વર્ષે, ધનો સંઘવી જેહ; રાણકપુર જીન દેહરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યો હો, કુમતિ૦ ॥ ૭ ॥ સંવત તેર એકોતેર વર્ષે, સમરોશા રંગ શેઠ, ઉધ્ધાર પંદરમો શત્રુંજય કીધો, અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યો હો, કુમતિ૦ ॥ ૮ ॥ સંવત પંદર સત્યાશી વરસે, બાદશાહને વારે, ઉધ્ધાર સોલમો શત્રુંજય કીધો, કર્માશાએ જશલીધો હો, કુમતિ૦ ॥ ૯ ॥ જીન પ્રતિમા જીન સરખી જાણી, પૂજો ત્રિવિધે તુમેં પ્રાણી, જીન પ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની એ વાણી હો, કુમતિ૦ ॥ ૧૦ ॥

---

## श्री सीमंधर जिन स्तवन.

### ઢાલ પંદરમી.

આજમારે એકાદશીરે, નણદલ મૌન કરી મુખ રહીયે એ દેશી.

ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવે, ભવસાયર લીલાએ ઉતરે, સંયમ કિરિયા નાવે, ધન્ય.

॥ ૧ ॥ ભોગ પંક તજી ઉપર બેઠા, પંકજપરે જે ન્યારા, સિંહપરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા. ધન્ય. ॥૨॥ જ્ઞાનવંત જ્ઞાનીશું મળતા, તન મન વચને સાચા, દ્રવ્યભાવ સુધાજે ભાખે, સાચી જિનની વાચા, ધન્ય. ॥ ૩ ॥ મુલ ઉત્તર ગુણુ સંગ્રહ કરતા, તજતા ભિક્ષા દોષો, પગપગ વ્રતદૂષણુ પરિહરતા, કરતા સંયમ પોષો, ધન્ય. ॥ ૪ ॥ મોહ પ્રતે હણુતા નિત આગમ, ભણુતા સદ્દગુરૂ પાસે, દુષમ કાળે પણુ ગુણુવંતા, વરતે શુભ અભ્યાસે, ધન્ય. ॥ ૫ ॥ છઠું ગુણુઠાણુ ભવ અડવી, ઉલંઘન જિણે લહિઉં, તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરિ જાયે કહિઉં ધન્ય૦ ॥ ૬ ॥ ગુણુઠાણુાની પરિણુતિ જેહની, ન છીપે ભવ જંજાલે, રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલે. ધન્ય૦ ॥ ૭ ॥ તેહવા ગુણુ ધરવા અણુધીરા, જોપણુ સૂધું ભાખી, જિનશાસન શોભાવે તે પણુ, સુધા સંવેગપાખી, ધન્ય. ॥ ૮ ॥ સદહણુા અનુમોદન કારણુ, ગુણુથી સંયમ કિરિયા, વ્યવહારે રહિયા તે ફરસે, જે નિશ્ચય નય દરિયા, ધન્ય. ॥૯॥ દુઃકર- કાર થકી પણુ અધિકા, જ્ઞાન ગુણે ઇમ તેહો, ધર્મ- દાસ ગણી વચને લહીયે, જેહને પ્રવચન નેહો. ધન્ય ॥ ૧૦ ॥ સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી, શ્રી હરિ-

ભદ્ર કહાય, એહભાવ ધરતો તે કારણ, મુજમન તેહ સુહાય, ધન્ય. ॥ ૧૧ ॥ સંયમ ઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજ સાખે, તો જુઠું બોલીને દુર્મતિ, શું સાધે ગુણ પાખે, ધન્ય. ॥ ૧૨ ॥ નવિ-માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ, ધર્મ વચન આગમમાં કહિયે, કપટ રહિત મનવૃત્તિ. ધન્ય૦ ॥ ૧૩ ॥ સંયમ વિણ સંયતતા થાપે, પાપ શ્રમણ તે ભાખ્યો, ઉત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પ્રરૂપક દાખ્યો, ધન્ય. ॥ ૧૪ ॥ એક બાલપણ કિરિયા નયે તે, જ્ઞાનનયે નવિબાલા, સેવા યોગ્ય સુસં-યત તે, બોલે ઉપદેશ માલા. ધન્ય ॥ ૧૫ ॥ કિરિયા નયે પણ એક બાળ તે, જે લિંગી મુનિ રાગી, જ્ઞાનયોગમાં જસમન વર્તે, તે કિરિયા સોભાગી ધન્ય. ॥ ૧૬ ॥ બાલાદિક અનુકૂલ કિરિયાથી, આપે ઇચ્છાયોગી, અધ્યાતમ મુખ યોગ અભ્યાસે, કેમ નવિ કહીયે યોગી. ધન્ય૦ ॥ ૧૭ ॥ ઉચિત કિરિયા નિજ શક્તિ છંડિ, જે અતિવેગે ચડતો, તે ભવસ્થિતિ પરિપાક થયા વિણ, જગમાં દિસે પડતો, ધન્ય. ॥૧૮॥ માચે મોટાઇમાં જે મુનિ, ચલવે ડાકડમાલા, શુદ્ધ પરૂપણ ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટ્ટમાલા, ધન્ય ॥ ૧૯ ॥ નિજગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ

ભણી જન વંચે, લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય૦ ॥ ૨૦ ॥ યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે, ફોગટ મોટાઈ મન રાખે, તસગુણ દુરે નાસે. ધન્ય૦ ॥ ૨૧ ॥ મેલે વેશે મહિ-યલ માલે, બકપરે નીચો ચાલે, જ્ઞાનવિના જગધંધે ઘાલે, તે કેમ મારગ ચાલે. ધન્ય૦ ॥ ૨૨ ॥ પરપ-રિણતિ પોતાની માને, વરતે આર્તધ્યાને, બંધમોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે. ધન્ય૦ ॥ ૨૩ ॥ કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દૃષ્ટિ થિરાદિક લાગે, તેથી સુજશ લહિજે સાહિબ, સીમંધર તુમ રાગે, ધન્ય. ॥ ૨૪ ॥

---

## બીશસ્થાનકનું સ્તવન.

હાંરે મારે પ્રણમું સરસતી માગું વચન વિલા-સજો, વીશેરે તપ સ્થાનક મહિમા ગાઈશુંરે લોલ, હાંરે મારે પ્રથમ અરિહંતપદ લોગસ્સ ચોવીસજો, બીજેરે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશુંરે લો. ॥ ૧ ॥ હાંરેમારે ત્રીજે પવયણ ગણશું લોગસ્સ સાતજો, ચોથેરે આય-રિયાણં છત્રીસનો સહીરે લોલ, હાંરે૦ થેરાણં પદ પંચમે દસ ઉદારજો, છઠ્ઠેરે ઉવઝાયાણં પચવીસનો સહીરે લોલ. ॥ ૨ ॥ હાંરે૦ સાતમે સુગુણ

સાહુ સત્તાવીશજો, આઠમે નમો નાણુસ્સ પંચે ભાવશુંરે લોલ, હાંરેમારે નવમે દરિસણ સડસઠ મન ઉદારજો, દશમે નમો વિણયસ્સ દશ વખાણીએરે લોલ, ॥ ૩ ॥ હાંરે૦ અગીઆરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સિત્તેરજો, બારમે નમો બંભસ્સ નવગુણે સહીરે લો, હાંરે૦ કીરિયાણું પદ તેરમે વલી પચ્ચીસજો, ચઉદમે નમોતવસ્સ બારગુણે સહીરે લો, ॥ ૪ ॥ હાંરે૦ પંદરમે નમોગોયમસ્સ અઠ્ઠાવીસજો, નમો જિણાણં ચઉવીસ ગણશું સોલમેરે લોલ, હાંરે૦ સત્તરમે નમો ચારિત્ત લોગસ્સ સત્તરજો, નાણસ્સનો પદ ગણશું એકાવન અઢારમેરે લોલ, ॥ ૫ ॥ હાંરે૦ ઓગણીસમે નમો સુઅસ્સ પીસતાલીસજો, વીસમે નમો તિથ્થસ્સ વીશે ભાવશુંરે લોલ, હાંરે૦ તપનો મહિમા ચારસેં ઉપર વીસજો, ષટમાસે એક ઓલી પૂરી કીજીયેરે લોલ. ॥ ૬ ॥ હાંરે૦ તપ કરતાં વલી ગણીયે દોય હજારજો, નવકારવાળી વીશે સ્થાનક ભાવશુંરે લો, હાંરે૦ પ્રભાવના સંઘ સ્વામીવચ્છલ સારજો, ઉજમણાં વિધિ કીજે લાહો લીજીયેરે લોલ. ॥ ૭ ॥ હાં૦ તપનો મહિમા કહ્યો શ્રીવીર જિનરાયજો, વિસ્તારે ઇમ ગોયમ સોહમ સ્વામિનેરે લોલ. હાંરે૦ તપ કરતાં વલી તીર્થંકર પદ હોયજો, દેવગુરૂ ઇમ કાંતિ સ્તવન સોહામણોરે લોલ. ॥ ૮ ॥

# एकादशीनुं स्तवन.

અજિત જીણંદશું પ્રીતડી એ દેશી.

અવિચલ વ્રત એકાદશી, એમ ભાખે હો શ્રી જીન વર્ધમાન કે, ગૌતમ ગણધર સાંભળો, એ તિથિનો હો મોટો મંડાણ કે. અવિચલ૦ ॥ ૧ ॥ મૃગસર શુદ્દિ એકાદશી, મલ્લિજિનનાં હો થયાં ત્રણ કલ્યાણકે, જન્મ અને દીક્ષા ગ્રહી, વલી પામ્યા હો પ્રભુ કેવલનાણકે. અવિચલ૦ ॥ ૨ ॥ શ્રી અરજીને વ્રત આદર્યું, નમિ જિણંદે હો લહ્યું કેવલજ્ઞાનકે, પંચ કલ્યાણક પ્રગટ્યાં, તેણે દિવસે હો હુવા પંચે પ્રધાનકે. ॥ ૩ ॥ પંચભરત પંચ ઐરવતે, દશક્ષેત્રે હો ગણતાં પચાસકે, અતીત અનાગત કાલનાં, કલ્યાણક હો દોઢસેં ઉલ્લાસકે. અવિચલ. ॥ ૪ ॥ અનંત ચોવિસી ઇણીપરે, હોવે તપના હો ઉપવાસ અનંતકે, કીધે લાભ ઘણો હોવે, તેહ દિવસ હો સહુ માંહે મહંતકે. અવિચલ૦ ॥ ૫ ॥ મૌનવ્રત પાલ્યું ભલું, ગ્રહી સંજમહો પ્રભુ મલ્લિનાથકે, મૌન એકાદશી તિણે થઇ, તપ કરતાં હો લહીયે શિવપુર સાથકે. અવિચલ૦ ॥ ૬ ॥ જેણે દિન લીજે એકાદશી, જ્ઞાન પુજા હો કીજીએ વિધિ જાણકે, દેહરે સ્નાત્ર કીજીયે, ગુરૂ મુખથી હો લીજીયે પચ્ચખ્ખાણકે. અવિચલ૦

॥ ૭ ॥ અહોરત્ત પોસહ કીજીયે, શુભભાવે હો તજી ચારે આહારકે, ગુણણું ગણીજે ભાવશું, રાત્રિજાગરણ હો આલસ પરિહારકે અવિ૦॥ ૮ ॥ વરસ અગીયાર કીજીયે, જાવજ્જીવ હો એ તપનો સાધકે, ઉજમણું એમ કીજીયે, ઘર સારૂ હો લહીયે ધર્મ સમાધકે. અવિચલ૦ ॥ ૯ ॥ જ્ઞાનતણાં ઉપકરણ ભલાં, શુભ ભાવે હો અગીયાર અગીયારકે, દાન સુપાત્રે દીજીયે, સ્વામિવચ્છલ હો કીજીયે વિધિ સારકે. અવિચલ૦ ॥ ૧૦ ॥ એણી વિધિ પૂર્વક ઇહવ્રતે, પાલતાં હો લહીયે સુખ પરમકે, સુવ્રતશ્રાવકની પરે, પાલતાં હો ટલે આઠે કર્મકે. અવિ૦ ॥ ૧૧ ॥ વીરતણી વાણી સુણી, પ્રતિબુઝયા હો ભવિ જીવ અનેકકે, વ્રત આરાધન કેઇ કરે, થયો તિથિનો હો મહિમા અતિરેકકે. અવિચલ૦ ॥ ૧૨ ॥ સંવત સતર પંચલોતરે ( ૧૭૦૫ ) સંઘ આગ્રહે હો કીયો સ્તવન આણંદકે, નગર સમાઅ-લખાનમાં, એમ પભણે હો શ્રીજીનેંદ્રસૂરીંદકે. અવિચલ. ॥ ૧૩ ॥ ઇતિ

## अथ श्री सीमंधर स्वामीनुं स्तवन.

શ્રી સીમંધર સાહેબા, અવર કુણ યુગનાથ, મારે આંગણીયે આંબો ફલ્યો, કોણ ભરેરે બાવળતરૂ

બાથરે, સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ. ॥ ૧ ॥ કોઇ મળેરે બલિહારીનો સાથરે સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ, આડા સાયર જળે ભર્યા, વચમાં મેરૂ પર્વત હોય, કોશ કેઇકને આંતરે, તિહાં આવી ન શકે કોયરે, સલુણા. ॥ ૨ ॥ મેં જાણ્યું હું આવું તુમ કને, વિષમ વિષમ વાટ અતિ દૂર, ડુંગરને દરીયા ઘણા, વચ્ચે નદિયો વહે ભરપૂરરે, સલુણા. ॥૩॥ મુજ હૈડુંરે સંશય ભર્યું, કે આગળ કહું દીલની વાત, એકવારરે સ્વામીજી જો મળે, જોઇ જોઇ જોઉંરે વંદન કેરી વાટરે, સલુણા. ॥ ૪ ॥ કોઇ કહેરે સ્વામીજી આવિયા, આપું લાખ પસાય, જીભરે ઘડાવું સોનાતણી, તેહના દુધડે પખાલું પાયરે. સલુણા. ॥ ૫ ॥ સ્વામીજી સુણલે પેખીયા, હૈડે હરખ ન માય, ગણિ સમયસુંદરવાચક એમ ભણે, મુજને ભેટયા સીમંધર રાયરે, સલુણા દેવ, સ્વામી સીમંધરદેવ. ॥ ૬ ॥

---

## ॥ अथ पार्श्वनाथनुं स्तवन ॥

હાલો હાલો હાથી ઘોડા શણગારોરે, પાર્શ્વનાથને દેહરે વેલા પધારો રે, પાર્શ્વનાથની મૂર્તિ છે મનોહારી રે, પાર્શ્વનાથ તો બેઠા પલાંઠીવાળી રે, સુણો

સુણો શ્રાવક સમકિત ધારો રે, પાર્શ્વનાથને દેહરે વહેલા પધારો રે ॥ ૧ ॥ પાર્શ્વનાથ તો પ્રાણુત દેવ-લોકથી ચવિયા રે, પાર્શ્વનાથ તો પોષ વદિ દસમીયે જનમ્યા રે, પાર્શ્વનાથને ચોસઠ ઈંદ્રે નવરાવ્યા રે, પાર્શ્વનાથને છપ્પનદિગ્કુમરીયે હુલરાવ્યા રે, સુણો૦ ॥ ૨ ॥ પાર્શ્વનાથ તો વામાદેવીના નંદ રે, પાર્શ્વ-નાથ તો અશ્વસેન કુલચંદ રે, પાર્શ્વનાથને સેવે ચોસઠ ઈંદા રે, પાર્શ્વનાથને પુજ્યે પરમાનંદા રે સુણો૦ ॥ ૩ ॥ પાર્શ્વનાથ તો સમતા ગુણના દરીયા રે, પાર્શ્વનાથ તો ભવસમુદ્રથી તરિયા રે, પાર્શ્વ-નાથની સિદ્ધ અવસ્થા સોહે રે, પાર્શ્વનાથની મૂર્તિ દેખી મન મોહે રે સુણો૦ ॥ ૪ ॥ પાર્શ્વનાથને પુરૂષાદાણી કહીયે રે, પાર્શ્વનાથને સેવ્યાથી સુખ લહીયે રે, પાર્શ્વનાથને નામે નવનિધિ થાય રે, પાર્શ્વનાથના પદ્મજીત ગુણ ગાય રે સુણો૦ ॥ ૫ ॥

---

## શ્રી શાંતિનાથજિન સ્તવન.

શાંતિજીનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ અનુ-કુલમેં હો જીનજી, તું મેરા મનમેં, તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી, તું મેરા૦ ભવમાં ભમતાં મેં દરિશન પાયો; આશા પૂરો એક પલમેં

હો જિનજી તું મેરા૦ ॥ ૨ ॥ નિર્મલ જ્યોત વદન પર સોહે, નિકસ્યોજ્યું ચંદ વાદળમેં હો જીનજી, તું મેરા૦ ॥ ૩ ॥ મેરા મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં સાહેબજી, તું મેરા૦ ॥ ૪ ॥ જિન રંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર દીઠોજી દેવ સકળમેં હો જીનજી, તું મેરા૦ ॥ ૫ ॥

---

## શ્રી શાંતિનાથજિન સ્તવન.

સુણુ દયાનિધિ, તુજપદ પંકજ મુજમન મધુકર લીનો, પ્રભુ અચિરામાતાનો જાયો, વિશ્વસેન ઉત્તમકુલ આયો, એક ભવમાં દોય પદવી પાયો, સુણુ દયાનિધિ૦ તું તો રાતદિવસ રહે સુખલીનો સુણ૦ ॥ ૧ ॥ પ્રભુ ચક્રીજિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નિરોગી, તુજ સમ અવર નહી દુર્જોગી, સુણુ દયાનિધિ. ॥ ૨ ॥ ખટખંડતણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ રૂદ્ધિ તણો રાગી, તુજ સમ અવર નહિ વૈરાગી, સુણ દયાનિધિ. ॥૩॥ પ્રભુ મેઘરથ ભવ ગુણ ખાણી, પારેવા ઉપર કરૂણા આણી, નિજશરણે રાખ્યો સુખખાણી, સુણ દયાનિધિ. ॥૪॥ વડવીર થયા સંજમધારી, લહે કેવલ દુગ કમળા સારી, તુજ સમ અવર નહિ ઉપગારી,

સુણ દયાનિધિ ॥ ૫ ॥ પ્રભુ કર્મકટક ભવભયટાળી નિજ આતમગુણને અજુઆળી, પ્રભુ પામ્યા શિવ-વધુ લટકાળી, સુણ દયાનિધિ૦ ॥ ૬ ॥ સાહેબ એક મુજરો માનીજે, નિજ સેવક ઉત્તમ પદ દીજે, રૂપ કીર્તિ કરે તુજ જીવવિજે, સુણ દયાનિધિ૦ ॥ ૭ ॥

---

## श्री नेमिनाथजिन स्तवन.

( અજીતજીણંદશું પ્રીતડી એ દેશી ).

પરમાતમ પૂરણકલા, પૂરણ ગુણ હો પૂરણજન આશ; પૂરણદૃષ્ટિ નિહાલીએ, ચિત્તધરીએ હો અમચી અરદાસ, પરમાતમ૦ ॥ ૧ ॥ સર્વ દેશઘાતી સહૂ, અઘાતી હો કરી ઘાત દયાળ; વાસ કીયો શિવ-મંદીરે, મોહે વીસરી હો ભમતો જગ જાળ, પર-માતમ૦ ॥ ૨ ॥ જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર; તાત કહો મોહે તારતાં, કિમ-કીની હો ઇણ અવસર વાર, પરમાતમ૦ ॥ ૩ ॥ મોહમહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર, ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ, પરમાતમ૦ ॥ ૪ ॥ મોહ ગયા જો તારશો, તિણે વેળા હો કહાં તુમ ઉપકાર, સુખ-વેળા સજ્જન ઘણાં, દુઃખવેળા હો વિરલા સંસાર,

પરમાતમ૦ ॥ ૫ ॥ પણ તુમ દરિશન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ, અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ, પરમાતમ૦ ॥ ૬ ॥ કર્મ કલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતા રામ; લહત અપૂર્વભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ, પરમાતમ૦ ॥ ૭ ॥ ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ, ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ, પરમાતમ૦ ॥૮॥

---

## श्री पार्श्वनाथजिन स्तवन.

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું, વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી; મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી, મોહન૦ ॥ ૧ ॥ ભવપટ્ટણ ચીહુદિશિ ચારેગતિ, ચોરાશીલખ ચૌટા, ક્રોધ માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા, મોહન૦ ॥ ૨ ॥ અનાદિ નિગોદ તે બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો, સંજ્ઞાચારે ચોકીમે્લી, વેદ નપુંસક આંકયો, મોહન૦ ॥ ૩ ॥ ભવસ્થિતિ કર્મ. વિવર લઇ નાઠો, પુણ્ય ઉદય પણ વાકયો, સ્થાવર બિગલેંદ્રીપણું ઓલંઘી, પંચેંદ્રિપણું લાકયો,

મોહન૦ ॥ ૪ ॥ માનવભવ આરજકુલ સદ્દગુરૂ, વિમળબોધ મળ્યો મુજને, ક્રોધાદિકરૂપ શત્રુવિનાશી, તેણે ઓળખાવ્યો તુજને, મોહન૦ ॥ ૫ ॥ પાટણ માંહે પરમદયાળુ, જગત વિભૂષણ ભેટ્યા, સત્તર બાણું શુભ પરિણામે, કર્મકઠીન બળમેટ્યા, મોહન૦ ॥ ૬ ॥ સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું, ખીમાવિજય જિન ચરણરમણ સુખ, રાજપોતાનું લીધું, મોહન૦ ॥ ૭ ॥

---

## श्री पार्श्वजिन स्तवन बीजुं.

પરમાતમ પરમેસરૂ, જગદીશ્વર જિનરાજ, જગબંધવ જગભાણ બલિહારી તુમતણી, ભવજલધિમાંહીજહાજ ॥ ૧ ॥ તારકવારક મોહનો, ધારક નિજ ગુણરૂદ્ધિ, અતિશયવંતભદંત રૂપાલીશિવવધુ, પરણી લહી નિજ સિદ્ધિ ॥ ૨ ॥ જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત, ઇમ દાનાદિ અનંતક્ષાયિક ભાવે થયા, ગુણ તે અનંતાનંત ॥ ૩ ॥ બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મઝાર, એક વર્ણ પ્રભુ તુઝ ન માયે જગતમાં, કેમ કરી થુણીએ ઉદાર ॥ ૪ ॥ તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય, આવિર્ભાવથી તુઝ સયલ ગુણ માહરે, પ્રછન્ન

ભાવથી જોય, ॥ ૫ ॥ શ્રી પંચાસરાપાસજી અરજ કરૂં એક તુઝ, તે આવિર્ભાવ થાય દયાલ કૃપાનિધિ, કરૂણા કીજેજી મુઝ. ॥ ૬ ॥ શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ, પદ્મવિજય કહે એમ લહું, શિવનગરીનું અક્ષય અવિચલ રાજ, ॥૭॥

---

## शत्रुंजय स्तवन.

હાંરેમારે યોવયાનીનો લટકો દહાડા ચાર જો—એ દેશી.

હાંરે મારે આજ મળીયો મુજને તિન ભુવનનો નાથ જો, ઉગ્યો સુખ સુરતરૂ મુજ ઘટઘર આંગણે રે લોલ, હાંરે આજ અષ્ટ મહા સિદ્ધિ આવી માહારે હાથ જો, નાઠા માઠા દહાડા દરિસણ પ્રભુતણે રે જો ॥ ૧ ॥ હાંરે માહરે હિયડે ઉલટી ઉલટરસની રાસી જો, નેહ સલુણી નજર નિહાળી તાહરી રે જો, હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસજો, તાહરે નેહે ભેદી મીંજે માહરીરે જો ॥ ૨ ॥ હાંરે માહરીપૂગી પૂરણરીતે મનની હોંસજો, દુર્જનીયાતે દુઃખભર્યા આવશે પઝ્યારે જો, હાંરે પ્રભુ તું તો સુરતરૂ બીજા જાણ્યા તૂસજો, તુજ ગુણહીરો મુજ હિયડા ઘાટે જડયોરે જો. ॥ ૩ ॥ હાંરે પ્રભુ તુજ શું

માહરે ચોળ મજીઠો રંગજો, લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકેરે જો, હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગજો, લાગ ન લાગે દુર્જનનો કો મુજ થકેરે જો ॥ ૪ ॥ હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહન વેલજો, મોહ્યા તિનભુવનજન દાસ થઇ રહ્યારે જો, હાંરે પ્રભુ જે નવિરંજ્યા તે સુરતરૂને ઠેલી જો, દુઃખ વિષવેલી આદર કરવા ઉમહ્યારે જો. ॥ ૫ ॥ હાંરે પ્રભુ તાહરી ભક્તિલીન્યું મારૂં ચિત્તજો, તલજિમ તેલે તેલે જેમ સુવાસના રે જો, હાંરે પ્રભુ તાહરી દીઠી જગમાં મોટી રીતજો, સફલ ફલ્યાં અરદાસવચન મુજ દાસનાંરે જો ॥ ૬ ॥ હાંરે મારે પ્રથમ પ્રભુજી પુરણ ગુણનો ઇશજો, ગાતાં રૂષભજિનેશ્વર હુંશે મનતણી રે જો; હાંરે મારે વિમળવિજયવરવાચકનો શુભ શિષ્યજો, રામે પામી દિનદિન દોલત અતિ ઘણી રે જો૦ ॥ ૭ ॥ ઇતિ ॥

---

## श्री अभिनंदन जिनवाणी महिमा स्तवन.

તુમે જોજો જોજોરે, વાણીનો પ્રકાશ, તુમે જોજો જોજોરે, ઉઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભલાય; નર તિરિય દેવ આપણી, સહુ ભાષાયે સમજાય, તુમે૦ ॥ ૧ ॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે જુત્ત,

ભંગતણી રચના વાણી, કાંઇ જાણે સહુ અદ્દભુત, તુમે૦ ॥ ૨ ॥ પય સુધાને ઇક્ષુવારિ, હારિ જાયે સર્વ, પાખંડી જન સાંભળીને, મૂકી દીયે ગર્વ. તુમે૦ ॥ ૩ ॥ ગુણ પાંત્રીશે અલંકરી, કાંઇ અભિનંદન જિનવાણ, સંશય છેદે મનતણા, પ્રભુ કેવલજ્ઞાને જાણ તુમે૦ ॥ ૪ ॥ વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્ય ને ભાવ, નિશ્ચયને વ્યવહાર જાણે, જાણે નિજ પરભાવ, તુમે૦ ॥ ૫ ॥ સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાનને આ-ચાર; હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વાતત્વ વિચાર. તુમે૦ ॥ ૬ ॥ નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્ય-યને ઉત્પાદ; રાગદ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપ-વાદ. તુમે૦ ॥ ૭ ॥ નિજ સ્વરૂપને ઓલખીને, અવ-લંબે સ્વરૂપ; ચિદાનંદઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ, તુમે૦ ॥ ૮ ॥ વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ; નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦ ॥ ૯ ॥

---

## શ્રી સીમંધર જિન સ્તવન.

ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરિગિણી ગામ, ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ, સીમંધર સ્વામી કઇયેંરે, હું મહાવિદેહ

આવીશ, જયવંતા જીનવર, કૈયેરે હું તમને વાંદીશ. ॥ ૧ ॥ ચાંદલીયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ, ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ, સી. ॥ ૨ ॥ સમવસરણ દેવે રચ્યું તીહાં, ચોસઠ ઈંદ્ર નરેશ, સોનાતણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ. સીમંધર૦ ॥ ૩ ॥ ઈંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ; લળિલળિ લીયે લૂંછણાજી, જિનવર દીયે ઉપદેશ. સી૦ ॥ ૪ ॥ એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવાં પચ્ચખ્ખાણ, બારે પરખદા સાંભળેજી, અમૃતવાણી વખાણ. સી૦ ॥૫॥ રાયને વ્હાલા ઘોડલાજી, વેપારીને વ્હાલા છે દામ; અમને વ્હાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ. સીમંધર૦ ॥ ૬ ॥ નહિ માગું પ્રભુ રાજરૂધ્ધીજી, નહિ માગું ગરથ ભંડાર; હું માગું પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર. સીમંધર૦ ॥ ૭ ॥ દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર; મુજરો મ્હારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર, સીમંધર. ॥ ૮ ॥ સમયસુંદરની વિનતિજી, માનજો વારંવાર: બેહુ કરજોડી વિનવુંજી, વિનતડી અવધાર, સીમંધર. ॥ ૯ ॥

# श्री अजितनाथ स्वामीनुं स्तवन.

( રાગ આશાવરી )

મારૂં મન મોહ્યુંરે શ્રી વિમલાચલેરે, એ દેશી.

પંથડો નિહાળુંરે બીજા જિન તણોરે, અજિત અજિત ગુણધામ, જે તેં જીત્યારે તેણે હું જીતીયોરે, પુરૂષ કિશ્યું મુજ નામ, પંથડો. ॥ ૧ ॥ ચરમ નયણે કરી મારગ જોવતોરે, ભુલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએરે, નયણ તે દિવ્ય વિચાર, પંથડો. ॥ ૨ ॥ પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધોઅંધ પલાય; વસ્તુ વિચારે રે જો આગમે કરીરે, ચરણ ધરણ નહીં ઠાય, પંથડો. ॥ ૩ ॥ તર્ક વિચારે રે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોઇ, અભિમતે વસ્તુ વસ્તુગતે કહેરે, તે વિરલા જગ જોય, પંથડો. ॥ ૪ ॥ વસ્તુ વિચારે રે, દિવ્ય નયણ તણોરે, વિરહ પડયો નિરધાર, તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર, પંથડો. ॥ ૫ ॥ કાળ લબ્ધિ લહી પંથ નિહાળશુંરે, એ આશા અવિલંબ, એ જન જીવેરે જીનજી જાણજોરે, આનંદઘન મતઅંબ, પંથ૦ ૬

## श्री संभवनाथ जिन स्तवन.

(હાંરે કાંઇ યોવનનિયાનો લટકો દાડા ચારજો—એ દેશી.)

હાંરે પ્રભુ સંભવસ્વામી, ત્રીજા શ્રી જગનાથજો; લાગીરે તુજથી દઢ ધર્મની પ્રીતડીરે લો; હાંરે૦ સરસ સુકોમળ સુરતરૂ દીધી બાથજો, જાણ્યું, રેસે ભૂખે લીધી સુખડી રે લો ॥ ૧ ॥ હાંરે૦ સકળ ગુણે કરી ગીરૂઆ તુંહીજ એકજો, દીઠો રે મન મીઠો ઇઠો રાજીઓ રે લો; હાંરે૦ તુજસ્યું મિલતાં સાચો મુજસ્યું વિવેકજો, હુંતો રે ધણીઆતો થઇને ગાજીઓ રે લો. ॥ ૨ ॥ હાંરે૦ નહિ છે માહરે હવે કેહની પરવારજો, જો તારે સાહી મુજ લેજે બાંહડીરે લો. હાંરે૦ તુજ પાસેથી અળગો ન રહું નાહજો, દોડે રે કુણ તાવડ છાંડિ છાંહડીરે લો ॥ ૩ ॥ હાંરે૦ ભાગ્યે લહીયે તુજ સરીખાનો સંગજો, આણે રે જમવારે ફિરિ ફિરિ દોહિલો રે લો, હાંરે૦ જોતિ મનોહર ચિંતામણીનો નંગજો, જોતાં રે કિમે નહી જગમાં સોહિલો રે લો. ॥ ૪ ॥ હાંરે૦ ઉતારો મત ચિતડાથી નિજ દાસજો, ચિંતારે ચૂરંતા પ્રભુ ન કરો ગઇ રે લો હાંરે૦ પ્રેમ વધારણ કાંતિતણી અરદાસજો, ગણતાં રે પોતાનો સવિ લેખે થઇ રે લો. ॥ ૫ ॥

## શ્રી અભિનંદન જિન સ્તવન.

( ઢાલ મોતીડાની—એ દેશી. )

પ્રભુ મુજ દરિશન મળીયો અલવે, મન થયો હવે હળવે હળવે; સાહિબા અભિનંદન દેવા, મોહેના અભિનંદન૦ પુણ્યોદય એ મોટો માહરો, અણુચિંત્યો થયો દરિસણુ તાહરો. સા૦ દેખત ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું; સા૦ મનડું જાયે નહિ કોઇ પાસે, રાત દિવસ રહે તારી પાસે, સા૦ ॥ ૨ ॥ પહિલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટા શું હિળવું દોહિલું સા૦ સોહિલું જાણિ મનડું વ. ળગ્યું, થાય નહિ હવે કીધું અળગું. સા૦ ॥ ૩ ॥ રૂપ દેખાડી હોયે અરૂપી, કિમ ગ્રહિવાયે અકલ સ. રૂપી; સા૦ તાહરી ધાત ન જાણી જાયે, કહો મનડાની શી ગતિ થાયે, સા. ॥ ૪ ॥ પહેલાં જાણી પછી કરે કિરિયા, તે પરમારથ સુખના દરીયા. સા૦ વસ્તુ અજાણ્યે મન દોડાવે, તે તો મુરખ બહુ પસ્તાવે. સા૦ ॥ ૫ ॥ તે માટે તું રૂપી અરૂપી, તું શુદ્ધ બુદ્ધને સિદ્ધ સરૂપી. સા૦ એહ સરૂપ ગ્રહીઉં જબ તાહરૂં, તવ ભ્રમ રહિત થયું મન માહરૂં સા૦ ॥ ૬ ॥ તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહિયે, ઇમ હિળવું

પણ સુલભજ કહીયે. સા૦ માનવિજય વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસમાં હલ્યો એકતાને, સા૦ ॥ ૭ ॥

---

## श्री सुमतिजिन स्तवन.

( થારામોહલા ઉપર મેહ એ—દેશી )

રૂપ અનૂપ નિહાલી, સુમતિજિન તાહરૂં હોલાલ; સુ૦ છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરૂં હો લા- લ. ઠ૦, રૂપીસરૂપ ન હોત, જો જગ તુજ દીસતું હો લાલ, જો૦ તો કુણુ ઉપર મન્ન, કહો અમ હીંસતું હો લાલ, ક૦ ॥ ૧ ॥ હીંસ્યાવિણ કિમ શુદ્ધ સ્વભા- વને ઇચ્છતા હોલાલ; સ્વ૦, ઇચ્છા વિણુ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા હોલાલ, પ્ર૦ પ્રીછયાવિણુ કિમ ધ્યાન, દશામાંહિલાવતા હો લાલ; દ૦ લા૦યાવિણુ રસસ્વાદ, કહો કિમ પાવતાહો લાલ, ક૦ ભકિતવિના નવિ મુકિત, હુયે કોઇ ભગતને હો લાલ, હુ૦ રૂપીવિના તો તેહ, હુયે કીમ વ્યક્તને હો લાલ; હુ૦ નવણુ વિલેપન માળ, પ્રદીપને ધૂપણા હોલાલ, પ્ર૦ નવનવ ભૂષણ ભાલ, તિલક શિરને ખૂંપણા હોલાલ, તિ૦ ॥ ૩ ॥ અમસત પુણ્યને યોગે, તુમે રૂપી થયા હોલાલ તુ૦ અમૃત સમાની વાણી, ધર્મની કહી ગયા હો લાલ,

ધ૦ તેહ આલંબીને જીવ, ઘણાએ બૂઝીયા હોલાલ; ધ૦ ભાવિભાવને યોગેં અમો પણ રંજીયા હોલાલ, અ૦ ॥ ૪ ॥ તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો હોલાલ, ધ૦ સેવ્યો ધ્યાયો હુયે, મહાભય વારણો હોલાલ, મહા૦ શાંતિવિજયબુધશીષ્ય, કહે ભવિકા જના હોલાલ, કહે૦ પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઇ એકમના હોલાલ, કરો૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

## श्री पद्मप्रभु जिन स्तवन.

( દેશી—રસીયાની )

પદ્મ જિનેસર પદ્મલંછન ભલું, પદ્મની ઉપમા દેવાય; જિનેસર, ઉદકને પંકમાંહિ જે ઉપનું, ઉદક પંકે ન લેપાય, જી. ॥ ૧ ॥ તિમ પ્રભુ કર્મપંકથી ઉપના, ભોગજળે વધ્યા સ્વામી, જી૦ કર્મભોગ મ્હેલી અલગા રહ્યા, તેહને નમું શિરનામી, જી૦ પ૦ ॥૨॥ બારે પરખદા આગળ તું દીયે, મધુર સ્વરે ઉપદેશ, જી૦ સરદષ્ટાંતે દેશના સાંભળે, નરતિરિ દેવ અશેષ, જી૦ પ૦॥૩॥ રક્તપદ્મસમ દેહ તે તગતગે, જબલગે રૂપ નિહાળ, જી૦ ઝગમગે સમવસરણમાંહિ રહ્યા, પગપગે રિદ્ધિ રસાળ, જી૦ પ૦ ॥૪॥ સુસીમામાતાએ પ્રભુને ઉર-

ધર્યા પદ્મ સ્વપન ગુણધામ, જી૦ ઉત્તમવિજય ગુરૂ સાહે ગ્રહ્યા, પદ્મવિજય પદ્મનામ. જી૦ પ૦ ॥ ૫ ॥

---

## श्रीसुपार्श्वनाथ जिन स्तवन.

( રંગીલે આતમા—એ દેશી )

નિરખી નિરખી તુજ બિંબને રે, હરખિત હુયે મુજમન્ન; સુપાસ સોહામણા, નિરવિકારતા નયનમાં રે, મુખડું સદા સુપ્રસન્ન. સુ૦ ॥ ૧ ॥ ભાવઅવસ્થા સાંભરે રે, પ્રાતિહાર્યની શોભ; સુ૦ કોડિગમે દેવા સેવા, કરતા મૂકી લોભ. સુ૦ ॥ ૨ ॥ લોકાલોકના સવિભાવા, પ્રતિભાસે પ્રત્યક્ષ, સુ૦ તોહે ન રાચે નવિ રૂસે રે, નવિ અવિરતિનો પક્ષ૦ સુ૦ ॥ ૩ ॥ હાસ્ય ન રતિ અરતિ નહિ રે, નહિ ભય શોક દુગંછ. સુ૦, નહી કંદર્પકદર્થના રે, નહી અંતરાયનો સંચ, સુ૦ ॥ ૪ ॥ મોહ મિથ્યાત નિદ્રા ગઇ રે, નાઠા દોષ અઢાર સુ૦, ચોત્રીસ અતિશય રાજતારે, મૂલઅતિશય ચ્યાર૦ સુ૦ ॥ ૫ ॥ પાંત્રીશ વાણી ગુણે કરી રે, દેતા ભવિ ઉપદેશ, સુ૦ ઇમ તુજ બિંબને તાહરો રે, ભેદ નહિ લવલેશ. સુ૦ ॥ ૬ ॥ રૂપથી પ્રભુ ગુણસાંભરે રે. ધ્યાન રૂપસ્થ વિચાર; સુ૦ માનવિજય વાચક વદે રે, જીનપ્રતિમા જયકાર; સુ૦ ॥ ૭ ॥

## શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

( રાગ કેદારો ગોડી—કુમરી રોવે આક્રંદ કરે મુકાવે એ દેશી )

ચંદ્રપ્રભ મુખચંદ, સખી મુને દેખણ દે, ઉપશમ રસનો કંદ; સ૦ સેવે સુરનર વૃંદ, સ૦ ગત કલિમલ દુઃખદંદ, સ૦ ॥૧॥ સુહુમ નિગોદે ન દેખીયો, સ૦ બાદર અતિહિ વિશેષ, સ૦ પુઢવી આઉ ન લેખીઓ, સ૦, તેઉ વાઉ ન લેશ, સ૦, ॥ ૨ ॥ વનસ્પતિ અતિઘણ દીહા, સ૦ દીઠો નહિય દેદાર; સ૦ બિતિ ચઉરિંદિ જલ તિહાં, સ૦ ગતિ સન્ની પણ ધાર. સ૦ ॥ ૩ ॥ સુરતિરિ નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ; સ૦ અપજત્તા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢીયો હાથ. સ૦ ॥ ૪ ॥ ઇમ અનેક થલ જાણીયે; સ૦ દરિસણ વિણ જિનદેવ; સ૦ આગમથી મતિ આણીયે, સ૦ કીજે નિર્મલ સેવ, સ૦ ॥ ૫ ॥ નિર્મલ સાધુ ભક્તિ લહી, સ૦ યોગ અવંચક હોય સ૦ કિરિયા અવંચક તિમ સહી, સ૦ ફલ અવંચક જોય. સ૦ ॥ ૬ ॥ પ્રેરક અવસર જિનવરૂ, સ૦ મોહનીય ક્ષય જાય; સ૦ કામિત પૂરણ સુરતરૂ, સ૦ આનંદઘન પ્રભુપાય. સ૦ ॥ ૭ ॥

# શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

( રાગ—કેદારો—ઇમધનોધનને પરચાવે—એ દેશી. )

સુવિધિ જિણેસર પાય નમીને, શુભકરણી ઇમ કીજેરે, અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહઉઠી પૂજીજેરે, સુ૦ ॥ ૧ ॥ દ્રવ્યભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઇયેરે, દહતિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયેરે, સુ૦ ॥ ૨ ॥ કુસુમ અક્ષત વરવાસ સુગંધો, ધૂપદીપ મન સાખીરે, અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરૂમુખ આગમ ભાખીરે, સુ૦ ॥ ૩ ॥ એહનું ફળ દોય ભેદ સુણીજે અનંતરને પરંપરરે, આણાપાલણ ચિત્ત પ્રસન્ને મુગતિ સુગતિ સુરમંદિરરે, સુ૦ ॥ ૪ ॥ ફુલ અક્ષતવરધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જલભરીરે, અંગ અગ્ર પૂજામિલિ અડવિધ, ભાવે ભવિક સુભગતિ વરીરે સુ૦ ॥ ૫ ॥ સત્તરભેદ એકવીશ પ્રકારે, અષ્ટોત્તરશત ભેદેરે, ભાવ પૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે, સુ૦ ॥ ૬ ॥ તુરીય ભેદ પડિવતિ પૂજા, ઉપશમ ખીણ સયોગીરે; ચઉહા પૂજા ઇમ ઉત્તરા ઝયણે, ભાખી કેવળ ભોગીરે સુ૦ ॥ ૭ ॥ ઇમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણીરે, ભવિક જીવ કરસ્યે તે લહિસ્યે, આનંદઘનપદ ધરણીરે, સુ૦ ૮.

## શ્રી શીતલનાથ જિન સ્તવન.

( ભોલુડા રે હંસા—એ દેશી )

શીતલજિન તુજ મુજ વિચે આંતરૂં, નિશ્ચયથી નહિ કોય; દંસણનાણ ચરણ ગુણ જીવને, સહુને પૂરણ હોય. ॥ ૧ ॥ અંતરયામીરે સ્વામી સાંભળો, પણ મુજ માયારે ભેદિ ભોળવે, બાહ્ય દેખાડીરે વેષ, હિયડે જુઠીરે મુખ અતિ મીઠડી, જેહવી ધૂરત વેષ. અં૦ ॥ ૨ ॥ એહને સ્વામીરે મુજથી વેગળી, કીજે દીન દયાળ; વાચક જશ કહે જિમ તુમ્હ સ્યું મિલી, લહીયે સુખ સુવિશાળ. અં૦ ॥ ૩ ॥

---

## શ્રી શ્રેયાંસજિન સ્તવન.

( ગઢડામે ઝુલે સહિયાં હાથણિ એ દેશી.

મનડું તે મોહ્યું સહીયાં માહરૂં, દેખીને જિનવર શ્રી શ્રેયાંસ; માહરે આંગણીયે, સહિયાં આંબો મોરિઓ, ભાવઠ ભાગી સહિયાં મોરડી, પ્રગટ્યા છે પુન્યના રૂડા અંશ. મ૦ ॥ ૧ ॥ દુધે તે વૂઠા સહિયાં મેહુલા, ફૂલી છે આંગણે મોહનવેલ. મ્હારે૦ અમિયરશું સિંચ્યાં સહિયાં નયણલાં, વધતિ છે અમચે ઘર રંગરેલ; મ્હારે૦ ॥ ૨ ॥ સાચો એ સાહિબ

સહિયાં સેવતાં, મનડાના દીસે રૂડાકોડ, મ્હારે૦ જોતાં ન દીસે સહીયાં એહવો, બીજો નહિ જગમાં એહની જોડ, મ્હારે૦ ॥ ૩ ॥ રાણી શ્રીવિષ્ણુ સહિયાં જનમીઓ; રાજા શ્રીવિષ્ણુતણો કુલભાણ, મ્હારે૦ લંછન તે ખડ્ગી સહિયાં જેહને, વહાલો તે જિનવર જગનો ભાણ. મ્હારે૦ ॥ ૪ ॥ લાગી હે સહિયાં પૂરણ પ્રીતડી, મુખડાથી તે તો ન કહેવાય, મ્હારે૦ રંગેહે સહિયાં જિનને વાંદતાં, પ્રેમે હે કાંતિવિજય સુખ થાય, મ્હારે૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## श्री वासुपूज्यजिन स्तवन.

( પ્રથમ ગોવાળાતણે ભવેજી—એ દેશી )

વાસવવંદિત વંદિએજી, વાસુપૂજ્ય જિનરાય; માનું અરૂણ વિગ્રહ કર્યોજી, અંતરરિપુજયકાર ગુણાકર, અદ્ભુત ત્હારીરે વાત, સુણતાં હોય સુખસાત; ગુ૦ ॥ ૧ ॥ અંતરરિપુક્રમ જય કર્યોજી, પામ્યો કેવળજ્ઞાન, શૈલેશીકરણે દહ્યાંજી, શેષકર્મ સુહઝાણ, ગુ૦ ॥ ૨ ॥ બંધન છેદાદિક થકીજી, જઇ ફરસ્યો લોકાંત, જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત; ગુ૦ ॥ ૩ ॥ અવગાહના જે મુળછેજી, તેહમાં સિદ્ધ અનંત; તેહથી અસંખ્યગુણા હોયેજી,

ફરસિત જિન ભગવંત, ગુ૦ ॥ ૪ ॥ અસંખ્યપ્રદેશ અવગાહનાજી, અસંખ્યગુણ તિણે હોય, જ્યોતિમાં જ્યોતિ મિલ્યા પરેજી, પણ સંકીર્ણ ન કોય, ગુ૦ ॥ ૫ ॥ સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર; અચલ અમલ નિકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર ગુ૦ ॥ ૬ ॥ નિજ સ્વરૂપમાંહિ રમેજી, ભેળા રહત અનંત; પદ્મવિજય તે સિદ્ધનુંજી, ઉત્તમ ધ્યાન ધરંત. ગુ૦ ॥ ૭ ॥

---

## श्री विमलजिन स्तवन.

( અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી )

વિમલ જિણેસર નિજકારજ કર્યું, છંડી સોપાધિ ભાવોજી; એકપણે સવિગુણમાં મળી રહ્યો, પરમાનંદ સ્વભાવોજી. વિ૦ ॥ ૧ ॥ સુમનસકાંતારે વિભ્રમ રોચિતા, જસુ માનસ ન ક્ષોભાવોજી; મંદારબાંહયેરે સવિ સુર જીતિયા, તું તો જીતેંદ્રિ સ્વભાવોજી. વિ૦ ॥ ૨ ॥ ત્રિભુવન બંધુંરે અતિશય પૂરણો, દોષઅભાવે ગતતાંતિજી; દીર્ણાંગજ અરિહા મિટે ભવધહા, અતુલ દાયક મુજ શાંતિજી. વિ૦ ॥ ૩ ॥ નિઃપ્રતિબંધ અબંધક મેં સ્તવ્યો, અપવર્ગ પદવીનો ભૂપોજી; નિકટ કરે જનને મન સુ-

રૂપ દેખે તે સહજસ્વરૂપોજી. વિ૦ ॥ ૪ ॥ વિમલ જિણુંદથીરે ધ્રુવપદ રાગીયા, નિર્મલ કરે નિજ શક્તિજી; સૌભાગ્યલક્ષ્મીસૂરિ અવધ ભેદી લહે, પૂર્ણાનંદ પદ વ્યક્તિજી. વિ૦ ॥ ૫ ॥

---

## શ્રી અનંતનાથજિન સ્તવન.

( રાગ—રામગીરી કડખો )

ધાર તરવારની સોહિલી દોહિલી, ચૌદમા જિનતણી ચરણ સેવા; ધારપર નાચતા દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા, ધા૦ ॥ ૧ ॥ એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે; ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચ્યારગતિમાંહિ લેખે. ધા૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે; ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં; મોહ નડિયા કલિકાલ રાજે. ધા૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો, વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઇ રાચો. ધા૦ ॥ ૪ ॥ દેવગુરૂધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી છારપરે લીંપણો તેહ જાણો.

ધા૦ ॥ ૫ ॥ પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહી કોઇ જગસૂત્ર સરિખો; સૂત્રઅનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર તરવારની૦ ॥ ૬ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે, તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦ ॥ ૭ ॥

---

## श्री धर्मनाथजिन स्तवन,

( હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો—એ દેશી )

હાંરે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીતજો, જીવડલો લલચાણો જિનજીની ઓળગે રેલો; હાંરે મુને થાશે કોઇક સમે પ્રભુ સુપ્રસન્નજો, વાતડલી માહરીરે સવિ થાશે વગેરેલો૦ ॥ ૧ ॥ હાંરે પ્રભુ દુર્જનનો ભંભેર્યો માહરો નાથજો, ઓળવશ્યે નહી ક્યારે કીધી ચાકરીરે લો; હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહે જો, જઇયેરે જીમ તેહને ઘર આશા કરીરે લોલ૦ ॥ ૨ ॥ હાંરે જસ સેવા સેંતી સ્વારથની નહી સિદ્ધજો, ઠાલીરે શી કરવી તેહથી ગોઠડી રેલો, હાંરે કાંઇ એઠું ખાય તે મીઠાઇને માટેજો, કાંઇ રે પરમારથ વિણ નહી પ્રીતડી રેલો૦ ॥ ૩ ॥ હાંરે

મારે અંતરજામી જીવન પ્રાણ આધારજો; વાયોરે નવિ જાણ્યો કલિયુગ વાયરો રેલો; હાંરે મારે લાયક નાયક ભક્તવત્સલ ભગવંત જો, વારૂરે ગુણ કેરો સાહિબ સાયરૂ રેલો૦ ॥ ૪ ॥ હાંરે મારે લાગી મુજને તાહરી માયા જોરજો, અળગારે રહ્યાથી હોય ઓ સાંગળો રેલો; હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજ જો, હેજે રે હસી બોલો છાંડી આમલો રેલો૦ ॥ ૫ ॥ હાંરે મારે મુખને મટકે અટક્યું મહારૂં મનજો, આંખડલી અણીયાલી કામણગારડી રેલો; હાંરે મારાં નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજ જો, રીતે રે પ્રભુ રૂપે ન રહે વારીઆંરે લો૦ ॥ ૬ ॥ હાંરે પ્રભુ અળગા તો પણ જાણજ્યો કરીને હજુરજો, તાહરીરે બલીહારી હું જાઉં વારણેરે લો; હાંરે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો, ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણેરે લો૦ ॥ ૭ ॥

---

## श्री अरनाथजिन स्तवन.

( આસણરાયોગી—એ દેશી )

શ્રી અરજીન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂરે, મનમોહન સ્વામી, બાંહે ગ્રહી એ ભવિજન તારે, આણે શિવપુર આરેરે મ૦ ॥ ૧ ॥ તપજપ

મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે, મ૦ પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તેહે સાથેરે મ૦ ॥ ૨ ॥ ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇરે, મ૦ કાયા કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઇરે, મ૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુવિધની રચના, યોગ માયા તે જાણોરે, મ૦ શુદ્ધ દ્રવ્યગુણ-પર્યાય ધ્યાને, શિવદે પ્રભુ સપરાણોરે, મ૦ ॥ ૪ ॥ પ્રભુ પાય વળગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે, મ૦ વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે, મ૦ ॥ ૫ ॥

---

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

( સુણ બ્હેની પીઉડો પરદેશી એ દેશી )

મલ્લિજિનેસર ધર્મ તુમ્હારો, સાદિ અનંત સ્વભાવજી; લોકાલોક વિશેષાભાસન, જ્ઞાનાવરણી અભાવજી. મ૦ ॥ ૧ ॥ એક નિત્યને સઘળે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી; બીયાવરણ અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી. મ૦ ॥ ૨ ॥ આતમ એક અસંખ પ્રદેશી, અવ્યાબાધ અનંતજી; વેદની વિનાશે માચે, લોકે દ્રવ્ય મહંતજી. મ૦ ॥ ૩ ॥ મોહની ક્ષયથી ક્ષાયક સમકિત, યથાખ્યાત ચારિત્રજી; વીત-

શાશ્વતા રમણો આયુ, ક્ષય અક્ષયથિતિ નિત્યજી, મ૦ ॥ ૪ ॥ પંચદેહ અવગાહના આકૃતિ, નામવિભાવ અનૂપજી; વર્ણ ગંધરસ ફરસે વર્જિત, અતીંદ્રિય સરૂપજી. મ૦ ॥ ૫ ॥ અગુરૂલઘુગુણ ગોત્ર અભાવે, નહિ હલુવા નહિ ભારજી; અંતરાય વિજયથી દાનાદિક લબ્ધિ ભંડારજી. ॥ ૬ ॥ મ૦ ચેતન સમતાયે મુજસત્તા, પરખી પ્રભુપદ પામીજી; આરીસો કાટે અવરાણો, મલનાસે નિજ ધામજી. મ૦ ॥ ૭ ॥ સંગ્રહનય જે આતમ સત્તા, કરવા એવંભૂતજી; ક્ષમાવિજય જિનપદ અવલંબી, સુરનર મુનિ પુહુતજી. મ૦ ॥ ૮ ॥

---

## अथ मल्लिजिन स्तवन.

( પાંચમે મંગળવાર પ્રભાતે ચાલવું રે લો. એ દેશી )

સાહિબા મલ્લિ જિનેસરનાથ અનાથતણો ધણી રેલો, સા૦ વસ્તુ સ્વભાવ પ્રકાસક ભાસક દિનમણી રેલો; સા૦ ધર્મ અનંતા સુખ દેતાં પરગટ થયારે લો, સા૦ વસ્તુ સર્વ પર્યવ ભાખી જિન ગયારેલો. ॥ ૧ ॥ સા૦ યુગપદ ભાવી ને ક્રમ ભાવિ પર્યવ કહ્યારે લો, સા૦ જ્ઞાનાદિક યુગપદ ભાવીપણે સંગ્રહ્યા રે લો; સા૦ નવજીર્ણાદિક થાય તે ક્રમ ભાવી સુણો

રે લો, સા૦ શબ્દ અરથથી તે પણ દ્વિવિધપરે મુણો રે લો. ॥ ૨ ॥ સા૦ ઈંદ્ર હરિ ઇત્યાદિક શબ્દતણા ભલા રે લો, સા૦ જે અભિલાષ નહિ તે અર્થપર્યવ કળા રે લો, સા૦ તે પણ દ્વિવિધ કહીજે સ્વપર ભેદે કરી રે લો, સા૦ તે પણ સ્વભાવિકે આપેક્ષિકથી વરી રે લો. ॥ ૩ ॥ સા૦ સર્વ અતીત અનાગત સાંપ્રત કાળથી રે લો, સા૦ ઇત્યાદિક નિજ બુદ્ધે કરો સંભાળથી રે લો; સા૦ સમકાળે ઇમ ધર્મ અનંતા પામીયે રે લો, સા૦ તે સવિ પ્રગટ ભાવથી તુમ્હ શિર નામીયે રે લો. ॥ ૪ ॥ સા૦ ખટદ્રવ્યના જે ધર્મ અનંતા તે સવે રે લો, સા૦ નહિ પ્રછન્ન સ્વભાવ અભાવ મુજ સંભવે રે લો, સા૦ પુષ્ટાલંબન તુંહી પ્રગટપણે પામીયો રે લો, સા૦ હું પણ હવે તુજ રીતે થવાને કામીયો રે લો. ॥ ૫ ॥ સા૦ મલ્લિનાથ પરે હસ્તિમલ્લ થઇ ઝુઝશું રે લો, સા૦ જ્યું ખટમિત્રને બૂઝવ્યા તિમ અમે બૂઝસ્યું રે લો; સા૦ તસપરે ઉત્તમ શીષ્યને મહેરથી નિરખીયે રે લો, સા૦ પદ્મવિજય કહે તો અમ્હે ચિત્તમાં હરખીયે રે લો. ॥ ૬ ॥

## श्री मुनिसुव्रताजिन स्तवन.

( ઈડર આંબા આંબલી રે—એ દેશી )

મુનિસુવ્રત કીજે મયારે, મનમાંહિ ધરી મહિર; મહિર વિહુણા માનવીરે, કઠિણ જણાયે કેર० ॥ ૧ ॥ જિણેસર તું જગનાયક દેવ, તુજ જગ હિત કરવા ટેવ; બીજા જુવે કરતાસેવ. જિ० અરહટ્ટ ખેત્રની ભૂમિકારે, સિંચે કૃતારથ હોય; ધારાધર સઘળી ધરારે, ઉધરવાસજજ જોય; જિ० ॥ ૨ ॥ તે માટે અશ્વ ઉપરેરે, આણી મનમાં મહેર; આપે આયા આફણીરે, બોધવા ભરૂયચ્ચ શહેર; જિ० ॥ ૩ ॥ અણ પ્રાર્થતા ઉધર્યારે આપે કરીય ઉપાય; પ્રાર્થતા રહે વિલવતારે, એ કુંણ કહીયે ન્યાય. જિ० ॥ ૪ ॥ સંબંધ પણ તુજ મુજ વિચેરે, સ્વામી સેવક ભાવ; માન કહે હવે મહિરનોરે, ન રહ્યો અજર પ્રસ્તાવ. જિ० ॥૫॥

---

## श्री नमिनाथजिन स्तवन.

( કપુર હોવે અતિ ઉજળોરે—એ દેશી )

શ્રી નમિનાથ જિણંદને રે, ચરણ કમળ લયલાય; મૂકી આપણિ ચપળતા રે; તુચ્છ કુસુમે મતજાય રે, ॥ ૧ ॥ સુણી મન મધુકર માહરી વાત, મ.

કરો ફોકટ વિલુપાત, સુ૦ વિષમકાળ વર્ષાઋતુ રે, ક્રમિક્રમિ હુઓ વ્યતીત; છેહલો પુગ્ગલ પરિયટ્ટો રે, આવ્યો શરદ પ્રતીતરે. સુ૦ ॥ ૨ ॥ જ્ઞાનાવરણ વાદળ ફિટેરે, જ્ઞાન સૂરજ પરકાશ; ધ્યાન સરોવર વિકસિયાંરે, કેવલલક્ષ્મી વાસરે. સુ૦ ॥ ૩ ॥ નામે લલચાવે કોઇ રે, કોઇક નવ નવ રાગ; એહવી વાસના નહી બીજે રે, શુદ્ધ અનુભવસું પરાગરે. સુ૦ ॥૪॥ ભમત ભમત કહાવીયે રે, મધુકરનો રસસ્વાદ; માનવિજય મનને કહે રે, રસ ચાખો આલ્હાદ રે. સુ૦ ॥૫॥

---

## ભોયણી મંડન શ્રી મલ્લિનાથ સ્તવન.

જિનરાજા તાજા, મલ્લિ બિરાજે ભોયણી ગાગામમેં ટેક૦ દેશ દેશ કે જાત્રી આવે, પૂજા સરસ રચાવે; મલ્લિ જિનેશ્વર નામ સ્મરકે, મનવંછિત ફલ પાવેજી. જિન૦ ॥ ૧ ॥ ચતુર વરણ કે નરનારી મિલ, મંગલ ગીત કરાવે; જય જયકાર પંચધ્વનિ વાજે, શિરપર છત્ર ધરાવેજી. જિન૦ ॥ ૨ ॥ હિંસક જન હિંસા તજી પૂજે, ચરણે શીશ નમાવે, તું બ્રહ્મા તું હરિ શિવશંકર, અવર દેવ નવ ભાવેજી. જિન૦ ॥ ૩ ॥ કરૂણા રસ ભરે નયન કચોલે, અમૃત રસ વરસાવે; વદન ચંદ ચકોર જ્યું નિરખી, તન મન

અતિ ઉલસાવેજી. જિન૦ ॥ ૪ ॥ આતમરાજા ત્રિભુવન તાજા, ચિદાનંદ મન ભાવે; મલ્લિજીનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવેજી. જિન૦ ॥ ૫ ॥

---

## શાંતિજિન સ્તવન.

શાંતિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદો રે; મુખને મટકે લોચન લટકે; મોહ્યા સુરનર વૃંદો રે. શાંતિ૦ ॥ ૧ ॥ મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જેમ મોરો રે; તિમ જીન પ્રતિમા નિરખી હરખું, વલી જેમ ચંદ ચકોરો રે. શાં૦ ॥ ૨ ॥ જીન પ્રતિમા શ્રી જીનવરે ભાંખી, સૂત્ર ઘણાં છે સાખી રે; સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાં૦ ॥ ૩ ॥ રાયપસેણી પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિત ધારી રે; જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાં૦ ॥ ૪ ॥ જીનવરબિંબ વિના નવિ વંદું, આંણદજી એમ બોલે રે; સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલે રે. શાં૦ ॥ ૫ ॥ જ્ઞાતાસૂત્રે દ્રોપદી પૂજા, કરતી શિવસુખ માગે રે; રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે. શાં૦ ॥ ૬ ॥ વિદ્યાચારણ મુનિવરે વંદી, પડિમા

પાંચમે અંગે રે; જંઘાચારણ મુનિવરે વંદી, જીન પડિમા મનરંગે રે. શાં૦ ॥ ૭ ॥ આર્યસુહસ્તિ સૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિ રાય રે; શવા ક્રોડી જીનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે. શાં૦ ॥ ૮ ॥ મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે; જાતિસ્મરણે સમકિત પામી, વરીયો શિવસુખ સારરે. શાં૦ ॥ ૯ ॥ ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સુત્રમાંહે સુખકારી રે; સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે. શાં૦ ॥ ૧૦ ॥ તે માટે જીન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે; ભક્તિ તણાં ફલ ઉતરાધ્યયને, બોધિબીજ સુખકારી રે. શાં૦ ॥ ૧૧ ॥ એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જીનરાયા રે; મુજ મન મંદિરીયે પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે. શાં૦ ॥ ૧૨ ॥ જીન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની શાલા રે; જીવવિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગલ માલારે, શાં૦ ॥ ૧૩ ॥

---

## सिद्धगिरिनुं स्तवन.

પાલીતાણું નગર સોહામણું રે, રૂડી લલિતાસરની પાળ, ઊંચા દેહરાં આદિનાથનાં રે, ઉગમણે દર-

બાર, હો જીનજી ભાક્ત હૃદયમાં ધારજો રે, અંતર વયરી નિવારજ્યો રે, તારજો દીન દયાળ૦ ॥ ૧ ॥ ચડીયા શત્રુંજયગિરિ ઉપરે રે, સૂરજ કુંડમાં નાહિ, પહેરણ ક્ષીરોદક ધોતિયાં રે, પૂજવા શ્રી આદિજીણંદ, હો જી૦ ॥ ૨ ॥ કેસર ચંદન ઘોલીયાં રે, માંહે ભેળ્યો ઘનસાર, ભાવેં ભકતેં પૂજા રચું રે, ઉતરવા ભવપાર, હો જીનજી૦ ॥ ૩ ॥ ચંપો ભલો સેવંતરો રે, મોગર લાલ ગુલાબ, લાખેણો ટોડર રચ્યો રે, કંઠડે ઠવી ફૂલમાલ, હો જીનજી૦ ॥ ૪ ॥ બે કરજોડી વિનવે રે, ન્યાયસાગર સુખકાર, આવાગમનને વારજ્યો રે, મોક્ષ મારગડો દેખાડ, હો જીનજી૦ ॥ ૫ ॥

---

## श्री आदिनाथ स्तवन.

( કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી )

જ્ઞાન રયણ રયણાયરૂ રે, સ્વામિ રૂષભજીણંદ, ઉપકારી અરિહા પ્રભુ રે, લોક લોકોત્તરાનંદ રે, ભવિયા ભાવે ભજો ભગવંત, મહિમા અતુલ અનંત રે, ભવિયા ભાવે૦ ॥ ૧ ॥ તિગ તિગ આરક સાગરૂ રે, કોડા કોડિ અઢાર, યુગલા ધર્મ નિવારીયો રે, ધર્મ પ્રવર્તન હાર રે ભવિયા૦ ॥ ૨ ॥ જ્ઞાનાતિશયે ભળ્યના રે, સંશય છેદનહાર, દેવનરા તિરિ સમઝીયા રે, વચનાતિશય

વિચાર રે, ભવિયા૦ ॥ ૩ ॥ ચારઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત, પંચઘને યોજન ટલે રે, કષ્ટ એ તુર્ય પ્રસંત રે, ભવિયા૦ ॥ ૪ ॥ યોગક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગાનીર, પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભવીર રે, ભવિયા ભાવે ભજો ભગવંત૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## श्री शांतिजिन स्तवन.

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા, અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો, સમકિત રીઝ કરોને સ્વામિ, ભગતિ ભેટણું લાવ્યો, મ્હારો. ॥ ૧ ॥ દુઃખ ભંજન છે બિરૂદ તુમારો, અમને આશ તુમારી, તુમે નિરાગી થઇને છુટો, શી ગતિ હોશે અમારી, મ્હારો. ॥ ૨ ॥ કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે, પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વહાલો લાગે, મ્હારો. ॥૩॥ મ્હારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું, ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું, મ્હારો. ॥ ૪ ॥ અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે, વિમલ વિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે, મ્હારો૦ ॥ ૫ ॥

## વેદની કર્મ નિવારક પૂજાની ઢાલ ૫ મી.

ચતુરે ચેતો ચૈતનાવલી—એ દેશી.

સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચડીયારે, સાતા વેદની બંધ કરીને, શ્રેણી થકી તે પડીયારે, સાંભળજો૦ ॥ ૧ ॥ ભાખે ભગવઇ છઠ્ઠ તપ બાકી, સાત લવાયુ ઓછેરે, સર્વાર્થસિદ્ધે મુનિ પહોત્યા, પૂર્ણાયુ નવિ છોછેરે, સાં૦ ॥ ૨ ॥ શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામોરે, નિર્મલ અવધિજ્ઞાને જાણે, કેવલી મન પરિણામોરે, સાં૦ ॥ ૩ ॥ તે શય્યા ઉપર ચંદરવે, ઝુંબખડે છે મોતી રે, વચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જાલિમ જ્યોતિરે, સાં૦ ॥ ૪ ॥ બત્રીસ મણનાં ચઉ પાખડીયાં, સોલમણાં અડ સુણીયાંરે, આઠમણાં સોલસ મુક્તાફલ, તેમ બત્રીસ ચઉમણીયાંરે, સાં૦ ॥ ૫ ॥ દોમણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડત્રીસ મણીયાં રે, દોસય ને વલી ત્રેપન મોતી, સર્વ થઇને મલીયાં રે, સાં૦ ॥ ૬ ॥ એ સઘલાં વિચલા મોતીશું, આફડે વાયુ યોગેરે, રાગ રાગિણી નાટક પ્રગટે, લવસત્તમસુર ભોગે રે, સાં૦ ॥ ૭ ॥ ભુખ તરસ છીપે રસ લીના, સુરસાગર તેત્રીસ રે, સાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશરે, સાં૦ ॥ ૮ ॥

## અંતરાય કર્મ નિવારક પૂજાની ૪ થી ઢાલ.

( રાગ—આશાવરી છેડા નાંજી—એ દેશી. )

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગવિઘ્ન ઘન ગાજી, ભૂલ્યો૦, આગમ જ્યોત ન તાજી, ભૂ૦, કર્મકુટિલવશ કાજી, ભૂ૦, સાહિબ સુણ થઇ રાજી, ભૂ૦, એ આંકણી, કાલ અનાદિ ચેતન રઝળ્યો, એકે વાત ન સાજી, મયણા ભઇણી ન રહે છાની, મલીયા માત પિતાજી, ભૂ૦, ॥ ૧ ॥ અંતરાય સ્થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી, કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિભાંજી, ભૂ૦ ॥ ૨ ॥ નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાંગી, જમી જમાઇ પાચ્છો વલીયો, જ્ઞાન દશા તવ જાગી, ભૂ૦ ॥ ૩ ॥ કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફલ આવે, રોગી પરવશ અન્નઅરૂચી, ઉતમ ધાન્ય ન ભાવે, ભૂ૦ ॥ ૪ ॥ ક્ષાયકભાવે ભોગની લબ્ધિ, પૂજા ધૂપ વિશાલા, વીર કહે ભવ સાતમેં સિધ્ધ્યા, વિનયંધર ભૂપાલા, ભૂ૦ ॥ ૫ ॥

# અથ સઝાય સંગ્રહ.

## ઝાંઝરીઆ મુનિની ચાર ઢાળની સજ્ઝાય.

સરસ્વતિ ચરણે શીશ નમાવું, પ્રણમી સદ્દગુરૂ પાયારે, ઝાંઝરીઆ ૠષિના ગુણ ગાતાં, ઉલટ અંગ સવાયા રે૦ ॥ ૧ ॥ ભવિજન વંદો મુનિ ઝાંઝરીઓ, સંસાર સમુદ્ર જે તરિઓ રે ॥ એ આંકણી ॥ સબલ સહ્યા પરિષહ મનશુદ્ધે, શીલ રયણે કરી ભરીઓ રે. ભવિ૦ ॥ ૨ ॥ પઇઠાણપુર મકરધ્વજ રાજા, મદન સેના તસ રાણી રે, તસસુત મદનબ્રહ્મબાલુડો, કીર્તિ જાસ કહેવાણી રે, ભવિ૦ ॥ ૩ ॥ બત્રીશ નારી સુકોમલ પરણ્યો, ભરયૌવન રસલીનો રે, ઇંદ્ર મહોત્સવ ઉદ્યાને પહોંતો, મુનિ દેખી મન ભીનો રે, ભવિ૦ ॥ ૪ ॥ ચરણકમલ પ્રણમી સાધુના, વિનય કરીને બેઠો રે, દેશના ધર્મની દે સાધુજી, વૈરાગ્યે મન પેઠો રે, ભવિ૦ ॥ ૫ ॥ માત પિતાની અનુમતિ માગી, સંસાર સુખ સવિ છંડી રે, સંયમ મારગ શુદ્ધોલીનો, મિથ્યામતિ સવિ ખંડીરે, ભવિ૦ ॥ ૬ ॥ એકલડો વસુધાતળ વિચરે, તપ તેજે કરી દીપે રે. યૌવનવય જોગીસર બલીઓ, કરમ કટકને ઝીપેરે, ભવિ૦ ॥ ૭ ॥ શીલસન્નાહ પહેર્યો જેણે સબલો, સમિતિ ગુપ્તિ ચિત્ત ધરતો રે, આપતરેને

પરને તારે, દરિસણેં દૂરગતિ હરતોરે, ભવિ૦ ॥૯॥ ત્રંબાવતી નગરી મુનિ પહોંતો, ઉગ્ર વિહાર કરંતો રે, મધ્યાન્હેં ગૌચરીએ સંચરતો, નગરીમાંહે મુનિ ભમતોરે, ભવિ૦ ॥ ૮ ॥

---

## ઢાળ ૨ જી.

આધા આમ પધારો પૂજ્ય અમઘર વહોરણ વેળા

એ દેશી.

ઇણ અવસર તે વિરહી તરૂણી, ગોરડી ગોખે બેઠી, નિજપતિ ચાલ્યો છે પરદેશેં, વિષય સમુદ્રમાં પેઠી, ॥ ૧ ॥ વિરૂઇ મદન ચઢાઇ રાજ, જેણે તેણે જીતી ન જાવે ॥ એ આંકણી ॥ સોલ શૃંગાર સજી સા સુંદરી, ભરયૌવન મદમાતી, ચપલ નયણ ચિહુંદિશી ફેરવતી, વિષયરસ રંગરાતી, વિરૂઇ૦ ॥ ૨ ॥ ચાચર ચૌટે ચિહુંદિશિ જોતાં, આવંતો રૂષિ દીઠો, મલપંતોને મોહનગારો, મનશું લાગે મીઠો, વિરૂઇ૦ ॥૩॥ રાજકુંવર કોઇકછે રૂડો, રૂપ અનુપમ દીસે, યૌવન વય મલપંતો જોગીશ્વર, તે દેખી ચિત્ત હિંસે વિ૦ ॥ ૪ ॥ તવ દાસી ખાસી તેડાવી, લાવો એહને બોલાવી, શેઠાણીનાં વચન સુણીને દાસી તેડણ

આવી, વિ૦ ॥ ૫ ॥ અમઘર આવોને સાધુજી, વહોરણ કાજે વહેલા, ભોળે ભાવે મુનિવર આવે, શું જાણે મનમેલાં, વિ૦ ॥ ૬ ॥ થાળ ભરી મોદક મીઠાઇ, મુનિવરને કહે વહોરો, મેલાકપડા ઉતારીને, આછા વાઘા પહેરો, વિ૦ ॥ ૭ ॥ આ મંદિર માળીઆં મ્હોટાં, સુંદર સેજ બિછાઇ, ચતુર નારી મુજ સાથે મુનિવર, સુખવિલસો લયલાઇ, વિ૦ ॥૮॥ વિરહાગ્નિએં કરી હું દાઝી, પરમ સુધારસ સિંચો, વયણ મારૂં સુણીને મુનિવર, વાત આધી મત ખંચો, વિ૦ ॥ ૯ ॥ વિષય વચન સુણી વનિતાનાં, સમતારસમાં બોલે, ચંદનથી પણ શીતલ વાણી, મુનિ અંતરથી ખોલે, વિ૦ ॥ ૧૦ ॥ તું અબલા દીસેછે બાલી, બોલતાં નવિ લાજે, ઉત્તમ કુળમાં જેહ ઉપના, તેહને એ નવિ છાજે, વિરૂધ૦ ॥ ૧૧ ॥ એ આચાર નહિં અમકુલમાં, કુળદૂષણ કેમ દીજે, નિજકુલને આચારે ચાલીજે, તો જગમાં જસ લીજે વિ૦ ॥ ૧૨ ॥ વાત અછે જગમાં બે મ્હોટી, એક જારીને બીજી ચોરી, ઇહભવ અપયશ બહુ પામે, પરભવ દુઃખ અઘોરી, વિ૦ ॥ ૧૩ ॥ શીલ ચિંતામણી સરીખું છંડી, વિષયરસ કોણ રીઝે, વર્ષાકાલેં મંદિર પામી, ઉઘાડો કોણ ભીંજે, વિ૦ ॥૧૪॥

મન વચન કાયાએ કરીને, વ્રત લીધું નવિ ખંડું, ધ્રુવતણી પરે અવિચલ પાળું, અમે ઘરવાસ ન માંડું વિરૂઈ મદન ચઢાઈ રાજ, જેણે તેણે૦ ॥ ૧૫ ॥

---

## ઢાલ ત્રીજી.

### વિંછીઆની દેશી.

હાંરે લાલા શીખ સાધુની અવગણી, જાણે વહી ગઈ ઘડનાલ રે, લાલા, કામવશે થઇ આંધળી, કરે સાધુતણી તિહાં આલ રે૦ ॥ ૧ ॥ લાલા મુનિ પાયે ઝાંઝર રમઝમે ॥ એ આંકણી ॥ આવી પેઠું સાધુને પાયરે, લાલા, વેલતણી પરે સુંદરી, વળગી સાધુને બાંહ્યરે, લાલા, મુનિ૦ ॥ ૨ ॥ હાંરે લાલા જોર કરીને બલવરે, નિકલ્યો તિહાંથી મુનિરાય રે લાલા, તવ પોકાર જુઠે કર્યો, ધાઓ એણે કીધો અન્યાય રે લાલા, મુનિ૦ ॥ ૩ ॥ હાંરે લાલા મલપંતો મુનિવર ચાલીઓ, જાય ઝાંઝરનો ઝણકાર રે લાલા, લોક બહુ નિંદા કરે, સહી માઠાએ અણગાર રે લાલા, મુનિ૦ ॥ ૪ ॥ હાંરે લાલા ચોબારે બેઠો રાજવી, નજરે જુએ અવદાત રે લાલા, દેશવટો નારીને દીઓ, મુનિ જસતણી થઇ વાત રે લાલા, મુનિ૦ ॥ ૫ ॥ હાં૦ લા૦ તિહાંથી મુનિવર ચાલીઓ, આવ્યો કંચનપુર ગામ રે લાલા, રાય

રાણી બેહુ પ્રેમશું, બેઠાં ગોખેં આરામ રે લાલા, મુનિ૦ ॥ ૬ ॥ હાં૦ લા૦ રાણી મુનિવર દેખીને, નયણેં છુટે આંસુની ધાર રે, રાજા દેખીને કોપીઓ, સહી એહનો પૂરવ જાર રે, લાલા મુનિ પાયેં૦ ॥ ૭ ॥ હાં૦ લા૦ રાજા રયવાડી ચડયો, તેડાવ્યો રૂષિને ત્યાંહી રે લાલા, ખાડખણી ઊંડી ઘણી, બેસાડયો રૂષિને માંહ્ય રે લાલા, મુનિ પાયેં૦ ॥ ૮ ॥

---

## ઢાળ ૪ થી.

મગધ દેશકો રાજ રાજેસર એ દેશી.

અણુસણ ખામણ કરે મુનિ તિહાં કણેં, સમતા સાયરમાં ઝીલે, ચોરાસી લાખ જીવાયોનિ ખમાવે, કરમ કઠીણને પીલે રે, મુનિવર તું મોરે મન વસીઓ, હૃદયકમલ ઉલ્લસિઓ રે, મુનિવર૦ એ આંકણી. ॥ ૧ ॥ ઉદય આવ્યાં નિજ કર્મ આલોઇ ધ્યાન જીનેશ્વર ધ્યાવે, ખડ્ગહણંતાં કેવલપામી, અવિચલ ઠામેં જાવે રે, મુનિ૦ ॥ ૨ ॥ શરીર સાધુનું અસિએં હણ્યાથી, હાહાકાર તિહાં પડિઓ, ઓઘો મુહપત્તિ લોહીએં રંગાણાં, અતિ અન્યાય રાયેં કરીઓ રે, મુનિ૦ ॥ ૩ ॥ સમળી ઓઘો લેઇ ઉડંતી, રાણી આગળ પડીઓ, બંધવ કેરો ઓઘો

જાણી, હૃદયકમળ થરહરીઓ રે, મુનિ૦ ॥ ૪ ॥ અતિ અન્યાય જાણીને રાણી, અણુસણુ પોતેં કીધો, પરમારથ જાણ્યો રાજાએં, હા હા એથું મેં કીધો રે, મુનિ૦ ॥ ૫ ॥ રૂષિ હત્યાનું પાતક લાગ્યું, તે કેમ છુટયું જાવે, આંસુડાં નાખંતો રાજા, મુનિ કલેવરને ખમાવે રે, મુનિ૦ ॥ ૬ ॥ ગદ્‌ગદ્‌ સ્વર રોવંતો રાજા, મુનિવર આગળ બેઠો, માન મેલીને ખમાવે ભૂપતિ, સમતા સાયરમાં પેઠો રે, મુનિ૦ ૭ ॥ ફરી ફરી ઉઠીને પાયેં લાગે, આંસુડે પાપ પખાળે, ભૂપતિ ઉગ્ર ભાવના ભાવતો, કર્મ પડળ સવિ ટાળે રે, મુનિ૦ ॥૮॥ કેવલજ્ઞાન લહ્યું રાજાએં ભવ ભવ વૈર ખમાવે, ઝાંઝરીઆ રૂષિના ગુણ ગાતાં, પાપ કરમ ગમાવે રે, મુનિ૦ ॥ ૯ ॥ સવંત સત્તરએકાશી વરસે, શ્રાવણ શુદ ત્રીજ સોહે, સોમવારેં સઝાય એ કીધી, સાંભલતાં મન મોહે રે, મુનિ૦ ॥ ૧૦ ॥ શ્રી હીરવિજયસૂરીશ્વર સોહે, તપગચ્છના શિરદાર, તેહ તણા પરિવારમાં સોહે, માનવિજય જયકાર રે, મુનિવર તું મોરે મન વસીઓ. ॥ ૧૧ ॥

---

# शिखामणनी सज्झाय.

ગરભાવાસમાં ચિંતવેરે, હવે ન કરશું મેં પાપ જબ જાયો તબ વિસર્યો રે, માંડયો માંડયો ઘણો રે સંતાપકે, સુણ રે ચંચળ જીવડા રે, ॥ ૧ ॥ તું તો પરભવ કેશો લહીશ કે, સુણ રે ચંચળ જીવડા રે, એ આંકણી૦ જો નવકાર ગણાવીએં તો નયણે નિંદ ભરાય, નાટક ચેટક નિરખંતાં તો, જાય જાય રયણી વિહાય કે, સુણ૦ ॥ ૨ ॥ જો સામાયિક કરાવીએં તો, લાગે વાર અપાર, વાતો સાથે જો મિલેતો, કરે કરે પહોર બે ચાર કે, સુણ રે૦ ॥ ૩ ॥ ઉભે કાઉસ્સગ્ગ કરાવીએં તો, કહે દુઃખે મોરા પાય, માથે પોટક મુકીએં તો, દોડયો દોડયો મારગેં જાય કે, સુણ રે૦ ॥ ૪ ॥ જો ઉપવાસ કરાવીએં તો, લાગે ભુખ અપાર, લેણા કારણ રોકીએં તો, લાંઘે લાંઘે દો દિન ચાર કે, સુણ રે૦ ॥ ૫ ॥ ધર્મને કાજે માગીએં તો એક બદામ ન દેય, રાજક દૈવક રોકીલ્યે તો, ખુણે બેસી ગણી ગણી દેય કે, સુણ રે૦ ॥ ૬ ॥ લોભને વશ થઇ પ્રાણીઆરે, મેળે ઘણેરીરે આથ, દાન સુપાત્રેં દેયંતાં તો, થર થર ધ્રુજે છે હાથ કે, સુણ રે૦ ॥ ૭ ॥ ત્રણ તત્વ આરાધીએં તો, જપીએં શ્રી નવકાર, ખીમાવિજય ગુણ આણીએં તો, પહોંતે પહોંતે મુક્તિ મઝાર કે, સુણ રે

ચંચળ જીવડા રે, તું તો પરભવ કેશો લહીશ કે, સુણ રે ચંચળ જીવડા રે. ॥ ૮ ॥ ઇતિ

---

## જ્ઞાનવિમલ સૂરિકૃત.

## દશવિધ યતિધર્મ સ્વાધ્યાય.

### દુહા.

સુકૃત લત્તા વન સિંચવા, નવ પુષ્કર જલધાર; પ્રણમી પદયુગ તેહના, ધર્મ તણા દાતાર. ॥ ૧ ॥ દશવિધ મુનિવર ધર્મ જે, તે કહીએ ચારિત્ર, દ્રવ્ય ભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર. ॥ ૨ ॥ ગુણ વિણ મુનિનું લિંગ જે, કાશકુસુમ ઉપમાન; સંસારે તેહવાં કર્યાં, અવધિ અનંત પ્રમાણ. ॥ ૩ ॥ તેહ ભણી મુનિવર તણો, ભાખું દશવિધ ધર્મ; તેહને નિત્ય આરાધતાં પામીએ શિવશર્મ. ॥ ૪ ॥ [૧]ખંતી [૨]મદ્દવ [૩]અજ્જવા, [૪]મુત્તી [૫]તવ [૬]ચારિત્ર; [૭]સત્ય [૮]શૌચ [૯]નિસ્પૃહપણું, [૧૦]બ્રહ્મચર્ય સુપવિત્ર ॥ ૫ ॥

---

### ઢાલ ૧ લી.

( વાધારી ભાવનરી—એ દેશી. )

પહેલો મુનિવર ધર્મ સમાચરોજી, ખંતી ક્રોધ નિરાસ; સંયમ સાર કહિઓ સમતા છતેજી, સમ-

કિત મૂલ નિવાસ. પહેલો૦ ॥ ૧ ॥ સમતા ક્ષીરોદધિની આગલેંજી, સુરનર સુખ એક બિંદુ; પરઆશા દાસી તસ નવિ નડેજી, જસ શમસુરતરૂકંદ. પહેલો૦ ॥ ૨ ॥ પંચભેદ તિહાં ખંતી તણા કહ્યાજી, ઉપકારને અપકાર; તિમ વિપાક વચન વલી ધર્મથીજી, શ્રી જીન જગદાધાર. પહેલો૦ ॥ ૩ ॥ પ્રથમ ત્રિવિધ જે ખંતી તણે ગુણેજી, વાધે જશ સૌભાગ્ય, ચોથી ચઉગતિ વારક પંચમીજી, આતમ અનુભવ લાગ. પહેલો૦ ॥૪॥ પારસ ફરસે રસકૂંપીરસેજી, લોહ હોયે જેમ હેમ; તિમ સમતારસભાવિત આતમાજી, સહજ સરૂપી પ્રેમ. પહેલો૦ ॥ ૫ ॥ ઉપશમ કેરી એક લવ આગલેજી, દ્રવ્ય ક્રિયા મણ લાખ; ફલ નવિ આપે તે નવિ નિર્જરાજી, એહવી પ્રવચન સાખ. પહેલો૦ ॥ ૬ ॥ ખંધકસીસ સુકોસલ મુનિવરાજી, ગયસુકુમાલ મુણીંદ; કુરગડૂ પ્રમુખા જે કેવલીજી, સમતાના ગુણ વૃંદ. પહેલો૦ ॥ ૭ ॥ કાર્ય અકાર્ય હિતાંહિત નવિ ગણેજી, ઇહ પરલોક વિરૂધ; આપ તપી પરતાપે તપને નાશવેજી, ક્રોધવશે દુર્બુધિ. પહેલો૦ ॥૮॥ શિવ સુખ કેરૂં કારણ છે ક્ષમાજી, સર્વ ધર્મનું મૂલ; દૂરિત ઉપદ્રવ નાશે ખંતીથીજી, જીમ વિદ્યા અનુકૂલ. પહેલો૦ ॥ ૯ ॥ એમ જાણીને મૈત્રી

આદરોજી, ત્રીજે સમતા સંગ; જ્ઞાનવિમલ સૂરીશ્વર એમ કહેજી, ખંતી શિવસુખ અંગ, પહેલો૦ ॥૧૦॥ (ઇતિ દશવિધ યતિ ધર્માધિકારે પ્રથમ ગુણ સ્વાધ્યાય સમ્પૂર્ણ.)

---

દુહા.

વિનયતણો એ હેતુ છે, ક્ષમા પ્રથમ ગુણ જાણ, વિનયાધિષ્ટિત ગુણ સવિ, તે મૃદુતા અનુમાન. ॥૧॥ જેમ પડસૂદી કેલવી અધિક હોયે આસ્વાદ, તેમ માર્દવ ગુણથી લહે, સમ્યગ્જ્ઞાન સ્વાદ. ॥૨॥

---

ઢાલ ૨ જી.

( રામ ભણે હરી ઉઠીએ—એ દેશી. )

બીજો ધર્મ એ મુનિતણો, મદ્દવ નામે તે જાણુ રે, મૃદુતા માન નિરાસથી, વિનયાદિક ગુણ ખાંણુ રે, વિનયે શ્રુત્ત સુપ્રમાણુ રે, શ્રુત તે વિરત્તિનું ઠાણુરે, અનુક્રમે કર્મ નિર્વાણુરે, અનુભવ રંગીરે આતમા; મુક તું માનનો સંગરે, નિર્મલ ગંગ તરંગરે, જેમ લહે જ્ઞાન પ્રસંગરે, હોય અક્ષય અભંગરે, સુજસ મહોદય ચંગરે, સમકિત જ્ઞાન એકંગ રે, સહજ ગુણે સુખ સંગરે. ॥ ૧ ॥ માન મહા વિષધર ડસ્યા, ન

રહે ચેતના વાસરે, આઠે મદ ફણા ટોપશું, અહર્નિશ કરતા અભ્યાસ રે, ધ્યાન અશુભ જીહ જાસરે, નયન અરૂણ રાગ વાસરે, અમર્ષ કંચુક પાસરે, નિત ઉત્કર્ષ વિલાસરે, અનુભવ૦ ॥ ૨ ॥ ગુણલવ દેખીને આપણો, શું મતિમૂઢો તું થાયરે દોષ અનંતનો ગેહ છે, પરદોષે મન જાયરે, તેં વાસી ખટકાય રે; ભાગે અનંત વેચાયરે, કાલ અનંત વહાયરે, નહિ કોઈ શરણ સહાય રે, કર હવે ધર્મ ઉપાયરે, જીમ લહે શિવપુર ઠાયરે, અનુ૦ ॥ ૩ ॥ જ્ઞાનાદિક મદ વારિયો, જઇવિ હુ ત્રિભુવન રાયરે, તો શી વાત પરમદતણી, માને લઘુપણું થાયરે, ખલનું બિરૂદ કહાયરે, નહિ તસ વિવેક સહાયરે, ક્રોધ મતંગજ ધાયરે, ઢાહે ગુણવણ રાયરે, અનુ૦ ॥ ૪ ॥ જાતિ મદે જીમ દ્વિજે લહયો, ડૂંબપણું અતિનિંદરે, કુલ મદથી જુઓ ઉપના, દ્વિજ ઘર વીરજીણંદરે, લાભ મદે હરિચંદરે, તપમદે સિંહ નરિંદ રે, શ્રુતમદે સિંહ સુરીંદરે, રૂપે સનતનરિંદ રે, અનુ૦ ॥ ૫ ॥ જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદવિષ ઉપસંતરે, તેહથી જો મદ વાધીયો, તો જલથી અનલ ઉઠંતરે તરણિથી તિમિર મહંતરે, ચંદથી તાપ ઝરંતરે, અમૃતથી મદ હુંતરે, મદ ન કરે તેહ સંતરે, અનુ૦ ૬.

સ્તબ્ધ હોયે પર્વતપરે, ઉર્ધ્વમુખી અભિમાની રે, ગુરૂજનને પણ અવગણે, આપે નવિ બહુમાનરે, નવિ પામે ગુરૂ માનરે, ધર્માદિક વરધ્યાન રે, ન લહે તેહ અજ્ઞાની રે, દુર્લભ બોધિ નિદાન રે, તે લહે દુખ અસમાન રે, અનુ૦ ॥ ૭ ॥ એમ જાણીનેરે આતમા, છંડીજે અભિમાન રે, માર્દવ ગુણ જેમ ઉપજે, વાધે જગજશ માનરે, થાઓ સંયમ સાવધાનરે, નહિં તસ કોઇ ઉપમાન રે, જ્ઞાનવિમલ ધરો ધ્યાન રે, અનુ૦ ૮.

---

દુહા.

મૃદુતા ગુણ તો દઢ હોય, જો મન ઋજુતા હોય,
કોટરે અગ્નિ રહ્યે છતે, તરૂ નવિ પલ્લવ હોય, ॥ ૧ ॥
આર્જવ વિણ નવિ શુદ્ધ છે, અશુદ્ધ ન ધારે ધર્મ,
મોક્ષ ન પામે ધર્મ વિણ, ધર્મ વિના નવિ શર્મ. ॥૨॥

---

ઢાલ ૩ જી.

રાગ—મારૂણી ચેતન ચેતજો રે—એ દેશી

ત્રીજો મુનિવર ધર્મ કહિયે અતિ ભલોરે, આર્જવ નામે જેહ, તે ઋજુતાગુણ માયા નાશ થકી હોયેરે, કપટ તે દુરિતનું ગેહ, મુનિવર ચેતજોરે, લેઇ સંયમ ભાર, કપટ દુર્મતિનું દાયક શ્રી જિનવર કહે

રે, સંયમ થાએ અસાર, મુનિવર ચેતજોરે ॥ ૧ ॥ વિષય આશંસા ઇહપરભવતણી રે, માન પૂજા યશવાદ, તપવ્રત શ્રુત રૂપાદિક ગુણના તે કહ્યા રે, સ્તેન પ્રબલ ઉન્માદ. મુનિ૦ ॥ ૨ ॥ તે કિલવિષ અવતાર લઇને સંપજે રે, એલમૂક નરભાવ, નિરિય તિરિય ગતિ તસ બહુલી દુર્લભ બોધિયોરે, માયામોસ પ્રભાવ. મુનિ૦ ॥ ૩ ॥ માયીનર અપરાધ કરે નવિ સહજથીરે, તોહે તસ વિસાસ, ન કરે સર્પતણી પરે કોઇ તેહનોરે, આપ દોસે હત આસ. મુનિ૦ ॥ ૪ ॥ શુદ્ધ ચરણધર મહાબલ તપ માયા થકીરે, જેમ બાંધ્યો સ્ત્રી વેદ; તો શું કહેવું વિષયાદિક આશંસનું રે, નિયડિતણા બહુ ભેદ. મુનિ૦ ॥ ૫ ॥ વંશજાલ પરે માયાના ગુઢ મૂલ છે રે, મોહાદિક અરિવૃંદ, એહમાં પેસી આતમ ગુણ મણીને હરેરે, નવિ જાણે તે મંદ, મુનિ૦ ॥ ૬ ॥ પરવંચૂ એમ જાણી જે છલ કેલવેરે તે વંચાયે આપ, શુભ નરસુરગતિ તેહને જાણો વેગલી રે, પામે અધિક સંતાપ. મુનિ૦ ॥ ૭ ॥ મીઠું મનોહર સાકર દૂધ અછે ઘણું રે, પણ વિષનો જેમ ભેળ, તેણીપરે સંયમ માયામિશ્રિત જાણીયે રે, ન લહે સમકિત મેળ, મુનિ૦ ॥ ૮ ॥ દૂર થકી પરિહરીયે માયા સાપિણી રે, પાપિણી ગુંથે જાલ, જ્ઞાન

વિમલ ગુણુ અમૃત લહરી છટા થકીરે, દોહગ દુઃખ વિસરાલ. મુનિ૦ ॥ ૯ ॥

---

## દુહા.

નિર્લોભી ઋજુતા ધરે, લોભે નહિ મન શુધિ,
દાવાનલપરે તેહને, સર્વ ગ્રહણુની બુધિ. ॥ ૧ ॥
રાજપંથ સવિ વ્યસનનો, સર્વ નાશ આધાર, પંડિત
લોભને પરિહરે, આદર દીયે ગમાર. ॥ ૨ ॥

---

## ઢાલ ૪ થી.

શીલ સુરંગીરે મયણરેહાસતી – એ દેશી.

ચોથો મુનિવર ધર્મ એ જાણીયે, મુત્તી નામે અનૂપજી, લોભતણા જયથી એ સંપજે, નિર્લોભી મુનિ ભૂપજી, મમતા મ આણોરે મુનિ દિલ આપણે, મમતા દુર્ગતિ ગામીજી, મમતા સંગે સમતા નવિ મલે, છાયા તપ એક ઠામોજી, મમતા૦ ॥ ૧ ॥ લોભ જલધિ જલ લેહેરે ઉલટે, લોપે શુભગુણુ દેશોજી, સેતુ કરીજે જીહાં સંતોષનો, નવિ પસરે લવ લેશોજી, મમતા૦ ॥ ૨ ॥ દ્રવ્યોપકરણુ દેહ મહિમપણું, અશન પાન પરિવારજી, ઇત્યાદિકની રે જે ઈહા ધરે, કેવલ લિંગ પ્રચારજી, મમતા૦ ॥ ૩ ॥ લાભાલાભે સુખ

દુઃખ વેદના, જે ન કરે તિલ માત્રજી, ઉપશમ ઉદય તણો અનુભવ ગણે, જાણે સંયમ યાત્રજી, મમતા૦ ॥ ૪ ॥ લોભ પ્રબલથીરે વિરતિ નવિ રહે, હોય બહુ સંકલ્પજી, સઝાયાદિક ગુણ તસ નવિ વધે, દુર્ધ્યાનાદિક તલ્પજી, મમતા૦ ॥ ૫ ॥ લોભે ન હણ્યારે રમણીયે નવિ છલ્યા, ન મલ્યા વિષય કષાયજી, તે વિરલા જગમાંહિ જાણીયે, ધનધન તેહની માયજી, મમતા૦ ॥ ૬ ॥ લોભતણા સ્થાનક નવિ જીતીયા, જઇ ઉપશાંત કષાયજી, ચિહુંગઇ ગમન કરાવે તિહાંથકી, પુનરપિ આતમરાયજી, મમતા૦ ॥ ૭ ॥ તસ કિંકર પરે અમર નિકર સવે, નહિ ઉણુતિ તસ કાંઇજી, જસ આતમ સંતોષે અલંકર્યો, તસ ત્રિભુવન ઠકુરાઇજી, મમતા૦ ॥ ૮ ॥ અનુભવ રસમય ચારિત્ર ફલ ભલું, તે નિર્લોભ પસાયજી, જ્ઞાનવિમલ પ્રભુતા લહે અતિ ઘણી, ઉદય અધિક તસ થાયજી, મમતા૦ ॥૯॥

---

દુહા.

નિર્લોભે ઇચ્છાતણો, રોધ હોય અવિકાર, કર્મ ખપાવણ તપ કહયો, તેહના બાર પ્રકાર. ॥ ૧ ॥ જેહ કષાયને શોષવે, ત્રિસમય ટાલે પાપ, તે તપ કહિએ નિર્મલો, બીજો તનુ સંતાપ. ॥ ૨ ॥

## ઢાલ ૫ મી.

કપૂર હોયે અતિ ઉજલો રે–એ દેશી.

શક્તિ સ્વભાવેં તપ કહ્યો રે, પંચમ મુનિવર ધર્મ; પંચમ ગતિને પામવા રે, અંગ અછે શુભ મર્મ. સોભાગી મુનિ તપ કીજેં અનિદાન, એ તો સમતા સાધન સ્થાન. સોભાગી૦ ॥ ૧ ॥ ખટવિધ બાહ્ય તે કહ્યો રે, અભ્યંતર ખટભેદ; અનાશંસ અગિલાણુતા રે, નવિ પામે મન ખેદ. સોભાગી૦ ॥૨॥ અનશનને ઉનોદરી રે, વૃતિસંક્ષેપ રસત્યાગ; કાય કલેસ સંલીનતા રે, બહિ તપ ખટવિધ ભાગ. સો૦ ॥ ૩ ॥ અશનત્યાગ અનશન કહ્યો રે, તેહ દુભેદે જાણ; ઇત્વર યાવત્કથિક છે રે, તનુ બહુ સમય પ્રમાણ. સો૦ ॥ ૪ ॥ ઉણોદરી ત્રણ ભેદની રે, [૧]ઉપકરણ [૨]અશનપાન; ક્રોધાદિકના [૩]ત્યાગથી રે, ભાવ ઉણોદરી માન. સો૦ ॥ ૫ ॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે, વૃત્તિસંક્ષેપ એ ચાર; વિગયાદિક રસ ત્યાગના રે, ભાંખ્યા અનેક પ્રકાર. સો૦ ॥ ૬ ॥ વીરાસનાદિક ઠાયવું રે, લોચાદિક તનુકલેસ; સંલીનતા ચઉભેદની રે, ઇંદ્રિય યોગ નિવેસ. સો૦ ॥ ૭ ॥ એકાંત સ્થલ સેવવું રે, તેમ કષાય સંલીન; અભ્યંતર તપ ખટવિધે રે, સેવે મુનિગણ લીન. સો૦ ॥ ૮ ॥

દશવિધ પ્રાયશ્ચિત ગ્રહે રે, વિનય તે સાત પ્રકાર; દસવિધ વેયાવચ્ચ કરે રે, સઝાય પંચ પ્રકાર. સો૦ ॥ ૯ ॥ ચાર ધ્યાનમાં દોય ધરે રે, ધર્મ શુકલ સુ-વિચાર; આર્તરૌદ્ર બિહું પરિહરે રે, એ મુનિવર આ-ચાર. સો૦ ॥ ૧૦ ॥ દ્રવ્યભાવથી આદરે રે, કાઉ-સગ્ગ દોય પ્રકાર; તનુ ઉપધિ ગણ અશનાદિકે રે, દ્રવ્ય તે ચાર પ્રકાર. સો૦ ॥ ૧૧ ॥ કર્મ કષાય સં-સારનો રે, ભાવ કાઉસગ તિહું ભેદ; ઇણ વિધ બિહુ તપ આદરે રે, ધરે સમતા નહિ ખેદ. સો૦ ॥ ૧૨ ॥ સમકિત ગોરસશું મિલે રે, જ્ઞાનવિમલ ઘૃત રૂપ; જડતા જલ દૂરે કરી રે, પ્રગટે આતમરૂપ. સો૦ ॥ ૧૩ ॥

---

દુહા.

કર્મ પંક સવિ શોષવે, જો હોય સંયમ આદિ; જેમ સ્થિર સંયમ કહ્યો, અથિરયોગ ઉન્માદ. ॥૧॥ રૂંધે આશ્રવદ્વારને, ઇહ પરભવ અનિદાન; તે સંયમ શિવ અંગ છે, મુનિને પરમ નિદાન. ॥ ૨ ॥

---

## ઢાલ ૬ ઠી.

નમો નમો મનક મહામુને એ દેશી.

સાધુજી સંયમ ખપ કરો, અવિચલ સુખ જેમ પામો રે, આગમ અધિકારી થઇ, મિથ્યામતિ સવિ વામો રે, સાધુજી સંયમ ખપ કરો. ॥ ૧ ॥ છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ રે, સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ રે, સાધુજી૦ ॥ ૨ ॥ સ્થિર પણ તિગ વિગલેંદ્રિય, તેમ પંચેદ્રિય જાણો રે, યતનાયે સંયમ હોયે, એ નવવિધ ચિત્ત આણો રે, સાધુજી૦ ॥ ૩ ॥ પુસ્તક પ્રમુખ અજીવનો, સંયમ અણુસણે લેવે રે, નિરખીને જે વિચરવું, પ્રેક્ષા સંયમ તે હેવ રે, સાધુજી૦ ॥ ૪ ॥ સીદાતા સુ સાધુને, અવલંબનનું દેવું રે, સંગ અસાધુનો વર્જવો, ઉપેક્ષા સંયમ એહવો રે, સાધુજી૦ ॥ ૫ ॥ વિધિપદ પ્રમુખ પ્રમાર્જના, પરિઠવનાદિ વિવેક રે, મન વચ તનુ અશુભે કહિ, નવિ જોડીયે મુનિ લોક રે, સા૦ ॥ ૬ ॥ હિંસા મિથ્યા અદત્ત જે, મૈથુન પરિગ્રહ ત્યાગ રે, સર્વથી કરણ કરાવણે, અનુમોદન નવિ લાગ રે, સા૦ ॥ ૭ ॥ પંચ આશ્રવ અલગા કરો, પંચઇંદ્રિય વશ આણો રે, સ્પર્શનરસનને ઘ્રાણ જે, નયન શ્રવણ એમ જાણો રે, સા૦ ॥ ૮ ॥ શુભ

મલ્યે રાગ ધરે નહિ, અશુભેં દ્વેષ ન આણે રે, પુદ્ગલ ભાવે સમ રહે. તે સંયમ ફલ માણે રે, સા૦ ॥ ૯ ॥ ક્રોધાદિક ચઉજય કરે, હાંસ્યાદિક તસ માંહિ રે, એ અનુભવબંધ ભવદુઃખ દીયે, એમ જાણે મનમાંહિ રે, ॥ ૧૦ ॥ તસ અનુદય હેતુ મેલવે, ઉદયે અફલતા સાધે રે, સફલે પણ તસ ખાંમણે, એમ સંસાર ન વાધેરે, સા૦ ॥ ૧૧ ॥ જે કરતે રે કષાયનો, અગ્નિ ઉપજતો જાણે રે, તે તે હેતુ નવિ મેલવે, તેહિજ સમતા જાણે રે, સા૦ ॥ ૧૨ ॥ તેણે ત્રિભુવન સવિ- જીતીયો, જેણે જીત્યા રાગદ્વેષ રે, ન થયો તેહ તણે વશેં, તે ગુણરત્નનો કોષ રે; સા૦ ॥ ૧૩ ॥ મન વચ કાયા દંડજે, અશુભના અનુબંધ જોડે રે, તે ત્રણ દંડને આદરે, તો ભવબંધ ન તોડે રે, સા૦ ॥ ૧૪ ॥ બંધવ ધન તનુ સુખ તણો, વલી ભય વિગ્રહ છંડે રે, વલી અહંકૃત મમકારના, ત્યાગથી સંયમ મંડે રે, સા૦ ॥ ૧૫ ॥ ઇણીપરે સંયમ ભેદજે, સતર તે અંગે આંણે રે, જ્ઞાનવિમલ ચઢતીકલા, વધતી સમકિત ઠાણે રે, સા૦ ॥ ૧૬ ॥

---

દુહા.

દ્રવ્ય સંયમ બહુવિધ થયો, સિદ્ધિ થઇ નવિ કાંય; સાકર દૂધ થકી વધે, સન્નિપાત સમુદાય. ॥૧॥

સત્ય હોય જો તેહમા, ત્રિકરણ શુદ્ધિ બનાય; સત્યવંત નિર્માયથી; ભાવ સંયમ ઠહરાય. ॥ ૨ ॥

## ઢાલ ૭ મી.

રાગ ધોરણી, વૈરાગી થયો—એ દેશી.

મુનિવર ધર્મ એ સાતમો, ચિત્ત આણો ગુણવંત, સત્ય સહસ્રકર ઉગતે; દંભતિમિર તણો અંતરે, મુનિજન સાંભલો, આદરો એ ગુણસંતોરે; સહુથી આગલો, ભાજે એહથી અત્યંતોરે, ભવભય આમલો. એ આંકણી ॥ ૧ ॥ સત્ય ચતુર્વિધ જીન કહે, નહિ પરદર્શન માંહિ, અવિસંવાદન યોગ જે, નય ગમ ભંગ પ્રવાહિરે, મુનિ૦ ॥ ૨ ॥ મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ; જીણ વિધ જેમ અંગીકર્યું. નિર્વહેવું તેમ તેહરે, મુનિ૦ ॥ ૩ ॥ અકુટિલતા ભાવે કરી, મનવચતનુ નિરમાય, એ ચઉવિધ સત્યે કરી, આતમ ગુણ સ્થિર થાયરે, મુનિ૦ ॥ ૪ ॥ જેમ ભાખે તિમ આચરે, શુદ્ધપણે નિર્લોભ, ગુણરાગી નિયતાદિકે, નિજરૂપે થિરથોભ રે, મુનિ૦ ॥ ૫ ॥ સત્યે સત્ત્વપણું વધે, સત્ત્વે સહજ સ્વભાવ, પ્રકટે નિકટ ન આવહિ, દુર્ધ્યાનાદિ વિભાવ રે. મુનિ૦ ॥ ૬ ॥ સત્યસુકૃતનો સુરતરૂ, ધર્મતણો

ધુરિકંદ, તપ તુલના પણ નવિ કરે, દૂરે ભવભય ફંદ રે, મુનિ૦ ॥ ૭ ॥ સત્યે સમકિત ગુણ વધે, અસત્યે ભવદુઃખ થાય, સત્ય વદંતાં પ્રભુ તણી, આણા નવિ લોપાયરે, મુનિ૦ ॥ ૮ ॥ એક અસત્ય થકી જુઓ, રૂલે ચઉગતિ સંસાર, વસુ પર્વત પ્રમુખા બહુ, તેહના છે અધિકાર રે, મુનિ૦ ॥ ૯ ॥ સત્યપણું ભવિ આદરો, સકલ ધર્મનું સાર, જ્ઞાનવિમલ ગુણ આશ્રયી, સમજો શાસ્ત્ર વિચારોરે, મુનિ૦ ॥ ૧૦ ॥

---

### દુહા.

ભાવ શૌચથી સત્યતા, મનશુદ્ધિ તે હોય, દ્રવ્ય શૌચસ્નાનાદિકે, પાપપંક નવિ ધોય, ॥ ૧ ॥ જો જલથી કલિમલટલે, તો જલચર સવિ જીવ, સદ્‌ગતિ પામે સર્વથા, અવિરતિ તાસ અતીવ, ॥ ૨ ॥

---

### ઢાલ ૮ આઠમી.

પ્રથમ ગોવાલા તણે ભવે જી—એ દેશી.

શૌચ કહીજે આઠમોજી, મુનિવર કેરો ધર્મ, અંતર મલ નાશે લહેજી, પરમ મુક્તિનું શર્મ, સલુણા સંયમ ફલ રસ ચાખ, વિષયાદિક વિષ ફુલડેજી, તિહાં રસીયું મનઅલિ રાખ, સલુણા૦ એ

આંકણી ॥ ૧ ॥ તીર્થંકર ગુરૂસ્વામીનુંજી, જીવ અદત્ત ચઉભેદ, પાવન મન સર્વવિરતિથીજી, ભાવશૌચ ભવ છેદ, સલુણા૦ ॥ ૨ ॥ કહણી રહણી સારિખીજી, જીન વચને અનુસાર, લેશ નહિ જ્યાં દંભનોજી, અહર્નિશ નિરતિચાર, સ૦ ॥ ૩ ॥ ભાવે બારહ ભાવનાજી, અનિત્યપણાદિક જેહ, પંચમહાવ્રતની વલીજી, પણવીસ ભાવે તેહ, સ૦ ॥ ૪ ॥ જ્ઞાન અભયવલી જાણીયેજી, ધર્માલંબન દાન, મન વચ તનુતપ ત્રિહુંવિધેજી, વિનય ભણુન મન ઠામ, સ૦ ॥ ૫ ॥ રાજસ તામસ સાત્ત્વિકેંજી, તપવલી ત્રિવિધ પ્રકાર, તેહમાં સાત્વિક આદરેજી, શ્રદ્ધાગુણ આધાર, સ૦ ॥ ૬ ॥ ભક્ત પાન ઉપકરણનેજી. ગ્રહણ કરે નિર્દોષ, અનાશંસ નિર્માયથીજી. ભાવ શૌચમલ શોષ, સ૦ ॥ ૭ ॥ [૧]માહણ [૨]શ્રમણ દયાપરાજી, [૩]ભિક્ષુ [૪]નિર્ગ્રંથ વખાણ, એ ચઉનામે સુયગડેજી, સોલમા ધ્યયને જાણ. સ૦ ॥ ૮ ॥ જ્ઞાનવિમલ પ્રભુતા ઘણીજી. તસ સુખનો નહિ પાર, ભાવશૌચપીયૂષમાંજી. જે ઝીલે નિરધાર, સ૦ ॥ ૯ ॥

### દુહા.

મન પાવન તો નિપજે, જો હોય નિસ્પૃહ ભાવ; તૃષ્ણા મોહથી વેગલો, તેહિજ સહજ સ્વભાવ. ॥ ૧ ॥ અરિહંતાદિક પદજીકે, નિર્મલ આતમ ભાવ, તેહ અકિંચનતા કહી, નિરૂપાધિક અવિભાવ. ॥ ૨ ॥

---

### ઢાલ ૯ મી.

રસીયાની.

નવમો મુનિવર ધર્મ સમાચારો, અમલ અકિંચન નામ; સુગુણનર૦ આશંસા ઇહભવ પરભવ તણી, નવિ કીજે ગુણધામ, સુગુણનર ચતુર સનેહી અનુભવ આતમા. એ આંકણી ॥ ૧ ॥ ઉપધિ પ્રમુખ જે સંયમ હેતુને, ધારે ધર્મને કામ; સુગુણનર૦ લજ્જાદિક કારણ પણ દાખીયો, અશનાદિક જેમ જાણ. સુ૦ ચતુર૦ ॥ ૨ ॥ મૂર્ચ્છા પરિગ્રહ જીનવરે ભાંખીયો, ગૃધ સંભાવેરે જેહ; સુ૦ ધર્માલંબન હેતે નવિ કહ્યો, સંયમ ગુણ ધરે જેહ. સુ૦ ચતુર૦ ॥ ૩ ॥ ગામ નગર કુલગણ બહુ સંઘની, વસતિ વિભૂષણ દેહ; સુ૦ મમકારાદિક જોગે નવિ ધરે, ઉદય સભાવમાં તેહ. સુ૦ ચ૦ ॥ ૪ ॥ નિંદા સ્તુતિ રૂષે તુષે નહિ, નવિ વર્તે પરભાવ; સુ૦ સુખ દુઃખે આપસરૂપ ન પાલટે, કર્મ

પ્રકૃતિ ચિત્ત લાવ. સુ૦ ચ૦ ॥૫॥ મોહ મદન મદ રાગથી વેગલા, ત્રિકરણ શુદ્ધ આચાર; સુ૦ એવા સુવિહિત જે સુખ અનુભવે, જીવન મુકિત પ્રચાર. સુ૦ ચ૦ ॥ ૬ ॥ પરઆશાના દાસ ન જેહ છે, સમ્પૂર્ણ સુખખાણ; સુ૦ કંચન કક્કર સ્ત્રીગણ તૃણ સમો, ભવ શિવ સમ વડમાન. સુ૦ ચ૦ ॥ ૭ ॥ આકિંચન કહ્યો ગુણ ભાવથી મમકારાદિ અલેપ; સુ૦ જાત્ય તુરંગ જીમ ભવ્ય વિભૂષણે, ન ધરે ચિત્ત આક્ષેપ. સુ૦ ચ૦ ॥૮॥ સહજ વિનાશી પુદ્‌ગલ ધર્મ છે, કિમ હોય સ્થિર ભાવ; સુ૦ જ્ઞાનવિમલ અનુભવ જે આપણો, અક્ષય અનંત સભાવ. સુ૦ ચ૦ ॥૯॥

---

દુહા.

તેહ અકિંચન ગુણ થકી, હોયે નિર્મલ શીલ; કિંકર સુરનર તેહના, અવિચલ પાલે લીલ. ॥ ૧ ॥ સંકટ નિકટ આવે નહિ, જેહને શીલ સહાય; દુઃખ દુર્ગતિ દૌર્ભાગ્ય સવિ, પાતક દૂર પલાય. ॥ ૨ ॥

---

ઢાલ-૧૦ મી.

ઝાંઝરીયા મુનિવર-એ દેશી.

બ્રહ્મચર્ય દશમો કહયોજી, મુનિવર કેરો ધર્મ, સકલ સુકૃતનું સાર છેજી, ઇહ પરભવ લહે શર્મ,

બલિહારી તેહની શીલ સુગંધા સાધુ. ॥ ૧ ॥ માત પિતા ધન તેહનાજી, ધન ધન તસ અવતાર, વિષય વિષે નવિ ધારિયાજી, અનુભવ અમૃત ભંડાર, બલિહારિ૦ ॥ ૨ ॥ ઔદારિક વૈક્રિય તણાજી નવ નવ ભેદ અઢાર, કૃત કારિત ને અનુમતેજી, મન વચ કાય વિચાર, બલિ૦ ॥ ૩ ॥ સંજ્ઞાદિક જોગે કરીજી, જે હોયે સહસ અઢાર, શીલરથ કહીએ તેહનેજી, સઝાયાદિ વિચાર, બલિ૦ ॥ ૪ ॥ સમિતિ ગુપ્તિને ભાવતાજી, ચરણ કરણ પરિણામ, આવશ્યક પડિલેહણાજી, અહર્નિશ કરે સાવધાન. બલિ૦ ॥ ૫ ॥ સામાચારી દશવિધેજી, ઇચ્છાદિક ચક્રવાલ, પદ વિભાગ નિશીથાદિકેજી, ઓઘ પ્રમુખ પરનાલ, બલિ૦ ॥૬॥ સદાચાર એમ દાખીયેંજી, શીલ સરૂપે નામ, એણિપરે ત્રિવિધે જે ધરેજી, તે ગુણરત્ન નિધાન, બ૦ ॥ ૭ ॥ તે ત્રિભુવન ચૂડામણીજી, વિશ્વતણા આધાર, દ્રવ્યભાવગુણ રત્નનાજી, નિધિ સમજે અણગાર, બલિ૦ ॥ ૮ ॥ જીણુજીણુ ભાવ વિરાગતાજી, પામે દૃઢતારૂપ, ત્રિવિધ ત્રિવિધે તે આદરેજી અતુલી બલમુનિ ભૂપ, બલિ૦ ॥ ૯ ॥ જેણે સંયમ આરાધીયોજી, કરતલ શિવસુખ તાસ, જ્ઞાનવિમલ ચઢતી કલાજી, પ્રગટે પરમ પ્રકાસ, બલિ૦ ॥ ૧૦ ॥

## દુહા.

ધૃતિ હાથો મન કીલિકા, ક્ષમા માંકડી જાણ,
કર્મધાનને પીસવા, ભાવઘરટ શુભ આણ. ॥ ૧ ॥
એ દશવિધ મુનિધર્મનો, ભાંખ્યો એહ સઝાય,
એહને અંગે આણતાં, ભવભય ભાવઠ જાય. ॥૨॥
પરમાનંદ વિલાસમાં, અહર્નિશ કરે ઝકોલ, શિવ-
સુંદરી અંકે રમે, કરી કટાક્ષ કલોલ, ॥ ૩ ॥

---

## ઢાલ-૧૧ મી.

એહવા મુનિ ગુણ રયણના દરિયા, ઉપશમ રસ જલ ભરિયાજી, નયગમ તટિની ગણ પરિવરિયા, જીનમારગ અનુસરિયાજી, તે તરીયા ભાઇ તે તરીયા. ॥ ૧ ॥ અતિ નિર્માયપણે કરે કિરિયા, ધનધન તેહના પરિયાજી, છંડે અશુભ ત્રિયોગે કિરિયા, ચરણ ભવન ઠાકુરિયાજી, તે તરીયા૦ ॥ ૨ ॥ અહર્નિશ સમતાવનિતા વરીયા, પરિસહથી નવિ ડરીયાજી, હિતશીખે ભવિજન ઉધરીયા, ક્રોધાદિક સવિ ઠરીયાજી, તે તરીયા૦ ॥ ૩ ॥ શીલ સન્નાહે જે પાખરીયા, કર્મ કર્યાં ખાખરીયાંજી, જેહથી અવગુણ ગણ થરહરિયા, નિકટે તેહ ન રહીયાજી, તે તરીયા૦ વીરવચન ભાંખે સાકરીયા, નહિ આશા ચાકરી-

યાજી, જ્ઞાનવિમલ પ્રભુ જેણે શિર ધરીયા, તસ જસ જગેં વિસ્તરીયાજી, તે તરીયા૦ ॥ ૫ ॥

કલશ–એમ ધર્મ મુનિવર, તણો દશવિધ, કહયો શ્રુત અનુસારએ, ભવિ એ આરાધો, સુખ સાધો, જીમ લહો ભવ પારએ, ॥ ૧ ॥ શ્રી જ્ઞાનવિમલ સૂરીંદ પભણે, રહી સુરત ચઉમાસએ, કવિસુખ-સાગર કહણથીએ, કર્યો એમ અભ્યાસએ. ॥ ૨ ॥ આદર કરીને એહ અંગે, ગુણ આંણેવા ખપ કરે, ભવ પરંપર પ્રબલ સાગર, સહજ ભાવે તે તરે, ॥ ૩ ॥ એમ ગુણ વિશાલા કુસુમ માલા, જેહ જન કંઠે ઠવે, તે સયલ મંગલ કુશલ કમલા, સુજશ લીલા અનુભવે, ॥ ૪ ॥ કુલ ગાથા ૧૪૪ શ્લોક સંખ્યા–૨૩૬

---

## पद्मविजयजी महाराजनी सज्झाय.

દેવસમા ગુરૂ પદ્મવિજયજી, સબહી ગુણે પુરા; શુદ્ધ પ્રરૂપક સમતાધારી, કોઇ વાતે નહી અ-ધુરા. મુનીશ્વર લીજે વંદના હમારી, ગુરૂ દર્શન સુખકારી. મુની૦ એ આંકણી ॥ ૧ ॥ સંવત અઢાર છાસઠની સાલેં, ઓસવાલ કુલેં આયા; ગામ ભરૂ-ડીએ શુભ લગ્નેં, માતા રૂપાંબાઇએ જાયા. મુની૦ ॥ ૨ ॥ સત્તર વર્ષના રવિ ગુરૂ પાસે, હુવા યતિ વેષ-

ધારી; ગુરૂ વિનયે ગીતારથ થયા, ચંદ્ર જેસા શીતલકારી. મુની૦ ॥ ૩ ॥ સંવત ઓગણીઅગીઆરાની સાલેં, સંવેગ રસ ગુણ પીધો; રૂપે રૂડા જ્ઞાને પુરા, જીનશાશન ડંકો દીધો. મુની૦ ॥ ૪ ॥ સંવત ઓગણી ચોવીસાની સાલે, છેદોપસ્થાપન કીધો; મહારાજ મણિવિજયજી નામનો, વાસક્ષેપ શીર લીધો. મુની૦ ॥ ૫ ॥ દિન દિન અધિકે સંવેગ રંગે, કામ કષાય નિવારી; ધર્મ ઉપદેસે બહુ જીવ તારી, જ્ઞાન ક્રિયા ગુણ ધારી. મુની૦ ॥ ૬ ॥ સંવત ઓગણી આડત્રીસ વૈશાખે, શુદિ અગીઆરસ રાતે; પ્રથમ જામે (પલાંસવા) કાલધર્મ કીધો, જીત વંદે નિત્ય પ્રિતે. મુની૦ ॥ ૭ ॥

---

## बारमा पाप स्थानकनी सज्झाय.

જેહને કલહ સંઘાતે પ્રીતરે, માંહોમાંહે મલે નહિ ચિત્તરે; જેહને ઘેર હોય વઢવાડરે, જાણે ચાલતી આવી ધાડરે. ॥ ૧ ॥ અનુક્રમે ઘરથી લક્ષ્મી જાયરે, ઘણા કાલની હુંતી આયરે; કલહે કલશાનું જલ જાયરે, કલહે ભલી વાર ન થાયરે. ॥ ૨ ॥ કલહે નાસે ઘરના દેવરે, કલહે ઉદ્વેગ નિત્ય મેવરે; કલહે વાધે જગ અપવાદરે, કલહે વાધે મન વિખવાદરે.

॥ ૩ ॥ કલહે પૂર્વજ કીર્તિ ઘટેરે, કલહે માંહોમાંહે કટેરે; કલહે ત્રૂટે પ્રીત પ્રતીતરે, કલહે અપજશ હોય ફજેતરે. ॥ ૪ ॥ કલહે આર્ત્તરૌદ્રનો જોરોરે, દુર્ગતિ દાયક ધ્યાન એ પુરોરે, કલહે ધોબી સમ સાધુ કહ્યા રે, કોણિક સરિખા દુર્ગતિ લહ્યારે. ॥ ૫ ॥ કલહ કરી ખમાવે જેહરે, આરાધક કહ્યા વીતરાગે તેહરે; કલહથી બાહુબલ ઓસરીયારે, દ્રાવિડવારિખિલ ભવજલ તરીયારે. ॥ ૬ ॥ કલહે વાધે નિત્ય શોગરે, કલહ તે જાણો મોટો રોગરે; એહવું જાણી કલહ જે વામેરે, પદ જીતતણા તે પામેરે. ॥ ૭ ॥

---

## શ્રી પરદેશી રાજાની સજાય.

જીહો પરમપુરૂષ પરમેશ્વરૂ રે લાલા, પુરૂષાદાણી રે પાસ; જીહો ચરણ કમલ નમી તેહના રે લાલા, પુરે વંછિત આશ; સુગુણનર સાંભળો સુગુરૂ ઉપદેશ, એ આંકણી૦ જીહો જે ટાલે ભવના કલેશ. સુ૦ ॥ ૧ ॥ જીહો મોહ મિથ્યાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ, જીહો વૈદ્ય રાજગુરૂ વચનથી રે લાલા, ઓષધ જ્ઞાન વૈરાગ, સુ૦ ॥ ૨ ॥ જીહો ગુરૂ કારીગર સારીખા રે લાલા, ટંકણ વચન વિચાર; જીહો પત્થરસે પડિમા કરે રે લાલા, લહે પૂજા અપાર,

સુ૦ ॥ ૩ ॥ જીહો ચોથા પટધર પાર્શ્વના રે લાલા, કેશી નામે કુમાર, જીહો ચાર મહાવ્રત આદરી રે લાલા, કરે બહુ જીવ ઉપગાર. સુ૦ ॥ ૪ ॥ જીહો વિચરતાં મુનિ આવીયા રે લાલા, શ્વેતાંબીનયરી મોઝાર; જીહો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર. સુ૦ ॥ ૫ ॥ જીહો ચિત્રસારથિ લેઇ આવીઓ રે લાલા, જીહાં કેશી ગણધાર; જીહો વંદના રહિત બેઠો તિહાં રે લાલા, પૂછે પ્રશ્ન ઉદાર. સુ૦ ॥ ૬ ॥ જીહો દાદો પાપી પ્રશ્ન ઉપરે રે લાલા, સુરિકંતાનો રે ન્યાય; જીહો દાદી ધરમી દેવ ઉપરે રે લાલા, જીમ તું ભંગીત્રર ન જાય. સુ૦ ॥ ૭ ॥ જીહો જીવ કોઠીથી નીકલ્યો રે લાલા, તે કુટશાલાનો ન્યાય, જીહો જીવકોઠીમાંહે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય. સુ૦ ॥ ૮ ॥ જીહો બાલક બાંણ ચલે નહી રે લાલા, ત્રુટે જીમ કબાન; જીહો બુઢાસુ ભાર વહે નહી રે લાલા, જુની કાવડ જ્યું જાણ. સુ૦ ॥૯॥ જીહો જીવ મારીને તોલીયો રે લાલા, [1]દીવડી ન ઘટે રે જેમ, જીહો પુરૂષ મારી જીવ જોઇઓ રે લાલા, તે કઠીઆરા એમ. સુ૦ ॥ ૧૦ ॥ જીહો આમલા પ્રમાણે જીવ પૂછીઓ રે લાલા, વૃક્ષપાન કોણ હલાય, જીહો કુંજર કંથુઆ ઉપરે રે લાલા, દીવાનું દષ્ટાંત લગાય,

---

[1] ધમચુ.

સુ૦ ॥ ૧૧ ॥ જીહો મુજથી લીધો મત છુટે નહી રે લાલા, તે લોહવાણીઆ જેમ, જીહો પછે પસ્તાવો કર્યો રે લાલા, અગીયારમો દૃષ્ટાંત એમ, સુ૦ ॥ ૧૨ ॥ જીહો ઉત્તર અગીયારે સાંભળી રે લાલા, બુઝયો પરદેશી રે રાય, જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભિ નિર્માય, સુ૦ ॥ ૧૩ ॥ જીહો સુરીકંતા નિજ નારીયેં રે લાલા, ઉપસર્ગ કીધો અપાર, જીહો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યો દેવ મોઝાર, સુ. ॥ ૧૪ ॥ જીહો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરીયાભસુર સુખદાય; જીહો ધર્મશાસ્ત્ર વાંચી ગ્રહ્યો રે લાલા, ધર્મતણો વ્યવસાય. સુ૦ ॥ ૧૫ ॥ જીહો ત્યાં જિનપડિમા પૂજીને રે લાલા, કરે જીન ભક્તિ ઉદાર, જીહો ચવી મહાવિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર, સુ૦ ॥ ૧૬ ॥ જીહો સંક્ષેપે સઝાય કહી રે લાલા, રાયપસેણી સૂત્રે વિસ્તાર; જીહો પદ્મવિજયજી સુપસાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર, સુ૦ ॥ ૧૭ ॥

---

## अथ शीखामणनी सज्झाय.

ચોવીસ જીન પ્રણમી કરી, સુગુરૂતણે સુપસાયજી, સઝાય કહું રે સોહામણી, ભણતાં સુણતાં સુખ

થાયજી, સુણજો સાજન શીખડી. ॥ ૧ ॥ સુદેવ સુગુરૂ સુધર્મની, પરિક્ષા ન કરી લગારજી; દષ્ટિ રાગે રે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસારજી, સુણજો. ॥ ૨ ॥ લાખચોરાશી યોનિમાં, ભમ્યો કાલ અનંતજી, જન્મમરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી, સુણજો૦ ॥ ૩ ॥ મનુષ્યજન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીતજી, ધર્મકુટુંબ નવી ઓલખ્યો, કામ કર્યાં વિપરીતજી. સુણજો૦ ॥ ૪ ॥ પાપનું મુળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી; માતા હિંસા રે પાપની, પુત્ર લાલચ અશુભજી, સુણજો૦ ॥ ૫ ॥ કુબુદ્ધિ પાપની સ્ત્રી છે, પાપની બેન તે રીસજી, જુઠ ભાઈ તે પાપનો, પુત્રી તૃષ્ણા તે કૃશજી. સુણજો૦ ॥૬॥ પાપકુટુંબને પરિહરી, ધર્મ કુટુંબશું ધરો નેહજી, નામ બતાવું રે તેહનાં, જેહથી લહીએ ભવ છેહજી. સુણજો૦ ॥ ૭ ॥ ધર્મનું મુળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણજી; માતા દયાતે ધર્મની, પુત્ર સંતોષ સુજાણજી, સુણજો૦ ॥ ૮ ॥ ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતાશું રાચજી, સુબુદ્ધિ બેન તે ધર્મની, ધર્મનો ભાઈ તે સાચજી. સુણજો૦ ॥ ૯ ॥ પાંચેઇંદ્રિ જે વશ કરે, જગમાં તેહીજ સુરજી, પર ઉપગાર કરે તે ધનવંત, કુલક્ષણ ન સેવે તે ચતુરજી, સુણજો૦

॥ ૧૦ ॥ ધર્મવ્રત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાયજી, પદ્મવિજય સુપસાયથી, જીત નમે તેહના પાયજી. સુણજો૦ ॥ ૧૧ ॥

---

## શ્રી ધર્મઆરાધનાની સજ્ઝાય.

સરસતિસામિની વિનવું, સુણ પ્રાણીજી રે, સુગુરૂના પ્રણમી પાય, અતિ ઉછાંહે સુણ પ્રાણીજી રે, ધર્મનો મહિમા વરણવું. સુણ૦ જેહથી શિવસુખ થાય, પાપ પલાએ. સુણ૦ ॥ ૧ ॥ સુમતિ નારી એમ વિનવે, સુ૦ ધર્મ કરો સહુ કોય. જિમ સુખ હોય, સુણ૦ ધર્મથી સાતે સુખ લહે. સુ૦ સંપતિ સુકુલિણી નાર, દેહકરાર. સુણ૦ ॥ ૨ ॥ ચોથું સુખ ન જઇયે ગામ. સુ૦ પંચમ સુખ રહેવા ઠામ, અતિ અભિરામ, સુ. પુત્રવિનીત પંડિતપણું. સુ૦ સાતમે ધર્મ વીતરાગ, સહુમાં સોભાગ. સુ૦ ॥ ૩ ॥ ધર્મવિના જીવદુઃખ લહે. સુ૦ કુપુત્ર કુલટાનાર, આંગણે ઝાડ. સુ૦ દેહરોગીલી ઋણઘણો. સુ૦ ન ગમે ધર્મની વાત, કરે પરતાત. સુણ૦ ॥ ૪ ॥ ધર્મનીમાતા દયા કહી, સુ૦ જે પાલે નરનાર, પામે ભવપાર. સુ૦ જીત કહે જીનધર્મ કરો. સુ૦ જાણી અથિર સંસાર, આતમતાર, સુ૦ ॥૫॥

---

# अथ मंगल.

ચાલો સહીયર મંગલ ગાઇએ, લહીયેં પ્રભુનાં નામ રે, પહેલું મંગળ વીરપ્રભુનું, બીજું ગૌતમ સ્વામી રે, ત્રીજું મંગળ સ્થુલભદ્રનું, ચોથું મંગળ ધર્મ રે. ચાલો૦ ॥ ૧ ॥ જીવની જયણા નિત્યનિત્ય કરીએ, કીજીયેં જીનધર્મ રે, જીવ અજીવને ઓલખીએ તો, સમકીતનો મર્મ રે. ચાલો૦ ॥ ૨ ॥ છાણાં ઇંધણાં નિત્યનિત્ય પુંજીએ, ચુલેચંદ્રવો બાંધીએ રે, પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણું ઢાંકીએ રે, ચાલો૦ ॥ ૩ ॥ શીયાળે પકવાન દિનત્રીશ, ઉનાળે દીનવીસરે, ચોમાસે પંદરદિન માન, ઉપર અભક્ષ્ય જાણ રે. ચાલો૦ ॥ ૪ ॥ ચઉદથાનકીઆ જીવ ઓળખીએ, પન્નવણા સૂત્રની સાખે રે, વડીનીતમાત્રુબળખામાંહે, અંતર્મુહુર્ત પાખેં રે. ચાલો૦ ॥ ૫ ॥ શરીરનો મેલ નાકનો મેલ, વમનપીત સાતમે રે, શુક્ર શોણિત મૃતકલેવર, ભીન્નુકલેવર અગીયારમે રે. ચાલો૦ ॥ ૬ ॥ નગરનો ખાળ અશુચિ ઠામ, સ્ત્રી પુરૂષસંગમેં રે, ઉપજે તિહાં મનુષ્યાસમુર્છિમ, સ્થાનક જાણો ચૌદમે રે, ચાલો૦ ॥ ૭ ॥ અસંખ્યાતા અંતર્મુહૂર્ત આઉખે, બીજાનો નહિપાર રે, બાવીશ અભક્ષ્ય બત્રીસ અનંતકાય, વર્જેનરને નાર રે.

ચાલો૦ ॥ ૮ ॥ આપવેદના પરવેદના સરખી, લેખવીએ આઠ જામે રે, પદ્મવિજયજી પસાયથી પામે, જીત ઠામોઠામે રે. ચાલો૦ ॥ ૯ ॥ ઇતિ.

## पांचमा आरानी सझाय.

અરિહંત સિદ્ધ સૂરિ વાચક મુનિ, તેહનું સ્મરણ કરો ઉત્તમ પ્રાણી; નામ લેતાં જય જયકારે, પુરૂં સુખ નહિં પંચમ આરે. ॥ ૧ ॥ નિત્ય નિત્ય ઉઠી ગામડીએ જાવે, વળી માથે ભાર ઉઠાવી લાવે, વેઠ કરી પેટ ભરે જેની વારેં. પુરૂ૦ ॥ ૨ ॥ દેશ પરદેશમાં બહુરે ભમે, તોહી સ્વાર્થી કુટુંબને નવીય ગમે, ભમી ભમી ઝડપજ મારે. પુરૂ૦ ॥ ૩ ॥ એક એક ને વણજમાં હુવોરે ત્રોટો, તેહને શોચ લાગ્યો છે બહુરે મોટો, રાત દિવસ છાતી બળે ભારે. પુરૂં૦ ॥ ૪ ॥ કેઇ કેઇ ને વણજમાં નફો રે ઘણો, તેહને શોચ લાગ્યો છે પુત્ર તણો, પુત્ર હોવે તો નિર્ધન ભારે. પુરૂં૦ ॥ ૫ ॥ પુત્રની જો દિશ મળી, તો પાડોશી ખોટા મલીઓ, ઉભા છે લેણીઆત લારો લારે. પુરૂં૦ ॥ ૬ ॥ પાડોશી ઉત્તમ મલીઓ તો, ઘેરનારી સાપિણી જેસી, રાત દિવસ મસકાં મારે. પુરૂં૦ ॥૭॥ નારી તો પુણ્ય યોગેં મલી, તો શરીરેં રોગ ઉપન્યો

ભારી; રાત્રિ દિવસ હૃદય બળે ભારે. પુરૂં૦ ॥ ૮ ॥ શરીરે સાતા કિણે પાઇ, તો ઘેર બેટી ઝાઝી જાઇ, નિશદિન ચિંતા હુએ ભારે. પુરૂં૦ ॥ ૯ ॥ કેઇ કેઇ ને પુત્ર હુવારે ઝાઝા, પછી પરણીને જુદા થયા, કોઇ ન સંભાળે ઘરડાંને મારે. પુરૂં૦ ॥ ૧૦ ॥ ઇહ સંસારે ખટપટ ઘણી, એક રાજને બીજી ધન તણી, એહવું જાણી જૈન ધર્મ કરો, તો વિનયવિજય સુખ નહિં રહે પરો, પુરૂં સુખ નહિં પંચમ આરે. ॥ ૧૧ ॥

---

શ્રી વિજયરત્ન સૂરિ કૃત.

## બીજની સજ્ઝાય.

બીજ તણે દિન દાખવ્યો રે, દુવિધ ધર્મ પ્રકાર; પંચ મહાવ્રત સાધુનાં રે, શ્રાવકનાં વ્રત બાર રે, પ્રાણી ધર્મ કરો સુવિવેક, જેમ પામો સુખ અનેક રે, પ્રાણી ધર્મ કરો સુવિવેક, એ આંકણી૦ ॥ ૧ ॥ પ્રાણાતિપાત વિરમણ પહેલું રે, જાવજ્જીવ તે જાણ; મૃષાવાદ વિરમણ બીજું રે, મોટું તેહ વખાણ રે. પ્રાણી૦ ॥ ૨ ॥ જાવજ્જીવ ત્રીજું વલી રે, વિરમણ અદત્તાદાન; ચોથું વ્રત પાલતાં ઘણું રે, જગમાં વાધે માન રે. પ્રાણી૦ ॥ ૩ ॥ નવવિધ પરિગ્રહ છંડતાં રે, પંચમી ગતિ શુભ ઠાણ; વ્રત સુધાં એ પાલતાં રે, અણગારી

કહે નામ રે. પ્રાણી૦ ॥ ૪ ॥ બારે વ્રત પાલે ભલાં રે, શ્રાદ્ધનો એ આચાર; પડિકમણાં દોય ટંકનાં રે, રાખે ધર્મશું પ્યારરે. પ્રાણી૦ ॥ ૫ ॥ એહવાં વ્રત પાલે સદા રે, શાસ્ત્ર તણે અનુસાર; આરાધક તેહને કહ્યા રે, તે પામે ભવપાર રે. પ્રાણી૦ ॥ ૬ ॥ મિથ્યામાં ભૂલો ભમ્યો રે, આરે અનાદિનો જીવ; સાર ધર્મ નવિ ઓળખ્યોરે, જેહથી મોક્ષ સદૈવ રે. પ્રાણી૦ ॥ ૭ ॥ આરંભ છંડો આતમા રે, સમિતિ ગુપ્તિશું પ્રીત; આઠે મદ દૂરે તજો રે, ધર્મ કરો સુવિનીત રે. પ્રાણી૦ ॥ ૮ ॥ પાલો જીનની આણના રે, જો ચાહો શિવરાજ શ્રી વિજયરત્ન સુરીંદનો રે, દેવનાં સાર્યાં કાજ રે. પ્રાણી૦ ॥ ૯ ॥

---

જ્ઞાનવિમલજીકૃત.

## आत्माने शिखामणनी सज्झाय.

મારા આતમ એહિજ શીખ સાંભલો, કાંઇ કુમતિ કુસંગતિ ટાળો રે, મારા૦ ॥ એ આંકણી ॥ સુગુરૂ સુદેવ સુધર્મ આદરજે, દોષ રહિત ચિત્ત ધરજે, દોષ સહિત જાણી પરિહરજે, જીવદયા તું કરજે રે, મારા૦ ॥ ૧ ॥ પાછલી રાતે વહેલો જાગે, ધર્મતણે લયલાગે, લોકવ્યાહાર થકી મત

ભાગે, કષ્ટ પડચે મમ માગે રે, મારા૦ ॥ ૨ ॥ દુઃખ આવે પણ ધર્મ મ મુકે, આચાર મ ચુકે, ધરતી જોઇને પગ તું મુકે, પાપે કેમહિ મ ઢુકે રે, મારા૦ ॥ ૩ ॥ સદ્દગુરૂ કેરી શીખ સુણીજે, આગમનો રસ પીજે, આલી રીસેં આળ ન દીજે આપ વખાણ ન કીજે રે, મારા૦ ॥ ૪ ॥ શકતેં વ્રત પચ્ચખ્ખાણ આદરીયેં, લાભ જોઇ વ્યય કરીએ, પરઉપગારે આગલ થાનેં, વિધિશું યાત્રાર્થે જઇએ રે, મારા૦ ॥ ૫ ॥ સમકિતમાં મત કરજે શંકા, ધર્મે મ થાઇશ વાંકા, છંડી સત્ય ન થાએ રંકા, સંતોષ સોવન ટંકા રે, મારા૦ ॥ ૬ ॥ કિમહિ જુઠું વચણ મ ભાખે, જીન ભેટે લેઇ આખે, શીલરત્ન રૂડી પરે રાખે, હીણે હીનતા ન દાખે રે, મારા૦ ॥ ૭ ॥ જ્ઞાન-દેવગુરૂ સાધારણનું, દ્રવ્ય રખોપું કરજે, પાખંડી અન્યાયતણું દ્રવ્ય, સંમતિ દૂરેં કરજે રે, મારા૦ ॥ ૮ ॥ સમકિત ધર્મ મ મૂકે ઢીલો, વ્યસનેં મ થાઇશ વીલો, ધર્મ કાજે થાએ તું પહેલો, એહિજ જશનો ટીલો રે, મારા૦ ॥ ૯ ॥ વિનય કરે જે ગુરૂ જન કેરો, પંચપર્વ ચિત્ત ધારે, હીન મહોદય અનુ-કંપાએ, દુઃખીઆને સાધારે રે, મારા૦ ॥ ૧૦ ॥ શક્તિ પાખે મ કરીશ મોટાઇ, શુભ કામે ન છોટાઇ,

છોડીજે ચુગલ ચોટ્ટાને, મલવું ન દુષ્ટથી કાઇ રે મારા૦ ॥ ૧૧ ॥ ધર્મક્ષેત્રે નિજ ધનને વાવે, જેમ આગલ સુખ પાવે, પરનિંદા નિજ મુખે મત લાવે, આપે લઘુતા ભાવે રે, મારા૦ ॥ ૧૨ ॥ ઉદ્દેરી મત કરજે લડાઇ, આદરજે સરલાઇ, ફુલાવ્યો ચિત્ત ન ધરે જડાઇ, પામીશ એમ વડાઇ રે, મારા૦ ॥ ૧૩ ॥ વિધિશું સમજી વ્રત આદરજે, ત્રણકાલ જીન પૂજે, બુધ પૂછીને ઉદ્યમ કરજે, વ્યસન અવશ્ય પરિહરજે રે, ॥ ૧૪ ॥ જ્ઞાનવિમલ ગુરૂ સેવા કરીએ તો ભવસાયર તરીએ, શિવસુંદરીને સહેજે વરીએ, શુદ્ધ માર્ગ અનુસરીએ રે, મારા૦ ॥ ૧૫ ॥

---

## सुजद्रा सतीनी सज्ञाय.

હું પભણું શી એહની વાત, નામ સતીનું લીજીએં; પ્રહ ઉઠી રે પહેલે પ્રભાત, સત્ત રે જો જો સુભદ્રા તણું. ॥ ૧ ॥ મુનિવર વહોરણ પાંગર્યા, નિયમવંતી રે તિહાં આવે અધીર; કારણ ઉડે કાંકરા, તરણું ખુત્યું રે તિહાં વાયે સમીર. સત્ત રે૦ ॥ ૨ ॥ તરણું તે ખુત્યું આંખમાં, તેણે કરી રે વહે લોહિની ધાર; સુભદ્રાને બારણે આવીઆ, નયણે નિરખે રે. ઋષિ પીડા અપાર. સત રે૦ ॥ ૩ ॥ મસ્તકેં મસ્તક

બીડીયાં, જીભે કરીરે કાઢે નયણુની સાલ; સાધુ નિરાબાધ થઇ ગયા, પુંઠે જો જો રે એહના થાય હવાલ. સત્ત રે૦ ॥ ૪ ॥ શ્રાવક કુલમાં ઉપની, પરણાવી રે વલી માચે મિથ્યાત્વ; તોયે સમકિત સુધું વહે નિજ હૈયડે દેવ ગુરૂ ધર્મ ક્યાત. સત રે૦ ॥ ૫ ॥ સુભદ્રાને લલાટે ચાંદલો, તે તો થયો રે સાધુને લલાટ; સાસુ દેખી ક્રોધે ધડહડી, રોસે ભરી રે કુહવાણી રાંડ. સત્ત રે૦ ॥ ૬ ॥ સાંભલ વચ્છ કહું વાતડી, રાતડીયે રે ઋષિ રાતડ દેત; મનમાંહે વાતજ રાખજે, જેમ આપણા ઘરમાં ન થાય ફજેત. સત્ત રે૦ ॥ ૭ ॥ ગુણહીણી તુઝ ગોરડી, જેણે અતીતશું રે આલિંગન દીધ; મુઝ ટળી કેણે ન દીઠડી, પાપ એહવાં રે તુઝ વહુઅરે કીધ. સત્ત રે૦ ॥ ૮ ॥ સાસુડીએ કુડી સહી, સંભલાવી રે સહુ સજ્જનને વાત; ભરતાર પણ ભંભેરીયો, કુડે કલંકે રે એમ ખેલી વાત. સત્ત રે૦ ॥ ૯ ॥ મન ભાંગ્યું ભરતારનું, રયણી ભર રે નવિ રંગને ભોગ; નેહ નયણે નવિ નિરખતાં, છતે જોગે રે સંજોગ વિયોગ. સત્ત રે૦ ॥ ૧૦ ॥ શાશનનાયકદેવતા, દુખ દેખી રે સતીનું અપાર; આફરવાં તેણી વેળાએ, દેવરાંણાં રે ચંપાનાં બાર. સત્ત રે૦ ॥ ૧૧ ॥ રાજાને જઇ સંભલાવીયું, સુણો સ્વા-

મીરે નગરી ઉત્પાત; ચંપાપોળ ચઉદિશે જડી, પશુ માનવી રે દુખડાં ન ખમાત. સત્ત રે૦ ॥ ૧૨ ॥ રાજા તે રોસે ઉઠીયો, ઘણુ ઘાયે રે કરો ચકચૂર; કમાડ કુહાડે ભાંગજો, મથી મથી રે કાઢે સુભટ જોર. સત્ત રે૦ ॥ ૧૩ ॥ વજ્રકમાડ પોળે જડયાં, મથી મથીને રે જોર કરીને જાય; હાલકલોલ લોક આકુલાં, પશુ માનવી રે દુખડાં ન ખમાય. સત્ત રે૦ ॥ ૧૪ ॥ રાજા પ્રજા સહુ દુઃખ ધરે, કહો કરવો રે હવે કિશ્યો ઉપાય, દેવ વાણી તત્ક્ષણ થઇ, કહ્યું કરજો રે જેમ તુમ સુખ થાય. સત્ત રે૦ ॥ ૧૫ ॥ મન વચન કાયાએ કરી, શીલે સાચી રે વલી જે હોશે નાર; કૂપ કાંઠે ભરી ચાલણી, છાંટી ઉઘાડે રે ચંપાના બાર. સત્ત રે૦ ॥૧૬॥ વડા વડા રાયની કુંવરી, સતી શિરોમણી રે મારે ઘેરછે નાર, કુપ કાંઠે થઇ એકઠી, સુત્ર તાંતણો રે ચાલણી ન ખમે ભાર, સત્ત રે૦ ॥ ૧૭ ॥ સાત વાર ત્રુટી પડી, તવ ચાલણી રે પડી કૂપ મઝાર, રાજાનું મન ઝાંખું થયું, સતી કોઇ નહિ મારે ઘેર નાર, સત્ત રે૦ ॥ ૧૮ ॥ રાજાએ પડો વજડાવીયો, કોઇ ઉઘાડે રે ચંપાનાં બાર, રાજભાગ વેંચી દઉં, વલી આપું રે અર્થ ગરથ ભંડાર, સત્ત રે૦ ॥ ૧૯ ॥ પડો વાજંતો આવીયો, આંગણે ઉભીરે સુભદ્રા નાર, સાસુજી દીઓ

મુઝ શીખડી, જઇ ઉઘાડું રે ચંપાનાં બાર, સત્ત રે૦ ॥ ૨૦ ॥ વારી વારી વહુઅર શું કહું, તું નિર્લજને કાંઇ નથી લાજ, રાજા રાંણી વિલખાં થઇ રહયાં, તું સતી ખરીરે પોળ ઉઘાડીશ આજ, સત્ત રે૦ ॥ ૨૧ ॥ પડહ છબીરે ઉભાં રહયાં, સંભલાવો રે કરો રાજાને જાણ; રાજા આવી પાયે નમ્યો, માતા રાખોરે પશુ પ્રજાનાં પ્રાણ, સત્ત રે૦ ॥ ૨૨ ॥ માત પિતા સહુ દેખતાં, દેખતાં રે સાસુ સસરો જેઠ, રાજા પ્રજા સહુ દેખતાં, તવ તે ચાલણી મેલી કૂવા જલ હેઠ, સત્તરે૦ ॥ ૨૩ ॥ પરણ્યા વિના પુરૂષ આભડયો, આણે ભવેરે વલી મુઝને કોય, કલંક દીધું તેને શું કહું, પરમેશ્વર રે પ્રીતે કરી જોય, સત્ત રે૦ ॥૨૪॥ કાચા સુતરને તાંતણે, ચાલણી બાંધે રે સિંચી કૂવા જલ ઠાંમ, ભરી ચાલણી તાણી લઈ, સૌ પ્રશંસે રે શીલ ઠામો ઠામ, સત્તરે૦ ॥ ૨૫ ॥ ફૂલ વૃષ્ટિ કરે દેવતા, સેવતા રે લોક રાણો ને રાણ, મોતી થાળે વધાવતાં, છાંટી ઉઘાડે રે ત્રણ પોળ સુજાણ. સત્ત રે૦ ॥ ૨૬ ॥ કોઇ પીયર કોઈ સાસરે, કોઇ સતી રે વલી માને મોંશાળ; ચોથી રે પોળ ઉઘાડશે. શીલેં સાચી રે વલી જે હોશે નાર, સતરે૦ ॥ ૨૭ ॥ શીલ વ્રત, જગમાં વડું. સહુ સાંભળી રે પાળો નરનાર

રાજા મનરાજી થયો, સુભદ્રાસતી રે થઇ તત્કાલ, સત્ત રે૦ ॥ ૨૮ ॥ સાસરે પીયર નિર્મલી, થઇ નિર્મલ રે રાખ્યું જગમાં નામ, નાક રાખ્યું સારા શહેરનું આળ ઉતારી આમો ગામ, સત્ત રે૦ ॥ ૨૯ ॥ સાસુને સસરો ખમાવતાં, ખમાવતાં રે વળી દિયર ને જેઠ, ભરતાર ભકતેં ખમાવતાં, સારા શહેરની સ્ત્રી તુઝ પગહેઠ, સત્તરે૦ ॥ ૩૦ ॥ સાસરે સમકિત સર્વને, સંભલાવ્યો જીનધર્મ વિખ્યાત, શ્રાવક ધર્મમાં સહુ કર્યાં, મેલ્યાં પુર્વનાં પાપ માયા મિથ્યાત્વ, સત્તરે૦ ॥ ૩૧ ॥ સાસુને વહુ પ્રીતેં મળી, મન મુકયાં રે વળી ધર્મ મિથ્યાત્વ, સાધુ વેયાવચ્ચ વાતડી, તરણું તાણ્યું રે કીધી સાસુને વાત, સત્ત રે૦ ॥ ૩૨ ॥ શાસન સોહ ચડાવીયો. ગિરૂઆ ગચ્છપતિ રે આણંદવિમલસુરીંદ, તસ પાટેં અનુક્રમે હુવા, શ્રી વિજય દેવ રે વિજય પ્રભ મુણીંદ, સત્તરે૦ ॥ ૩૩ ॥ દેવવિજય પંડિત તણો, કરજોડી રે શિષ્ય કરે અરદાસ, સુભદ્રાચરિત્ર વખાણુતાં, વીરવિમલને રે વ્હાલો મુક્તિનો વાસ, સત્તરે૦ ॥ ૩૪ ॥

ઉદયરત્નગણી કૃત.

## मान त्यागनी सज्झाय.

ચતુર સનેહિ ચેતન ચેતીયેરે, મુકતું માયા જાલ, સુંદર એ તનુશોભા કારમી રે, સરવાલે વિસરાલ૦ ॥ ૧ ॥ અકલ અરૂપી અવિગત આતમા રે, શાંતિ સુધારસ ચાખ, એ આંકણી૦ વિષયતણે સુરંગે ફૂલડે રે, અટતો મનઅલિ રાખ, અકલ૦ ॥ ૨ ॥ સ્વાર્થને વશ સહુ આવી મિલેરે, સ્વાર્થ સુધી પ્રીત, વિણ સ્વાર્થ જગ વ્હાલું કો નહિ રે, એ સંસારની રીત, અકલ૦ ॥ ૩ ॥ આદર સમતા મમતા મેલીનેરે, ધર જીનધર્મ શું રંગ, ચંચલ વીજતણી પરે જાણીયેરે, કૃત્રિમ સવિ હુ સંગ. અકલ૦ ॥ ૪ ॥ વ્હાલું વૈરી કો નહિ તાહરે રે, જુઠો રાગને રોષ, પંચદિવસનો તું છે પ્રાહુણોરે, તો શ્યો એવડો શોષ. અકલ૦ ॥ ૫ ॥ રાવણ સરિખો જે જે રાજવીરે, લંકા સરિખો કોટ, તે પણ રૂઠે કરમે રોળવ્યો રે, શ્રીરામચંદ્રની ચોટ. અકલ૦ ॥ ૬ ॥ જેહ નર મુચ્છે વળ ઘાલતા રે, કરતા મોડામોડ, તેહ ઉઠી સ્મશાને સંચર્યા રે, કાજ અધૂરાં છોડ. અકલ૦ ॥ ૭ ॥ મુંજ સરિખે માંગી ભીખડીરે, રામ રહ્યા વનવાસ, એણે સંસારે એ સુખ સંપદારે, સંધ્યારાગ વિલાસ. અકલ૦ ॥ ૮ ॥

રાજલીલા સંસારની સાહેબીરે, એ ચૌવન રંગરોલ, ધન સંપદ પણ દીસે કારમીરે, જેહવા જલધિ કલ્લોલ અકલ૦ ॥ ૯ ॥ કિહાંથી આવ્યો કિહાં જાવું અછે રે, કિહાં તારી ઉતપત્તિ, ભ્રમ ભૂલ્યો તું અથિર પદાર્થેરે, ચતુર વિચારી જો ચિત્ત. અકલ૦ ॥ ૧૦ ॥ મોહતણે વશેં દુખ દીઠાં ઘણાંરે, સંગ ન કર હવે તાસ, ઉદયરત્ન કહે ચતુર તું આત્મારે, ભજ ભગવંત ઉલ્લાસ. અકલ૦ ॥ ૧૧ ॥

---

## अथ कायामायानी सज्ञाय.

કાયામાયા દોનુ કારમી, પરદેશીરે, કબહુ અપની ન હોય, મિત્રપરદેશી રે, ધનકો ગર્વ ન કીજીયે, પરદેશી રે૦ છીનમે દેખાવે છેહ, મિત્ર૦ ॥ ૧ ॥ જેસો રંગ પતંગનો, પર૦ છીનમે ફીકો હોય. મિત્ર૦ મણી માણેક મોતી હીરલા, પરદેશી રે૦ ત્રાણુ શરણુ નહી કોય, મિત્ર૦ ॥ ૨ ॥ જીસઘર હયગય ઘુમતા, પરદેશી રે૦ હોતા છત્રીસેરાગ. મિત્ર૦ સો મંદિર શૂના પડ્યા, પરદેશી રે૦ બેસણુ લાગ્યા કાગ, મિત્ર૦ ॥ ૩ ॥ મણી માણેક મોતી પહેરતી, પરદેશી રે૦ રાજા હરિચંદ્ર ઘરનાર, મિત્ર૦ એકદિન એસા હોઇગયા, પરદેશી રે, પુરઘરકી પાનીહાર. મિત્ર૦ ॥ ૪ ॥ હાથે પર્વતતોલતે,

પરદેશી રે૦ કરતે નરપતિ સેવ. મિત્ર૦ સોબી નર સબ ચલ ગયે, પરદેશી રે૦ તેરી કયા ગીનતી બે અબ. મિત્ર૦ ॥ ૫ ॥ છોડ કે મંદિર માલીયાં, પરદેશી રે૦ કરલે જીનશું રાગ, મિત્ર૦ વો દીન કયું કર શોચના, પરદેશી રે૦ લગસી ઇન તન આગ, મિ૦ ॥ ૬ ॥ જુઠા સબ સંસાર હે, પરદેશી રે૦ સુપનાકા સો ખેલ, મિ૦ નગ કહે તાસ સમજકે, પરદેશી રે૦ કરલે જીનસ્યું મેલ, મિત્ર૦ ॥ ૭ ॥

---

## અગીયાર પડિમાનો સજ્ઝાય.

સાતમે અંગે ભાખીયોજી રે, જગગુરૂ વીર-જિણંદ, શ્રાવક તપ પડિમા તણોજી રે, વહેતાં કર્મ નિકંદ, સંવેગી શ્રાવકવહે પડિમા અગીયાર, આણંદ કામદેવની પરે જી રે, પામે ભવનો પાર, સંવેગી૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ સમકિત પાલે નિર્મલોજી રે; શંકાનાણે રે ચિત્ત, એ પડિમા એક માસનીજી રે; કરે એકાંત રે નિત્ય, સં૦ ॥ ૨ ॥ હોય ઉપવાસે પારણુંજી રે, બારે વ્રત ઉચ્ચાર, એ પડિમા હોય માસનીજી રે, ન લગાડે અતિચાર, સં૦ ॥ ૩ ॥ ત્રણ ટંક સામાયિક કરેજી રે, તપસંખ્યા ત્રણ માસ, ત્રણ ઉપવાસે પારણુંજી રે, ત્રણ અંગ ઉલ્લાસ, સં૦

॥ ૪ ॥ આઠ પહોર પોસહ કરેજી રે, આઠમ ચઉદસ જાણ, ચાર ઉપવાસે પારણુંજી રે, ચાર માસ પરિમાણ સં૦ ॥ ૫ ॥ બ્રહ્મવ્રત પાલે દિવસનોજી રે, રાતે કરે પરિમાણ, પાંચ ઉપવાસે પારણુંજી રે, પંચમી પંચ માસ જાણ, સં૦ ॥ ૬ ॥ બ્રહ્મવ્રત પાલે સર્વથાજી રે, ન કરે સચિત્ત શણગાર, છ ઉપવાસે પારણુંજી રે, મોહ તણો પરિહાર, સં૦ ॥ ૭ ॥ સાતમીએ સચિત્ત સહુ તજેજી રે, અશાનાદિક આહાર, સાત ઉપવાસે પારણુંજી રે, સાતમાસ નિરધાર સં૦ ॥૮॥ આઠમી કહી આઠ માસનીજી રે, ન કરે આપ આરંભ, આઠ ઉપવાસે પારણુંજી રે, રાખે ચિત્તમાં બંભ. સં૦ ॥૯॥ નવમીએ ન કરે ન કરાવીએજી રે, આરંભની કાંઇ વાત, નવ ઉપવાસે પારણુંજી રે, નવ માસ વિખ્યાત, સં૦ ॥ ૧૦ ॥ દશમી કહી દશ માસનીજી રે, ઉદ્દિઠ્ઠસવિપરિહાર, ક્ષુરમુંડિત રાખે શિખાજી રે, દશ ઉપવાસે આહાર, સં૦ ॥ ૧૧ ॥ અનુમતિલીયે પરિવારનીજી રે, વિચરતો મુનિવર જેમ, અગીયાર ઉપવાસે પારણુંજી રે, માસ અગીયારે નિયમ, સં૦ ॥ ૧૨ ॥ આઠમ ચઉદસ પુનમેજી રે, પાખી કાઉસગ્ગ રાત, [1]લાંગ ન વારે ધોતીયેજી રે, નીર ન ધોવે ગાત્ર; સં૦ ॥ ૧૩ ॥ પડિમા તપ એણીપરે વહેજી રે,

---

૧ (કાંછડી).

પંચ વરસ ષટમાસ, શ્રીજીનહર્ષ સોહિલો લહેજીરે, વેગે શિવપુર વાસ, સં૦ ॥ ૧૪ ॥

---

## श्री रहनेमि मुनिवर सज्झाय.

કાઉસગ્ગધ્યાને મુનિરહનેમિ નામે, રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે, દેવરીયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોયે ભવનો પાર રે, દેવ૦, વરસાદે ભીનાં ચીવર મોકલાં કરવા, રાજુલ આવ્યા છે તેણે ઠામ રે, દેવ૦,॥ ૧ ॥ રૂપે રતિ રે વસ્ત્ર વર્જિત બાલા, દેખી ખોભાણો તિણે કામ રે. દે૦ દીલડું ખોભાણું જાણી રાજુલ ભાંખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે, દે૦ ॥૨॥ જાદવકુલમાં જીનજી નેમ નગીના, વમન કરી છે મુજને તેણ રે, દે૦ બંધવ તેહના તુમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કુણ રે, દે૦ ॥ ૩ ॥ પરદારા સેવિ પ્રાણી નરકમાં જાય, દુર્લભબોધિ હોય પ્રાય રે, દે૦ સાધ્વી સાથે ચુકી પાપ જે બાંધે, તેહનો છુટકારો કદીય ન થાય રે, દે૦ ॥ ૪ ॥ અશુચિકાયા રે મળમૂત્રની કયારી, તમને કેમ લાગે એવડી પ્યારી રે, દે૦ હું રે સંયમી તુમે મહાવ્રતધારી, કામે મહાવ્રત જાશો હારી રે, દે૦ ॥ ૫ ॥ ભોગવમ્યા રે મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધનકુલના જેમ રે,

દે૦ ધીક્ કુલ નીચા થઇ નેહથી નિહાલે, ન રહે સંયમ શોભા એમરે, દે૦ ॥ ૬ ॥ એહવાં રસીલાં રાજુલ વચણ સુણીને બુઝયા રહનેમિપ્રભુજી પાસ રે, દે૦ પાપ આલોઇ ફરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવઆવાસ રે, દે૦ ॥ ૭ ॥ ધન્ય ધન્ય જે નર નારી શીયલને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે, દે૦ રૂપ કહે રે એહના નામથી હોવે, અમ મન નિર્મલ સુંદર દેહ રે, દે૦ ॥ ૮ ॥

---

## निर्पक्षपुरुष स्वरुप पद.

અવધુ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગત સહુ જોઇ, અવધૂ૦ આંકણી૦ સમરસ ભાવ ભલા ચિત્ત-જાકે, થાપ ઉથાપ ન હોઇ, અવિનાશી કે ઘરકી બાતાં, જાનેગે નર સોઇ, અવધૂ૦ ॥૧॥ રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે, નારી નાગણી કો નહિ પરિચય, તો શિવમંદિર દેખે, અવધૂ૦ ॥ ૨ ॥ નિંદા સ્તુતિ શ્રવણ સુણીને હર્ષ શોક નવિ આણે, તે જગમે જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે, અવધૂ૦ ॥ ૩ ॥ ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા, અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા, અવધૂ૦ ॥ ૪ ॥ પંકજ નામ ધરાય પંકશુ,

રહત કમલ જેમ ન્યારા, ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવધૂ૦ ॥ ૫ ॥

---

## લઘુતા ભાવના પદ.

લઘુતા મેરે મનમાની, લઇ ગુરૂગમ જ્ઞાન નિશાની, ॥ આંકણી ॥ મદ અષ્ટ જનોજે ધારે, તે દુર્ગતિ ગયે બિચારે, દેખો જગતમેં પ્રાણી, દુઃખ લહત અધિક અભિમાની, લઘુ૦ ॥ ૧ ॥ શશી સૂરજ બડે કહાવે, તે રાહુ કે વશ આવે, તારાગણ લઘુતા ધારી, સ્વર્ભાનુભીતિ નિવારી, લઘુ૦ ॥ ૨ ॥ છોટી અતિ જોયણગંધી, લહે ષટ્રસ સ્વાદ સુગંધી, કરટી મોટાઇ ધારે, તે છાર શિશ નિજ ડારે, લઘુ૦ ॥ ૩ ॥ જબ બાલચંદ હોઇ આવે, તવ સહુ જગદેખણ ધાવે, પૂનમ દિન બડા કહાવે, તવ ક્ષીણ કલા હોય જાવે, લઘુ૦ ॥ ૪ ॥ ગુરૂવાઇ મનમે વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે, અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે, લઘુ૦ ॥ ૫ ॥ શિશુ રાજધામમેં જાવે, સખી હિલમિલ ગોદ ખિલાવે, હોય બડા જાન નવિ પાવે, જાવે તો શીશ કટાવે, લઘુ૦ ॥ ૬ ॥ અંતર મદ ભાવ વહાવે, તવ ત્રિભુવન નાથ કહાવે, અબ ચિદાનંદ એમ ગાવે, રહણિ કોઇ વિરલા પાવે, લઘુતા૦ ॥ ૭ ॥ ઇતિ

# अथ मायानी सज्झाय.

માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ, એ ટેક૦ માયા વાચો જગત વિલુધો, દુખિયો થાય અજાણ, જે નર માયાયે મોહી રહ્યો, તેને સોણે નહિ સુખ ઠામ,: માયા૦ ॥ ૧ ॥ નાનામોટા નરને માયા, નારીને અધિકેરી, વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી, માયા૦ ॥ ૨ ॥ માયા કામણ માયા મોહન, માયા જગ ધૂતારી, માયાથી મન સહુનું ચલીયું, લોભીને બહુ પ્યારી, માયા૦ ॥ ૩ ॥ માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય, જહાજ બેસીને દ્વીપ દ્વીપાંતર, જઈ સાયર ઝપલાય, માયા૦ ॥ ૪ ॥ માયા મેલી કરી બહુ ભેલી, લોભે લક્ષણ જાય, ભયથી ધન ધરતીમાં ઘાલે, ઉપર વિષહર થાય, માયા૦ ॥ ૫ ॥ યોગીજતિ તપસી સંન્યાસી, નગ્ન થઇ પરિવરિયા, ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરીયા, માયા૦ ॥ ૬ ॥ શિવભૂતિ સરિખો સત્યવાદી, સત્યઘોષ કહેવાય, રત્ન દેખી તેનું મન ચલીયું, મરીને દુર્ગતિ જાય, માયા૦ ॥ ૭ ॥ લબ્ધિદત્ત માયાયે નડીયો, પડિયો સમુદ્ર મોઝાર, મુખ માખણીયો થઇને મરિયો, પોતો નરક મઝાર, માયા૦ ॥ ૮ ॥ મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય, ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગાંધર્વ જસ ગાય,

માયા૦ ઇદ્રે તો સિંહાસન થાપી શંભુયેં માયા રાખી, નેમીશ્વર તો માયા મુકી, મુક્તિમાં થયા સાખી, માયા૦ ॥ ૧૦ ॥ એહવું જાણીને ભવિ પ્રાણી. માયા મુકો અલગી, સમયસુંદર કહે સાર છે જગમાં ધર્મરંગશું વળગી, માયા૦ ॥ ૧૧ ॥

---

## अथ गौतम स्वामीनी सज्झाय.

શ્રી ગૌતમ સ્વામી પુછા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી, અવિચલ સ્થાનક મેં સુણ્યું, કૃપા કરી મુજ બતાય હો પ્રભુજી, શિવપુર નગર સોહામણું. ॥ ૧ ॥ એ આંકણી ॥ અષ્ટકર્મ અલગાં કરી, સાર્યાં આતમ કામહો પ્રભુજી, છુટયા સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કિહાં ઠામહો, પ્ર૦ શિ૦ ॥ ૨ ॥ વીર કહે ઉર્ધ્વલોકમાં, સિદ્ધશિલાતણું ઠામ હો ગૌતમ, સ્વર્ગ છત્રીસની ઉપરે, તેહનાં બારે નામહો ગૌ૦ શિ૦ ॥ ૩ ॥ લાખ પીશતાલીશ યોજના, લાંબી પહોળી જાણુહો, ગૌ૦ આઠયોજન જાડી વિચે, છેડે માખી પાંખ જ્યું જાણુ હો ગૌ૦ શિ૦ ॥૪॥ ઉજ્વલહાર મોતીતણા, ગોદુગ્ધ શંખ વખાણુ હો ગૌ૦ તે થકી ઉજળી અતિ ઘણિ, ઉલટ છત્ર સંઠાણુ હો, ગૌ૦ શિ૦ ॥ ૫ ॥ અર્જુન સ્વર્ણ સમ દીપતી, ગઠારીમઠારિ જાણુ હો, ગૌ૦ સ્ફટિકરતન થકી નિર્મલી,

મુંવાળી અત્યંત વખાણુ હો, ગૌ૦ શિ૦ ॥ ૬ ॥ સિદ્ધશિલા ઉલંઘી ગયા, અધર રહ્યા સિદ્ધરાજ હો, ગૌ૦ અલોકશું જાઇ અડ્યા, સાર્યાં આતમ કાજ હો, ગૌ૦ શિવ૦ ॥ ૭ ॥ જન્મ નહિ મરણુ નહિ, નહિ જરા નહિ રોગ હો, ગૌ૦ વૈરિ નહિ મિત્ર નહિ, નહિ સંજોગ વિજોગ હો, ગૌ૦ શિ૦ ॥ ૮ ॥ ભુખ નહિ તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો, ગૌ૦ કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયારસયોગહો, ગૌ૦ શિ૦ ॥ ૯ ॥ શબ્દરૂપરસગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો, ગૌ૦ બોલે નહિ ચાલે નહિ, મોનપણું નહિ ખેદ હો, ગૌ૦ શિ૦ ॥ ૧૦ ॥ ગામનગર તિહાં કોઇ નહિ નહિ વસ્તિ ન ઉજાડ હો, ગૌ૦ કાલ સુકાલ વર્તે નહિ, રાતદિવસ તિથિવાર હો, ગૌ૦ શિ૦ ॥ ૧૧ ॥ રાજાનહિ પ્રજાનહિ, નહિ ઠાકુર નહિ દાસ હો, ગૌ૦ મુક્તિમાં ગુરૂ ચેલો નહિ, નહિ લઘુ વડાઇતાસ હો, ગૌ૦ શિ૦ ॥ ૧૨ ॥ અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોત પ્રકાશ હો ગૌ૦ સહુ કોઇને સુખ સારિખાં, સઘલાને અવિચળ વાસ હો ગૌ૦ શિ૦ ॥ ૧૩ ॥ અનંતા સિદ્ધ મુગતેં ગયા, વલી અનંતા જાય હો. ગૌ૦ અવર જગ્યા રૂંધે નહિ, જ્યોતમાં જ્યોત સમાય હો ગૌ૦ શિ૦ ॥ ૧૪ ॥ કેવળજ્ઞાન સહિત છે કેવળદર્શન ખાસ હો ગૌ૦ ક્ષાયક સમકિત દીપતું, કદીય

नहोवे उदास हो गौ० शि० ॥ १५ ॥ सिद्ध स्वरूप जे ओलखे, आणी मन वैराग हो गौ० शिवसुंदरी वेगे वरे, नय कहे सुख अथाग हो गौ० शिव० ॥ १६ ॥

## अथ शीलनी सज्झाय.

श्री जिनवाणी हो भवियण चित्त धरो, छंडो विषय विरूप, चतुर नर, नारी देखी हो नयण न जोडीये, नवी पडीये भव कूप, चतुरनर, श्री जिन० ॥ १ ॥ सज्जन स्नेही हो शीयलथी सुख लहे, आतम निर्मल थाय, च० व्रत सकलमां जे शिरोमणी, जस सुरनर गुण गाए, चतुर० श्रीजिन० ॥ २ ॥ चक्षु कुशीले हो जे सुख माणता, विणसाडे निजकाज, चतरनर, काचने कटके हो रत्न चिंतामणी, हारे निज कुल लाज चतुर० श्री० ॥ ३ ॥ रूपने जोवे हो राग वधे सही, विषय वधे मनकाय च० मनने पापे हो मच्छतंदुलीयो, जुओ मरी सातमीए जाय, चतुर० श्री० ॥ ४ ॥ धिग् धिग् सरसव सुखने कारणे, दुःख लहे मेरु समान चतुर० अणभोगवता हो भव सायर फरे, करता युवतिनुं ध्यान चतुर० श्री० ॥५॥ राजा रूपी हो नयण कुशीलथी, लक्ष्मणा मननेरे पाप चतुर० कायाने जोगे हो सत्यकी प्रमुख बहु, पाम्या

ભવદવતાપ ચતુર૦ શ્રી૦ ॥ ૬ ॥ સંયમ પાલ્યું હો સહસ વરસ લગે, રાજરૂષિ કુંડરીક, ચ૦ ઉત્તરાધ્યયને હો ભોગને ચાખતા, પામ્યા નરકની ભીક, ચતુર૦ શ્રી૦ ॥ ૭ ॥ સામગ્રી જોગે હો જે નથી જાગતા, લહેશે ભવનીરે વાટ, ચતુર૦ ભાંગ્યો ઘાટ તે મિલવો દોહિલો, કામનું મુખડું રે દાટ, ચતુર૦ ॥ ૮ ॥ દીપક પકડી હો જે કૂપે પડે, હરખે જે વિષખાય, ચતુર૦ અગ્નિ મુકે હો નિજ આવાસમાં, તસકુણ વારવા જાય, ચ૦ શ્રી૦ ॥ ૯ ॥ દેહ અશુચિ હો મલ મૂત્રે ભરી, નરકની દીવીરે નાર, ચતુર૦ એહવું જાણી હો નવવિધ પાલજો, પામશો ભવનોરે પાર, ચતુર૦ ॥ ૧૦ ॥ શીલ થકી જીન ઉત્તમ પદ લહે, રૂપકળા ગુણજ્ઞાન, ચતુર૦ કીર્તિકમલા હો ઇહભવ પરભવે, જીવ લહે બહુમાન, ચતુર૦ શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો૦ ॥૧૧॥

---

## અથ વિજય શેઠની સજ્ઝાય.

શુકલપક્ષ વિજયા વ્રત લીનો, શેઠ કૃષ્ણપખશેઠાની, ધનધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજય શેઠને શેઠાણી; સજી શિણગાર ચઢી પિય મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી, ત્રણ દિવસ મુજ વ્રત તણા તે, શેઠ બોલે મધુરી વાણી, ધ૦ ॥ ૨ ॥ વચન સુણીને તો

નીર ઢલિયાં, વદન કમલથેં બીલકાણી, પ્રેમ ધરી પદમણીને પૂછે, થેંકેમ થાયે વિલખાણી. ધ૦ ॥ ૩ ॥ શુકલપક્ષ વ્રત ગુરૂમુખ લીનો, થેં પરણો દુજી નારી, દુજીનાર મારે બેન બરાબર, ધન ધીરજ થારી હે રાણી, ધ૦ ॥ ૪ ॥ હૈયે હાર શણગાર સજીસબ, શ્યામ ઘટા હિયહુલસાની, વર્ષાકાલ અતિ ઘણો ગરજે, ચિહુંધારા હો વરસે પાણી, ધ૦ ॥ ૫ ॥ એક સજ્યાને દોનું પ્રબલ, તોપણ મન રાખા હુલસાની, ષટરસમાસ દુવાદસવત્સર, સરસ સમજ હિય હુલસાની ધ૦ ॥ ૬ ॥ મનવચ કાયા અખંડિત નિર્મલ, શિલપાલી સચો જાણી, વિમલ કેવલી કરી પ્રશંસા એ દોનું ઉત્તમ પ્રાણી, ધ૦ ૭. પ્રગટ હુવા સંયમ વ્રત લાનો, મોહ કર્મ કીયા ધૂલધાણી, રતનચંદ કરજોડી, વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણિ, ધ૦ ॥ ૮ ॥

---

## अथ चौद पूर्वनी सज्झाय.

ગણધર દશ પૂર્વધર સુંદર, ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે, જેમ શ્રુતજ્ઞાન લહીજે રે, ચૌદપૂર્વ તપવિધિ આરાધિ, માનવભવ ફળ લીજે રે, ચૌ૦ ॥ ૧ ॥ પ્રથમ પૂર્વ ઉતપાદજ નામે, વસ્તુ ચૌદ તસ જાણો રે, એક કોડી પદ એક ગજ મસીમાને, લીખનતણું પરિમા-

ણો રે, ચૌ૦ ॥ ૨ ॥ અગ્રાયણી પૂર્વ છે બીજું, વસ્તુ છવીશ છે જેહની રે, છનું લાખ પદ બે ગજમાને, લીખન શક્તિ કહી તેહની રે, ચૌ૦ ॥ ૩ ॥ વીર્ય પ્રવાદ નામે છે ત્રીજું, વસ્તુ સોળ અધિકારો રે, સત્યોતેર લાખ પદ ગજ ચૌમાને, લીખપના ઉપચાર રે, ચૌ૦ ॥ ૪ ॥ અસ્તિપ્રવાદ જે ચોથું પૂર્વ, વસ્તુ અઠાવીશ કહીયે રે, સાતલાખ પદ અડગજ માને, મસીપુંજે લિપિ લઇયે રે, ચૌ૦ ॥ ૫ ॥ જ્ઞાનપ્રવાદ પંચમ પૂર્વ, વસ્તુ બાર સુવિચારી રે, એકોણે એક કોડી પદ છે તેહનાં, સોળ ગજ લિપિ થાયરે, ચૌ૦ ॥ ૬ ॥ સત્યપ્રવાદ છઠું પૂર્વ સણુસઠ, અધિકા પદે એક કોડી રે, બે વસ્તુ ગજ બત્રીસ માને, લીખવાને મસી જુદી રે, ચૌ૦ ॥ ૭ ॥ આત્મપ્રવાદ સતમ સોળ વસ્તુક, કોડી છવીસ પદવારૂ રે, ચોસઠી ગજમસી માને લખીયે, એ ઉપમાન સંભારો રે, ચૌ૦ ॥ ૮ ॥ આઠમું કર્મપ્રવાદ પૂર્વ, ત્રીસ વસ્તુ અધિકારો રે, એંસી સહસ એક કોડી પદ ગજ વળી, એકસો અઠાવીશ ધારો રે, ચૌ૦ ॥ ૯ ॥ પ્રત્યાખ્યાનપ્રવાદ છે નવમું, વીશવસ્તુ, પદ જેહનાં રે, લાખચોરાસી ગજ બસેંછપન, લિખિત માન કહ્યું છે તેહનું રે, ચૌ૦ ॥ ૧૦ ॥ વિદ્યાપ્રવાદ પૂર્વ છે દશમું, પંદર વસ્તુ તસ

જાણિયે રે, એક કોડી દસલાખ પદ છે તેહનાં, પાંચસે-
બાર સવિ ગણીયે રે, ચૌ૦ ॥ ૧૧ ॥ એકાદસમું કલ્યા-
ણ નામે, કોડી છવીસપદ સુધારે, બારવસ્તુ એક
સહસ ચોવીસ ગજ, લિપી અનુમાન પ્રસિધા રે, ચૌ૦
॥ ૧૨ ॥ પ્રાણાવાય બારમું પૂર્વ, તેર વસ્તુ સુખ-
કારી રે, છપનલાખ એક કોડીપદ ગજ વળી, બે
સહસઅડતાલી સાર રે, ચૌ૦ ॥ ૧૩ ॥ ક્રિયાવિશાલ
તેરમું પૂર્વ, નવકોડી પદ વસ્તુ ત્રીસ રે, ચારસહસ છનું-
ગજ માને, લિખવા અધિક જગદીશ રે, ચૌ૦ ॥ ૧૪ ॥
લોકબિંદુસાર ચૌદમું પૂર્વ, પદકોડી સાડીબાર રે, વસ્તુ
પચવીસ ગજએકશત બાણું, અધિકા આઠ હજાર રે
ચૌ૦ ॥ ૧૫ ॥ ધુરીયાં રે પૂર્વ છે ચુન્ન, અવરને તેહ
ન જાણો રે, દૃષ્ટિવાદનો ભેદ એ ચોથો, શાસનભાવ
વખાણો રે, ચૌ૦ ॥ ૧૬ ॥ એણિપરે ચૌદપૂર્વની સેવા,
કરતાં આતમદીપે રે, શ્રીનયવિમલ કહે નીજ એ,
તો સવિ અરિયણજીપે રે, ચૌદપૂર્વધર ભક્તિ કરીજે
॥ ૧૭ ॥

---

## अथ मधुबिंदुनी सज्ञाय.

મધુબિંદુ સમો સંસાર, મુંઝાણા માલતા, સં-
સારે સુખી અણગાર જીનેશ્વર, બોલતા૦ ॥ ૧ ॥

સંજમમાંહે શૂર, કાયરપણું પરિહરી, જીતે મોહની કર્મ વહેલી લહે શિવપુરી૦ ॥ ૨ ॥ શિવપુરી કેરાં સુખ, અનંત વર્ગે કરે, ચારનિકાય દેવસુખ, ત્રણુ-કાલનાં ભેળાં કરે૦ ॥ ૩ ॥ આસનસિદ્ધિયા જીવ, જગતમાંહે જાણીયા, વિષય વિકારથી દૂર, બ્રહ્મપિંડ-માંહી વખાણીયા૦ ॥ ૪ ॥ એહવું જાણી પ્રાણી, જે બ્રહ્મવ્રત પાલશે, શિવરમણી કેરાં સુખ, જીત કહે તે પામશે૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

## अथ पंचगतिनी सज्झाय.

આરંભ કરતો રે જીવશંકે નહિ, ધન મેલણ તૃષ્ણા અપારોજી, ઘાત કરે પંચેંદ્રિજીવની, વળી કરે મધ માંસનો આહારોજી, એ ચાર પ્રકારે રે જીવજાયે નારકી, ॥ ૧ ॥ કુડકપટને ગુઢ માયા કરે, વળી બોલે મૃષાવાદજી, કુડાં તોલાંને કુડાં રાખે માપલાં, એ તિર્યંચગતિનો ઉપાયજી, એ ચાર પ્રકારે રે જીવ જાય તિર્યંચમાં ॥ ૨ ॥ ભદ્રિક પરિણામે રે સરલ સ્વભાવથી, વળી વિનયતણા ગુણ ગાયજી, દયા ભાવ રે રાખે દીલમાં, એ મનુષ્ય ગતિનો ઉપાયજી, એ ચાર પ્રકારે રે જીવ જાય મનુષ્યમાં, ॥ ૩ ॥ સરા-ગપણાથી રે પાળે સાધુપણું, વળી શ્રાવકનાં વ્રત બાર

જી, અજ્ઞાન કષ્ટને અકામ નિર્જરા, તીણુ શું સુર અવતારો જીરે, એ ચાર પ્રકારે રે જીવ થાય દેવતા, ॥ ૪ ॥ જ્ઞાનથી જાણે રે જીવ અજીવને, શ્રદ્ધા સમકિત થાયજી, ચારિત્રથી રોકે નવાં કર્મ આવતાં, તપથી પૂર્વલાં કર્મ ખપાયજી, એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં ॥ ૫ ॥

---

## પ્રમોદ વિજયજી કૃત

## मधुबिन्दु दृष्टांत स्वाध्याय.

સરસ્વતી મુઝ રે, માતા દ્યો વરદાન રે, પૂછે ગૌતમ રે, ભાંખે શ્રી વર્ધમાન રે, છંડો ભિરૂઆ રે, વિરૂઆ વિષયનું ધ્યાન રે, વિષયારસરે, છે મધુબિંદુ સમાન રે, ॥ ૧ ॥ ત્રુટક૦ મધુબિંદુ સરિખો વિષય નિરખો, જોઇ પરખો ચિત્તશું, નર જન્મ હાર્યો મોહ માર્યો, પિંડ ભાર્યો પાપશું, કાંતાર પડિયો નાગ નડીયો, કોઇ દેવાણુપ્પિયો, વડવૃક્ષ જાડયો વેગે ચડાયો, રંક રડિયો છાપ્પયો. ॥ ૨ ॥ વડ હેઠલ રે, કૂપ અછે અસરાલ રે, દોય અજગર રે, મગર જિસ્યા વિકરાલ રે, ચિહું પાસે રે, ચાર ભુજંગમકાલ રે, વળી ઉપર રે, મોટો છે મહુયાલ રે. ॥ ૩ ॥ ત્રુટક૦ મહુ-

ચાલમાખી, રગત ચાખી, ચંચુ રાખીને રહી, ધંધોલતો ગજરાજ ધાયો, પડત વડવાઇ ગ્રહી, વડવાઇ કાપે ઊંદર આપે, તાપ સંતાપે ગ્રહ્યો, મધુથકી મલિયો બિંદુ ઢળીયો, તેણે સુખલીણો રહ્યો. ॥ ૪ ॥ એહ સંકટ રે, છોડણુ દેવ દયાલ રે, દુખ હરવા રે, વિદ્યાધર તત્કાલ રે, ઉધરવા રે, ધરિયું તાસ વિમાન રે, ઓ આવે રે, મધુબિંદુ કરે શાન રે, ॥ ૫ ॥ ત્રુટક૦ મધુ બિંદુ ચાખે વચન ભાખે, કરે લાલચ લખ વળી, વારવાર રાખે સાન પાખે, રહો ક્ષણ એક પર વલી, તસ ખેચરમેલીયો વેગ વલીયો, રંકરૂલીયો તે નરૂ, મધુબિંદુ ચાટે વિષય સાટે, કહ્યો ઉપનય જગગુરૂ. ॥ ૬ ॥ ચોરાસી લખરે, મતિવાસી કાંતાર રે, મિથ્યામતિ રે, ભુલો ભમે સંસાર રે, જરા મરણારે, અવતરણા એ કૂપરે, આઠ ખાણી રે, પાણી પમાઇ સરૂપ રે ॥ ૭ ॥ ત્રુટક૦ આઠ કર્મ ખાણી હોય જાણી, તિરિય નિરયા અજગરા, ચારે કષાયા મોહ માયા, લંબકાયા વિષહરા, દોયપક્ષ ઊંદર મરણ ગયવર, આયુ વડવાઇ વટા, [1]ચટકાવિયોગા રોગશોગા, ભોગયોગા સામટા. ॥ ૮ ॥ વિદ્યાધર રે, સદ્ગુરૂ કરે સંભાલ રે, તેણે ધરિયું રે, ધર્મ વિમાન વિશાલ રે, વિષયારસરે, મીઠો

---

૧ મધમાખીના ચટકા રૂપી કુટુંબનો વિયોગ આદિ.

જેમ મહુયાલ રે, પડખાવે રે, બાલ યૌવન વયકાલ રે, ॥ ૯ ॥ ત્રુટક૦ રહ્યો બાલ યૌવનકાલ તરૂણી, ચિત્ત હરણી નિરખતો, ઘરભાર યુત્તો પંકખુત્તો, મદવિગુત્તો પોષતો, આનંદ આણી જૈનવાણી, ચિત્તજાણી જાગીએ, ચરણ પ્રમોદ સુશીષ્ય જંપે, અચલ સુખ એમ માગીએ. ॥ ૧૦ ॥ ઇતિ સંપુર્ણ

---

## अथ वणजारानी सज्झाय.

પરદેશીનો કાંઇ પતીઆરો, ટાંડો લેરે ચલે વિણજારો—પરદેશી૦ જબલગે બતીઆં ને તબલગે દુતીઆં, તેરે મંદિર ભયો રે ઉજાલો—પરદેશી૦ જલગએ તેલને બુઝગએ બતીઆં, તેરે મંદિર ભયો રે અંધારો પરદેશી૦ ટાંડો૦ ॥ ૧ ॥ [૧]ગુંદગલીકા સાંઠા મીઠા, ગાંઠે ગાંઠે રસ ન્યારો, પરદેશી૦ તીર્થમેલે જે હાટ બનાયા, વિખરતાં નહી વારો. પરદેશી૦ ટાંડો૦ ॥ ૨ ॥ તન યૌવન તેરી આથ અથિરહે જેસી સુપનકી માયા, પરદેશી૦ ચક્રવર્તિ હરિ બલદેવા, જ્યું આવ્યા ત્યું જાયા—પરદેશી૦ ટાંડો૦ ॥ ૩ ॥ લાખ ચોરાશી યોનિમેં ભમીયો, દુઃખનો નાવ્યો પારો—પરદેશી૦ અબ ચેતન તેરે જોગ મિલ્યોહે, જીનવર વચન વિચારો—પરદેશી૦ ટાંડો૦ ॥ ૪ ॥ કાયા નગરમેં હાક પડી જબ,

---

૧ ગુંદરીજારના.

હંસે દીઓ રે નગારો૦ પરદેશી૦ સદગુરૂ કેરી શીખ સુણીને, આતમ કાર્ય સુધારો—પરદેશી૦ ટાંડો લેરે ચલે વિણઝારો, પરદેશી૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## અથ દીવાળીની સજાય.

વાંદી વીર જીનેશ્વર પાય, ગુરૂ ગોયમ ગણધર રાય, તસ નિર્વાણ અને વલી નાણ, તે આરાધો શ્રાવક જાણ. ॥ ૧ ॥ મુકતે પહુતા વીરજીણંદ, ઓછવ કરે સુરાસુરવૃંદ, કલ્યાણિક દિન ભણીએ એહ, તપે કરી આરાધો તેહ. ॥ ૨ ॥ શ્રાવક મળીયા રાય અઢાર, આરાધે પોસહ આચાર, સોલ પહોર સાંભલે વખાણ, છાંડે રંગ ભોગ તે જાણ. ॥ ૩ ॥ જીણ રાતે જીન મુકિત ગયા, અણુદ્ધરી કુંથુવા બહુ થયા, તિણ કારણે સિરૂયા ઋષિરાય, અણુસણ લઇને સાર્યાં કાજ ॥ ૪ ॥ જીનવર સાધુ સાધ્વીતણો, પડયો વિયોગ તે કારણ ઘણો, તેહ દિવસ આવે જીણવાર, કહો કિમ થાયે હરખ અપાર. ॥ ૫ ॥ તેણે કારણ કીજે તપ ઘણો. સંભારીને ગુણ આપણો, પુજા કરીએ ધરીએ ધ્યાન, રાગભોગ પરહરીએ પાન. ॥ ૬ ॥ કેઇક જીવ અજ્ઞાની જાણ, હરખ ધરે પાપને ઠાણ, માંડે મુહુતથકી આરંભ, ખાવાપીવાનો પ્રારંભ. ૭.

ગહુ પલાળી વણાવે સેવ, દીવાળી આવે છે હેવ, કરી લાડુને સાંકલી, ઇંદ્રિયરસ વાહયો હલફલી ॥૮॥ રાતે મસલે માટી છાણુ, જગનાથની ભાંજે આણુ, ખાંડે દલે નવિ જયણા કરે, ખાટકીશાલા પાંચે વાવરે. ॥ ૯ ॥ ચોમાસામાંહિ બહુલા જીવ, નીલ-ફુલ કુંથુવા અતીવ, કંસારી કીડી કરોળીયા, રાતેં અંધારે રોલીયા. ॥ ૧૦ ॥ નાઠી સાન વાશીયો કરે, સામાયિક પોસહ પરિહરે, પાનફલ સાડી શણગાર, અધિકેરા તે કરે ગમાર. ॥ ૧૧ ॥ ધન તેરસના ભણી ઉલ્લાસ, જીવ હણીને બાંધે પાસ, સેવ લાડુવા હરખે જમે, શીલ ન પાલે જુવટે રમે. ॥ ૧૨ ॥ ઘર લીંપે કાઢે સાથિયા, તાવીતળે જીકે આથીયા, પર્વતણી નવિ લાભે સાર, ચઉદસ અમાવાસે ધર્મ સંભાર. ॥૧૩॥ વલી જુવો અધિકેરો પાપ, ફલ ફૂલને કરે સંતાપ, ભાજી દાલ કરે તે ગેલ, અગ્નિ પ્રજાલી માગે તેલ. ॥ ૧૪ ॥ ઘરઘર દીવા લીધે ફરે, બહુલા જીવ તેહ માંહી મરે, મેરાઇયાનું મોઢે નામ, ઘર ઘર ફરતો કરે પ્રણામ, ॥ ૧૫ ॥ પાખી પડિક્કમણાનો કાલ, તે વિસારે મૂર્ખને બાલ, મુખેં કહાવે શ્રાવક નામ, નવિ જાણે શાસન દુર્લભ ઠામ. ॥ ૧૬ ॥ જલઝલ દીવા પછિમ રાતી, કાઢે અલછી જીમે પ્રભાત, ચઉલા કુર વિના નવી

જમે, દેખોલોક અજ્ઞાને ભમે. ॥ ૧૭ ॥ ગૌતમસ્વામી પામ્યા જ્ઞાન, તેહતણો તજીને નામ, જુહાર ભટારાં કરતો ફીરે, સાંઝે સજ્જન ભણી સંચરે. ॥ ૧૮ ॥ પહેરે ઓઢે બહુ શણગાર, કામભોગ પુર્યા પરિવાર, હાંસીબાજી કરે ટંકોલ, બાંધે કર્મ જાઇદ્રહ બોલ. ॥ ૧૯ ॥ પછી વલી કરે ભાબીજ, ખાતાં પીતાં આવે રીજ, મૂલ મંત્ર ઘણાં સાધે જેહ, ધર્મ ન આરાધે પ્રાણી તેહ. ॥ ૨૦ ॥ દીવાળીનું કલ્પી નામ, સગાંશણિજાં જમાડે તામ, અન્નકેલવી કરે આહાર, જો જો લોકતણો વ્યવહાર. ॥ ૨૧ ॥ આવ્યો ધર્મદિન એહ, પાપે કરી વિરાધે તેહ, કર્મનિકા ચિત બાંધે બાલ, એણીપરે રૂલે અનંતો કાલ. ॥ ૨૨ ॥ જેહને મુકિત અછે ઢુકડી, તેહની મતિ સંવરમાં ચડી, સંસારી સુખદુઃખ સ્વરૂપ, અહનિશ ભાવે આતમભૂપ. ॥ ૨૩ ॥ દોહિલો દીસે નરભવ જેહ, તેહ માંહી દુર્લભ જીનધર્મ તેહ, જીનવાણી દુર્લભ તે સુણે, મિથ્યામતિને દુર્લભ હણે. ॥ ૨૪ ॥ તપગચ્છગયણવિભાશણભાણ, શ્રીહીરવિજય સૂરી જાણ, વાચક ભાનુચંદનો શીશ, દેવચંદ્ર પ્રણમે નિશદીશ. ॥ ૨૫ ॥

---

# અથ સ્થુલિભદ્રની સજ્ઝાય.

એક દિન કોસા ચિત્ત અંગે, બેઠી છે મનને ઉમંગે, ચાર પાંચ સાહેલી સંગે રે, સ્થુલભદ્ર મુનિ ઘરે આવે, આવે આવે લાછલદેનો નંદ રે, સ્થુલ૦ ॥૧॥ મારે આજ મોતીડે મેહ વુઠયા, દેવ દેવી સર્વે મુજ તુઠયા, મેં તો જીવન નયણે દીઠા રે, સ્થુલ૦ ॥ ૨ ॥ આવી ઉતર્યા ચિત્રશાલી, રૂડી રતને જડી રઢિયાળી, માંહે મગીયામોતીની જાલી રે, સ્થુલ૦ ॥ ૩ ॥ પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકની જાત, તો એ ન ધરી વિષયની વાત રે. સ્થુલ૦ ॥ ૪ ॥ કોશા સજતી સોલ શણગાર. કાજલ કુંકુમને ગલે હાર, અણવટ અંગુઠી વિંછીયા સાર રે. સ્થુલ૦ ॥ ૫ ॥ દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરીભુંગલ વેણા ગાજે, એમ રૂપે અપ્પસરા બિરાજે રે, સ્થુલ૦ ॥ ૬ ॥ કોશાએ વાત વિષયની વખાણી, સ્થુલભદ્રે હૃદય નવિ આણી, હું તો પરણ્યો સંયમ પટરાણી રે, સ્થુ૦ ॥ ૭ ॥ એહવા બહુવિધ નાટક કરીયા, સ્થુલભદ્રે હૃદય નવિ ધરિયા, સાધુ સમતા રસના દરિયા રે, સ્થુ૦ ॥૮॥ સુખ એણે જીવે અનુભવ્યો, કાલ અનંતો એમ ગમ્યો, તો એ તૃપ્તિ જીવ ન પામ્યો રે, સ્થુ૦ ॥૯॥ વેશ્યાને કીધી સમકિત ધારી, વિષયરસ સુખને

નિવારી, એહવા સાધુને જાઉં બલિહારી રે, સ્થુ૦ ॥ ૧૦ ॥ એહવે પુરૂં થયું ચોમાસું, સ્થુલભદ્ર આવ્યા ગુરુ પાસે, દુઃકર દુઃકર વ્રત ઉલ્લાસે રે, સ્થુલ૦ ॥ ૧૧ ॥ નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીશી ત્યાંહે, સાધુ પોતો છે દેવલોક માંહે રે, સ્થુ૦ ॥ ૧૨ ॥ પંડિતહસ્તિવિજય કવિરાય, એહવા સુગુરૂતણે સુપસાય, શિષ્ય ખુશાલવિજય ગુણગાય રે, સ્થુ૦ ૧૩.

---

## अथ सीताजीनी सज्झाय.

જલજલતી બલતી ઘણી રે, જ્વાલોજાલ અપાર રે સુજાણ સીતા, જાણે કિંશુક ફુલીઆં રે લાલ, રાતા ખેરઅંગાર રે, સુજાણ સીતા, ધીજ કરે સીતા સતી રે લાલ. ॥ ૧ ॥ શીલતણે પરિમાણ રે સુ૦ રામ લક્ષ્મણ ખડા તિહાં રે લાલ, નિરખે રાણોરાણ રે, સુ૦ ધી૦ ॥ ૨ ॥ નરનારી મલીઆ ઘણા રે, ઉભા કરે હાયહાય રે સુ૦ ભસ્મ હોશે એણે આગમાં રે લાલ, રામ કરે અન્યાય રે, સુ૦ ધી૦ ॥ ૩ ॥ સ્નાન કરી નિર્મળ જલે રે, પાવક પાસે આય રે સુ૦ ઉલી જાણે સુરાંગના રે લાલ, બીમણો રૂપ દેખાય રે સુ૦ ધી૦ ॥ ૪ ॥ રાઘવ વિણ વાંછયો હુવે રે, સ્વપને હિ નર કોઇ રે, સુજાણ૦ તો મુજ અગ્નિ પ્રજવાલજયો રે

લાલ, નહિ તો પાણી હોય રે સુ૦ ધી૦ ॥ ૫ ॥ એમ કહી પેઠી આગમાં રે, તરત અગ્નિ થયું નીર રે સુ૦ જાણે દ્રહ જલસ્યું ભર્યો રે લાલ, ઝીલે ધર્મની ધીર રે સુ૦ ધી૦ ॥ ૬ ॥ દેવ કુસુમ વૃષ્ટિ કરે રે, મુખ બોલે જયકાર રે, સુજાણુ૦ સીતા ધીજે ઉતરી રે લાલ, સાખ ભરે સંસાર રે સુ૦ ધિ૦ ॥ ૭ ॥ રળીયાયત સહુ કો થયા રે, સઘળે હુઓ ઉછરંગ રે સુ૦ રામ લક્ષ્મણ ખુશી થયા રે લાલ, સીતા શીલ સુરંગ રે સુ૦ ધી૦ ॥ ૮ ॥ શીલતણા ગુણ એહવા રે, અવિચલ શીલ સદાય રે સુ૦ કહે જીનહર્ષ સતીતણા રે લાલ, નિત્ય પ્રણમીજે પાય રે સુ૦ ધી૦ ॥ ૯ ॥

---

## अथ उपदेशनी सज्झाय.

હાંરે લાલા સિદ્ધસ્વરૂપી આત્મા, પ્રણુમી તેહના પાય રે લાલા, નરભવના ગુણ વર્ણવું, ધર્મ સદા સુખ-દાય રે, લાલા ધર્મ વિના નરભવ શ્રીસ્યો, વિનય વિના જેમ શિષ્ય રે લાલા, જ્ઞાન વિના ગુરૂ શ્રીસ્યો, ભવ્ય વિના જેમ દીખ રે લાલા, ધર્મ૦ ॥ ૨ ॥ હાંરે લાલા ધન વિના ગૃહી શોભે નહી, પ્રેમ વિના શ્યો સ્નેહ રે લાલ', નીર વિના સરોવર શ્રીસ્યો, નારી વિના જેમ ગેહ રે લાલા, ધર્મ૦ ॥ ૩ ॥ હાંરે લાલા દુર્ગ વિના

પુરવર કિસ્યો સુલક્ષણ વિના જેમ પુત્ર રે, લાલા, સ્વામી વિના બલ શું કરે, ચારિત્ર વિના જેમ સૂત્ર રે લાલા, ધર્મ૦ ॥ ૪ ॥ હાંરે લાલા રસ વિના ગીતા કારમી, આદર વિના શ્યું દાન રે લાલા, અંકુશ વિના ગજવર કિસ્યો, હાર્યા પિછે શું માન રે લાલા, ધર્મ૦ ॥ ૫ ॥ હાંરે લાલા પરાક્રમ વિણ જીમ કેસરી, નરભવ જશ વિણું લબ્ધ રે, લાલા, વાજીંત્ર વિના નાટિક કિશ્યું, ઇંદ્રિય દમ્યાવિણ સાધ રે લાલ, ધર્મ૦ ॥૬॥ હાંરે લાલા પ્રેમ કેશ્યો પરવશપણે, ગુણ હિય વખાણે આપ રે લાલા, પરજન પરરાગી કિશ્યો, દુર્જનસ્યું શ્યો મેલાપ રે લાલા, ધર્મ૦ ॥ ૭ ॥ હાંરે લાલા ઉપદેશ કિશ્યો અભવ્યને, બહેરા આગળ ગીત રે લાલા, મૂર્ખ આગળ રસકથા, અંધા આગળ દર્પણ રીત રે લાલા, ધર્મ૦ ॥ ૮ ॥ હાંરે લાલા ધર્મ કરો આણંદથી, આતમને જેમ હિતકાર રે લાલા, મુનિ આણંદના પ્રમોદથી, લહો કેવળ મુક્તિ સુખસાર રે લાલા ધર્મ વિના૦ ॥ ૯ ॥ ઇતિ.

---

## अथ भवदत्त भवदेवनी सज्झाय.

ભવદેવભાઇ ઘરે આવીયા રે, પ્રતિબોધવા મુનિરાય રે, હાથમાં દીધું ઘીનું પાતરૂં રે, ભાઇ મુને આઘેરો

વોલાવ રે, નવિ પરણ્યા તે ગોરી નાગીલા રે. ॥૧॥ એ આંકણી૦ ઇમ કહી ગુરૂજી પાસે આવીયા રે, ગુરૂજી પૂછે દીક્ષાનો કાંઇ ભાવ રે, લાજે નાકારો નવિ કહી શકયો રે, દીક્ષા લીધી ભોલે ભાવ રે, નવિ૦ ॥ ૨ ॥ બાર વરસ સંજમમાં રહ્યા રે, હીયડે ધરતો નાગીલાનું ધ્યાન રે, હાહા મૂરખ મેં શું કર્યું રે, નાગીલા તે જીવનપ્રાણ રે, નવિ૦ ॥ ૩ ॥ ચંદ્રમુખી મૃગ લોચની રે, વિલવિલતી મેલી ઘરની નાર રે, ભવદત્ત ભાઇએ મુને ભોલવ્યો રે, હવે કરૂં તેહની સંભાલ રે, નવિ૦ ॥ ૪ ॥ ભવદેવભાઇ ઘરે આવીયા રે, અણ ઓલખતી પુછે ઘરની નાર રે, કેણે રે દીઠી ગોરી નાગીલા રે, અમે છું વ્રત છોડણહાર રે, નવિ૦ ॥૫॥ નારી ભણે સુણો સાધુજી રે, તુમે છો જ્ઞાન ભંડાર રે, હસ્તિ ચડીને ખર કોણ ચડે રે, વમ્યો ન લીએ કોઇ આહાર રે, નવિ૦ ॥ ૬ ॥ નાગીલાએ નાહ સમજાવિયો રે, વલી લીધો સંજમભાર રે, ભવદેવ દેવલોકે ગયો રે, સમયસુંદર સુખકાર રે, નવિ પરણ્યા તે ગોરી નાગીલા રે. ॥ ૭ ॥ ઇતિ સંપૂર્ણ

મેરૂવિજયજી કૃત.

## નવવાડોની સજાય.

### ઢાળ પહેલી.

રાગ આશાઉરી.

નમો રે નમો શ્રી શત્રુંજાગિરિવર—એ દેશી.

સારદમાત મયા મુજ કીજે, દિજે અવિરલ વાણી રે, નવવિધિ વાડ કહું સંક્ષેપે, ગુણમણિ રયણાંની ખાણી રે, ॥ ૧ ॥ પહેલીવાડ વસતિની જાણો, ભાખે શ્રીજિન-વીર રે, શીલ જતન કરવાને કાજે, તે સુણજો સહુ ધીર રે, ૫૦ ॥ ૨ ॥ જે વસતે નારીજન હોયે, પશુ અને વલી પંડ રે, તેહ ઘરે રહેતાં બ્રહ્મચારીનું, ન રહે શીલ અખંડ રે, ૫૦ ॥ ૩ ॥ જિમ માંજાર થકી મુષક વલી, સિંહ થકી શિયાલ રે, જિમ વળી ફાળ દીયંતા વાનર, બીહે તિમ વ્રતપાળ રે, ૫૦ ॥ ૪ ॥ ચોથા વ્રતનો જો પખ વંછે, તો નારી ન ધરજે મન્ન રે, પહેલા મોહ લગાડી આપણો, હરસ્યે શીલ રતન્ન રે, ૫૦ ॥ ૫ ॥

## ઢાલ ૨ બીજી.

રાગ ગોડી.

બીજી વાડ કથા તણી, તે સુણજો નરનાર, સ્ત્રી સ્યું વિકથા જે કરે, તે નર સાર ગમાર રે, ॥ ૬ ॥ શીલ સુપાલિયે, શીલે શિવસુખ હોય રે, પાપ પખાલિયે, ॥ એ ટેક ॥ વાત વિવિધ પરે કેળવી, મ કરો નારી સ્યું જાણ, સરાગવચન નવિ બોલીયે, વાડતણી હોયે હાણ રે, શી૦ ॥ ૭ ॥ નાલિકેર ચોખો મીલે, ચોખો સંચલખાર, સંચલ વિણસે નીરથી, તિમ વિણસે બ્રહ્મચારો રે, શી૦ ॥ ૮ ॥ શ્વાન હડકવા પાવસે, કુપથ્યે રોગ વિકાર, પ્રગટે તિમ સ્ત્રી વાતથી, ભાવે વાડ વિચારો રે, શી૦ ॥ ૯ ॥

---

## ઢાલ ત્રીજી.

રાગ રામગિરી.

ત્રીજીવાડ હવે સાંભલો, આસનની કહું તેહ રે, જે આસન બેઠી કામની, નવિ બેસે મુનિ જેહ રે, શીલવંત છાંડે તે છેહ રે, ત્રી૦ ॥ ૧૦ ॥ જિમ કોઇ નિર્ધનવાણીઓ, રળે ખપે દિનરાતિ રે, રૂંઓ માત્ર તે નવિલહે, ધન કંચન કેહી વાત રે, ઇમ જોગવે નિજ જાતિ રે, ત્રી૦ ॥ ૧૧ ॥

પરવ દિવસ કોઇ આવીઓ, કરે સહુજન પકવાન રે, તે નિર્ધનનાં બાળક રૂએ, આપણુ કરીએ પકવાન રે, કિહાંથી કાઢે તે ધાન રે, ત્રી૦ ॥ ૧૨ ॥ બાળકના આગ્રહ થકી, લાવે ગોધુમ ધાન રે, પડસુલી કરી તેહની, લાવે શાક અસાન રે, કોહલા કેરૂ તે માન રે, ત્રી૦ ॥ ૧૩ ॥ કોહલું શાક તે કેલવી, મૂક્યું કણુકને પાસિ રે, વાક ગયો સવિ તેહનો, તે રહિયો વદન વિકાસિ રે, ત્રી૦ ॥ ૧૪ ॥ તીમ સ્ત્રીઆસન બેસતાં, વાડ શિયલ તસ જાણુ રે, ઘટિકા દોય છાંડે તેહની, સ્ત્રી ત્રણ પ્રહર પ્રમાણુ રે, તજે પુરૂષાસન ઠાણુ રે, ભાખે ત્રિભુવન ભાણુ રે, મેરૂ કરે ગુણુગાન રે, ત્રી૦ ॥ ૧૫ ॥

---

## ઢાલ ચોથી.

ભલે રે પધાર્યા તુમે સાધુજી રે—એ દેશી.

નારી અંગ ન જોઇએ રે, લાગે બહુલો રાગ રે, શિલવંતની વાડનો રે, તિહાંથી થાયે ત્યાગ રે, ॥૧૬॥ વીરજિણેસર ઇમ કહેરે, તુમેં રાગદ્રષ્ટિ નિવારી રે, શ્રીજિનપ્રવચન જોઇને રે, સુપુરૂષ આતમ તાર રે નારી૦ ॥ ૧૭ ॥ જિમ કોઇ અંધપુરૂષ હતો રે, મિલિયો વૈદ્ય સુજાણુ રે, તે કહે ઓષત્ર તુજ કરૂં રે,

જો માને માહરી આણુ રે, નારી૦ ॥ ૧૮ ॥ ઔષધ જોગ સાજો કર્યો રે, તું સૂરજ સામું ન જોયરે, તે કેતે દિન વિસર્યું રે, રવિ જોઇ અંધ તે હોયે રે, નારી૦ ॥ ૧૯ ॥ તેહપરે વ્રતધારકોરે, નવિ જુયે સ્ત્રીના અંગ રે, ભાંજેવાડ ચોથી ખરી રે, હવે પંચમી સુણજો સુરંગ રે, નારી૦ ॥ ૨૦ ॥

---

## ઢાલ પાંચમી.

રાગ મેવાડો

જીવડા તું મ કરે રે નિંદા પારકી, એ દેશી

સુણ વ્રતધારી રે શીલજ રાખીયે, ચંચળ મન કરી ઠામ, ભીંતિ કડુખલે રે, વાડિ વિચાલમાં, મ કરજે વિસરામ, સુ૦ ॥ ૨૧ ॥ શ્રીપુર પાટણ રાજા રાજીયો, જિતશત્રુ તસ નામ, તિહાં વ્યવહારી રે એક વાણિજ કરે, લાખને મીણુ વિરામ, સુ૦ ॥૨૨॥ ચુહલા પાખલ મુકે તે ભરી, ત્રોહરી લાખને મીણુ, તાપને જોગે રે તે સવિ મલિ ગયું કામે ભાખે રે દીણુ, સુ૦ ॥ ૨૩ ॥ નવિ કાંયે પાસે રે આપે તેહને, તિમ દૃષ્ટાંતજ હોય, સ્ત્રીનાં હાસ્ય કુતુહલ સાંભળે, ભાંજે વાડતું જોય સુ૦ ॥ ૨૪ ॥

---

## ઢાલ છઠ્ઠી ॥ ત્રુટકની ॥

સુણિ સુણિ રે પ્રાણી રાખો વાડિ વિશેષ, પુરવના કામભોગ નવિ સંભારો રે, સંભારે દૂષણ ભાજે વ્રતનિ વાડિ, કુયતનેં રાખી, આતમ નરક ન પાડ, ત્રુટક૦ આતમ તારિ જિમ, કોબે બંધવ આવ્યા નગર ઉદ્યાન, ક્રીડા કરી થાકયા બે બેઠા વૃક્ષ હેઠલ સુજાણ, તવ તે થડથી અહિ નિસરીઓ, ડસે પુરૂષને અંગે, બીજે દીઠો પણ નવિ બોલ્યો, ઘેર આવ્યા મનરંગે. ॥૨૫॥ એક વરસ ઇમ વોલે, તે બેહુ બંધવ આવે, તે થાનક દેખી ડંસની વાત જણાવે, તવ તસ વિષ ચઢાઓ, કાલ કરે તત્કાળ, તિમ નવિ સંભારે પુરૂષ ક્રીડા, ઢાલ, ત્રુટક૦ નવિ સંભારે પુરવ ક્રીડા, છઠી વાડિ ઇમ રાખે, સમોસરણ બેસી જીનવીરો, સહુ સાંભળતાં ભાખે, સાતમી વાડ સુણો ભવિપ્રાણિ૦ સરસ આહાર ન લીજે, એ કાયા કુડી પોષંતા, નિશ્ચે નરક પડિજે. ॥ ૨૬ ॥ રસના વશ કીજે સરસ વસ્તુ ન લીજે, ઇદ્રિ પરવશ થાયે જિમ કોઇ કુષ્ટિ કહે જે, તસ વૈદ જ મિલિઓ, કહે તું મદ્ય ન ખાય, તો તુઝ હું ઔષધ કરૂં, જિમ પોઢો થાય, ત્રુટક૦ પોઢો થયો તેહના ઔષધથી, વૈદ વચન વિસાર્યું, મદ્યપાન કરિયું વળી જે તે, રોગે તસતનુ ભાર્યું; તે

દુખિયો રસનાનો વાહ્યો તિમ સહી રસના વારે, આહાર લિયે સંજમને કાજે, પણ બળરૂપ ન વધારે. ૨૭.

---

## ઢાલ સાતમી.

સમોસરણ સિંહાસનેજી એ દેશી.

હવે આઠમી વાડ સાંભળોજી, અધિક ન લેવો રે આહાર, બ્રહ્મચારી સહી ઉઠીયેંજી, ઉણા કવલ બે ચ્યાર. ॥ ૨૮ ॥ સુગુણનર સાંભળજ્યો એક વાત. એ આંકણી૦ જિમ બે પંથી ચાલતાજી, આવ્યા વનહ મઝાર, ભોજન વેલા થઇ તિસેજી, કરે સજાઇ સાર, સુ૦ ॥ ૨૯ ॥ લઘુ ભાજન અન્નહ ઘણુંજી, જાસ લાગ્યું રે ધાન, તવ કુડી મતિ ઉપનીજી, ઉપર મુક્યો પાહાણ, સુ૦ ॥ ૩૦ ॥ ભાગ્યું ભાજન અન્ન ગયુંજી, નવિ સરીઉં તસ કાજ, તિમવ્રતિ અધિક આહારથીજી, આલે વાડ મ ભાંજ સુ૦ ॥ ૩૧ ॥

---

## ઢાલ આઠમી

રાગ ધન્યાશ્રી

પીઉડારે ઘરે આવે એ દેશી.

નવમી વાડ હવે સુણો, શ્રાવક સાધુ સુજાણ, અંગ વિભૂષા જે કરે, બ્રહ્મવ્રત તણી રે તસ હાયે

હાણુકે ॥ ૩૨ ॥ પાળો રે વ્રત ભાવે, વ્રત પાળતાં રે દુઃખ ઢુંકડું નાવેકે, પાલો રે વ્રત ભાવે ॥ ૩૩ ॥ બ્રહ્મચારી શ્રાવક યતિ, નવિ કરે મરડા મોડિ, ઉજ્વલ આછાં લુગડાં, વળી બહુ મૂલાં રે, પહેરતાં હોયે ખોડિકે, પા૦ ॥ ૩૪ ॥ કુંભકાર એક ડોકરો, જાયે માટી કાજ, ખણુતાં રતન પ્રગટ થયું, તે ધોઇ રે તેણે મુકયું પાજકે, પા૦ ॥ ૩૫ ॥ માંસ ખંડ જાણી કરી, સમળી લેઇ જાય, નાંખ્યું કૂપ માંહે જઇ, કરે ઓરતો રે દુઃખ સબલું થાયકે, પા૦ ॥ ૩૬ ॥ સમળી સરખી કામિની, રયણ સરીખું શીલ, બ્રહ્મચારી જો સાચવે, તો ઇહભવ રે, તસ પરભવ લીલકે, પા૦ ॥ ૩૭ ॥ શ્રી અકબરપુરમાંહે રહી, કીધી એહ સઝાય, સંવત સત્તર કર શ્રાવણ માસે, વ્રત પાળતાં રે દુઃખ દુરે પલાયકે, પા૦ ॥ ૩૮ ॥ શ્રી દેવવિજય પંડિતવરૂ, શ્રી જયવિજય બુદ્ધરાય, તસશષ્યિ મેરૂવિજય કહે, વ્રત પાળતાં રે નવનિધિ ઘર થાય કે, પાલોરે૦ ॥ ૩૯ ॥

---

## चित्त ब्रह्मदत्तनी सझाय.

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણોજી, પૂર્વભવની પ્રીતડી, તે તો મૂલથી મ ત્રોડો હો,

બંધવ બોલ માનોજી, કતિયારીનો સૂત્ર જયું ત્રુટે ત્યું જોડે હો, બં૦ એ આંકણી. ॥ ૧ ॥ દેશ દશાર્ણનો રાજીયો, ભવ પહેલે દાસોજી, બીજેભવ કાલિંજરે આપણે મૃગ વનવાસ હો, બંધવ૦ ॥ ૨ ॥ ત્રીજે ભવે ગંગાનદી, આપેં બેહુ હંસ હુતાજી, ચોથે ભવ ચંડાળને, ઘેર જનમ્યા પુતા હો, બં૦ ॥ ૩ ॥ ચિત્ત સંભૂતિ બેહુ જણો, સબહિ ગુણ પૂરાજી, જગ સહુ તિહાં મોહી રહ્યું, ધરણીધવ શૂરા હો, બં૦ ॥૪॥ વિપ્રો અણુખ કરે ઘણી, રાજાને ભરમાવેજી, દેશવટો તિહાંથી દીયો, ગયા મરવાને ભાવે હો, બં૦ ॥૫॥ પર્વત ઉપર મુનિ મલ્યા, પગે લાગ્યા ધાઇજી, અકામ મરણ મુનિ દાખીયો, ધર્મદેશના સુણાઇ હો, બં૦ ॥ ૬ ॥ ધર્મ સુણી ઘર છોડીયો, આપણ બેહુ સંયમ લીધોજી, નિયાણું તેં આદર્યું, કર્મ ભૂંડો તે કીધો હો, બં૦ ॥ ૭ ॥ નારી રત્નને નિરખતાં, તપનું ફલ હાર્યોજી, મેં તુઝને વાર્યો ઘણો, તે કાંઇ ન વિચાર્યો હો, બં૦ ॥ ૮ ॥ પાકયું ક્ષેત્ર જયું વેંચીયું, શીરામણ સાટેજી, ખેતારીની પરેં ઝુરશો, કહું છું તે માટે હો, બં૦ ॥૯॥ પદ્મગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો કીધોજી, તિહાંથી ચવીને ઉપન્યો, કંપીલપુર પ્રસિદ્ધો હો, બં૦ ॥ ૧૦ ॥ ચક્રવર્ત્તિ પદવી તેં લહી, સબહી

અધિકારીજી, કીધાનાં ફલ પામીયો, તાહરી કરણી સારી હો, બં૦ ॥ ૧૧ ॥ પુરિમતાલે હું ઉપન્યો, શ્રાવક સુ આચારીજી, સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હો, બં૦ ॥ ૧૨ ॥ મેં પણ ઋધિ લહી ઘણી, બહુ વિવિધ પ્રકારેજી, શુભ માનવ ભવ પામીને કોણ મૂરખ હારે હો, બં૦ ॥ ૧૩ ॥ એણે સંસારમાં રાચિયા, વિષયરસમાં ભૂલેજી, તારણ નાવતણી પરે, ધર્મ કોઇ ન તોલે હો, બં૦ ॥ ૧૪ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણોજી, આ અવસર છે દોહિલો, ધર્મમારગ જાણો હો, બં૦ ॥ ૧૫ ॥ નિયાણું કરી સુખ લહયાં માનવ ભવ કેરાં જી; ઇણિ કરણીથી જાણજે, તાહરા નરકમાં ડેરા હો, બં૦ ॥ ૧૬ ॥ છઠ્ઠે ભવે જુજુઆ, આપણ બેહુ ભાઇજી, હવે મલવું છે દોહિલું, જેમ પર્વત રાઇ હો, બં૦ ॥ ૧૭ ॥ સાધુ કહે સુણો રાયજી, અબ આ ઋધિ ત્યાગોજી, આ અવસર છે પરવડો, સંયમ મારગ લાગો હો, બં૦ ॥ ૧૮ ॥ રાય કહે સુણો સાધુજી, કછુ અવર બતાવોજી, આ ઋધિ તો છુટે નહિ, મુઝ હોવે પસ્તાવો હો; બં૦ ॥ ૧૯ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, તાહરી ભવસ્થિતિ નાઇજી, માહરા વાર્યા નહિ વળો, તાહરાં કર્મ સખાઇ હો, બં૦

॥ ૨૦ ॥ ચિત્તે વચન કહ્યાં ઘણાં, નિજ ભાઇને રાગેંજી, ભારેકર્મી જીવડો, કહો કેણી પરેં જાગે હો, બં૦ ॥ ૨૧ ॥ ચિત્તમુનિ તિહાંથી વલ્યા, કઠિણ કર્મને ધોતાજી, જ્ઞાનલહી મુગતેં ગયા, ચક્રી સાતમી પહોંત્યા હો, બં૦ ॥ ૨૨ ॥ મનવચ કાયાએ કરી, જે કોઇ જીનધર્મ કરશેજી, ટાલી કર્મ પરંપરા, તે ભવસાયર તરશે હો, બં૦ ॥ ૨૩ ॥ ઉત્તરાધ્યયન તેરમે, એહ અર્થ વખાણ્યાજી, વિનય વિજયજી પસાયથી, રૂપવિજયજી એ જાણ્યા હો, બં૦ ॥ ૨૪ ॥

---

## शालिभद्रनी सजाय.

રાજગૃહી નયરી મોઝારો જી, વણઝારો દેશાવર સારોજી, ઇણ વણજેજી, રત્નકંબલ લેઇ આવીયાજી, ॥ ૧ ॥ લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝીણી, કાંઇ પરિમલજી, ગઢમઢ મંદિર પરિસરિજી, ॥ ૨ ॥ પુછે ગામને ચોતરે, લોક મલ્યા વિધ વિધ પરે, જઇ પૂછયોજી, શાલિભદ્રને મંદિરેજી, ॥ ૩ ॥ શેઠાણી સુભદ્રા નિરખેજી, રત્નકંબલ લેઇ પરખેજી, પહોંપાડીજી શાલિભદ્રને મંદિરેંજી, ॥ ૪ ॥ તેડાવ્યો ભંડારીજી, વીશલાખ નિર-

ચારીજી, મણી દેજયોજી એહને ઘરે પહોંચાડજોજી, ॥ ૫ ॥ રાણી કહે સુણો રાજાજી, આપણું રાજ શે કાજજી, મુઝ કાજેજી, એક ન લીધી લોબડીજી, ॥ ૬ ॥ સુણ હો ચેલણા રાણીજી, એહ વાત મેં જાણીજી, પીછાણીજી એહ વાતનો અચંબો ઘણોજી, ॥૭॥ દાતણ તો તબ કરશુંજી, જબ શાલિભદ્ર મુખ જોશુંજી, શણગારોજી ગજરથ ઘોડા પાલખીજી, ॥૮॥ આગલ [1] કોતલ હિંચાવતા, પાછલ પાત્ર નચાવતા, રાય શ્રેણિકજી, શાલિભદ્ર ઘેર આવીયાજી, ॥ ૯ ॥ પહેલે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઇ જોજોજી. આ ઘર તો ચાકર તણાંજી, ॥૧૦॥ બીજે ભુવને પગદીયો, રાજા મનમાં ચમકિયો, કાંઇ જોજોજી આ ઘર તો સેવકતણાંજી, ॥ ૧૧ ॥ તીજે ભુવને પગ દીયો, રાજા મનમા ચમકિયો, કાંઇ જો જોજી, આ ઘર તો દાસીતણાંજી, ॥ ૧૨ ॥ ચોથે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો, કાંઇ જો જોજી. આ ઘરતો શ્રેષ્ટીતણાંજી. ॥૧૩॥ રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઇ ખોળ કરે જીકા, માય ભદ્રાજી. થાળ ભરી તવ લાવીયાંજી, ॥ ૧૪ ॥ જાગો જાગો મોરાનંદ જી, કેમ સુતા આનંદજી, કાંઇ આંગણેજી. શ્રેણિકરાય પધારીયાજી, ॥ ૧૫ ॥ હું નવિ જાણું માતા

૧ અસ્વાર વિનાના ઘોડા.

બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં, તુમે લેજો જી. જેમ તુમને સુખ ઉપજેજી, ॥ ૧૬ ॥ પૂર્વે કદી પુછતાં નહિ, તો આમાં શું પુછો સહિ, મોરી માતાજી. હું નવિ જાણું વણજમાંજી, ॥ ૧૭ ॥ રાય કરિયાણું લેજોજી, મુહ માગ્યા દામ દેજોજી, નાણાં ચુકવીજી, રાય ભંડારે નખાવી દીયોજી, ॥ ૧૮ ॥ વલતી માતા એમ કહે, સાચી નંદન સદ્દહે, કાંઇ સાચેજી, શ્રેણિકરાય પધારિયાજી, ॥ ૧૯ ॥ ક્ષણમાં કરે કાંઇ રાજીયો, ક્ષણમાં કરે બેરાજીયો, કાંઇ ક્ષણમાં જી. ન્યાય અન્યાય કરે સહિજી, ॥ ૨૦ ॥ પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં, મુજ માથેજી. હજુ પણ એહવા નાથ છે જી, ॥ ૨૧ ॥ અબતો કરણી કરશુંજી, પંચવિષય પરિહરશુંજી, પાળી સંયમજી નાથ સનાથ થશું સહિજી, ॥ ૨૨ ॥ ઈંદુવત્ અંગ તેજજી, આવે સહુને હેજજી, નખશિખ લગીજી, અંગોપાંગ શોભે ઘણાંજી, ॥ ૨૩ ॥ મુક્તાફળ જેમ ચળકેજી, કાંને કુંડળ ઝળકેજી, રાજા શ્રેણિકજી. શાલિભદ્ર ખોળે લીયોજી, ॥ ૨૪ ॥ રાજા કહે સુણો માતાજી, તુમ કુંવર સુખશાતાજી, હવે એહનેજી. પાછો મંદિર મોકલોજી, ॥ ૨૫ ॥ શાલિભદ્ર નિજ ઘર આવ્યાજી, રાય શ્રેણિક ઘેર સિધાવ્યાજી, પછે શાલિભદ્રજી, ચિંતા

કરે મનમાં ઘણીજી, ॥ ૨૬ ॥ શ્રી જીનધર્મ આદરૂં, મોહ માયાને પરિહરૂં, હું છાંડુંજી ગજરથ ઘોડા પાલખીજી, ॥ ૨૭ ॥ સુણીને માતા વિલખેજી, નારીયો સઘળી તલખેજી, તેણી વેલાજી. અશાતા પામ્યાં ઘણીજી, ॥ ૨૮ ॥ માતા પિતાને ભ્રાતજી, સહુ આળ પંપાળની વાતજી, એણે જગમાંજી. સ્વારથનાં સર્વે સગાંજી, ॥ ૨૯ ॥ હંસ વિના શ્યાં સરોવરિયાં, પિયુ વિના શ્યાં મંદિરીયાં, મોહ વશ થકાંજી ઉચ્ચાટ એમ કરે ઘણોજી, ॥ ૩૦ ॥ સર્વ નીર અમૂલ્યજી, વાટકડે તેલ ફુલેલજી, શાહ ધન્નેજી. શરીર સમારણ માંડિયોજી, ॥ ૩૧ ॥ ધન્ના ઘેર સુભદ્રા નારીજી, બેઠી મહોલ મોઝારજી, સમારંતાંજી. એકજ આંસુ ખેરીયુંજી, ॥ ૩૨ ॥ ગૈભદ્ર શેઠની બેટડી, ભદ્રા બાઇ તોરી માવડી, સુણ સુંદરીજી તેં કેમ આંસુ ખેરીયુંજી, ॥ ૩૩ ॥ શાલિભદ્રની બેનડી, બત્રીસ ભોજાઇની નણંદલી, તવ તાહરેજી. શા માટે રોવું પડેજી, ॥ ૩૪ ॥ જગમાં એકજ ભાઇ માહરે, સંયમ લેવા મન કરે, નારી એક એકજી. દિન દિન પ્રત્યે પરિહરેજી, ॥ ૩૫ ॥ એતો મિત્ર કાયરૂ, શું લે સંયમ ભાયરૂ, જીભડલીજી મુખ માથાની જુદી જાણવીજી, ॥ ૩૬ ॥ કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું, સુણો

સ્વામીજી. એહવી ઋધિ કુણ પરિહરેજી, ॥ ૩૭ ॥ કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું, સુણ સુંદરિજી, આજથી ત્યાગી આડનેજી, ॥ ૩૮ ॥ હું તો હસતી મલકીને, તુમે કીયો તમાસો હલકીને, સુણો સ્વામીજી. અબતો ચિંતા નવિ ધરૂંજી ॥૩૯॥ ચોટી અંબોડો વાળીને, સો ધન્નો ઉઠયો ચાલીને, કાંઈ આવ્યાજી. શાલિભદ્રને મંદિરેજી, ॥ ૪૦ ॥ ઉઠો મિત્ર કાયરૂ, સંયમ લઈએ ભાયરૂ, આપણ દોયજ-ણજી, સંયમ શુદ્ધ આરાધિયેંજી, ॥ ૪૧ ॥ શાલિભદ્ર વૈરાગીયા, શાહ ધન્નો અતિ ત્યાગીયા, દોનું રાગી-યાજી, શ્રી વીર સમીપેં આવીયાજી, ॥ ૪૨ ॥ સંયમ મારગ લીનોજી, વૈરાગ્યેં મન ભીનોજી, શાહ ધન્નોજી. માસખમણ કરે પારણાંજી, ॥ ૪૩ ॥ તપ કરિ દેહને ગાળીજી, દૂષણ સઘળાં ટાલીજી, વૈભાર-ગિરિજી. ઉપર અણસણ આદર્યાંજી, ॥ ૪૪ ॥ ચઢતે પરિણામે સોયજી, કાલ કરિ જણ દોયજી, દેવગતિ-એંજી, અનુત્તરવિમાને ઉપન્યાજી, ॥ ૪૫ ॥ સુર સુખને તિહાં ભોગવી, તિહાંથી દેવ દોનું ચવી, વિદે-હેજી, મનુષ્યપણું તે પામશેજી, ॥ ૪૬ ॥ સુધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી, લહી કેવલજી. મોક્ષ ગતિને પામશેજી, ॥ ૪૭ ॥ દાનતણાં ફલ દેખોજી,

ધન્નો શાલિભદ્ર પેખોજી નહિ લેખોજી, અતુલ સુખ તિહાં પામશેજી, ॥ ૪૮ ॥ એમ જાણી સુપાત્રને પોખો જી, જીમ વેગે પામો મોક્ષોજી. નહિ ધોખોજી. કહિય જીવને ઉપજેજી, ॥ ૪૯ ॥ ઉતમના ગુણ ગાવેજી, મનવંછિત સુખ પાવેજી, કહે કવિયણજી. શ્રોતાજન તુમે સાંભલોજી, ॥ ૫૦ ॥

---

## પડિક્કમણાની સઝાય.

કર પડિકમણું ભાવશુંજી. સમભાવે મન લાય, અવિધિ દોષ જો સેવશોજી. તો નહિ પાતક જાય, ચેતનજી એમ કેમ તરશોજી. ॥ ૧ ॥ સામાયકમાં સામટીજી. નિદ્રા નેન ભરાય, વિકથા કરતાં પારખીજી. અતિ ઉલ્લસિત મન થાય, ચેતનજી૦ ॥ ૨ ॥ કાઉસ્સગ્ગમાં ઉભા રહીજી. કરતાં દુખે રે પાય, નાટક પ્રેક્ષણ જોવતાંજી. ઉભાં રયણી જાય, ચે૦ ॥ ૩ ॥ સંવરમાં મન નવિ રૂચેજી. આશ્રવમાં હુશિયાર, સૂત્ર સુણે નહિ શુભ મનેજી. વાત સુણે ધરી પ્યાર, ચે૦ ॥ ૪ ॥ સાધુજનથી વેગલોજી. નીચશું ધારે નેહ, કપટ કરે કોડો ગમેજી. ધર્મમાં ધ્રુજે દેહ, ચે૦ ॥૫॥ ધર્મની વેલા નવિ દીએજી. ફૂટી કાડી રે એક, રાઉલમાં રૂંધ્યો થકોજી. ખુણે ગણી દીએ છેક, ચે૦

॥ ૬ ॥ જીનપૂજા ગુરૂ વંદનાજી. સામાયિક પચ્ચખ્ખાણ, નવકારવાલી નવિ રૂચેજી. કરે મન આર્ત્તધ્યાન, ચે૦ ॥ ૭ ॥ ક્ષમા દયા મન આંણીયેજી. કરીયેં વ્રત પચ્ચખ્ખાણ, ધરીયેં મનમાંહિ સદા જી. ધર્મશુકલ દોય ધ્યાન, ચેતનજી એમ ભવ તરશોજી, ॥ ૮ ॥ શુદ્ધ મને આરાધશોજી. જો ગુરુના પદપદ્મ, રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ, ચેતનજી એમ ભવ તરશોજી, ॥ ૯ ॥

---

## ચૌદ પૂર્વના દુહા.

શ્રી ઉત્પાદ પૂર્વ પ્રથમ. વસ્તુ ચૌદ તસજાણ, એક કોડી પદ જેહનાં. નમો નમો ભવિક સુજાણ, ॥ ૧ ॥ અગ્રાયણી પૂર્વ બીજુ. વસ્તુ છત્રીસ સુખકાર, છનું લાખ પદ જેહનાં, નમતાં હોય ભવપાર, ॥ ૨ ॥ વીર્યપ્રવાદ પૂર્વ ત્રીજું. વસ્તુ સોલ અધિકાર, પદ તો તેર લાખ છે. નમતાં હરખ અપાર, ॥ ૩ ॥ અસ્તિપ્રવાદ પૂર્વ ચોથું. વસ્તુ અઠાવીસ કહીએ, આઠ લાખ પદ જેહનાં નમતાં સમકિત લહીએ, ॥ ૪ ॥ જ્ઞાનપ્રવાદ પંચમું પૂર્વ. વસ્તુ બાર પ્રધાન, એક ઉણે એક કોડી પદ. નમતાં કેવલજ્ઞાન. ॥ ૫ ॥ સત્યપ્રવાદ પૂર્વ છઠું. પદ સગુસઠ

એક કોડી, વસ્તુ બે છે જેહની તે નમીયે કરજોડી, ॥ ૬ ॥ સાતમું શ્રીઆત્મપ્રવાદ પૂર્વ. વસ્તુ સોલ તસ કહિએ, કોડી છવીસ પદ પ્રણુમતાં. તત્વ પદારથ લહીએ, ॥ ૭ ॥ આઠમું કર્મપ્રવાદપૂર્વ. વસ્તુ ત્રીસ તસ જોય, એંશી સહસ કોડીપદ. નમતાં શિવ સુખ હોય, ॥ ૮ ॥ પ્રત્યાખ્યાન નવમું પૂર્વ, વસ્તુ વીશ છે જેહ, લાખ ચોરાસી પદ વલી. નમતાં ભવદુઃખ છેહ, ॥ ૯ ॥ વિદ્યાપ્રવાદ દશમું પૂર્વ. પનર વસ્તુ તસ જાણીયે, એક કોડી દશ લાખ પદ. નમતાં સવિ પાપ ગમીએ, ॥ ૧૦ ॥ એકાદશમું કલ્યાણ પૂર્વ, વસ્તુ બાર કહેવાય, છત્રીસ કોડી પદ જેહનાં. નમતાં શિવસુખ થાય, ॥ ૧૧ ॥ પ્રાણાવાય એ બારમું પૂર્વ, વસ્તુ જેહની તેર, છપ્પનલાખ એકકોડી પદ, નમતાં નહિ ભવ ફેર, ॥ ૧૨ ॥ ક્રિયાવિશાલ તેરમું પૂર્વ. વસ્તુ જેહની ત્રીશ, નવકોડી પદ તેહનાં. નમતાં અધિક જગીશ, ॥ ૧૩ ॥ લોકબિંદુસાર ચઉદમું પૂર્વ, વસ્તુ પચીસ તસ જાણ, સાડાબાર કોડીપદ જેહનાં. નમતાં કોડી કલ્યાણ, ॥ ૧૪ ॥

## अथखामणां लिख्यते

શ્રી અરિહંતજીને ખામણાં રે, જેહના ગુણ છે બાર, કરો ભવિખામણાં રે, ચોત્રિસ અતિશયેં રાજતા રે, વાણીગુણ પાંત્રિસ, કરો૦ ॥ ૧ ॥ ગામ નગર પુર વિચરતા રે, કરતા ભવિ ઉપકાર, કરો૦, સિદ્ધ સર્વેને ખામણાં રે, જેહના ગુણ છે આઠ, કરો૦ ॥૨॥ સિદ્ધશિલાને ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ મિલાય, કરો૦, જે સુખ નહી સુરરાયને રે, નહીરાયા નહી રાય, કરો૦ ॥ ૩ ॥ તે સુખની ઇચ્છા કરૂં રે, પ્રણમું સિદ્ધના પાય, કરો૦, આચારજને ખામણાં રે, જેહના ગુણ છત્રીસ, કરો૦ ॥ ૪ ॥ છત્રીશ છત્રીશે ગુણે રે, બારસે છનું થાય, કરો૦ એહવે ગુણે કરી શોભતા રે, જંબુ ગૌતમ સુધર્મ, કરો૦ ॥ ૫ ॥ ઉપાધ્યાયજીને ખામણાં રે, જેહના ગુણ પચવીશ, કરો૦ પચવીશ પચવીશે ગુણે રે, છસે પચવીશ થાય, કરો૦ ॥ ૬ ॥ રાજકુંઅરપરે શોભતા રે, આચારજ પદ જોગ્ય, કરો૦, સર્વ સાધુજીને ખામણાં રે, અઢીદ્વિપમાં જેહ, કરો૦ ॥ ૭ ॥ ગુણ સત્તાવીશે શોભતા રે, લેતા સુજતો આહાર, કરો૦, સાધ્ય એક છે જેહને રે સાધનમાં ભેદ અનેક, કરો૦ ॥ ૮ ॥ સંઘ સર્વને ખામણાં રે, અરિહંતે માન્યો જેહ, કરો૦, શાસનને

શોભાવતો રે, અડતાળીશ જેહના ગુણ, કરો૦ ॥૯॥ સર્વ સતીને ખામણાં રે, ચંદનબાલા મૃગાવતી આદિ, કરો૦ સર્વે જીવને ખમાવીએ રે, યોનિચોરાસી લાખ, કરો૦ ॥ ૧૦ ॥ આઠમ પાખી ખામણાં રે, ચોમાસી ત્રણવાર, કરો૦, સંવચ્છરીખમાવીએ રે, સંઘસયલ જયકાર, કરો૦ ॥ ૧૧ ॥ જે ન ખમાવે ખામણાં રે, તેહનો નરકમાં વાસ, કરો૦, ખમીયેને ખમાવીયે રે, એ જિનશાસન રીત, કરો૦ ॥ ૧૨ ॥ હર્ષે ખમાવે જેહ ખામણાં રે, તેહનો સ્વર્ગમાં વાસ, કરો૦ એણી-પરે કીજે ખામણાં રે, તો તરીયે સંસાર, કરો૦ ૧૩. મુક્ષી મેલને કીજે ખામણાં રે, નિજરૂપ લહે મનોહાર, કરો૦, અમિયકુંવર ઇણીપરે ભણે રે, તે પામે મંગ-લમાલ, કરો૦ ॥ ૧૪ ॥ ઇતિ ખામણાં સંપુર્ણ.

---

## अथनालंदा पाडानी सझाय.

મગધદેશમાંહી બિરાજે, સુંદર નગરી સોહેજી, રાજગ્રહી રાજા શ્રેણિકરી, દેખંતાં મન મોહેજી, એકનાલંદે પાડે પ્રભુજીએ. ચોદ કીયાં ચોમાસાંજી, એ આંકણી ॥ ૧ ॥ ધનને ધર્મ નાલંદે પાડે, દોનું વાત વિશેષોજી, ફરિ ફરિ વીર આવ્યા બહુવારે, ઉપ-કાર અધિકો દેખ્યોજી, એક૦ ॥ ૨ ॥ શ્રાવક લોક

વસે ધનવંતા જિનમારગના રાગીજી, ઘરઘર માંહે સોનાચાંદી, જિહાં જ્યોતિ ઝગમગ જાગીજી, એક૦ ॥ ૩ ॥ જડાબ ઘરેણાં જોર વિરાજે, હાર મોતી નવ સરીયાજી, વસ્ત્ર પહેરણુ ભારી મૂલાં, ઘરેણાં રત્ને જડી- યાંજી, એક૦ ॥ ૪ ॥ પડિમાવંદન સઘલા જાવે. રસના કરે ઉલ્લાસોજી, કેસર ચંદન ચરચે બહુલાં, મુક્તિ- તણા અભિલાષોજી, એક૦ ॥ ૫ ॥ ત્રણ પાટ શ્રેણિક રાજાના, હુવા સમકિત ધારી લગતાજી, જિન માર- ગકું જોર દીપાવ્યો, વીરતણા બહુ ભગતાજી, એક૦ ॥ ૬ ॥ પીયરમાંહિ સમકિત પામી, ચેલ્લણા પટ્ટ- રાણીજી, મહાસતી જેણે સંયમ લીધો, વીરજીણંદે વખાણીજી, એક૦ ॥ ૭ ॥ જંબુ સરિખા હુઆ તે જેણે, આઠ અંતેઉર પરણીજી, બાલબ્રહ્મચારી ભલા વિચારી, જેણે કીધી નિર્મલ કરણીજી, એક૦ ॥ ૮ ॥ શાલિભદ્ર ગોભદ્રનો બેટો, બનેવી વલી ધન્નોજી, સહિત સુભદ્રા સંયમ લીધો, મુક્તિ જાવ- ણુરો મનોજી, એક૦ ॥ ૯ ॥ ગોભદ્રશેઠ મહા ગુણવંતા, જેણે સંયમમારગલીનોજી, મહાવીરગુરૂ મોટા મલીયા, તેણે જન્મમરણ દુઃખ છીનોજી, એક૦ ॥ ૧૦ ॥ અભયકુમાર મહાબુદ્ધિવંતો, જેણે પ્રધાન પદવીપામીજી, વીર સમીપે સંયમ લીધો, મુક્તિ

જાવણુરોકાભીજી, એક૦ ॥ ૧૧ ॥ શેઠ સુદર્શન છેલ્લો શ્રાવક, વીરવંદનને ચાલ્યોજી, મારગ વિચમેં અર્જુન મલીયો પણ ન રહ્યો તેનો ઝાલ્યોજી, એક૦ ॥૧૨॥ અર્જુન હોઇ ગયો તે સાથે, વીરજિણંદને ભેટયાજી, માલીને દીક્ષાદેવરાવિ, સબ દુઃખ નગરીના મેટ્યાંજી એક૦ ॥ ૧૩ ॥ ત્રેવિસ તો શ્રેણિકની રાણી, તપ કરી દેહ ગાલિજી, મોટી સતીયો મુક્તિ બિરાજે, કર્મ-તણાં બીજ બાલીજિ, એક૦ ॥ ૧૪ ॥ ત્રેવિસ તો શ્રેણિકરા બેટા, ઉપન્યા અનુત્તર વિમાનોજી, દશ-પોત્તા દેવલોકે પહોતા, એ સવિ હોશે નિર્વાણોજિ, એક૦ ॥ ૧૫ ॥ મહાશતકજિ મોટો શ્રાવક, તેહને તેર નારીજિ, કરણી કરીને કર્મ ખપાવ્યો, હુઆ એકા અવતારીજિ, એક૦ ॥ ૧૬ ॥ મેઘકુમાર શ્રેણિકનો બેટો, જેણે લીધો સંયમ ભારજિ, વૈયાવચ્ચ નિમિત્તે કાયાવોસિરાવી દો નયણાંરો સારોજિ, એક૦ ॥ ૧૭ ॥ શ્રેણિક રાજા સમકિત ધારી, તેણુશું ધર્મ ઉદ્યોત્તોજિ, એકણુ ઘરમેં દો [1]તીર્થંકર, દાદોને વલી પોતોજિ, એક૦ ॥ ૧૮ ॥ ઉતમ જીવ ઉપન્યા છે અઠે, શ્રાવકને વલી સાધોજી. ભગવંતની જેણે ભક્તિ કીધી, ધન્ય માનવભવ લાધોજી. એ૦ ॥૧૯॥

---

૧ શ્રેણિક અને ઉદાયી.

શાસનનાયક તીરથ સ્થાપી, શાશ્વતાં સુખ લેશેજી, હરખવિજય કહે કેવલ પામી, મુક્તિ મહેલમાં જાશેજી. એ૦ ॥ ૨૦ ॥ સંવત પંદરસેં ચૌઆલેં, રહી નાગોર ચોમાસુંજી, સંઘપસાયેં સવિસુખ લાધાં, કીધા જ્ઞાન પ્રકાસોજી. એ૦ ॥ ૨૧ ॥

---

## જ્ઞાનવિમલ સુરિકૃત સોલ સ્વપનની સજાય.

### દુહા.

શ્રી ગુરૂપદ પ્રણમી કરી, સોલ સુપન સુવિચાર
દુસમ સમયતણાં કહું, શાસ્ત્રતણે અનુસાર.

### ઢાલ ૧ લી.

શારદ બુધદાયી એ દેશી.

પાટલીપુર નયરે, ચંદ્રગુપ્તરાજન, ચાણાયક નામે, બુદ્ધિનિધાન પ્રધાન, એક દિન પોસહમાં, સૂતો રયણી મોઝાર, તવ દેખે નરપતિ, સોલ સ્વપ્ન સુખકાર, ૧. ત્રુટક૦ સુખકારક વારક દુઃખ કેરાં, નિરખે નૃપ વડ વખતે, વાજીંત્ર તૂરે ઉગતસૂરે, આવી બેઠો તખતે, ચાણાયક નાયક મતિ કેરો, આવી પ્રણમે પાય, સોલ સુપન રયણાંતરે લાધ્યાં, તે બોલે નરરાય, ॥ ૨ ॥ ધુરસુહણે દેખે, સુરતરૂ ભાંગી ડાળ, બીજે આથ-

બીયો, સૂરજ બિંબ અકાલ, ત્રીજે ચંદ્ર ચાલણી, ચોથે નાચ્યાં ભૂત, પાંચમે બારફણાલો, દીઠો અહિ અદ્દભુત, ॥૩॥ ત્રુટક. અતિ અદ્દભુત વિમાન વલ્યું તેમ, છઠ્ઠે સુહણે દેખે, કમલ ઉકરડે સાતમે આઠમે, આગીયો અંધારે પેખે, સુકું સરોવર નવમે દક્ષિણ, પાસે ભરિયો નીર, દશમે સુહણે સોવન થાલે, કુતરો ખાયે ખીર ॥ ૪ ॥ ગજ ઉપર ચઢીયા, વાનર દેખે અગીયાર, મર્યાદા લોપે, સાગર સુપન એ બાર, મોટે રથે જુતા, વાછડા તેરમે દેખે, ઝાંખાં તિમ રયણાં, ચૌદમે સુપને પેખે, ॥ ૫ ॥ ત્રુટક૦ તેમ દેખે પંદરમે વૃષભે, ચઢિયા રાજકુમાર, કાળા ગજ બેહુ માંહોમાંહે, વઢતા સોળ એ સાર, એહવાં સોલસુપન જે લાધ્યાં, સંભારે નૃપ જામ, એહવે આવી દીયે વધાઇ, વન પાલક અભિરામ, ॥ ૬ ॥ સ્વામી તુમ વનમાં, શ્રુતસાગર ગુણખાણી, ભદ્રબાહુ મુનીશ્વર, ચૌદ પૂર્વધર જાણી, આવ્યા નિસુણીને, વંદન કાજે જાય, ચાણાચક સાથે, નરપતિ પ્રણમે પાય, ॥ ૭ ॥ ત્રુટક૦ પાય નમીને નરપતિ પૂછે, સોળ સુપન સુવિચાર, કૃપા કરી ભગવંત મુજ દાખો, એહ કરો ઉપકાર, તવ ગિરૂઆ ગણધર શ્રુતસાગર, બોલ્યા નરપતિ આગે, દુઃસમઆરે એહ સુપનનો, હોશે બહુલો લાગ. ॥ ૮ ॥

### ઢાલ ૨ જી.

આગે પુરવવાર નવાણુ શ્રી આદિશ્વર આવ્યાજી એ દેશી.

સુરતરૂ કેરી શાખા ભાંગી, તેહનું એહ ફલ સારજી, આજ પછી કોઇ રાજા ભાવે, નહિ લીયે સંયમ ભારજી, આથમ્યો સુરજ બિંબ અકાલે, તે આથમ્યું કેવળનાણુજી, જાતિસ્મરણુ નિર્મલ ઓહિ, નહિ મણુપજ્જવ નાણુજી. ॥ ૯ ॥ ત્રીજે ચાલણી ચંદ્ર થયો જે, જિનમત એણીપરે હોશેજી, થાપ ઉત્થાપ તે કરશે બહુલા, કપટી કુગુરૂ વિગોશેજી, ભૂત નાચ્યાં જે ભૂતલે ચોથે, તે કુગુરૂ કુદેવ મનાશેજી, દૃષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક, તેહના ભક્તા થાશેજી. ॥ ૧૦ ॥ બારફણો જે, વિષધર દીઠો તેહનું એહફલ જાણોજી, બારવરસ દુર્ભિક્ષ તે પડશે, હોશે ધર્મની હાણોજી, વળ્યું વિમાન જે આવતું પાછું, તે ચારણ મુનિ નવિ હોશેજી, [1]સાતિચારી [2]આચારી થોડા, ધર્મી અધર્મે જાશેજી, ॥ ૧૧ ॥ કમલ ઉકરડાનું ફલ એડી, નીચ ઉંચ કરી ગણુસેજી, ક્ષત્રિકુલ શૂરા તોહેપણુ, વિશ્વાસીને હણુશેજી, આગીયા સુહણાનું ફલ જાણો, જીનધર્મે દઢ થોડાજી, મિથ્યા કરણી કરતા દીસે. શ્રાવક વાંકા ઘોડાજી. ॥ ૧૨ ॥ સુકું સરોવર દક્ષિણુ પાસે, નીર ભરિયું સુવિલાસેજી, આપ

---

૧ અતિચારી ઘણુા. ૨ નિરતિચારી થોડા.

ઉમારણ કાજે મુનિવર, દક્ષિણ દિશામાં જાશેજી, જિહાં જિહાં જન્મ કલ્યાણુક તિહાં તિહાં, ધર્મ વિચ્છેદે જાશેજી, સંત અસંતની પેરે મનાશે, ધર્મીજન સીદાશેજી. ॥ ૧૩ ॥ સોવનથાલે ખીર ભખે જે, કુતરો દશમે સુહણેજી, ઉત્તમની ઉપરાજી લક્ષ્મી, મધ્યમ બહુ પરે માણેજી, ગજ ઉપર જે વાનર ચઢિયા, તે હોશે મિથ્યાત્વી રાજાજી, જિન ધર્મે વલી શંસય કરતા, મિથ્યામતમાં તાજાજી. ॥ ૧૪ ॥ મર્યાદા લોપે જે સાગર, તે ઠાકુર મુકશે ન્યાયજી, જૂઠા સાચા સાચા જૂઠા, કરશે લાંચ પસાયજી, જેહ વડેરા ન્યાય ચલાવે, તેહ કરે અન્યાયજી, કુડકપટ છળ છદ્મ ઘણેરાં, કરતા જૂઠ ઉપાયજી, ॥ ૧૫ ॥ મોટે રથે જે વાછડા જુત્યા, તેરમે સુપને નરેશજી, વૃદ્ધપણે સંયમ નહિ લે કોઇ, લઘુપણે કોઇ લેશેજી, ભુખે પીડ્યા દુઃખે ભીડ્યા પણ વૈરાગ ન ધરશેજી, ગુર્વાદિક મુકીને શિષ્યો, આપમતે થઇ ફરસેજી, ॥ ૧૬ ॥ ઝાંખાં રત્ન તે ચૌદમેં દીઠાં, તે મુનિવર ગુણહીણાજી, આગમગત વ્યવહારને છંડી, દ્રવ્યની વૃત્તિયે લીણાજી, કહેણી રહેણી એક ન દીસે, હોશે ચિત્ત અનાચારજી, શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે, ન વહે વ્રતનો ભારજી, ॥ ૧૭ ॥ રાજકુમાર જે વૃષભે ચઢિયા, તે માંહોમાંહે નવિ મલ-

શેજી, વિરૂઆં વૈર સગાં સંઘાતે, પરશું નેહ તે ધરશેજી, કાળાગજ બેહુ વઢતા દીઠા, તે માગ્યા મેહ ન વરસેજી, વણુજ વ્યાપારે કપટ ઘણેરાં, તોહી પેટ ન ભરશેજી, ॥ ૧૮ ॥ સોળ સુપનનો અર્થ સુણીને, ભદ્રબાહુ ગુરૂ પાસેજી, દુઃસમ સમયતણાં ફલ નિસુણી, રાજા હૈયે વિમાસેજી, સમકિત મૂલ બાર વ્રત લેવે, સારે આતમ કાજજી, ભવિકજીવ બહુલા પ્રતિબોધ્યા, ભદ્રબાહુ ગુરૂરાજજી. ॥ ૧૯ ॥ ગુણ રાગી ઉપશમ રસરંગી, વિરતિ પ્રસંગી પ્રાણીજી, સાચી સદ્દહણા શું પાલે, મહાવ્રત પાંચ સહિનાણીજી, નિંદા ન કરે વદને કેહની, બોલે અમૃતવાણીજી, અપરંપાર ભવ જલધિ તરેવા, સમતા નાવ સમાણીજી. ॥ ૨૦ ॥ શ્રી જિનશાસન ભાસન સુંદર, બોધિબીજ સુખકારજી, જીવદયા મનમાંહે ધરો, કરૂણારસ ભંડારજી; એ સઝાય ભણીને સમજો, દુઃસમ સમય વિચારજી, ધીરવિમલ કવિરાય પસાયે, કવિ નયવિમલ જયકારજી. ॥ ૨૧ ॥

---

## રુપવિજયજી કૃત મનસ્થિરકરણની સજ્ઝાય.

મન સ્થિર કરજોરે, સમકિત વાસીને, ચપલમ કરશોરે, કુગુરૂ ઉપાસીને ॥ એ આંકણી ॥ સમજણ

ફરીને ચિત્તમાં રાખે, શંકા કંખા વારી, વિતિગિં-
ચ્છા ફલનો સંશય, પરદર્શન સંગ છારી, દીપક
સરખોરે, જ્ઞાન અભ્યાસીને, મન૦ ॥ ૧ ॥ ધનુષતીર
ગદચક્ર ધરે જે, વઈરી મારણ કાજ, અર્ધાંગે જે
રમણી રાખે, તેહને નહી કાંઈ લાજ, દેવ ન કહીયેરે,
નારી ઉપાસીને, પગે નવિ પડિયેરે, ક્રોધ નિવાસીને,
તસ પય નમતાંરે, પામશો હાંસીને, મન૦ ॥૨॥ ધન
કણકંચન કામિની રાતા, પાપતણા ભંડાર, મારગ લોપી
[1]કૌપીન પહેરી, કિમ લહેશે ભવપાર, પરિગ્રહ સંગીરે
રહ્યા ઘર માંડીને, વિષય પ્રસંગીરે, લજ્જા છાંડીને,
મત ગુરૂ કરજોરે, ભોગ વિલાસીને. મન૦ ॥ ૩ ॥
ગો મહિષી અજી અવીપય માખણ, ખરી કરભી
શુની દુધ; રોઝી અરક થુઅર ખુરસાણી, પય મા-
ખણ નહિ શુદ્ધ; દુર્ગતિ પડતાંરે, રહેજો સાઇને,
ધર્મ તે કહીએરે, નિશ્ચય લાઇને, નામે ન ભુલો રે,
જુઓ તપાસીને. મન૦ ॥ ૪ ॥ ચોરી જારી દૂર નિ-
વારો, મત કરો લોભ અપાર, ક્ષમાદયા મનમાં નિત્ય
ધારો, જેમ નિસ્તરે સંસાર, પાપ ન કરજોરે, જીવ
વિણાસીને, જુઠ ન કહેશો રે, છલ મન વાસીને, સુખ
જસ લહીએ રે, ધર્મ ઉપાસીને, મન૦ ॥ ૫ ॥ પંચ
સમિતિ ત્રણ ગુપ્તિના ધોરી, ધર્મધ્યાન ધરનાર, શુ-

---

૧ લંગોટી.

તસપદ પૂજો રે, શ્રદ્ધા ધારીને. સેવના કરજો રે, કુમતિ નિવારીને, સેવા ધ્યાવો રે, પરમ નિરાગીને. મન૦ ॥ ૬ ॥ જીન ઉત્તમ પદપદ્મની સેવા, કરજો સાચે ચિત્ત, રૂપવિજય કહે અનુભવ લીલા, ઘટમાં પ્રગટે નિત્ય, તિમ તુમે કરજો રે, જ્ઞાન અભ્યાસીને, શમ દમ ધરજો રે, ધ્યાન ઉપાસીને, શિવસુખ વરજો રે, ચિદ્દઘન વાસીને. મન૦ ॥ ૭ ॥

---

## अथ छठ्ठा रात्रि भोजन विरमणनी सज्झाय.

સુણોમેરી સજની રજની ન જાવે રે—એ દેશી.

સકલ ધરમનું સાર તે કહીયે રે, મનવંછિત સુખ જેહથી લહિયે રે, રાત્રિભોજનનો પરિહાર રે, એ છઠું વ્રત જગમાં સાર રે, મુનિજન ભાવે એ વ્રત પાલો રે; રાત્રિભોજન ત્રિવિધે ટાલો રે. આંકણી૦ ॥ ૧ ॥ દ્રવ્ય થકી જે ચારે આહાર રે, ન લીએ તે રાત્રે અણગાર રે, રાત્રિભોજન કરતાં નિરધાર રે, ઘણા જીવનો થાય સંહાર રે. મુ૦ ॥ ૨ ॥ દેવ પૂજા નવિ સૂઝે સ્નાનરે, સ્નાન વિના કિમ ખાઇયે ધાંન રે, પંખી જનાવર કહીએં જેહ રે, રાત્રે ચુંણ નહિ કરતા તેહ રે. મુ૦ ॥ ૩ ॥ માર્કંડ રૂષીશ્વર બોલ્યા વાણી રે, રૂધિર સમાન તે સઘલાં પાણી રે, અન્ન તે કલ ધ્યાનમાં જસ મન વર્તે, તે ગુરૂ તારણહાર,

માંસ સરખું જાણો રે, દિનાનાથ અસ્ત થાયે રાણો રે, મુ૦ ॥ ૪ ॥ સાબર સૂઅર ધુઅડને કાગ રે, મંજાર વિંછુને વલી નાગ રે, રાત્રિભોજનથી એ અવતાર રે, શૈવશાસ્ત્રમાં એશ્યો વિચાર રે. મુ૦ ૫. જુકાથી જલોદર થાય રે, કીડી આવે બુદ્ધિ પલાય રે, કોલિયાવડો જો ઉદરે આવે રે, કુષ્ટરોગ તે નરને થાવે રે, મુ૦ ॥ ૬ ॥ શ્રીસિદ્ધાંત જીનઆગમ માંહિ રે, રાત્રિભોજન દોષ બહુ ત્યાંહી રે, કાંતિવિજય કહે એ વ્રત સારો રે, જે પાલે તસ ધન અવતારો રે, મુ૦ ૭

---

## अथ श्री वीरप्रभुनी सज्झाय.

સમવસરણ સિંહાસનેજી રે, વીરજી કરે રે વખાણ, દશમા ઉત્તરાધ્યયનમાંજી રે, દીએ ઉપદેશ સુજાણ, સમયમેં રે ગોયમ મ કરે પ્રમાદ, ॥ ૧ ॥ જીમ તરૂપંડુર પાંદડુંજી રે, પડતાં ન લાગે રે વાર, તિમ એ માણસ જીવડોજી રે, ન રહે થિર સંસાર, સમય૦ ॥ ૨ ॥ ડાભઅણીજલઓસનોજી રે, ક્ષણએક રહે જલબિંદ, તિમ એ ચંચળ જીવડોજી રે, ન રહે ઇંદ્ર નરિંદ, સ૦ ॥ ૩ ॥ સુક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશિ ચઢીયો વહેવાર, લાખ ચોરાસી જીવાયોનિમાંજી રે, લાધ્યો નરભવ સાર

સ૦ ॥ ૪ ॥ શરીર જરાએ જાજરોજી રે, શિરપર પલીયા રે કેશ, ઈંદ્રિબલહીણા પડયાજી રે, પગે પગે પેખે કલેસ, સ૦ ॥ ૫ ॥ ભવસાયર તરવા ભણીજી રે, સંયમ પ્રવહણપૂર, તપજપ કિરિયા આકરીજી રે, મોક્ષ નગર છે દૂર, સ૦ ॥ ૬ ॥ એમ નિસુણી પ્રભુ દેશનાજી રે, ગણધર થયા સાવધાન, પાપ પડલ પાછાં પડયાંજી રે, પામ્યા કેવલજ્ઞાન, સ૦ ॥ ૭ ॥ ગૌતમના ગુણ ગાવતાંજી રે, ઘરસંપતિની રે કોડ, વાચક શ્રીકરણ ઈમ ભણેજી રે, વંદુ બે કરજોડ, સમયમેં રે ગોયમ મ કરે પ્રમાદ, સ૦ ॥ ૮ ॥

---

## શીલની સજાય.

( કડવાં ફલ છે ક્રોધનાં—એ દેશી. )

શીલ સમો વ્રત કો નહિ, શ્રીજીનવર એમ ભાખે રે; સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે. શીલ૦ ॥ ૧ ॥ વ્રત પચ્ચખ્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે; એકજ શીલ તણે બલે, ગયા મોક્ષે તેહ રે. શીલ૦ ॥ ૨ ॥ સાધુને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે; શીલ વિના વ્રત જાણજો, કુકસા સમા ભાઇ રે. શીલ૦ ॥ ૩ ॥ મૂલ વિના તરુવર જેહવા, ગુણ વિના લાલ કમાન રે; શીલ વિના

વ્રત એહવાં, બોલ્યા શ્રીવર્દ્ધમાન રે. શીલ૦ ॥૪॥ નવવાડે જે નિર્મલું, પહેલું શીલજ ધરજો રે; ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શી૦ ॥૫॥

---

## તપની સજ્ઝાય.

ઈડર આંબા આંબલી રે–એ દેશી.

કીધાં કર્મ નિકંદવા રે, લેવા મુગતિનું દાન, હત્યાપાતિક છુટવા રે, નહિ કોઈ તપ સમાન, ભવિક જન તપ સરિખો નહિ કોય. ॥ ૧ ॥ ઉત્તમ તપના યોગથી રે, સુરનર સેવે પાય; લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવંછિત ફલ થાય. ભવિક૦ ॥ ૨ ॥ તીર્થંકર પદ પામીએ રે નાશે સઘલા રોગ, રૂપ લીલા સુખ સાહિબી રે, લહીએ તપ સંજોગ. ભવિક૦ ॥ ૩ ॥ તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ; જે જે મનમાં કામીએ રે, સફલ ફલે સહી તેહ. ભવિક૦ ॥ ૪ ॥ અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાલે તતકાલ; અવસર લહીને એહનો રે, ખપ કરજો ઉજમાલ. ભવિક૦ ॥ ૫ ॥ બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર; હોજો તેહની ચાલમાં રે, જિમ ધન્નો અણગાર. ભવિક૦ ॥ ૬ ॥ ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર. સ્વર્ગ હોય ઘર આંગણું રે, દુર્ગતિ જાયે દૂર. ભવિક૦ ॥ ૭ ॥

## ભાવની સજાય.

રે જીવ જૈન ધર્મ કિજીએ—દેશી.

રે ભવિ ભાવ હૃદય ધરો, જે છે ધર્મનો ધોરી; એકલમલ્લ અંખડ જે, કાપે કર્મની દોરી. રે ભવિ૦ ॥ ૧ ॥ દાન શીયલ તપ ત્રણુએ, પાતિક મલ ધોવે; ભાવ જો ચોથો નવિ ભલે, તો તે નિષ્ફલ હોવે. રે ભવિ૦ ॥ ૨ ॥ વેદ પુરાણુ સિદ્ધાંતમાં, ષટ્દર્શન ભાખે; ભાવવિના ભવ સંતતિ, કુણુ પડતાં રાખે. રે ભવિ૦ ॥ ૩ ॥ તારક રૂપ એ વિશ્વમાં, જંપે જગ ભાણુ; ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ. રે ભવિ૦ ॥૪॥ ઐાષધ આય ઉપાય જે, મંત્ર યંત્રને મૂલી, ભાવે સિદ્ધિ હોવે સદા, ભાવ વિના સર્વ ધુલી. રે ભવિ૦ ॥૫॥ ઉદયરત્ન કહે ભાવથી કુણકુણુ નર તરિયા; શોધિ લેજો સુત્રમાં, સજ્જન ગુણુ દરિયા. રે ભવિ૦ ॥ ૬ ॥

---

## પંચમીની સજાય.

શ્રી ગુરૂપદપંકજ નમીજી—એ દેશી.

પ્રવચન વચન વિચારીએજી, વળી ધારી ધર્મ વિલાસ; ગુરૂ પરંપરા ભગવતીજી, સેવિજે સુવિ-

લાસ, ચતુરનર સમજો ધર્મ વિવેક. ॥ ૧ ॥ મુક્તિ મહોલનો દીવડોજી, પહેલો જ્ઞાન પ્રકાર; જ્ઞાન વિના તપ જપ ક્રિયાજી, નાવે ફલ નિર્ધાર. ચતુર નર૦ ॥ ૨ ॥ એકેન્દ્રિય સુર નારકીજી, ન કરે કવલ આહાર; જ્ઞાન વિના નવિ જીન કહેજી, તેહને તપ આચાર. ચતુર૦ ॥ ૩ ॥ પૃથ્વી પાણી પ્રમુખનાજી, થાવર ભેદ અનેક; પ્રગટપણે તેહને નહિજી, પાપસ્થાનક એક. ચતુર૦ ॥ ૩ ॥ તો પણ અજ્ઞાનપણેજી, લાગે સઘલાં રે પાપ; જ્ઞાનીને બહુ નિર્જરાજી, ભાખે અરિહંત આપ. ચતુર૦ ॥ ૫ ॥ દયા પાળે પારેવડાજી, કુક્કર શુદ્ધ આહાર; નાગા ચોપદ સહુ ફિરેજી, તો પણ નહિ ભવપાર. ચતુર૦ ॥ ૬ ॥ જાણે જીવ અજીવનેજી, વળી ત્રસ થાવર પ્રાણ; તે જીવને જીનજી કહેજી, શુદ્ધ પણે પચ્ચખ્ખાણ. ચતુર૦ ॥ ૭ ॥ રાગદ્વેષ છંડે સહીજી, જ્ઞાની નિજ પણ જાણ; જ્ઞાને શુદ્ધ ક્રિયા ફલેજી, જ્ઞાને હોય ઉજ્વલ ધ્યાન; ચતુર૦ ॥ ૮ ॥ ગુણ ઉપયોગ છે જીવનેજી, પહેલો જ્ઞાન પ્રકાસ; માનવિજય વાચક વદેજી, જુઓ જુઓ જ્ઞાન ઉજાસ. ચતુર૦ ॥ ૯ ॥

## अथ लब्धिविजयकृत जीभलडीनी सज्झाय.

બાપલડી રે જીભલડી તું, કાં નવિ બોલે મીઠું, વિરૂવાં વચનતણાં ફળ વિરૂવાં, તે શ્યું તેં નવિ દીઠું રે; બા૦ ॥ ૧ ॥ અન્નઉદક અણગમતો તુઝને, જો નવિ રૂચે અનીઠો, અણબોલાવ્યો તું શયા માટે, બોલે કુવચન ધીઠો રે, બા૦ ॥ ૨ ॥ અગ્નિ દાધો તે પણ પાલે, કુવચન દુર્મતિ ઘાલે, અગ્નિથકી અધિકું તે કુવચન, તે તો ખિણ ખિણ સાલે રે, બા૦॥૩॥ તે નર માન મહોત નવિ પામે, જે નર હોય મુખરોગી, તેહને તો કોઇ નવિ બોલાવે, તેતો પ્રત્યક્ષ સોગી રે, બા૦ ॥ ૪ ॥ ક્રોધ ભર્યોને કડવું બોલે, અભિમાને અણગમતે, આપતણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતેં રે; બા૦ ॥ ૫ ॥ જન્મ જન્મની પ્રીતિ વિણાસે, એકણુ કડુયે બોલે, મીઠા વચન થકી વિણ ગથેં, લેવો સઅજગ મોલે રે, બા૦ ॥ ૬ ॥ આગમને અનુસારે હિતમતિ, જે નર રૂડું ભાખે, પ્રગટ થઇ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહિ રાખે રે, બા૦ ॥૭॥ સુવચન કુવચનનાં ફળ જાણી, ગુણ અવગુણ મન આણી, વાણી બોલો અમીય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણી રે બા૦ ॥ ૮ ॥

## वीरकृत लोज्ञ निवारकनी सज्झाय.

રાત દિવસ કાયા મૂઢ પોષે રે, પછે અનંત દુઃખી જીવ હોસે રે, જીવ જુઓને હૃદય વિચારિ રે, આંખ મીંચી તો રીદ્ધ પરાઈ રે, ॥ ૧ ॥ એ તો કાયા અમર ન હોઈ રે, વીર વચન સુણો સહુ કોઈ રે, એ તો દુધ દહીં દેહલાલે રે, પાણી ઘણું પખાલે રે ॥ ૨ ॥ શણગાર તણે રસ લાગ્યો રે, જીવ નિશ્ચે જાઈશ નાગો રે, પાંચે ઈંદ્રિના સુખ નવિ છોડે રે, ધર્મસ્થાનકે આળસ મોડે રે, ॥ ૩ ॥ ખાય ખેલે હસે મદ આણે રે, ભોળો ધર્મનું નામ ન જાણે રે, પુણ્ય વિના ધનને મોહે રે, ઘૃત કારણ તે જલડોહે રે ॥ ૪ ॥ જીવ ધનને સઘળા ધ્યાવે રે, પણ પૂર્વે દીધું પાવે રે, અતિ લોભ કિહાં ન સમાવે રે, લાખ કોડે તૃપ્તિ નવિ થાવે રે. ॥ ૫ ॥ સોનાની ડુંગરી કીધી રે, નવનંદે સાથે નવિ લીધી રે, ચ્યારે ચોર કાયાથકી ટાળો રે, શુદ્ધ સમકિત શીયલવ્રત પાળો રે ॥ ૬ ॥ તપ કરી કાયા અજુઆળો રે, રાગદ્વેષ વૈરી દોય ટાળો રે, એ તો શીખ ચલે જે કોઇ રે, તેને અવિચળ પદવી હોઇ રે, ગુરૂજ્ઞાનીને ઉપગારી રે, વીર વચન સુણો નરનારી રે ॥ ૭ ॥

### તત્વ વિજયજી કૃત.

## अन्यत्वसंबंधनी सज्झाय.

ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.

કેહનાંરે સગપણ કેહની રે માયા, કેહના સજન સગાઇ રે; સજન વર્ગ કોઇ સાથે ન આવે, આવે આપ કમાઇ રે. કેહનાં રે૦ ॥ ૧ ॥ માહરૂં માહરૂં સહુ કહે પ્રાણી, તાહરૂં કુણ સહાઈ રે, આપ સ્વારથ સહુને વ્હાલો, કુણ સજજન કુણ માઇ રે. કેહનાં રે૦ ॥ ૨ ॥ ચુલ્લણી ઉદરે બ્રહ્મદત્ત આવ્યો, જુઓ માત સગાઇ રે; પુત્ર મારણ આગજ દીધી, લાખનું ઘર નીપજાવી રે; કે૦ ॥ ૩ ॥ કષ્ટપંજર દેઇને મારે, પાંચસે [1]નાડી ધાઇ રે, કોણિક નિજ તાતજ હણીયો, તો કિહાં રહી પુત્ર સગાઇ રે. ॥ ૪ ॥ ભરત બાહુ-બલ આપે લડીઆ, આપે આપેં સજ્જ થઇ રે, બાર વરસ સંગ્રામજ કરીયો, તો કિહાં રહી ભ્રાત સગાઇ રે. કે૦ ॥ ૫ ॥ ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, સુધું સમકિત પાઇ રે; સ્વાર્થ વિણુ સુરીકંતા નારી, માર્યો પીઉ વિષ પાઈ રે. કે૦ ॥ ૬ ॥ નિજ અંગ-જના અંગજ છેદે, જુઓ રાહુ કેતુ કમાઇ રે; સહુ સહુને નિજ સ્વાર્થ વ્હાલો, કુણ ગુરૂ ને ગુરૂભાઇ

---

[1] કોયડા.

રે, કે૦ ॥ ૭ ॥ સુભૂમ પરસુરામજ દોય, માંહો માંહે વેઢ[1] બનાઇ રે, ક્રોધ કરીને નરકે પોહોતા, તો કિહાં રહી તાત સગાઇ રે. ॥ ૮ ॥ ચાણુાયકે પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઇ રે; મરણુ પામ્યાથી મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઇ રે. કે૦ ॥ ૯ ॥ આપ સ્વાર્થ સહુને વ્હાલો, કુણુ સજ્જન કુણુ માઇ રે; જમરાજાનો તેડો આવ્યો, ટગમગ જોવે ભાઇ રે, કે૦ ॥ ૧૦ ॥ સાચો શ્રીજીનધર્મ સખાઇ, આરાધો લય લાઇ રે; દેવવિજય કવિ સીસ તો ઇણીપરે, તત્વ વિજય સુખદાઇ રે. કે૦ ॥ ૧૧ ॥

---

લબ્ધિવિજયજી કૃત.

## आत्म बोधनी सजाय.

કાંઇ નવિ ચેતે રે ચિત્તમાં જીવડા રે, આયુ ગલે દિન રાત; વાત વિસારી રે ગર્ભાવાસની રે, કુણુ કુણુ તાહરી જાત. કાંઇ૦ ॥ ૧ ॥ તું મત જાણે રે આ ધન માહરૂં રે, કુણુ માતા કુણુ તાત, આપ સ્વાર્થ સહુકોઇ મિલ્યું રે, મ કર પરાઇ તાંત. કાંઇ૦ ॥ ૨ ॥ દોહિલો દીસે રે ભવ માનવ તણો રે, શ્રાવક કુલ અવતાર, પ્રાપ્તિ પુરી રે ગિરૂઆ ગુરૂ તણી રે, નહી તુઝ વારોરેવાર. કાંઇ૦ ॥ ૩ ॥ પુણ્ય વિહુણો રે દુઃખ

---

૧ લડાઇ.

પામે ઘણું રે, દોસ દીએ કિરતાર, આપ કમાઈ રે પૂરવ ભવતણી રે, ન મિટે તેહ લગાર, કાંઈ૦ ॥ ૪ ॥ કઠીન કર્મને અહર્નિશ જે કરે રે, તેહનાં ફલ વિપાક, હું નવિ જાણું રે, કુણ ગતિ તાહરી રે. તે જાણે વીત-રાગ કાંઈ૦ ॥ ૫ ॥ તુજ દેખતાં રે જોયને જીવડા રે, કુણ કુણ ગયાં નરનાર, ઇમ જાણીને નિશ્ચે જાણવું રે, ચેતન ચેત ગમાર, કાંઈ૦ ॥ ૬ ॥ તેં દુઃખ લહ્યાં રે, બહુ રમણીતણાં રે, અનંત અનંતી રે વાર, લબ્ધિ કહે રે જીનજીને જે ભજે રે, પામે તે મુક્તિ દ્વાર, કાંઈ૦ ॥ ૭ ॥

---

## पद्मविजययजी कृत आंबिल तपनी सज्झाय.

દેશી રસીયાની.

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદિયે, ગુણવંતા ગણ-ધાર, સુજ્ઞાની, દેશના સરસ સુધારસ વરસતા, જ્યું પુષ્કર જલધાર. સુ૦, શ્રી૦ ॥ ૧ ॥ અતિશય જ્ઞાની પર ઉપકારીયા, સંયમ શુદ્ધ આચાર, સુ૦ શ્રી શ્રીપાલ ભણી જાપ આપીયો, કરી સિદ્ધચક ઉદ્ધાર, સુ૦ શ્રી૦ ॥ ૨ ॥ આયંબિલ તપવિધિ શીખી આરા-ધીયો, પડિક્કમણાં દોયવાર, સુ૦, અરિહંતાદિક પદ એક એકનું, ગુણણું દોય હજાર, ॥ ૩ ॥ સુ૦ શ્રી૦

પડિલેહણા દોય ટંકની આદરે, જિન પૂજા ત્રણ કાલ, સુ૦ બ્રહ્મચારિ વલી ભૂંઇ સંથારવું, વચન ન આલ પંપાલ, સુ૦ શ્રી૦ ॥ ૪ ॥ મન એકાગ્ર કરી આયંબિલ કરે, આસો ચૈતર માસ, સુ૦ શુદિ સાતમથી નવ દિન કીજીયે, પુનિમેં ઓચ્છવ ખાસ, સુ૦ શ્રી૦ ॥ ૫ ॥ ઇમ નવ ઓલી એકાશી આયંબિલે, પુરી પૂરણ હર્ષ, સુ૦ ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડા ચ્યારે રે વર્ષ, સુ૦ શ્રી૦ ॥ ૬ ॥ એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીરતિ થાય, સુ૦ રોગ ઉપદ્રવ નાશે એહથી, આપદ દૂરેં પલાય; સુ૦ શ્રી૦ ॥ ૭ ॥ સંપદા વાધે અતિય સોહામણી, આણા હોય અખંડ, સુ૦ મંત્રયંત્ર તંત્રે કરી સોહતો, મહિમા જાસ પ્રચંડ, સુ૦ શ્રી ॥ ૮ ॥ ચક્કેસરી જેહની સેવા કરે, વિમલેસર વલી દેવ; સુ૦ મન અભિલાષ પુરે સવિ તેહના, જે કરે નવપદ સેવ, સુ૦ શ્રી૦ ॥૯॥ શ્રીપાલે તેણીપરેં આરાધિઉં, દૂર ગયો તસ રોગ, સુ૦ રાજઋધે દિન દિન પ્રતિ વાધતો, મનવંછિત લહ્યા ભોગ; સુ૦ શ્રી૦ ॥ ૧૦ ॥ અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય, સુ૦ એણિપરેં જે નિત નિત આરાધશ્યે, તસ જશવાદ ગવાય, સુ૦ શ્રી૦ ॥ ૧૧ ॥ સંસારિક સુખ વિલસી અનુક્રમેં,

કરીય કર્મનો રે અંત, સુ૦ ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે, શાશ્વત સુખ અનંત, સુ૦ શ્રી૦ ॥ ૧૨ ॥ એમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ, સુ૦ ॥ ૫ ॥ પદ્મવિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ, સુ૦ શ્રી૦ ॥ ૧૩ ॥

---

## अथ शिखामणनी सज्झाय.

તવ સોહમ ગણધર કહે, સહુને હિત કામે, રૂપભદત્ત આદે કરી, નિસુણે શિરનામી, એ દુઃક્કર અછે પાલવું, વચ્છ દુઃક્કર કરવું, વિણ પ્રવહણ નિજ બાહુસું, જલનિધિનું તરવું, ॥ ૧ ॥ પંચ મહાવ્રત પાલવાં, નિત્ય ત્રિકરણ શુદ્ધં, દશવિધ ધર્મ આરાધવો, મન ઋજુતાસુદ્ધં, ગચ્છ પરંપરા વર્તવું, અહનિશિ ગુરૂ સેવા, ગુરૂ આણા નિતધારવી, જેમ મીઠા મેવા, ॥ ૨ ॥ વિનય વિવેક કરી ઘણો, ગુરૂસ્યું મન મેલે, તત્વહિતાહિતવાતસ્યું, નિજ મનડું મેલે, વચને સંતોષે સહુ, જિમ જલની ધારા, ગુરૂ મનડું રાજી કરી, લહે આગમ પારા, ॥ ૩ ॥ સમુદાણી વૃત્તિ કરી, જે એષણ શુધ્ધે, ગ્રાસલીયે દેહ ધારવા, નહી લંપટ બુદ્ધે, અણુમિલતે ઉણો નહી, મિલે ગર્વ

ન ધારે, સહેશીખ સમતારસે ઇંગીત આકારે ॥ ૪ ॥ સર્વંસહે પૃથ્વીપરે એ લક્ષણ ધરવું, પ્રવચન માતા આઠ જે, તસ ચિંતન કરવું, ગ્રહી પ્રસંગ કરવો નહી, સાવદ્ય ન કરવું, આપ ડહાપણ ગોપવી, ગુરૂ વચને રહેવું, ॥ ૫ ॥ જાવજીવ ગુરૂ સેવના, કરતાં તપસાધે, દશવિધ વૈયાવચ્ચ કરે, તો જગ જસવાધે, પરિસહ સઘળા જીપવા, કરૂણા દિલ આણે, નિશ્ચય નય વ્યવહારસ્યું, સમયાદિક જાણે, ॥ ૬ ॥ વિષય કષાય નિવારવા, દૂરે પરમાદ, હસિત વદન હેજાલુઓ, હોયે વચન સ્વાદ, ધર્મ લહે ભવિ દેખીને, તે મુદ્રા ધારે, ઇમ આપોપૂં તારતો, પરને પણ તારે ॥ ૭ ॥ કપટે ધર્મ ન આચરે, ન ધરે બગમાયા, શત્રુ મિત્ર સરિખાગણે, સમ રંકને રાયા, અનિયત વાસવસે સદા, જે અપ્રતિબધ, આધાકર્માદિક ન લ્યે, થાપણ પ્રતિબંધ ॥ ૮ ॥ વચ્છ ચારિત્ર તેહનું સહી, જે નિજ અજુઆલે, સિંહપણે જે આદરી સિંહનીપરે પાલે, સ્યું સંયમ લીધા માટે, સંસાર તરીજે, મલિનપણે ભારે હોએ, જેમ કંબલ ભીંજે ॥ ૯ ॥ સાહમાં છિદ્રજોવે ઘણાં, ગુરૂવાદિક કેરાં, શીખદીયં તાંરીશાવે, અવગુણ અવકેરા, રીશેં ધડ હડતો રહે, વહે આપ મુરાદ, એકાકી નિજ ચિત્તસ્યું, સેવે પરમાદ, ॥ ૧૦ ॥ કથન ન

માને કેહનું, જેમ વાંકા ઘોડા, મુદ્રાપણુ તેહવી ધરે, જીમબંભણુત્રોડા, આગમ અર્થ લહી કરી, હોયે ગુરૂથી વાંકા, મસકજલોકાની પરે, દુઃખ દાયક માંકા, ॥ ૧૧ ॥ તેહભણી પ્રભવા સુણો, છો ધર્મના અર્થી, ભક્તિવંત ભદ્રકમને, લાજે જે પરથી, દિક્ષા ગ્રહી તેહની ખરી, જે સમતાઆણે, ઇહભવ પરભવ કેરડાં, તે સવિ સુખમાણે, ॥ ૧૨ ॥ જો મનડું સુધું હોયે, તો લેજ્યો દીક્ષા, સોવન કસવટનીપરે, સહેવી છે શિક્ષા, નિતનિત અછે ઝુઝવું, સંયમને કામે, વીસવિશ્વા આવ્યું હોએ, જો નિજ મનઠામે, ॥૧૩॥ હિતશિક્ષા એમ સાંભલી, શ્રી સોહમ કેરી, સંઘ સકલ સોભાગીઓ, રહ્યો ગુરૂને ઘેરી, વાજાં જયતણાં તિહાં, ગુહિરાં અતિ ગાજે, નયવિમલ કહે જૈનની, ઠકૂરાઇ છાજે ॥ ૧૪ ॥

---

### માનવિજયજી કૃત.

## अथ दशचंद्रवानी सज्झाय.

દેશી ચોપાઇ.

### ઢાલ ૧ લી.

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલ જ્ઞાની સિદ્ધ વર્તંત; ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહ તણું કહું

સુણજો નામ. ॥ ૧ ॥ [૧]ભોજન [૨]પાન [૩]પીષણ [૪]ખાં-
ડણે, [૫]શય્યા [૬]સંઝે રે અન્ન તણે, [૭]દેરાસર [૮]સામા-
યક જાણ, છાશ દહિં વિગયાદિક[૯] ઠામ. ॥ ૨ ॥
[૧૦]ચુલા ઉપર ચતુર સુજાણ, ચંદરવા બાંધો ગુણ
ખાણ; તેહ તણાં ફલ સુણજો સહુ, શાસ્ત્રાંત-
રથી જાણી કહું. ॥ ૩ ॥ જંબુદ્વિપ ભરત મંડણો,
શ્રીપુરનગર દુરિતખંડણો, રાજ કરે શ્રી જિન
મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ. ॥ ૪ ॥ ત્રિક
ચોક ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે;
કોઢ ગમાવે નૃપસુત તણો, અર્ધરાજ દેઉં તસ
આપણો. ॥ ૫ ॥ જસોદિત્ય વ્યવહારી તણી, એણી
પરે કુંવરી સબલી ભણી; (લક્ષ્મીવંતી નામ છે)
પડહ છબી તેણે ટાલ્યો રોગ, પરણ્યાં તે બહુ વિ-
લસે ભોગ. ॥ ૬ ॥ અભિનંદન નંદન ને રાજ, આપી
દિક્ષા લહે જિનરાજ; દેવરાજ હુઆ મહારાજ, અન્ય
દિવસ આવ્યા મુનિરાજ. ॥ ૭ ॥ સુણી વાત વંદન
સંચર્યો, હય ગય રથ પાયક પરવર્યો; અભિગમ પંચે
તિહાં અનુસરી, નૃપ બેઠો શ્રુતવંદન કરી ॥ ૮ ॥
સુણી દેશના પૂછે વાત, વિલસી સાત વરસ જે
વ્યાપ; કિમ કુંવરી કર ફરસે ટલી, કિમ કરપીડ
ન એહશું વલી. ॥ ૯ ॥ જ્ઞાની ગુરૂ કહે સુણતું

ભૂપ, પૂરવભવનો એહ સ્વરૂપ; મિથ્યામતિ વા સિત પ્રાણીયો, દેવદત્ત નામે વાણીયો. ॥ ૧૦ ॥ મહે શ્વરીનંદન તસસુત ચ્યાર, લઘુ બંધવ તું તેહ મઝાર, કુડકપટ કરી પરણી હુઆ, મૃગસુંદરી શ્રાવ કની ધુઆ, ॥ ૧૧ ॥ લઘુવયથી તેણીને નિયમ, જિનવંદન વિણુ નવિ ભુંજિમ, શુભગુરૂને વલી દેઇ દાન, રાત્રભોજનનું પચ્ચખ્ખાણ, ॥ ૧૨ ॥ પરણીને ઘરે તેડી વહુ, રાતે જમવા બેઠા સહુ, મૂળા મોઘ રીને વંતાક, ઇત્યાદિક તિહાં પીરસ્યાંશાક, ॥ ૧૩ ॥ તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જિહાં લગે આતમા, સસરો કહે તું મ પડ ફંદમાં, મતવાંદો જિનવર મહાતમા. ॥ ૧૪ ॥ ત્રણ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઇ મુનિવર પાસ, વાંદી કહે નિશિ ભોજનતજું, કિમજિન ચરણ કમલને ભજું, કિણીપરે દઉં મુનિવરને દાન, મિથ્યામતિ ઘરમાં અસમાન, ॥ ૧૫ ॥

---

## ઢાલ ૨ ૭.

પુન્ય ન પ્રશંસીએં એ દેશી.

શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે, સુણ મૃગસુંદરી બાલ, ચૂલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલ રે,

લાભ અછે ઘણો, ॥ ૧ ॥ પંચ તીર્થદિન પ્રતેં કરે રે, શત્રુંજય ગિરનાર, આબુ અષ્ટાપદ વલી રે, સમેત શિખર શિરદારો રે, લાભ૦ ॥ ૨ ॥ પાંચ મુનિવરને ભાવથી રે, પડિલાભે જેટલો, તેટલો ફલતું જાણજેરે, એક ચંદ્રોદય સારો રે, લાભ૦ ॥ ૩ ॥ ગુરૂવાંદી નિજ ઘર જઇ રે, ચૂલા ઉપર ચંગ, ચંદ્રોદય તેણે બાંધિ-યોરે, જીવદયા મન રંગ રે, લાભ૦ ॥ ૪ ॥ સસરે નિજ સુતને કહ્યું રે, દેખી તેણે તત્કાલ, તુજકા-મિની કામણ કીયાંરે, તેણે તે નાખ્યો જ્વાલ રે, લાભ૦ ॥ ૫ ॥ વલી વલી બાંધે કામિની રે, વલી વલી જ્વાલે રે કંત, સાતવાર એમ જવાલીયો રે, ચંદ્રોદય તેણે તંતરે; લાભ૦ ॥ ૬ ॥ સસરો કહે શું માંડીયો રે, એ ઘરમાંહે ધંધ, સ્યો ચંદુવો સ્યું કરે રે, નિશિભોજન તુમે મંડો રે, લાભ૦ ॥ ૭ ॥ સા કહે જીવજતના ભણી રે, એ સઘલો પ્રયાસ, નિશિભોજન હું નવિ કરૂં રે, જો કાયામાં શ્વાસ રે; લાભ૦ ॥૮॥ શેઠ કહે નિશિભોજન કરો રે, તો રહો અમઆવાસ, નહિ તો પીઅર પહોંચજો રે, તુમ સ્યું શ્યો ઘરવાસ રે, લાભ૦ ॥ ૯ ॥ સા કહે જેમ જન પરવર્યા રે, તેડી લાવ્યા રે ગેહ, તિમ મુજ પરિવારે પરવર્યાં રે, પહોંચાડો સસનેહ રે; લાભ૦ ॥ ૧૦ ॥

## ઢાલ ૩ જી.

કપુર હોયે અતિ ઉજલો રે એ દેશી.

દેવદત્ત વ્યવહારીયો રે, આણી મનમાં રીશ, વહુ વોળાવણ ચાલીયોરે, લઇ સાથે જગીશો રે, પ્રાણી જીવદયા મન આણ. ॥ ૧ ॥ એ સઘલા જિનના વાણી રે પ્રાણી, ધર્મરાય પટ્ટરાણી રે પ્રાણી, એ આપે કોડી કલ્યાણી રે પ્રાણી, જીવ૦ ॥ ૨ ॥ અનુક્રમે મારગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ, જામિની[1] જમવા તેડીઆરે, તે તેણે નિજ ધામ રે, પ્રાણી જીવ૦ ॥ ૩ ॥ ન જમે શેઠ તે વહુ વિનારે, વહુ પણ ન જમેરાત, સાથે સર્વે નવિ જમ્યાં રે, વાધિ બહુલી રાત રે, પ્રાણી૦ ॥ ૪ ॥ શેઠ સગાં રાતે જમ્યાં રે મરી ગયાં તે આપ, ચોખા ચરૂમાં દેખીયો રે, રાતે રંધાણો સાપ રે, પ્રાણી૦ ॥ ૫ ॥ શેઠ કહે અમકુલ તણી રે, તું કુલદેવીમાય, કુટુંબ સહુ જીવાડીયો રે, એમ કહી લાગ્યો પાય રે પ્રાણી૦ ॥ ૬ ॥ નવકાર મંત્ર ભણી કરીરે, છાંટીયાં સહુને નીર, ધર્મ પ્રભાવે તે થયા રે, ચેતન સઘલા જીવ રે; પ્રાણી૦ ॥ ૭ ॥ મૃગસુંદરી પ્રતિબુઝવ્યો રે, શેઠ સયલ વડભાગ, જિનશાસન દીપાવીયો રે, પામી તે સયલ સોભા-

---

૧ રાત્રિએ.

મ રે; પ્રાણી૦ ॥ ૮ ॥ રયણીભોજન પરિહર્યા રે, ચંદુવા સુવિશાલ, ઠામ ઠામ બંધાવીયા રે, વર્ત્યો જયજયકાર રે; પ્રાણી૦ ॥ ૯ ॥ ચુલ્લક ઘરંટી ઉખલો રે, ગ્રસની સમાર્જની જેહ, પાણિઆરૂં એ ઘર કેરૂં રે પાંચે આખેટક એહરે, પ્રાણી૦ ॥ ૧૦ ॥ ( ઉપરના ચુલાદિક પાંચે વસ્તુ અજયણાદીકથી વાપરે તો પાંચ ખાટકી જેટલું પાપ લાગે છે ) પાંચે આખેટક દિન પ્રત્યે રે, કરતા પાતક જેહ, ચુલા ઉપર ચંદુવો રે નવિ બાંધે તસગેહ રે પ્રાણી૦ ॥ ૧૧ ॥ સાતચંદુવા બાલીયા રે, તેણે કારણ ભવસાત, કોઢ પરાભવ તેં સહ્યા રે, ઉપર વરસ સાત રે, પ્રાણી૦ ॥ ૧૨ ॥ જ્ઞાની ગુરૂમુખથી સુણી રે પૂર્વભવ વિસ્તાર, જાતિસ્મરણ ઉપન્યું રે, જાણ્યો અથિર સંસાર રે, પ્રાણી૦ ॥૧૩॥ પંચ મહાવ્રત આદરી રે, પાલી નિરતિચાર, સ્વર્ગે સિધાવ્યા દંપતી રે, જિહાં માદલના ધોંકાર રે; પ્રાણી૦ ॥ ૧૪ ॥ સંવત ( ૧૭૩૮ ) સત્તર આડત્રીશ સમે રે, વદિદશમી બુધવાર, રત્નવિજય ગણિવર તણો રે, એ રચિયો અધિકાર રે, પ્રાણી૦ ॥ ૧૫ ॥ તપગચ્છ નાયક સુંદરૂ રે શ્રીવિજયપ્રભ સૂરીંદ, કીર્તિવિજય વાચક તણો રે માનવિજય કહે શિષ્ય રે, પ્રાણી૦ ॥ ૧૬ ॥

# અથ હોકાની સઝાય.

ઇડર આંબા આંબલી રે એ દેશી.

હોકો રે હોકો શું કરો રે, હોકો તે નરકનું ઠામ, જીવ હણાયે અતિ ઘણા રે, વાયુકાય અભિરામ, ભવિકજન મૂકો હોકાની ટેવ, સુખ પામો સ્વયમેવ, ભવિકજન મૂકો૦ ॥ ૧ ॥ જ્યાં લગે હોકા પીજીયે રે, તિહાં લગે જીવ વિનાશ, પાપ બંધાયે આકરાં રે, દયાતણી નહી આશ; ભવિક૦ ॥ ૨ ॥ જે પ્રાણિહોકો પીએ રે, તે પામે બહુદુઃખ, એમ જાણિને પરિહરો રે, પામો બહુલું સુખ, ભવિક૦ ॥ ૩ ॥ *ગજલગે ધરતી બલેરે, જીવ હણાયે અનંત, જે નર હોકો મેલશે રે, તસ મલશે ભગવંત, ભવિક૦ ॥ ૪ ॥ દાવાનલ ઘણા પરજલે રે, હોકાનાં ફલ એહ, નરકે જાશે બાપડા રે, ધર્મ ન પામે તેહ, ભવિક૦ ॥ ૫ ॥ એકેંદ્રિ બેઇંદ્રિમાં રે, ફિરે અનંતીવાર, છેદન ભેદન તાડના રે, તિહાં લહે દુઃખ અપાર, ભવિક૦ ॥ ૬ ॥ વ્યસની જે હોકાતણા રે, તલપ લાગે જબ આય, વનમાં વૃક્ષ છેદી કરી રે, અગ્નિ પ્રજ્વલિત કરાય, ભવિક૦ ॥૭॥ તિહાં ષટ્કાયના જીવની રે, હિંસા નિરંતર થાય,

---

*સવાહાથ,

હોકાનું જલ જીહાં ઢોલીયે રે, તિહાં બહુ જીવહણાય, ભવિક૦ ॥ ૮ ॥ પોતે પાપ પૂરણ કરે રે, અન્યને દે ઉપદેશ, વલી અનુમોદન પણ કરે રે, ત્રિકરણે થાયે ઉદ્દેશ, ભ૦ ॥ ૯ ॥ મુખ ગંધાયે પીનારનું રે, બેસી ન શકે કોઇપાસ, જગમાં પણ રૂડું નહિ રે પુન્ય તણો થાયે નાશ, ભ૦ ॥ ૧૦ ॥ સંવત અઢાર બહોંતરે રે, ઉજવલ શ્રાવણ માસ, વાર વૃહસ્પતિ શોભતો રે, પૂનમદિન શુભ ખાસ, ભ૦ ॥ ૧૧ ॥ તપગચ્છ મંડન સેહરો રે, દાનરત્નસૂરિરાય, મલુકરત્ન શિષ્ય શોભતા રે, આનંદ હરખ ન માય; ભ૦ ॥ ૧૨ ॥ પરચા પૂરણ ગિરૂઆ ધણી રે, શિવરત્ન તસુ શિષ્ય, હોકાનાં ફલ એમ કહ્યાં રે, ખુશાલરત્ન સુજગીશ, ભવિક૦ ॥ ૧૩ ॥

---

## ज्ञानविमलजीकृत चरणकरण सित्तरी सज्झाय.

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સતર ભેદે સંયમ પાલેજી, વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મ, વાડ ભલી અજુઆલેજી, ભવિજન ભાવે મુનિ ગુણ ગાવો ॥ ૧ ॥ જ્ઞાનાદિત્રય બારે ભેદે, તપ કરે જે અનિયાણોજી, ક્રોધાદિક ચારેનો નિગ્રહ, એ ચરણ સિત્તરિ જાણોજી, ભવિ૦ ॥ ૨ ॥ ચઉવિહપિંડ વસતિ વસ્ત્ર

માત્ર, નિદૂષણ જે સેવેજી, સમિતિ પાંચવળી પડિમા બારે, ભાવના બારે સેવેજી, ભવિ૦ ॥ ૩ ॥ પચવીસ પડિલેહણ પણેંદ્રિય, વિષય કષાયથી વારેજી, ત્રણ ગુપ્તિને ચ્યાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી; ભવિ૦ ॥ ૪ ॥ કરણ સિત્તરી એહવી ધારી, ગુણ અનંત વળી સેવેજી, સંજમી સાધુ તેહને કહીયેં, બીજા સવિનામ ધરાવેજી, ભવિ૦ ॥ ૫ ॥ એ ગુણવિણ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને તોલેજી, તે ષટ્કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલેજી; ભવિ૦ ॥ ૬ ॥ જ્ઞાનવિમલ ગુરૂઆણા ધારી, સંયમ શુદ્ધ આરાધોજી, જેમ અનોપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધોજી, ભવિ૦ ॥ ૭ ॥

---

## असज्झाइ वारकनो सझाय.

પવયણ દેવી સમરી માત, કહિશું મધુરી શાસન વાત, ધર્મ આશાતન વર્જી કરો, પુણ્ય ખજાનો પોતે ભરો૦ ॥ ૧ ॥ આશાતન કહિયેં મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત, આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવદુઃખ પોતે વરે૦ ॥ ૨ ॥ અપવિત્રતા આશાતન મૂલ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકૂલ, તે ઋતુવંતી રાખો દૂર, જો તુમે વાંછો સુખ ભરપૂર,

॥ ૩ ॥ દર્શન પૂજા અનુક્રમે ઘટે, ચારે સાને દિવસે મટે, પર શાસન પણ એમ સદ્દહે, ચારે શુદ્ધ હોયે તે કહે૦ ॥ ૪ ॥ પહેલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતિની સહિ, ત્રીજે દિન ધોબણ સમજાણ, ચોથે શુદ્ધ હોયે ગુણ ખાણ૦ ॥ ૫ ॥ ઋતુવંતી કરે ઘરનું કામ, ખાંડણ પીસણ રાંધણ ઠામ, તે અન્નેં પ્રતિલાભ્યા મુણી, સદ્દગતિ સઘલી પોતે હણી૦ ॥ ૬ ॥ તેહજ અન્ન ભર્ત્તાદિક જીમે, તેણે પાપે ધન દૂરે ગમે, અન્નસ્વાદ ન હોયે લવલેશ, શુભ કરણી જાયે પરદેશ૦ ॥ ૭ ॥ પાપડ વડી કેરાદિક સ્વાદ, ઋતુવંતી સંગતિથી લાદ, લુંડણ ભુંડણને સાપણી, પરભવે તે થાયે પાપણી૦ ॥ ૮ ॥ ઋતુવંતી ઘરે પાણી ભરે, તે પાણી દેહરાસરે ચડે, બોધબીજ નવિ પામે કિમે, આશાતનથી બહુ ભવ ભમે૦ ॥ ૯ ॥ અસઝાઇમાં જમવા ધસે, વિચે બેસીને મનમાં હસે, પોતેં સવે અભડાવી જીમે, તેણે પાપેં દુર્ગતિ દુઃખ ખમે૦ ॥ ૧૦ ॥ સામાયક પડિક્રમણું ધ્યાન, અસાઝાઇએ નવિ સુઝે દાન, અસઝાઇએ જો પુરૂષ આભડે, તેણે ફરસે રોગાદિક નડે૦ ॥ ૧૧ ॥ ઋતુવંતી એક જીનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી, ચંડાલણી થઇ તે વલી, જીન આશાતન તેહને ફલી૦

॥ ૧૨ ॥ એમ જાણી ચોખાઈ ભજો, અવિધિ આશાતન દૂરે તજો, જીનશાસન કિરિયા અનુસરો, જીમ ભવસાયર હેલા તરો૦ ॥ ૧૩ ॥ શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શક્તિ અપાર, દ્રવ્યાદિક દૂષણ પરિહરો, પક્ષપાત પણ તેહનો કરો૦ ॥ ૧૪ ॥ ધન્ય પુરૂષને હોય વિધિ જોગ, વિધિ પક્ષારાધક સવિ ભોગ, વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિપક્ષ અદૂષક ખરા૦ ॥ ૧૫ ॥ આસન્ન સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોયે તસપીવ, અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવલચ્છી તસ વરે૦ ॥ ૧૬ ॥

## उत्तराध्ययनना दशमाध्ययननी सज्ञाय.

વીરવિમલ કેવળ ધણીજી, સકલ જંતુ હિતકાર, ઉત્તરાધ્યયન દશમે કહ્યોજી, હિતશિક્ષા અધિકાર, ગુણવંતા ગોયમ મ કરો ક્ષણપ્રમાદ. ॥ ૧ ॥ બહુ ભવભમતાં પામીયોજી, ચરણ ધર્મ પ્રાસાદ, ગુણ૦ એ આંકણી. પાકું પીંપળ પાંદડુંજી, પવને ભૂમી પડંત, બીજાંકુંપળ ઉપજેજી, જીવિત તેમ ઝરંત; ગુણ૦ ॥ ૨ ॥ ડાભ અણીજલ બિંદુઓજી, સ્થિર રહે કેતો કાલ, શ્વાસોશ્વાસને વાયરે જી, જીવિત તેમ

વિસરાલ; ગુણુ૦ ॥ ૩ ॥ નરભવ થોડો આઉખોજી, ઉપક્રમ કોડિ જંજાલ, આતમ ધર્મ રસિક થઇજી, પાતિક પંક પંખાલ; ગુણુ૦ ॥ ૪ ॥ નિશ્ચેં નરભવ દોહિલોજી, ભમતાં કાલ અનંત; કર્મ અજાડિ બાંધીયોજી, ચેતન હસ્તિ મહંત; ગુણુ૦ ॥ ૫ ॥ પૃથ્વી અપ તેઉ વાયરોજી, બાદર વનમાં અસંખ, સાધારણમાં અનંત છેજી બિતિચઉરિંદ્રિ સંખ, ગુણુ૦ ॥૬॥ સગ અડભવ પંચિંદ્રિનાજી, નારકસુર એકવાર, એમ કાયસ્થિતિ ભવસ્થિતિજી, કિહાંથી નર અવતાર; ગુણુ૦ ॥ ૭ ॥ સંસરતો સંસારમાંજી, બહુલ પ્રમાદિ જીવ, માઠા કર્મ વિપાકથીજી, નરભવ દૂર અતીવ; ગુણુ૦ ॥ ૮ ॥ પુન્યક્ષેત્ર આર્યપણુંજી, નરને દુર્લભ હોય, આર્ય થોડા અનાર્યથીજી, મ્લેચ્છાદિક કુલ જોય, ગુણુ૦ ॥ ૯ ॥ આર્યપણે પણ દોહિલોજી, પંચેંદ્રિય નિરોગ, વિગલેંદ્રિય દિશે ઘણાજી, કઠિણુ કર્મના ભોગ, ગુણુ૦ ॥ ૧૦ ॥ પંચેંદ્રિપુરી મલીજી, દુલહો જૈનવચન, કુતીર્થે રાચે ઘણાજી, મિથ્યાવાસિત મન; ગુણુ૦ ॥ ૧૧ ॥ સાંભલતાં પણ દોહિલીજી, સદ્દહણા કહે વીર, સદ્દહતો પણ જીવડોજી, વિરતિ વિષય નહિ ધીર; ગુણુ૦ ॥ ૧૨ ॥ અંજલીજલ પરે આઉખુંજી, સમય સમયઝરે દેહ, પંચેંદ્રિય બલ ઘટેજી, જેમ

દીવામાંહે સ્નેહ, ગુણુ૦ ॥ ૧૩ ॥ અરતિ ગડુ વિશુ-ચિકાજી, આતંક વિવિધ પ્રકાર, કાયાકંચન કુંપ-લીજી, ગલે જેમ ટંકણુખાર, ગુણુ૦ ॥ ૧૪ ॥ રાગ તજો અમ ઉપરેજી, આદરો ક્ષાયક ભાવ, પાણીમાં પંકજ પરેજી, જેમ હોય સિદ્ધસ્વભાવ, ગુણુ૦ ॥ ૧૫ ॥ છંડીધણ કણ ગેહિનીજી, મિત્ર કુંટુંબ પરિ-વાર, ફરી આદરવો નવિ પડેજી, તેમ ધરો સંયમ ભાર; ગુણુ૦ ॥ ૧૬ ॥ વિષમકાલે નહિ કેવલીજી, પણ તિહાં ધર્મી જીવ, સંપ્રતિ શિવમાર્ગ છતેજી, કેવલ-જ્ઞાન પ્રદીવ; ગુણુ૦ ॥ ૧૭ ॥ બહુ કંટકપંથ પરિહ-રિજી, આ૦યો ઉત્તમઠામ, જ્ઞાન શ્રદ્ધા ચરણે રમોજી, જેમ લહો પદ નિર્વાણ; ગુણુ૦ ॥ ૧૮ ॥ કોઇક માનવ માર્ગમાંજી, અતુલ ઉપાડે ભાર, ઉન્માર્ગમાં પડયો રડેજી, તેમ ન કરે અણુગાર; ગુણુ૦ ॥ ૧૯ ॥ ભવ સાયર તરવા ભણીજી, સંયમ પ્રવહણુ પૂર, તપજપ કિરિયા આકરીજી મોક્ષ નગર છે દૂર; ગુણુ૦ ॥૨૦॥ લવણુસમુદ્ર તર્યો જેણેજી, ગોપદ કેઇ માત, પંડિત વીર્ય સ્વભાવથીજી, ભવપારંગત થાત, ગુણુ૦ ॥૨૧॥ દેહ ઔદારિક વૈક્રિયજી, આહારક તૈજસ કર્મ, છંડી ગોયમ શિવલહેજી, સાદિ અનંતે ધર્મ, ગુણુ૦ ॥૨૨॥ ક્ષમાવિજય જીન વીરનાજી, વયણુ સુધારસરેલ, સિંચો આતમ આરામમાંજી, પ્રસરે બહુ ગુણુવેલ; ગુણુ૦ ૨૩

## अथ केशीगोयमनी सज्झाय

એ દોય ગણધર પ્રણમીએ, કેશી ગોયમ ગુણ વંત હો મુણિંદ, બહુ પરિવારે પરવર્યાં, ચઉનાણી ગુણ ગાજંત હો મુ૦ એ દોય ગણધર પ્રણમીયે. ॥ ૧ ॥ સંઘાડા દોય વિચરંતા, એકઠા ગોચરીયે મીલંત હો મુ૦, પૂછે ગૌતમ શિષ્ય તિહાં, તુમે કુણ ગચ્છના નિર્ગ્રંથ હો મુ૦, એ દોય૦ ॥ ૨ ॥ અમ ગુરૂ કેશી ગણધરૂ, પ્રભુ પાસતણા પટધાર હો મુ૦ સાવત્થીપાસે સમોસર્યા, તિહાં તંદુકવન મનોહાર હો મુ૦, એ દોય૦ ॥ ૩ ॥ ચાર મહાવ્રત અમતણાં, કારણે પડિક્કમણાં દોય હો મુ૦, રાતાં પીલાં વસ્ત્ર વાવરૂં, વલી પંચવરણ જે હોય હો મુ૦. એ દોય૦ ॥ ૪ ॥ શુદ્ધ મારગ છે મુક્તિનો, અમને કલ્પે રાજપિંડ હો મુ૦ પાસજિનેસર ઉપદિસે, તુમે પાલો ચારિત્ર અખંડ હો મુ૦ એ દોય૦ ॥ ૫ ॥ ગૌતમ શિષ્ય કહે સાંભલો, અમે પંચ મહાવ્રત ધાર હો મુ૦, પડિક્કમણાં પંચ અમસહિ, વલી શ્વેતવસ્ત્ર મનોહાર હો મુ૦, એ દોય૦ ॥ ૬ ॥ રાજપિંડ કલ્પે નહિ, ભાંખે વીરજીન પરખદામાંહિ હો મુ૦, એક મારગ સાધે બહુ જણા, તો એવડો અંતર કાંઇ હો મુ૦, એ દોય૦ ॥ ૭ ॥ સંશયવંત મુનિ બેહુ થયા, જઇ પુછે નિજ

ગુરૂપાસ હો મુ૦, ગૌતમ કોષ્ટુકવનથકી, આવે કેશી પાસ ઉલ્લાસ હો મુ૦, એ દોય૦ ॥ ૮ ॥ કેશી તવ સામા જઇ, ગૌતમને દીયે બહુમાન હો મુ૦, ફાસુ પલાલ તિહાં પાથરી, બિહુ બેઠા બુદ્ધિનિધાન હો મુ૦, એ દોય૦ ॥ ૯ ॥ ચર્ચા કરે જૈનધર્મની, તિહાં મલીયા સુરનર વૃંદ હો મુ૦, બિહુ ગણધર શોભે અતિ ભલા, જાણે એક સૂરજ બીજો ચંદ હો મુ૦, એ દોય૦ ॥ ૧૦ ॥ સંશય ભાંજવા સહુ તણા, કેશી પૂછે ગુણખાણ હો મુ૦, ગૌતમ ભવિયણ હિત ભણી, તવ બોલ્યા અમૃતવાણ હો મુ૦, એ દોય૦ ॥ ૧૧ ॥ એક મુગતિ જાવું બિહુજણે, તો આચારે કાંઇ ભેદ હો મુ૦, જીવ વિશેષે જાણજો, ગૌતમ કહે મ કરો ખેદ હો મુ૦, એ દોય૦ ॥ ૧૨ ॥ વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ જાણ હો મુ૦, સરલ સુબુદ્ધિ બાવીશના તેણે જુજુઓ આચાર વખાણ હો મુ૦, એ દોય૦ ॥ ૧૩ ॥ એમ કેશીગે પ્રશ્ન જે પુછિયાં, તેના ગૌતમે ટાલ્યા સંદેહ હો મુ૦, ધન ધન કેશી કહે ગોયમા, તુમે સાચા ગુણમણી ગેહ હો મુ૦, એ દોય૦ ॥ ૧૪ ॥ મારગ ચરમ જીણંદનો, આદર્યો કેશીયે તેણીવાર હો મુ૦, કેશી ગૌતમ ગુણ જપે, તે પામે ભવજલ પાર હો મુ૦, એ દોય૦ ॥૧૫॥

ઉત્તરાધ્યયન ત્રેવીસમે, એમ ભાખે શ્રીજિનરાય હો મુ૦, વિનયવિજય ઉવઝાયનો, શિષ્ય રૂપવિજય ગુણ ગાય હો મુ૦, એ દોય૦ ॥ ૧૬ ॥

---

## અથ સડતાલીશ દોષની સઝાય.

સકલ જિનેશ્વર પ્રણમું પાય, શારદ વાણી કરો સુપસાય, પિંડ દોષ બેતાલીશ કહું, નામ માત્ર તે સુણજ્યો સહુ૦ ॥ ૧ ॥ જતિકાજે નીપાઇ દીયા, [1]આધાકર્મી તે બોલિયા, જે માગે તે એહને કાજ, [2]ઉદ્દેસિક બોલે જિનરાજ૦ ॥ ૨ ॥ *કર્મી ખરડયો વાલી દીએ, તે [3]પૂતિ દોષ ત્રીજો ટાલીયે, અમ્હે જમસું કાંઇ દેશું જતિ, [4]સો મિશ્ર દોષ કહે ત્રિભુવનપતિ૦ ॥ ૩ ॥ રાખી મૂકે સાધુ નિમિત્ત, [5]ઠવણ દોષ મતવાછો ચિત્ત, સુખડું આધું પાછું કરે, નિમિત્ત[6] ભિક્ષુ તે નવિ આદરે૦ ॥ ૪ ॥ અંધારે નવિ વહોરે જતિ, ઘરમાંહે અંધારૂ હોવે અતિ, એમ જાણી અજુવાલું કરે, [7]પાઉરકી તે મુનિ પરિહરે૦ ॥ ૫ ॥ મૂલે લેઇ વહોરાવે જેહ, [8]ક્રીતદોષ ટાલી જે તેહ, ઓછીનું લઇ દીએ કેવાર, નવમો [9]પામીચ્ચ

---

* આધાકર્મી.

દોષ તે વાર૦ ॥ ૬ ॥ પાલટી વસ્તુ કાંઇ વહોરાવતાં,
[૧૦]પરાવૃત્ય હોવે પ્રતિવાંછતાં, શતકર બાહિર થ-
કું લાવંત, [૧૧]અભિહડ તે લેતાં પાવંત૦ ॥ ૭ ॥
આડાદિક ખોલે ગુરુ કામ, દ્વાદશમો [૧૨]ઉભિન્ન તસુ
નામ, ઉર્ધ્વ અધો કષ્ટે કોય, લેઇ દેતાં [૧૩]માલા-
હડ સોય૦ ॥ ૮ ॥ ઉદ્દાલી આપે કેહનું, [૧૪]આછિ-
જ્જ નામ હોવે તેહનું, સાધારણ દીએ અનુમતિ
વિના, [૧૫]અણિસિટ્ઠ દોષ બહુ તેહના૦ ॥ ૯ ॥ આપ કા
જે માંડયું રાંધણું, આગમ જાણ્યું મુનિવરતણું, તે
માંહે ઉમેરે કદા, હોવે સોલમો [૧૬]અઝોયર તદા૦
॥ ૧૦ ॥ એ સોલ દોષ ઉગ્ગમ પરિહરો, ગૃહસ્થ થકી
લાગે મન ધરો, ટાલંતો હોવે શિવપુરવાસ, પહોંચે
મનવંછિત સવિ આશ૦ ॥ ૧૧ ॥ ઉત્પાદના દોષ કહું
તે સુણો, કટુક વિપાક અછે તેહ તણો, બાલક
ખેલાવી લીએ આહાર, [૧]ધાત્રી દોષ હોવે તેણીવાર૦
॥ ૧૨ ॥ સંદેશો કહી લે તે [૨]દૂત, ટાલે તે મુનિ સં-
યમજુત નિમિત્ત ભાખીને કારણ કહે, [૩]નિમિત્ત દો-
ષથી દુર્ગતિ લહે૦ ॥ ૧૩ ॥ અણમિલતે જણાવે
જાત, [૪]આજીવિકા દોષ વિખ્યાત, [૫]વણીમગ સમ
થઇ પિંડગ્રહંત, ચારિત્રમણિ તે દોષે દહંત૦ ॥૧૪॥
વૈદ્યક ઉપદેસીને લીયે, દોષ[૬]તિગિચ્છા તે ટાલીયે,
ક્રોધ કરી લે ઘેવર ન્યાય, [૭]ક્રોધ દોષે તપ તપ્યો

અમાયં૦ ॥ ૧૫ ॥ [૯]માન લગે સેવૈયો યથા, એ દોષ-તણી છે મ્હોટી કથા, આષાઢભૂત પરાવર્ત્ત કરંત, માયાએં વ્રત થકી પડંત૦ ॥ ૧૬ ॥ [૧૦]લોભ લગે બહુ ઘર ઘર ભમે, સરસ વાંછતો સંયમ ગમે, પુ૦વી પચ્છા સંસ્તવ કરે, સહી તે દુર્ગતિનારીવરે૦ ॥ ૧૭ ॥ [૧૨]વિદ્યા દેખાડી આપણી, લેતાં આણુખંડે જીનતણી, [૧૩]મંત્ર દાન કરે આજીવિકા, તપ જપ સવિ જાય તેહકા; ॥ ૧૮ ॥ સોહગદોહગ કરી જીવંત, તે [૧૪]જોગદોષ બોલ્યા ભગવંત, આંખે અંજનકે ચુરણુ દીએ, [૧૫]ચુન્નદોષ તે સહિ માનીયે; ॥ ૧૯ ॥ ગર્ભ-પાતનકે કરે ઉતપતિ, બોધિબીજહારે તે જતિ, [૧૬]મુલકર્મદોષ સોલમો, ટાલો જેમ મુનિ શિવ-પુર રમો; ॥ ૨૦ ॥ હવેએષણાદોસ દસ જાણ, સેવંતાં હોવે સદ્દગતિ હાણુ, શુદ્ધ અશુદ્ધની શંકા હોય, [૧]શંકિતપિંડ મ લેશો કોય; ॥ ૨૧ ॥ અચિત્ત આ-હાર સચિત્તે ખરડીયો [૨]મ્રક્ષિતદોષ જીનવરે વર્જીયો, અચિત્ત વસ્તુ સચિત્તમાં ધરી, [૩]નિક્ષિપ્ત દોષ તેતો પરિહરી; ॥ ૨૨ ॥ સચિત્તતણો દીધો ઢાંકણો, [૪]પિહિ-તદોષ નામ તેહતણો, મોટો ભાજન હોવે પરોક્ષ, લાવી દેતાં [૫]સંહરિત દોષ; ॥ ૨૩ ॥ દેણુહારજો ધ્રુજે ખરો, દાયક [૬]દોષ દૂરે પરિહરો, જોગાજોગ

કીધો જો એક, ૭મિશ્રદોષ ટાલે તે છેક; ॥ ૨૪ ॥ ૮અપરિણુત ચિહુંભેદ વિચાર, નિજનામે એ દોષ નિવાર, રેખાદિક ભીને પિંડ ગ્રહ્યો, ૯લિત્તાલિત્ત દોષ જિન કહ્યો ॥ ૨૫ ॥ ધૃત દુગ્ધાદિક છાંટો પડંત, ૧૦છંર્દિત દોષ ન લીયે મહંત, ભોજનદોષ પાંચ મન ધરો, પરિહરતાં આતમહિત કરો૦ ॥ ૨૬ ॥ ખીર ખાંડ ધૃત ભેલે સાર, પેયાદિક છે ત્રણ પ્રકાર, ૧સંયોજના દોષ એ તજો, જેમ જઈ મુક્તિ રમણીને ભજો૦ ॥ ૨૭ ॥ ઘણો જમે ચુકે શુભધ્યાન, બીજો દોષ કહ્યો ૨અપ્રમાણ, મીઠું ખારૂં મુખ ઉચ્ચરે, તેણે દોષે વ્રતલીયારો કરે૦ ॥ ૨૮ ॥ અનુમોદે નિંદે જમતો, ૪ધૂમ્રદોષ ચોથો દીપતો, ક્ષુધાદિષટ્કારણ વિણ ભુંજંત, ૫કારણદોષ કહ્યો અરિહંત૦ ॥૨૯॥ એણીપરે સડતાલીસે થયા, સ્મરણ માત્ર બોલ્યા જુજુઆ, એ દોષ તજે જે એકમના, તેહ તણાં લીજે ભામણાં૦ ॥ ૩૦ ॥

---

## कलस.

કામકુંભને અમૃત ભરીયો, સકલજન આનંદ કરો, તપગચ્છ સહગુરૂ અણુસરી વિજયદાનસૂરીશ્વરો૦ ॥ ૩૧ ॥ જગરાજ પંડિત તણે શીષ્યે, સહજ

વિમલ આણુંદ ધરી, આપ આપણે જાણુવા ભણી, એ પિંડબત્રીસી કરી૦ ॥ ૩૨ ॥

---

## अथ कर्म पच्चीशीनी सज्झाय.

દેવ દાનવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા, કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા, સબલ હુઆ મહાનબળા રે, પ્રાણી કર્મ સમો નહિ કોય, કીધાં કર્મ વિના ભોગવીયાં, છુટક બારો ન હોય રે, પ્રાણી૦ ॥ ૧ ॥ એ આંકણી૦ આદીશ્વરને કર્મ અંતરાયેં, વર્ષ દિવસ રાખ્યા ભૂખે, વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કુખે રે; પ્રાણી૦ ॥૨॥ સાઠસહસ સુત મુઆ એકદિન, સામંત સુરા જેસા, સગર હુઓ મહા પુત્રે દુઃખિયો, કર્મતણા ફળ એસાં રે; પ્રાણી૦ ॥ ૩ ॥ બત્રીસસહસ દેશનો સાહેબ, ચક્રી સનતકુમાર, સોલ રોગ શરીરે ઉપન્યા, કર્મે કીયો તસ ખુવાર રે; પ્રાણી૦ ॥ ૪ ॥ સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મેં સાયર નાંખ્યો, સોલ સહસ યક્ષે ઉભાં દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે; પ્રાણી૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મેં કીધો તસ અંધો, એમ જાણી પ્રાણી વિણકામે, કર્મ કોઇ મત બાંધો રે; પ્રાણી૦ ॥ ૬ ॥ વીશ ભુજા દશ મસ્તક હુંતાં,

લક્ષ્મણે રાવણ માર્યો, એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે; પ્રાણી૦ ॥ ૭ ॥ લક્ષ્મણ રામ મહાબળવંતા, વલી સત્યવંતી સીતા, બાર વર્ષ લગે વનમાંહિ ભમીયા, વીતક તસબહુ વિત્યાં રે; પ્રાણી૦ ॥ ૮ ॥ છપ્પનક્રોડ જાદવનો સાહિબ, કૃષ્ણ મહાબલ જાણી, અટવી કોશંબી મુઓ એકલડો, વલવલતો વિણ પાણી રે; પ્રાણી૦ ॥ ૯ ॥ પાંચ પાંડવ મહા ઝુઝારા, હારી દ્રૌપદી નારી, બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમીયા જેમ ભિખારી રે; પ્રાણી૦ ॥ ૧૦ ॥ સતીય શિરોમણી દ્રૌપદી કહિયે, પાંચ પુરૂષની નાર, સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરતાર રે; પ્રાણી૦ ॥ ૧૧ ॥ કર્મે હલકો કીધો હરિચંદને, વેચી સુતારારાણી, બાર વરસ લગે માથે આણ્યું, ડુંબતણે ઘેર પાણી રે; પ્રાણી૦ ॥ ૧૨ ॥ દધિવાહન રાજાની બેટી, ચાવી ચંદનબાળા, ચોપદની પેરે ચૌટે વેચાણી, કર્મતણા એ ચાળા રે; પ્રાણી૦ ॥ ૧૩ ॥ સમકિત ધારી શ્રેણિકરાજા, બેટે બાંધ્યો મુસકે, ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકેરે; પ્રાણી૦ ॥ ૧૪ ॥ ઇશ્વરદેવને પાર્વતી રાણી, કર્તા પુરૂષ કહેવાય, અહોનિશ મહેલ મસાણમાં વાસો, ભિક્ષાભોજન ખાય રે; પ્રાણી૦ ૧૫.

સહસકિરણ સૂરજ પ્રતાપી, રાતદિવસ રહે અટતો, સોલકળા શશહર જગ જાચો, દિન દિન જાયે ઘટતો રે, પ્રાણી૦ ॥ ૧૬ ॥ નળરાજા પણ જુવટે રમતાં, અર્થ ગરથ રાજ્ય હાર્યો, બાર વરસ લગે વનદુઃખ દીઠાં, તેને પણ કર્મે ભમાડયો રે; પ્રાણી૦ ॥ ૧૭ ॥ સુદર્શનને શૂલીએ દીધો, મુંજરાયે માગી ભીખ, તમસ ગુફામુખ કોણિક બળીયો, માની ન કોઇની શીખ રે; પ્રાણી૦ ॥ ૧૮ ॥ ગજમુનિના શીર ઉપર સગડી, સાગરદત્તનું બાલ્યું શીશ, મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીશ રે, પ્રાણી૦ ॥ ૧૯ ॥ પાંચસેં સાધુ ઘાણીમાં પીલ્યા, રોશ ન આણ્યો લગાર, પૂરવ કર્મે ઢંઢણ રૂષિને, ષટ્માસ ન મળ્યો, આહારરે; પ્રાણી૦ ॥ ૨૦ ॥ ચૌદપૂર્વધર કર્મતણે વશ, પડયા નિગોદ મઝાર, આર્દ્રકુમાર અને નંદીષેણે, ફરિ વાસ્યો ઘરબાર રે, પ્રાણી૦ ॥ ૨૧ ॥ કલાવતીના કર છેદાણા, સુભદ્રા પામી કલંક, મહાબલ મુનિનું ગાત્ર પ્રજાલ્યું કર્મતણા એ વંકરે; પ્રાણી૦ ॥ ૨૨ ॥ દ્રૌપદી હેતે પદ્મોતરનું, ફેડયું કૃષ્ણે ઠામ, વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામરે; પ્રાણી૦ ॥ ૨૩ ॥ કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મોઝાર, મેરૂ શિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગારરે; પ્રાણી૦

॥ ૨૪ ॥ એવાં કર્મ જીત્યાં નરનારી, તે પહોત્યાં શિવઠાય, પ્રભાતે ઉઠી નિત નિત વંદો, ભકિતયેં તેહના પાય રે; પ્રાણી૦ ॥ ૨૫ ॥ એમ અનેક નર ખંડયા કર્મેં, ભલભલેરા જે સાજ, રૂપવિજય કર-જોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે; પ્રાણી૦ ૨૬.

---

## पंच महाव्रतनावनानी सज्झायो.

મ મ કર મમતારે સમતા આદરો દેશી.

મહાવ્રત પહિલું રે મુનિવર મન ધરો, એમ જંપે શ્રીવીરોજી; ત્રિવિધ ત્રિવિધશું રે હિંસા પરિ-હરો, તો પામો ભવપારોજી. મહાવ્રત૦ ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની, જે કહી પહેલે અંગેજી; તે ભાવંતાં રે મુનિવર જાણીયે, ચારિત્ર અધિકે રંગેજી; મહા૦ ॥ ૨ ॥ ઇર્યાસમિતિ રે જોઇ ચાલવું, ધુસરા પ્રમાણે તેહોજી; પ્રાણીનો વધ મનસ્યું ન ચિંતવે, બીજી ભાવના એહોજી. મહા૦ ॥ ૩ ॥ વચન સાવ-ધરે નવિ બોલે કદા, જેહથી હોય જીવઘાતોજી, ત્રીજે ભાવના એણીપરે ભાવતાં, જગમાં હોવે વિ-ખ્યાતોજી. મહા૦ ॥ ૪ ॥ પુંજી લેતાં રે પુંજી મુકતાં, વસ્ત્ર પાત્ર પ્રમુખોજી, આદાન નિખેવણ ચઉથી કહી, ટાલે ભવનાં દુઃખોજી. મહા૦ ॥ ૫ ॥ અન્નપાન અનુ-

આળે વાવરે, ભાજન મોટે જોઇજી, પંચમી ભાવના ઇણીપરે ભાવતાં, શિવપંથગામી હોયજી; મહા૦ ॥ ૬ ॥ એ ભાવના રે જેહને મનવશી, મહાવ્રત થાનંક ત્યાંહિજી, શ્રીગુરૂ ક્ષમાવિજય પ્રસાદથી, જસ વાધે જગમાંહિજી. મહા૦ ॥ ૭ ॥

---

## દ્વિતીયવ્રતભાવનાની સઝાય.

મનસ મારારે એ—દેશી.

મહાવ્રત બીજું આદરો, મુનિરાય રે; જંપે શ્રી વર્દ્ધમાન, ભવદુઃખ જાયરે, અલીય વચન ન બોલવું મુ૦ છાંડો મૃષાવાદ, મનવચકાયારે૦ ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની, મુ૦ જોવો હૃદય મઝાર, જિમ સુખ થાયરે, અણવિચાર્યું નવિ બોલવું, મુ૦ મૃષાભાષા હોય પ્રાય, દુઃખ ઉપાય રે૦ ॥ ૨ ॥ ક્રોધે કરીને બોલતાં મુ૦ વ્રતને લાગે દોષ, પાપ પોષ થાય રે; લોભે જુઠું બોલતાં, મુ૦ ધર્મની થાયે હાણ, કીર્તિ જાયરે૦ ॥ ૩ ॥ ભય મનમાં આણી કરી મુ૦ જુઠું બોલે કોય, દુર્ગતિ જાય રે, હાંસી ફરસી જાણીયે મુ૦ ટાલો તેહનો દોષ, વ્રત ન પલાયરે૦ ॥ ૪ ॥ ઇણીપરે ભાવના ભાવતો મુ૦, પામે ભવનો પાર,

વંદુ પાયા રે, શ્રીગુરૂ ક્ષમાવિજય તણો મુ૦, મહિમા મહીમાં સાર, જમ જસ ગાયારે૦ ॥ ૫ ॥

---

## તૃતીયવ્રતભાવનાની સજ્ઝાય.

મહાવ્રત ત્રીજું મુનીતણું રે હાં, જંપે શ્રી જીન-રાય, મુનિવર સાંભળો, અદત્ત વસ્તુ લેવી નહી રે હાં. જેહથી વિણસે કાજ. મુનિવર૦ ॥ ૧ ॥ ભાવના પાંચ છે તેહની રે હાં, ભાવો મન ધરી પ્રેમ, મુ૦ પહેલા અંમથી જાણીયે રે હાં, જેમ હોયે વ્રતને ક્ષેમ મુ૦ ॥ ૨ ॥ નિર્દોષ વસ્તુ જાયચી રે હાં, જિમ ન હોય જિનઅદત્ત; મુ૦ ગુરૂની આજ્ઞાયે વાવરે રે હાં, આહાર પાણી એક ચિત્ત. મુ૦ ॥ ૩ ॥ એવા અવ-ગ્રહમાંહે રે હાં. જાચે ફરી વારંવાર; મુ૦ સામીઅ-દત્ત લાગે નહી રેહાં, વાધે દીલ ઉદાર. મુ૦ ॥૪॥ સાધર્મીકનો તિમ વળી રેહાં, અવગ્રહ માગે એહ; મુ૦ અપ્રીતિ કરણ નવિ હોય રે હાં, અદત્ત ન લાગે તેહ; મુ૦ ॥ ૫ ॥ વ્રતતરૂને સિંચવા રે હાં, ભાવના છે જળધાર; મુ૦, સમકિતસુરભિ મહમહે રે હાં, શિવપદ ફળ મનોહાર. મુ૦ ॥ ૬ ॥ ઇણેવિધિશું આરાધતાં રેહાં, હોયે કર્મનો નાશ; મુ૦ શ્રી ગુરૂ ક્ષમાવિજય સેવતાં રેહાં, જસની પહોંચે આશ. મુ૦ ૭.

# ચોથાવ્રતભાવનાની સજ્ઝાય.

પૂછે શ્રેણિકરાય એ દેશી.

મહાવ્રત ચઉથું મન ધરો, ભાખે શ્રી વર્દ્ધમાન રે, મુનિવર દીલ ધરો; નવવિધિ શુદ્ધે પાળતાં, લહીયે વંછિત થાન રે. મુનિવર૦ ॥ ૧ ॥ ભાવના પંચ છે તેહની, ભાવો એકાગ્રહ ચિત્તરે; મુ૦ પહિલા અંગ થકી કહી, આણી મનમાં હિતરે. મુ૦ ॥ ૨ ॥ સ્ત્રી કથા કહેવી નહીં, પહિલી ભાવના એહરે; મુ૦ મન વિકાર ન ઉપજે, વાધે વ્રત ગુણ ગેહ રે. મુ૦ ॥ ૩ ॥ સરાગદૃષ્ટિ જોવે નહી, સ્ત્રીનાં અંગ ઉપાંગ રે; મુ૦ બીજી ભાવના એ કહી, કરે વ્રત શુદ્ધ જેમ ગંગ રે. મુ૦ ॥ ૪ ॥ પૂર્વ ક્રીડા કહેવી નહી, જેહથી હોય વિહ્વલ ચિત્ત રે; મુ૦ ત્રીજી ભાવના જાણવી, જિન શાસનની રીતરે; મુ૦ ॥ ૫ ॥ અતીમાત્રાયેં ન વાવરે, આહાર પાણી જે સરસરે, મુ૦ ચઉથી ભાવના ભાવતો, કરીય વિષય ગુણ નિરસરે; મુ૦ ॥ ૬ ॥ સ્ત્રી પશુ પંડક રહિત વળી, વસે વસતે જોઇ રે; મુ૦ પંચમી ભાવના ભાવતાં, ચારિત્ર નિર્મલ હોય રે; મુ૦ ॥ ૭ ॥ ક્ષમા ગુણે કરી શોભતું, શ્રીગુરૂ ક્ષમાવિજય નામરે; મુ૦ તાસ ચરણ નિજ સેવતાં, લહિયે જસબહુમાનરે; મુ૦ ॥ ૮ ॥

## પંચમવ્રતભાવનાની સજ્ઝાય.

સીતા તો રૂપે રૂયડી એ દેશી.

હવે મહાવ્રત: પંચમું કહીયે, જેહથી ભવપાર લહીયે હો, મુનિવર સોભાગી, સાંભળો કહે જિનવર વાણી, ભાવના પંચ છે તેહોહો; મુનિવર૦ ॥ ૧ ॥ શ્રોત ઇંદ્રિય વિષય ન ગ્રહવો, સુરભિ દુરભિ સમ સહવો હો; મુ૦ ચક્ષુઇંદ્રિ વિષયમાં ન રાચો, પુદ્ગલ દેખી નવિ માચો હો; મુ૦ ॥ ૨ ॥ રસનારસવશ આણો, જિન આણાયે બોલવું જાણો હો; મુ૦, રસઇંદ્રિય દોષ નિવારો, ચોથી ભાવનાયે આતમ તારો હો; મુ૦ ॥૩॥ ફરસેંદ્રિ વિષય વિષ નિરોધ, કરે થાયે નિર્મલ બોધ હો મુ૦ એમ જાણી વિષયને છંડો, પંચમી ભાવના મેં દિલમંડો હો મુ૦ ॥ ૪ ॥ એકેકી ઇંદ્રિય વશ પડિયા, મૃગ અલિમચ્છ પતંગ ગય નડીયા હો, મુ૦ પંચેવશ નવિ રાખે તેહને, દુઃખ જિનવર ભાખે હો; મુ૦ ॥ ૫ ॥ એ ભાવના ઇમ દિલ ધરતો, દુષ્કૃત કર્મને ક્ષય કરતો હો; મુ૦ શુદ્ધ નિર્મલ જ્ઞાન તે પાવે આતમ શિવપદ ઠાવે હો; મુ૦ પંચ મહાવ્રતની પંચવીસ, ભાવના કહી લવલેશ હો; મુ૦ શ્રી ક્ષમાવિજય ગુરૂ રાયા, જસવાધે સેવતાં પાયા હો મુ૦ ॥ ૭ ॥ ઇતિ પંચ મહાવ્રત ભાવન સઝાય સંપૂર્ણ ॥

## आत्मबोधनी सज्झाय.

સાંભળ શયણાં સાચી સુણાવું. પૂર્વ પુન્ય તું પામ્યો રે ભાઈ, નરક નિગોદમાં ભમતાં નરભવ, તેં નિષ્ફલ કિમ વામ્યો રે ભાઈ; સાં૦ ॥ ૧ ॥ જૈન ધર્મ જયવંતો જગમાં, ધારિ ધર્મ ન સાધ્યો રે ભાઈ, મેઘ ઘટા સરિખા ગજસાટે, ગર્દભ ઘરમાં બાંધ્યો રે ભાઈ, સાં૦ ॥ ૨ ॥ કલ્પવૃક્ષ કુહાડે કાપી, ધતુરો ઘરે ધારે રે. ભાઈ, ચિંતામણી ચિંતિત પૂરણતે, કાગ ઉડાડણ ડારે રે ભાઈ; સાં૦ ॥ ૩ ॥ ઈમ જાણી જાવા નવિ દીજે, નરનારી નરભવને રે ભાઈ, ઓલખી શુદ્ધ ધર્મને સાધો, જે માન્યો મુનિ મનને રે ભાઈ; સાં૦ ॥ ૪ ॥ જે વિભાવ પરભાવ તે તજીયેં, રમણ સ્વભાવમાં કરીયે રે ભાઈ, ઉત્તમ પદપદ્મને અવલંબી, ભવિયણ ભવજલ તરીયે રે ભાઈ; સાં૦ ॥ ૫ ॥

---

## ढंढणमुनिनी सज्झाय.

ઢંઢણઋષિને વંદણા હું વારી, ઉત્કૃષ્ટો અણગારરે હું વારી લાલ, અભિગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહારરે હું૦ ॥ ઢં૦ ॥ ૧ ॥ દિનપ્રતિ જાવે ગોચરી હું૦, ન મિલે શુદ્ધ આહારરે હું૦ ન લીએ

મુલ અમુજતો હું૦, પિંજર હુવો ગાત્રરે હું૦ ॥ ઢં૦ ॥ ૨ ॥ હરિ પૂછે શ્રી નેમને હું૦, મુનિવર સહસ અઢારરે હું૦ ઉત્કૃષ્ટો કુણ એહમાં હું૦, મુજને કહો કૃપાળરે હું૦, ॥ ઢં ॥ ૩ ॥ ઢંઢણ અધિકો દાખિયો હું૦, શ્રીમુખ નેમિ જિણંદરે હું૦ કૃષ્ણ ઉમાહ્યો વાંદવા હું૦, ધન્ય જાદવકુલચંદરે હું૦ ॥ ઢં૦ ॥ ૪ ॥ ગલીમાંરે મુનિવર મિલ્યા હું૦, વાંદે કૃષ્ણ નરેશરે હું૦ કિણહી મિથ્યાત્વી દેખીને હું૦, આયો ભાવ વિશેષરે હું૦ ॥ ઢં૦ ॥ ૫ ॥ આવો મુજ ઘર સાધુજી હું૦, લ્યો મોદક છે શુદ્ધરે હું૦ ઋષિજી લેઇ આવીયા હું૦, પ્રભુજી પાસ વિશુદ્ધરે હું૦ ॥ ઢં૦ ॥ ૬ ॥ મુજ લબ્ધે મોદક મિલ્યા હું૦, મુજને કહો કૃપાલ રે હું૦ લબ્ધિ નહીં વચ્છ તાહરી હું૦, શ્રીપતિ લબ્ધ નિહાલરે હું૦ ઢં૦ ॥ ૭ ॥ તો મુજને લેવો નહીં હું૦ આલ્યો પરઠણ કાજ રે. હું૦ ઇંટ નિભાડે જાઇને હું૦, ચુર્યાં કર્મ સમાજ રે હું૦ ઢં૦ ॥ ૮ ॥ આવી શુદ્ધિ ભાવના હું૦, પામ્યા કેવળજ્ઞાન રે હું૦ ઢંઢણ ઋષિ મુગતે ગયા હું૦, કહે જિનહર્ષ સુજાણ રે હું૦ વારી લાલ, ઢંઢણ૦ ॥ ૯ ॥

# इलाची पुत्रनी सज्झाय.

નામ ઇલાપુત્ર જાણીયેં, ધનદત્ત શેઠનો પુત્ર, નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સુત ॥ ૧ ॥ કર્મ ન છુટેરે પ્રાણીયા, પૂરવ નેહ વિકાર, નિજ કૂળ છંડીરે નટ થયો, નાંણી શરમ લગાર, કર્મ૦ ॥ ૨ ॥ એક પુર આવ્યોરે નાચવા, ઉંચો વાંસ વિશેષ, તિહાં રાય જોવારે આવીયો, મળીયા લોક અનેક, કર્મ૦ ॥ ૩ ॥ દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ, નિરાધાર ઉપર નાચતો, ખેલે નવનવા ખેલ, કર્મ૦ ॥ ૪ ॥ ઢોલ વજાવેરે નટવી, ગાવે કિંન્નર સાદ, પાયતલ ઘુઘરારે ઘમઘમે, ગાજે અંબર નાદ, કર્મ૦ ॥ ૫ ॥ તિહાં રાય ચિતમેંરે ચિંતવે, લુબ્ધો નટવીની સાથ, જો નટ પડેરે નાચતો, તો નટવી મુજ હાથ, કર્મ૦ ॥ ૬ ॥ દાન ન આપેરે ભૂપતિ, નટ જાણે નૃપ વાત, હું ધન વંછુરે રાયનો, રાય વંછે મુજ ઘાત, કર્મ૦ ॥ ૭ ॥ તવ તિહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ, ધિક્ ધિક્ વિષયારે જીવને, એમ તે પામ્યો વૈરાગ, કર્મ૦ ॥ ૮ ॥ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભેલાં બહાર, લો લો કેછે લેતા નથી, ધન ધન મુનિ અવતાર, કર્મ૦ ॥ ૯ ॥ સંવરભાવેંરે કેવળી, થયો મુનિ કર્મ ખપાય, કેવળ

મહિમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય, કર્મ ન છુટેરે પ્રાણિઆ ॥ ૧૦ ॥

---

## अथ श्री मेतारजमुनिनी सज्ञाय

( જીવરે તું શીલતણો કર સંગ—એ દેશી )

શમ દમ ગુણના આગરૂજી, પંચમહાવ્રત ધાર, માસખમણને પારણે જી, રાજગૃહી નગરી મોઝાર, મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર, એ આંકણી. ॥ ૧ ॥ સોનીને ઘેર આવીયા જી, મેતારજ ઋષિરાય, જવલા ઘડતો ઉઠીયો જી, વંદે મુનિના પાય, મે૦ ॥ ૨ ॥ આજ ફલ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહકાર, લ્યો ભિક્ષા છે સૂઝતીજી, મોદકતણો એ આહાર, મે૦ ॥ ૩ ॥ કૌંચજીવ જવલા ચણ્યોજી, વહોરી વલ્યા ઋષિરાજ, સોની મન શંકા થઇજી, સાધુતણું એ કાજ, મે૦ ॥ ૪ ॥ રીસ કરી ઋષિને કહે જી, દ્યો જવલા મુજ આજ, વાધર શીશે વિંટીયું જી, તડકે રાખ્યા મુનિરાજ, મે૦ ॥ ૫ ॥ ફટ ફટ ફુટે હાડકાંજી, તટ તટ તુટે ચામ, સોનીડે પરિસહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ, મે૦ ॥ ૬ ॥ એહવા પણ મ્હોટા યતિજી, મન ન આણે રોષ, આતમ નિંદે આપણોજી, સોનાનો શો દોષ, મે૦ ॥ ૭ ॥ ગજસુ-

કુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ, ખેર અંગારા શિર ધર્યાજી, મુગતેં ગયા તતકાળ, મે૦ ॥ ૮ ॥ વાઘણે શરીર વલુરિયુંજી, સાધુ સુકોસલ સાર, કેવળ લહી મુગતિ ગયાજી, ઇમ અરણિક અણુગાર, મે૦ ॥ ૯ ॥ પાલક પાપી પીલિયાજી, ખંધકસૂરિના શિષ્ય, અંબડ ચેલા સાતશેંજી, નમો નમો તે નિશદિશ, મે૦ એહવા ઋષિ સંભારતાંજી, મેતારાજ ઋષિરાય, અંતગડ હુઆ કેવળીજી, વંદો મુનિના પાય, મે૦ ॥ ૧૧ ॥ ભારા કાષ્ટની સ્ત્રીયેં તિહાંજી, લાવી નાંખી તેણી વાર, ધબકે પંખી જાગીયોજી, જવલા કાઢયા તેણે સાર, મે૦ ॥ ૧૨ ॥ દેખી જવલા વિઠમાંજી, મનમાં લાજ્યો સોનાર, ઓઘો મુહપત્તિ સાધુનાંજી, લેઇ થયો અણગાર, મે૦ ॥ ૧૩ ॥ આતમ તાર્યો આપણોજી, થિર કરી મન વચકાય, રાજવિજય રંગે ભણેજી, સાધુતણી એ સઝાય, મેતારજ૦ ૧૪

---

## अथ श्री अरणिकमुनिनी सज्झाय.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી; પાય અલવાણે રે વેળુ પરજળે, તનુ સુકુમાર મુનીશોજી; અરણિક૦ ॥ ૧ ॥ મુખ કરમાણું રે માલતી ફુલ જ્યું, ઉભો ગોખની હેઠોજી, ખરે બપોરે

રે જાતો એકલો, મોહી માનિની દીઠોજી; અ૦ ॥૨॥ વયણ રંગીલીરે નયણે વંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠાણોજી; દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘેર આણોજી; અ૦ ॥ ૩ ॥ પાવન કીજેરે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારોજી; નવ જોવનરસ કાયા કાં દહો, સફળ કરો અવતારોજી; અ૦ ॥ ૪ ॥ ચંદ્રા વદનીયેં ચારિત્રથી ચુકવ્યો, સુખ વિલસે દિન રાતોજી; બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી; અ૦ ॥ ૫ ॥ અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી; કહો કેણે દીઠો રે મ્હારો અરણિકો, (પૂંછે) પૂછે લોક હજારોજી; અ૦ ॥ ૬ ॥ હું કાયર છું રે મ્હારી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી; ધિગ્ ધિગ્ વિષયારે માહારા જીવને, મેં કીધો અવિચારોજી; અ૦ ॥ ૭ ॥ ગોખથી ઉતરીરે જનનીને પાય પડયો, મનશું લાજયો અપારોજી; વચ્છ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારોજી; અ૦ ॥૮॥ એમ સમજાવીરે પાછો વાળિયો, આણ્યો ગુરૂની પાસોજી; સદ્ગુરૂ દીયેરે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી; અ૦ ॥ ૯ ॥ અગ્નિધખંતીરે શિલા ઉપરે, અરણિકે અણસણ કીધોજી રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ, જેણે મનવંછિત લીધોજી, અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ ૧૦ ॥

# अथ श्री वयरमुनिनी सज्झाय.

સાંભળજો તુમે અદ્‌ભુત વાતો, વયરકુમર મુનિવરની રે, એ આંકણી૦ ખટ્ મહિનાના ગુરૂ ઝોળીમાં, આવે કેલિ કરંતા રે; ત્રણ વરસના સાધ્વી મુખથી, અંગ અગ્યાર ભણંતા રે; સાં૦ ॥ ૧ ॥ રાજસભામાં નહિં ક્ષોભાણા, માત સુખાડલી દેખી રે; ગુરૂએ દીધો ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે; સાં૦ ॥ ૨ ॥ ગુરૂસંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે; બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે; સાં૦ ॥ ૩ ॥ કોળાપાક ને ઘેવર ભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે; ગગનગામિની વૈક્રિયલબ્ધિ, દેવે જેહને દીધી રે; સાં૦ ॥ ૪ ॥ દશ પૂર્વ ભણિયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસેરે, ખીરાસ્રવ પ્રમુખ જે લબ્ધિ, પ્રગટ જાસ પ્રકાસેરે; સાં૦ ॥ ૫ ॥ કોડિ સેંકડા ધનનો સંચય, કન્યા રૂક્મિણી નામેરે; શેઠ ધનાવો દિયે પણ ન લીયે, વધતે શુભ પરિણામેરે; સાં૦ ॥ ૬ ॥ દેઈ ઉપદેશને રૂક્મિણી નારી; તારી દિક્ષા આપી રે; યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે; સાં૦ ॥ ૭ ॥ સમકિતશીલ તુંબ ધરી કરમાં, મોહસાયર કર્યો છોટોરે; તે કેમ બુડે નારીનદીમાં, એતો મુનિવર મહોટોરે; સાં૦ ॥ ૮ ॥ જેણે દુર્ભિક્ષ

સંઘ લેઇને, મુકયો નગર સુકાળરે, શાસનશોભા ઉન્નતિ કારણ, પુષ્પપદ્મ વિશાળરે; સાં૦ ॥ ૯ ॥ બોધ-રાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસનરાગી રે; શાસન શોભા જયપતાકા, અંબર જઇને લાગી રે; સાં૦ ॥ ૧૦ ॥ વિસર્યો શુંઠગાંઠિયો કાને, આવશ્યક વેળા જાણ્યો રે; વિસરે નહિં પણ એ વિસરિયો. આયુ અલ્પ પિછાન્યોરે; સાં૦ ॥ ૧૧ ॥ લાખ સોનઇયે હાંડી ચડે જિમ, બીજે દિન સુકાળરે; એમ સંભ-ળાવી વયરસેનને, જાણી અણસણ કાળરે; સાં૦ ૧૨. રથાવર્તગિરિ જઇ અણસણ કીધું, સોહમહરિ તિહાં આવેરે; પ્રદક્ષિણા પર્વતને દેઇને, મુનિવર વંદે ભાવે રે; સાં૦ ॥ ૧૩ ॥ ધન્ય ! સિંહગિરિસૂરિ ઉત્તમ, જેહના એ પટધારીરે; પદ્મવિજય કહે ગુરૂપદપંકજ, નિત્ય નમિયે નર નારીરે; સાંભળજો૦ ॥ ૧૪ ॥

---

## खंधकमुनिनी सज्झाय.

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડા-રરે, ઉગ્રવિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે; નમો૦ ॥ ૧ ॥ સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદરે; ધારણી ઉદરે જનમિઓ, દર્શન પર-માનંદ રે; નમો૦ ॥ ૨ ॥ ધર્મઘોષ મુનિ દેશના,

પામીયો તેણે પ્રતિબોધરે; અનુમતિ લેઇ માય તાયની, કર્મશું યુદ્ધ થઇ યોદ્ધ રે; નમો૦ ॥ ૩ ॥ છઠ્ઠ અઠ્ઠમ આદે અતિ ઘણા, દુષ્કરતપ તનુશોષરે; રાત દિવસ પરિસહ સહે, તો પણ મન નહિ રોષરે; નમો૦ ૪. દવદાધા ખીજડા દેહમાં, ચાલતાં ખડખડે હાડરે, તો પણ તપ કરે આકરા, જાણતો અથિર સંસારરે; નમો૦ ॥ ૫ ॥ એક સમે ભગનીપુરી પ્રતે, આવીયા સાધુજી સોયરે; ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોયરે; નમો૦ ॥ ૬ ॥ બેનને બંધવ સાંભર્યો, ઉલટયો વિરહ અપારરે; છાતડી લાગી છે ફાટવા, નયણે વહે આંસુડાની ધારરે; નમો૦ ॥ ૭ ॥ રાય ચિંતે મનમાં ઇશ્યું, એ કોઇ નારીનો યારરે, સેવકને કહે સાધુની, લાવોજી ખાલ ઉતાર રે; નમો૦ ॥ ૮ ॥

### ઢાલ બીજી.

રાય સેવક તવ કહે સાધુને, ખાલડી જીવથી હણુશું રે; અમ ઠાકુરની એહ છે આણા, તે અમે આજ કરીશુંરે, અહો અહો સાધુજી સમતાના દરીયા, મુનિ ધ્યાન થકી નવિ ચલીઆરે. ॥ ૧ ॥ મુનિવર મનમાંહી આણંદ્યા, પરિસહ આવ્યો જાણીરે; કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહીં આવે પ્રાણીરે; અ૦ ॥ ૨ ॥ એતો વલી સખાઇ મલીઓ, ભાઇ થકી

ભલેરોરે; પ્રાણીતું કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરોરે, અ૦ ॥ ૩ ॥ રાયસેવકને તવ કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયારે; બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયારે; અ૦ ॥ ૪ ॥ ચારે શરણાં ચતુર કરીને, ભવ ચરમ આવર્તેરે શુકલધ્યાનસું તાન લગાડ્યું, કાયા વોસિરાયંતેરે, અ૦ ॥ ૫ ॥ ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલેરે; ક્ષપકશ્રેણિ આરોહણ કરીને, કઠિણકરમને પીલેરે; અ૦ ॥ ૬ ॥ ચોથું ધ્યાન ધરંતાં અંતે, કેવલ લઇ મુનિ સિધ્યારે; અજર અમરપદ મુનિવર પામ્યા, કારજ સઘળાં સિધ્યાં રે; અ૦ ॥ ૭ ॥ એહવે તે મુહપતિ લોહીએ ખરડી, પંખીડે આમિષ જાણી રે, લઇને નાંખી તે રાજદુવારે, સેવકે લીધી તાણીરે, અ૦ ॥ ૮ ॥ સેવક મુખથી વાતજ જાણી, બ્હેને મુહપત્તિ દીઠીરે; નિશ્ચય ભાઇ હણાયો જાણી, ધ્રસકે ઉઠી અંગીઠીરે ॥ ૯ ॥ વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુની સમતા વખાણી રે; અથિર સંસાર સંવેગે જાણી, સંજમ લીયે રાય રાણીરે; અ૦ ॥ ૧૦ ॥ આલોઇ પાતક સવિ છંડી, કઠિણ કર્મને નિંદીરે; દુઃકર તપ કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદીરે; અ૦ ॥ ૧૧ ॥ ભવિયણ એહવા મુનિવર વંદી, માન-

વભવફલ લીજેરે, કરજોડી મુનિમોહન વિનવે, સેવક સુખીયા કીજેરે; અહો૦ ॥ ૧૨ ॥

---

## શ્રી જંબુસ્વામિની સજ્ઝાય.

રાજગ્રહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે, તસ સુત જંબુકુમર નમું બાળપણે બ્રહ્મચારી રે, ॥ ૧ ॥ જંબુ કહે જનની સુણો, સ્વામિ સુધર્મ્મા આયારે, દિક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયારે, જમ્બુ૦ ॥ ૨ ॥ માય કહે સુણો બેટડા, વાત વિચારી કીજેરે, તરૂણપણે તરૂણી વરી, છાંડી કેમ છુટીજેરે; માય૦ ॥ ૩ ॥ આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યારે; નાટકણી નેહે કરી આષાઢભૂતિ ભોલાયારે; માય૦ વેશ્યા વશ પડિયા પછી, નંદિષેણ નગીનોરે, આર્દ્ર દેશનો પાટવી, આર્દ્રકુમારકાં કીનોરે; માય૦ ॥ ૫ ॥ સહસ વરસ સંજમ લીયો, તોહી પાર ન પાયારે; કુંડરીકને કરમેં કરી, પછી ઘણું પસ્તાયારે; માય૦ ॥ ૬ ॥ મુનિવરૂ શ્રી રહનેમજી, નેમિજિણેસર ભાઇરે; રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઇરે; માય૦ ॥ ૭ ॥ દિક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધારરે; સરસ નીરસ અન્ન જિમવું, સુવું ડાભ સંથારરે; માય૦

॥ ૮ ॥ દિક્ષા છે વચ્છ દોહિલી, કહ્યું હમારૂં કીજે રે; પરણો પનોતા પદમણી, અમ મનોરથ પૂરીજેરે; માય૦ ॥ ૯ ॥ જમ્બુ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારોરે; મેઘ મુનિસર મોટકો, શાલિભદ્ર સંભારોરે; જમ્બુ૦ ॥ ૧૦ ॥ ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધોરે; ખટ્માસી તપ પારણે, ઢંઢણે કેવલ લાધોરે; જમ્બુ૦ ॥ ૧૧ ॥ દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડયો ઈંદોરે; પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમઆણંદોરે; જમ્બુ૦ ॥ ૧૨ ॥ એમ અનેક મુનિવર હુવા, કહેતાં પાર ન પાયરે; અનુમતિ દ્યો મોરી માતાજી, ક્ષણ લાખીણો જાયરે; જમ્બુ૦ ॥ ૧૩ ॥ પાંચસેં સત્તાવીશશું, જમ્બુકુંવર પરવરીઓરે; પંચમહાવ્રત ઉચરી, ભવજલ સાયર તરીયોરે; જમ્બુ૦ ॥ ૧૪ ॥ જમ્બુ ચરમજ કેવલી, તાસ તણા ગુણ ગાયારે; પંડિત લલિતવિજય તણો, હેતવિજયસુપસાયારે; જમ્બુ૦ ॥ ૧૫ ॥

---

## अथ श्री प्रसन्नचंद्रराजर्षिनी सज्झाय.

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય; તુમે છો મ્હોટા ઋષિરાય, પ્રસન્નચંદ્ર૦ રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર, વૈરાગે

મન વાળિયું રે, લીધો સંયમભાર; પ્રસન્ન૦ ॥ ૧ ॥ શ્મશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય; બાહુ બે ઉંચી કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય; પ્રસન્ન૦ ॥ ૨ ॥ દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢયો તતકાળ; મનશું સંગ્રામ માંડિયો રે, જીવ પડયો જંજાળ; પ્રસન્ન૦ ॥ ૩ ॥ શ્રેણિક પ્રશ્ન પૂછે તે સમેરે, સ્વામિ એહની કુણ ગતિ થાય; ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય; પ્રસન્ન૦ ॥ ૪ ॥ ક્ષણ એક આંતરે પૂછીયું રે સર્વાર્થસિદ્ધ-વિમાન; વાજી દેવની દુંદુભી રે, રૂષિ પામ્યા કેવળજ્ઞાન; પ્રસન્ન૦ ॥ ૫ ॥ મનની જીતે જીતવું રે, મનની હારેહાર; મન લઇ જાવે મોક્ષમાં રે મનહિય નરક મોઝાર, પ્ર૦ ॥ ૬ ॥ પ્રસન્નચંદ્ર રૂષિ મુગતે ગયારે, શ્રી મહાવીરના શિષ્ય, રૂપવિજય કહે ધન્ય ધન્ય, જોયા શાસ્ત્ર પ્રત્યક્ષ; પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય, ૭.

---

## अथ श्री स्थूलिभद्रजीनी सज्ञाय.

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદારજો, ચોમાસું આવ્યા કોશયા આગારજો ચિત્રામણશાળાયે તપ જપ આદર્યાજો ॥ ૧ ॥ આદરીયાં વ્રત આવ્યા છો અમ ગેહજો, સુંદરી સુંદર ચંપકવરણી દેહજો અમ તુમ

સરિખો મેળો આ સંસારમાં જો ॥ ૨ ॥ સંસારે મેં જોયું સકલ સ્વરૂપજો, દર્પણની છાયામાં જેવું રૂપજો, સુપનાની સુખડલી ભૂખ ભાગે નહીંજો ॥ ૩ ॥ ના કહેશો તો નાટક કરશું આજજો, બાર વરસની માયા છે મુનિરાજજો, તે છોડી કેમ જાઉં હું આશા ભરીજો ॥ ૪ ॥ આશા ભરિયો ચેતન કાળ અનાદિજો, ભમીઓ ધર્મને હીણ થયો પરમાદિજો, ન જાણી મેં સુખની કરણી જોમનીજો, ॥ ૫ ॥ જોગીતો જંગલમાં વાસો વસિયાજો, વેશ્યાને મંદિરીયે ભોજન રસિયાજો, તુમને દીઠા એવા સંયમ સાધતાજો ॥ ૬ ॥ સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી જો, કુમાપુત્ર થયા નાણી ઘરબારી જો, પાણીમાંહે પંકજ કોરૂં જાણિયે જો ॥ ૭ ॥ જાણીએ તો સઘળી તુમારી વાતજો, મેવા મીઠા રસવંતા બહુ જાતજો, અમરભૂષણ નવનવલી ભાતે લાવતાજો ॥ ૮ ॥ લાવતા તો તું દેતી આદરમાનજો, કાયા જાણું રંગ પતંગ સમાનજો, ઠાલીને શી કરવી એવી પ્રીતડીજો ॥ ૯ ॥ પ્રિતલડી કરતાને રંગભર સેજજો, રમતાને દેખાડંતા ઘણું હેતજો, રિસાણી મનાવી મુજને સાંભરેજો, ॥ ૧૦ ॥ સાંભરેતો મુનિવર મનડું વાળેજો, ઢાંકયો અગ્નિ ઉઘાડયો પરજવાળેજો, સંયમમાંહી એ છે દૂષણ

મોટકુંજો ॥ ૧૧ ॥ મોટકું આવ્યું તું નન્દનું તેડુંજો, જાતાં ન વહે કાંઇ તમારૂં મનડુંજો, મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યાજો ॥ ૧૨ ॥ મોકલ્યા તો મારગ માંહી મળીયાજો, સંભૂતિ આચારજ જ્ઞાને બળીયાજો, સંયમ દીધું સમકિત તેણે શિખવ્યુંજો ॥૧૩॥ શિખવ્યું તો કહી દેખાડો અમનેજો, ધર્મ કરંતાં પુણ્ય વડેરૂં તમનેજો, સમતાને ઘેર આવી વેશ્યા ઇમ વદેજો ॥ ૧૪ ॥ વદે મુનીશ્વર શંકાને પરિહારજો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બારજો, પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરેજો ॥ ૧૫ ॥ ઉચ્ચરે તો વિત્યું છે ચોમાસુંજો, આણા લેઇને આવ્યા ગુરૂની પાસેજો, શ્રુતનાણી કહેવાણા ચોદેપૂર્વીજો ॥ ૧૬ ॥ પૂર્વી થઇને તાર્યા પ્રાણી થોકજો, ઉજવળધ્યાને તેહ ગયા દેવલોકજો, રૂષભ કહે નિત્ય તેહને કરીએ વન્દનાજો ॥ ૧૭ ॥ ઇતિ

---

## अथ श्री रुक्मिणीनी सज्झाय.

વિચરંતા ગામો ગામ, નેમિ જિણેશ્વર સ્વામ, આછે લાલ નયરી દ્વારામતિ આવિયાજી ॥ ૧ ॥ કૃષ્ણાદિક નર નાર, સહુ મળી પર્ષદા બાર, આછે લાલ નેમિ વંદન તિહાં આવિયાજી ॥ ૨ ॥ દીએ

દેશના જિનરાય, આવે સહુને દાય, આછે૦ રૂક્મિણી પૂછે શ્રી નેમિનેજી ॥ ૩ ॥ પુત્રને મ્હારે વિયોગ, શો હશે કર્મ સંયોગ, આછે૦ ભગવન્ત મુજને તે કહોજી ॥ ૪ ॥ તું હતી નૃપની નાર, પૂરવભવ કોઇવાર, આછે૦ ઉપવન રમવાને સંચર્યાંજી ॥ ૫ ॥ ફરતાં વન મોઝાર, દીઠો એક સહકાર આછે૦ મોરલી વીઆણી તિહાં કણેજી ॥ ૬ ॥ સાથે હતો તુમ નાથ, ઇન્ડાં ઝાંલ્યાં હાથ, આછે૦ કુંકૂમવરણાં તે થયાંજી ॥ ૭ ॥ નવિ ઓાલખે તિહાં મોર, કરવા લાગી સોર, આછે૦ ચૌ દિશિ ચમકે વિજળીજી ॥ ૯ ॥ પછી તૂઠયો તિહાં મેહ, ઇન્ડાં ધોવાણાં તેહ આછે૦ સોલ ઘડિ પછી સેવીયાંજી ॥ ૧૦ ॥ હસતાં તે બાંધ્યાં કર્મ, નવિ ઓાલખ્યો જિનધર્મ, આછે૦ રોતાં ન છૂટે પ્રાણિયાજી ॥ ૧૧ ॥ તિહાં બાંધી અન્તરાય, ભાંખે શ્રી જિનરાય, આછે૦ સોલ ઘડિનાં વરસ સોલ થયાં જી ॥ ૧૨ ॥ દેશના સુણી અભિરામ, રૂક્મિણી રાણીએ તામ, આછે૦ સૂધો તે સંયમ આદર્યોજી ૧૩. થિર રાખ્યાં મન વચ કાય. કેવલ નાણ ઉપાય, આછે૦ કર્મ ખપાવી મુગતે ગયાંજી ॥ ૧૪ ॥ તેહનો છે વિસ્તાર, અંતગડસૂત્ર મોઝાર, આછે૦ રાજવિજય રંગે ભણેજી ॥ ૧૫ ॥ ઇતિ

# अथ श्रीसिताजीनी सज्झाय.

જનકસુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી પાલવ હમારો મેલને પાપી, કુળમાં લાગે છે ખામી અડશો માં જો, માં જો, માં જો, માં જો અ૦ મ્હારો નાવલીયો દુહવાય, અ૦ મને સંગ કેનો ન સુહાય અ૦ મ્હારૂં મન માંહેથી અકુળાય અ૦ એ આંકણી ॥ ૧ ॥ મેરૂમહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે, જો જલધિ મર્યાદા મુકે, પાંગળો અંબર પૂગે અ૦ ॥ ૨ ॥ તોપણ તું સાંભળને રાવણ, નિશ્ચય શીલ ન ખંડુ, પ્રાણ હમારા પરલોક જાએ, તોપણ સત્ય ન છંડુ અ૦ ॥ ૩ ॥ કુણ મણિધરના મણિ લેવાને, હૈડે ઘાલે હામ, સતી સંઘાતે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ અ૦ ॥ ૪ ॥ પરદારાનો સંગ કરીને, આખો કોણ ઉગરીયો, ઉંડું તો તું જોવે આલોચિ, સહી તુજ દહાડો ફરીયો અ૦ ॥ ૫ ॥ જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઇ, દશરથ નન્દન શિર છે સ્વામિ, લક્ષ્મણ કરશે લડાઇ અ૦ ॥ ૬ ॥ હું ધણીયાતિ પિયુ ગુણ રાતી, હાથ છે મારે છાતિ, રહે અળગો તુજ વયણે ન ચલું, કાં કુલેં-વાયેં છે કાતિ અ૦ ॥ ૭ ॥ ઉદયરત્ન કહે ધન્ય એ અબલા, સીતા જેહનું નામ, સતીયોમાંહિ શિરોમણિ

કહિયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ અડશો માં જો, માં જો, માં જો, માં જો અ૦ ॥ ૮ ॥

---

## अथ श्री देवानंदानी सज्झाय.

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસેં દૂધ ઝરાયા, તવ ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરણકું આયા ગૌતમ, એતો મેરી અમ્મા ॥ ૧ ॥ એ આંકણી તસ કૂખે તુમ કાહું ન વસિયા, કવણ કિયા ઇણ કમ્મા ગૌ૦ ॥ ૨ ॥ ત્રિશલાદે દેરાણી હુંતી, દેવાનન્દા જેઠાણી, વિષયલોભ કરી કાંઇ ન જાણ્યો, કપટ વાત મન આણી ગૌ૦ ॥ ૩ ॥ દેરાણીકી રત્નડાબલી, બહુળાં રત્ન ચોરાયાં, ઝઘડો કરતાં ન્યાય હુઓ જબ, તબ કછુ નાણું પાયાં ગૌ૦ ॥ ૪ ॥ એસા આપ દિયા દેરાણી, તુમ સંતાન અમ હોજો, કર્મ આગળ કોઇનું નહિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્તિ જો જો ગૌ૦ ॥ ૫ ॥ ભરતરાય જબ ઋષભને પૂછે, એહમેં કોઇ જિણિન્દા, મરિચીપુત્ર ત્રિદન્ડી તેરો, ચોવિશમો જિણિન્દા ગૌ૦ ॥ ૬ ॥ કુળનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા, મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણન્દા ગૌ૦ ॥૭॥ કર્મ સંયોગે ભિક્ષુકકુળ પાયા, જન્મ ન હોવે કબહિ, ઇન્દ્ર અવધિએ જોતાં

અપહર્યો, દેવ ભુજંગમ તઅહિ ગૌ૦ ॥ ૮ ॥ બ્યાશી-
દિન તિહાંકણે વસિયા, હરિણેગમેષી જબ આયા,
સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી, તસ કૂખેં છટકયા ગૌ૦
॥ ૯ ॥ રૂષભદત્તને દેવાનન્દા, લેશે સંયમ ભારા, તઅ
ગૌતમ એ સુગતેં જાશે, ભગવતિ સૂત્ર વિચારા ગૌ૦
॥ ૧૦ ॥ સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે
જાશે, બીજે સ્કંધે આચારાંગે, તે સૂત્રે કહેવાશે ગૌ૦
॥ ૧૧ ॥ તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયા મનોરથ
વાણી, સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં
આણી ગૌ૦ ॥ ૧૨ ॥

## અથ શ્રી રાજીમતી અને રહનેમિનો સંવાદ.

રહેનેમિ અંબર વિણુ રાજુલ દેખીજો, મદનો-
દય મોહ્યા મુનિ ચિત ગવેખીજો ॥ કહે સુન્દરિ સુ-
ન્દર મેળા સંસારમાંજો. ॥ ૧ ॥ સંસારે મેળા આવે
શો કાજજો, થિર ધરી કહે રાજુલ તુમે મુનિરાજજો;
આજ કિશું સંભારો મેળા વિસર્યા જો. ॥ ૨ ॥ વિ-
સરે નહી રાગીને પૂરવ પ્રીતજો, પ્રીત કરી રહે દૂર
એ મૂરખ રીતજો; ચતુરશું ચિત મેળાવો ચતુરને
સાંભરેજો. ॥ ૩ ॥ સાંભરે પણુ હમશું તુમ શો મે-
ળાપજો. સિયર ભોળાપણાની જગમાં છાપજો; તેમાં

શો ચિત મેળો ફેગટ રાગનોજો. ॥ ૪ ॥ ફેગટ રાગે રોતાં તુમે ઘરમાંહીજો, તજી તુમને મુજ ભાઈ ગયા વનમાંહીજો; અમે તુમ ઘેર નિત વાતવિસામે આવતાજો. ॥ ૫ ॥ આવતા તો હું દેતી આદરમાનજો, પ્રિતમ લઘુબન્ધવ મુજ ભાઈ સમાનજો; કંતવિયોગે તુમશું વાત વિસામતીજો. ॥ ૬ ॥ વિસામા વનિતાને વલ્લભ કેરાજો, અણુપરણી કન્યાને કંત ઘણેરાજો; એકપખો જે રાગ તે ધરવો નવિ ઘટેજો. ॥ ૭ ॥ નવિ ધરે સતીયો જે નામ ધરાવેજો, બીજો વર વરવા ઇચ્છા નવિ ભાવેજો; ન ફેરે પંચની સાખે જે તિલકે ધર્યોજો. ॥ ૮ ॥ તિલક ધરે તે તો સામાન્ય ઠરાયજો, મંગલ વરત્યે કરમેળાપક થાયજો; માય પછી વોળાવે કન્યા સાસરેજો. ॥ ૯ ॥ સાસરિયે કુંવારી જમવા જાયજો, વસ્તુ સામાન્ય વિશેષે લઇ સમવાયજો; કરમેળાવા પહેલાં મન મેળા કરેજો. ॥ ૧૦ ॥ મેળા કરવા અમે તુમ ઘેર આવંતાજો, ભૂષણ ચિવર મેવા ફળ લાવંતાજો; તુમે લેતાં અમને થઇ આશા મોટકીજો. ॥ ૧૧ ॥ મ્હોટી આશા શી થઇ તુમ દિલમાંહીજો, દેવર જાણી હું લેતી ઉચ્છાંહીજો; સસરાનું ઘર લહિ ન ધરી શંકા અમેજો. ॥ ૧૨ ॥ અમે જાણ્યું પતિવિણ રાજુલ ઓશીયાળીજો, એહને પરણી સુખ

ભર પ્રીતડી પાળીજો; દંપતી દિક્ષા લેશું યૌવનમાં નહીંજો. ॥ ૧૩ ॥ નહિં ઓશિયાળી હું જગમાં કહેવાણીજો, ત્રણ જગતના રાજાની હું રાણીજો; ભૂતળ સ્વર્ગે ગવાણી પ્રભુ ચરણે રહીજો. ॥ ૧૪ ॥ રહી ચરણે તો સુખ સંસાર ઠગાણીજો, ચંપકવરણી તુજ કાયા સોસાણીજો; તપ જપ કષ્ટ જે કરવું તે વૃદ્ધાપણેજો. ॥ ૧૫ ॥ વૃદ્ધાપણે મુનિને નવિ થાય વિહારજો, થિરવાસે એક ઠામે રહે અણગારજો; જે જે કારજ સાધવું તે યૌવનવયેજો. ॥ ૧૬ ॥ યૌવન વય ઝગમગતી તુમ હમ જોગજો, ચાલો ઘેર જઈ વિલસીયે સુખભોગજો; વાત બની એકાંતે ગુફામાં પુણ્યથીજો. ॥ ૧૭ ॥ પુણ્યે દિક્ષા લીધી પ્રભુની પાસજો, સંયમથી સુર મુગતિતણાં સુખવાસજો; વિરૂઆં વિષફલ ખાવા ઇચ્છા શી કરોજો. ॥ ૧૮ ॥ શી કરોતો પાર્શ્વપ્રભુ અણુગારજો, ઉપદેશે ઘર છંડી વસે મુનિ ચારજો; તે ભવ મોક્ષ સુણીને કિમ જઇ ઘેર વસ્યાજો. ॥ ૧૯ ॥ ઘેર વસ્યા પણ મુનિ દીઠા તપ કરતાજો, પશ્ચાત્તાપ કરી ફરી સંયમ ધરતાજો; પરિશાટન કરી પરમાતમ પદવી વર્યાજો. ॥ ૨૦ ॥ વરી પદવી પણ ભુક્તભોગી થઇ તેહજો, તુમ ઉપર અમને પૂરવનો નેહજો; અધુરાને દુક્કર સંયમ

સાધન વિધિજો. ॥ ૨૧ ॥ વિધિયે વ્રત ધરી થાવ્ચ્ચાકુમારજો, સિદ્ધગિરિ સિધ્યા સાથે સાધુ હજારજો; વીરને વારે અઇમત્તા મુગતે જશેજો. ॥ ૨૨ ॥ જશે ખરા પણ બાળપણામાં જોગીજો, વાત ન જાણે સાંસારિક ભોગીજો; ભુક્તભોગી થઇ અન્તે સંયમ સાધશુંજો. ॥ ૨૩ ॥ સાધશું અન્તે સંયમ તે સવિ ખોટુંજો, જરાપણાનું દુઃખ સંસારે મ્હોટુંજો; વ્રત ભાંગીને જીવ્યા તે નરકેં ગયાજો. ॥ ૨૪ ॥ ગયા નરકેં તે જેણે ફરિ વ્રત નવિ ધરિયાંજો, ભાંગે પરિણામે સંયમ આચરિયાંજો; ચારિત્રેં ચિત્ત ઠરશે ઇચ્છા પૂરણેજો. ॥ ૨૫ ॥ ઇચ્છા પૂરણ કોઇ કાળે નવિ થાવેજો, સ્વર્ગતણાં સુખ વાર અનંતી પાવેજો; ભવભય પામી પંડિત દિક્ષા નવિ તજેજો. ॥ ૨૬ ॥ નવિ તજે તો પૂરવધર કિમ ચુકયાજો, રહી ઘરવાસે તપ જપ વેષજ મુકયાજો; અરિહા વાત એકાંતે શાસન નવિ કહેજો. ॥ ૨૭ ॥ કહે એકાંતે બ્રહ્મચર્ય જિનવરિયાજો, વ્રત તજિ પૂરવધર નિગોદે પડિયાજો; વિષ ખાતાં સંસારે કુણ સુખિયા થયાજો. ॥ ૨૮ ॥ થયા જિનેશ્વર સુખ વિલસી સંસારેજો, કેવળ પામી પછી જગતને તારેજો; દીક્ષા લેશું આપણે સુખલીલા કરીજો. ॥ ૨૯ ॥ કિરીઆ સંયમ જિનઆણા

શિર ધારોજો, ચળચિત કરીને ચરણુતણું ફળ હારોજો; વમન ભખંતાં શ્વાનપરે વાંછા કરોજો; ॥૩૦॥ કર્યો અમને તુમે શ્વાન બરોબર સાચોજો, તો તુમશું હવે રાગ તે ધરવો કાચોજો; લાગ્યો તમાચો શિક્ષાનો મુજને ઘણોજો. ॥ ૩૧ ॥ મુજને ઘણો છે હિયરિયાનો રાગજો, તેણે કહ્યું છું અગંધન કૂળના નાગજો; અગ્નિ પડે પણ વિષ વમ્યું ચૂસે નહીંજો. ॥ ૩૨ ॥ ચૂસે નહીં તિર્યંચ પશુ વિખ્યાતજો, તેથી ભૂંડો હું નર ક્ષત્રિ જાતજો; તું ગુરૂ માતા વાત કિહાં કરશો નહીંજો. ॥ ૩૩ ॥ કરશો નહીં પણ જાણે જિનવર જ્ઞાનીજો, જ્ઞાની આગળ વાત ન જગમાં છાનીજો; પ્રભુ પાસે આલોયણ લેઇ નિર્મળ થવુંજો. ॥ ૩૪ ॥ નિર્મળ થાવા જઇશું પ્રભુની પાસેજો, મિચ્છામિદુઃક્કડં તુમશું શુભવાસેજો, કૂપપડંતાં તુમે કર ઝાલી રાખિયોજો, ॥ ૩૫ ॥ રાખે આતમ પોતાનો મુનિરાયાજો, સ્વામિ સહોદર માત શિવાના જાયાજો, રહનેમિ સંયમે ઠરિયા ઇમ સાંભાળીજો. ॥ ૩૬ ॥ સાંભળી જઇ પ્રભુ ચરણે શીશ નમાવીજો, આલોયણ લેઇ ઉજ્વળ ભાવના ભાવીજો; કેવળ પામી શિવપદવી વરિયા સુખેજો. ॥ ૩૭ ॥ સુખે રહી ઘરમાં શત વરસ તે ચારજો, એક વરસ છદ્મસ્થે રાજુલ નારજો; એક

વિહૂણાં પાંચશે વરસજ કેવળીજો. ॥ ૩૮ ॥ કેવળી થઈને વિચર્યા દેશ વિદેશજો, બહુ જન તાર્યા દેઈ વર ઉપદેશજો; શિવસુખ સજ્જાયે પોઢયા અગુરૂ લઘુ ગુણેજો. ॥ ૩૯ ॥ ગુણે કરી દોય ગાયાં સુણજો સયણાંજો, એક એક ગાથા અન્તર બેહુનાં વયણાંજો; શ્રીશુભવીર વિવેકી નિત્ય વન્દન કરેજો. ॥ ૪૦ ॥

---

# પરિશિષ્ટ.

## શ્રી પાર્શ્વનાથનું સંસ્કૃત ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણાયતે; હ્રીઁ ધરણેંદ્ર વૈરોટયા–પદ્માદેવીયુતાય તે, ॥ ૧ ॥ શાંતિ તુષ્ટિમહાપુષ્ટિ–ધૃતિકીર્ત્તિવિધાયિને, ૐ હ્રીઁ દ્વિડ્‌વ્યાલવેતાલ–સર્વાધિવ્યાધિનાશિને, ॥ ૨ ॥ જયા જીતાખ્યાવિજયા ખ્યાપરા જીતયાઽન્વિતઃ, દિશાંપાલૈ ગ્રહૈ ર્યક્ષૈ, ર્વિધાદેવીભિરન્વિતઃ, ॥ ૩ ॥ ૐ અસિ- આઉસાય નમ સ્તત્ર ત્રૈલોકયનાથતાં, ચતુઃષષ્ઠિ સુરેંદ્રાસ્તે, ભાષન્તે છત્રચામરૈઃ, ॥ ૪ ॥ શ્રી શંખે- શ્વર મંડન–પાર્શ્વજીન પ્રણુત કલ્પતરૂ કલ્પ, ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ॥ ૫ ॥

## आदीश्वरजीननुं चैत्यवंदन.

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીઓ રમતો, સોવન હિંડોળે હિંચતો, માતાને મન ગમતો. ॥ ૧ ॥ સૌ દેવીબાલક થયા, રૂષભજી ક્રીડે, વ્હાલા લાગો છો પ્રભુજી, હૈડા શું ભીડે ॥ ૨ ॥ જીનપતિ યૌવન પામીઆ, ભાવેશું ભગવાન, ઇંદ્રે ધાલ્યો માંડવો, વિવાહનો સામાન, ॥ ૩ ॥ ચોરી બાંધી ચિહુંદિશે, સુરગોરી ગાવે, સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે, ॥ ૪ ॥ ભરતેં બિંબ ભરાવીઆંએ, સ્થાપ્યાં શત્રુંજય ગિરિરાય, શ્રી વિજયપ્રભસૂરી મહિમા ઘણો, ઉદયરત્નગુણ ગાય. ॥ ૫ ॥

---

## चोवीश तीर्थंकरना दीक्षातप दीक्षानगरी विगेरेनुं चैत्यवंदन.

સુમતિનાથ એકાસણું, કરી સંયમ લીધ; મલ્લિ પાસ જીનરાજ દોય, અઠ્ઠમશું પ્રસિધ, ॥ ૧ ॥ છઠ્ઠભક્ત કરી અવર સર્વ, લીએ સંયમભાર; વાસુપૂજ્ય કરી ચોથ ભક્ત, થયા શ્રી અણગાર, ॥ ૨ ॥ વર્ષાંતે પારણું કરે એ. ઇક્ષુરસેં રિસહેશ, પરમાન્ને બીજે દિને, પારણું અવર જીનેશ, ॥ ૩ ॥ વિનીતા નય-

ત્રીજે લીએ, દીક્ષા શ્રીપ્રથમ જીણુંદ, દ્વારાનગરીએ શ્રીનેમિનાથ, સહસાવનને વૃંદ, ॥ ૪ ॥ શેષ તીર્થંકર જન્મભૂમિ, લીયે સંજમભાર; અણુપરણ્યા શ્રી મલ્લિનાથ, નેમિનાથ કુમાર; ॥ ૫ ॥ વાસુપૂજ્ય પાસ વીરજીએ. ભૂપ થયા નવિ એહ, અવર રાજ્ય ભોગવી થયા, જ્ઞાનવિમલ ગુણ ગેહ; ॥ ૬ ॥ ચાર સહસશું ઋષભદેવ, શ્રીવીર એકાકી; ત્રણ શત સાથે મલ્લિ પાસ, સહસ સાથે બાકી; ॥ ૭ ॥ ષટ્શત સાથે વાસુપૂજ્ય, લહે સંયમભાર; મનઃપર્યવ તવ ઉપજે, સવિ જીનને સુખકાર, ॥ ૮ ॥ એમ ચોવીશે જીનવચાએ, સંભાર્યાં સુખ થાય; જ્ઞાનવિમલસુરિ એમ કહે, હોજો જીન સુપસાય, ॥ ૯ ॥

---

## શ્રી પાર્શ્વનાથના દશભવનું ચૈત્યવંદન

અમરભૂતિને કમઠ વિપ્ર, પહેલે ભવ કહીએ બીજે ગજ કુર્કટઅહિ, ત્રીજે ભવ લહીએ ॥ ૧ ॥ અષ્ટમ કલ્પ પાંચમી નરક, કિરણવેગખગ જાણું મહોરગ સર્પ ચોથે ભવે, અચ્યુતસુર મન આણું ॥ ૨ ॥ પાંચમી નરક પાંચમે ભવે, છઠ્ઠે રાય વજ્રનાભ, ચંડાલ કુલે કમઠ જનિત, મધ્યગ્રૈવેયકે લાભ ॥ ૩ ॥ લલિતાંગ દેવ સાતમે ભવે, સાતમી નરકે

લાગ, કનકપ્રભ ચક્રિ થયા, કમઠસિંહનો માગ ॥૪॥
પ્રાણુતકલ્પ ચોથી નરક, પાર્શ્વનાથ ભવદશમે,
કમઠ થયો તાપસ વળી, અન્યતીર્થી બહુ પ્રણમે.
॥ ૫ ॥ દીક્ષા લઇ મુક્તે ગયા, પાર્શ્વનાથજી દેવ,
પદ્મવિજય સુપસાઉલે, જીત પ્રણમે નિત મેવ ૬.

---

## सामान्यजिन चैत्यवंदन.

જયજય શ્રી જિનરાજ આજ, મલીઓ મુજ સ્વામી, અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી; ॥ ૧ ॥ રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી, ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી ॥ ૨ ॥ સિદ્ધ બુદ્ધ તુમ વંદતાં, સકલ સિદ્ધવર બુદ્ધ, રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ રૂદ્ધ. ॥ ૩ ॥ કાલ બહુ સ્થાવર ગ્રહ્યો, ભમીયો ભવમાંહી, વિકલેંદ્રિય એળે ગયો, સ્થિરતા નહી કયાંહી ॥ ૪ ॥ તિર્યંચ પંચેંદ્રિયમાંહિ દેવ, કર્મે હું આવ્યો, કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિસણ નવિ પાયો ॥ ૫ ॥ એમ અનંત કાળે કરીએ, પામ્યો નર અવતાર, હવે જગતારક તું મળ્યો, ભવજલપાર ઉતાર. ॥ ૬ ॥

---

## શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન.

આદીશ્વર જીન રાયને, ગણધર ગુણવંત, પ્રગટ નામ પુંડરીક જાસ, મહિમાએ મહંત. ॥ ૧ ॥ પંચ-કોડ સાથે મુણિંદ, અણુસણુ તિહાં કીધ, શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ, ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ, તે દિનથી પુંડરીકગિરિ, નામદાન સુખકંદ. ॥ ૩ ॥

---

## ચોથની થોય.

સર્વાર્થ સિદ્ધથી ચવીએ, મરૂદેવી ઉર ઉપનતો; યુગલાધર્મ શ્રી રૂષભજીએ, ચોથતણો દિન ધન્યતો; ॥ ૧ ॥ મલ્લિપાસ અભિનંદન એ, ચવિઆ વલી પાસે નાણુતો; વિમલ દિક્ષા ષટ્ એમ હુઆંએ, સંપ્રતિ જીનકલ્યાણુતો; ॥ ૨ ॥ ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉવિહ દેવ નિકાયતો; ચઉમુખ ચઉવિધ દેશનાએ ભાખે સુત્ર સમુદાયતો; ॥ ૩ ॥ ગોમુખ જક્ષ ચક્રેશ્વરી એ, શાસનની રખવાલતો; સુમતિ સંયોગ સુવાસનાએ, નેહ ધરી નય નિહાલતો ॥ ૪ ॥

---

## શ્રી પર્યુષણની થાય.

શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર—એ દેશી.

વરસ દિવસમાં અષાડ ચોમાસું. તેહમાં વલી ભાદરવો માસ, આઠ દિવસ અતિ ખાસ; પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઇધરનો કરે ઉપવાસ, પોસહ લીજે ગુરૂ પાસ; વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણું વખાણ સુણીજે, ચોદ સુપન વાંચીજે; પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોત્સવ મંગલ ગવાય, વીર જિણેસર રાય. ॥ ૧ ॥ બીજે દિન દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર, વીર તણો પરિવાર; ત્રીજે દિન શ્રી પાર્શ્વ વિખ્યાત, વલી નેમિસરનો અવદાત, વલી નવ ભવની વાત; ચોવીશે જિન અંતર ત્રેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ, તાસ વખાણ સુણીશ, ધવલ મંગલ ગીત ગહૂંલી કરીએ, વલી પ્રભાવના નિત અનુસરીએ, અઠ્ઠમ તપ જય વરીએ. ॥ ૨ ॥ આઠ દિવસ લગે અમર પલાવો, તેહ તણો પડહો વજડાવો, ધ્યાન ધરમ મનભાવો; સંવત્સરી દિન સાર કહેવાયે, સંઘ ચતુર્વિધ ભેલો થાયે, બારસેં સૂત્ર સુણાએ; થિરાવલીને સમાચારી, પટાવલી પ્રમાદ નિવારી, સાંભલીએં નર નારી; આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્ર

શું પ્રેમ ધરીશ; શાસ્ત્ર સર્વે સુણીશ ॥ ૩ ॥ સત્તર ભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો. વિધિશું સ્નાત્ર ભણાવો; આડંબરશું દેહરે જઇએ, સંવત્સરી પડિક્કમણું કરીએ, સંઘ સર્વને ખામીએ; પારણે સાહમિવચ્છલ કીજે, યથાશકિતએ દાનજ દીજે, પુન્ય ભંડાર ભરીજે; શ્રી વિજય ક્ષેમ સૂરિ ગણધાર, જસવંતસાગર ગુરૂ ઉદાર, જિનેંદ્ર સાગર જયકાર. ॥ ૪ ॥

---

## શ્રી મૌન एकादशीनी थोय.

શ્રી શેત્રુંજયગિરિ તીરથ સાર—એ દેશી.

ગોયમ બોલે ગ્રંથ સંભાલી, વર્દ્ધમાન આગલ રઢીયાલી, વાણી અતીઅ રસાલી, મૌન અગ્યારસ મહિમા ભાલી, કોણે કીધીને કહો કોણે પાલી, પ્રશ્ન કરે ટંકશાલી; કહોને સ્વામી પર્વ પંચાલી, મહિમા અધિક અધિક સુવિશાલી, કુણ કહે કહો તુમ હાલી, વીર કહે માગશર અજુઆલી દોઢસો કલ્યાણકની આલી, અગીયારસ કૃષ્ણે પાલી. ॥ ૧ ॥ નેમિનાથને વારે જાણો, કાહનુડો ગણુ ખંડનો રાણો, વાસુદેવ સુપ્રમાણો, પરિગ્રહને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો સાણો, જિનવંદન ઉજાણો, નેમિના-

થને કહે હેત આણો, વરસી વારૂ દિવસ વખાણો, પાલી થાઉં શિવ રાણો, અતીત અનાગત ને વર્ત્તમાન, નેવુ જિનનાં હુવાં કલ્યાણ, અવર ન એહ સમાન. ॥ ૨ ॥ આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી, ગણધર દેવ કમાણી, દોઢસો કલ્યાણકની ખાણી, એહ અગ્યારસને દિન જાણી, એમ કહે કેવલ નાણી, પુન્ય પાપ તણી જીહાં કહાણી, સાંભલતાં શુભ લેખ લખાણી, તેહની સરગ નિસાણી, વિદ્યા પૂરવ ગ્રંથે રચાણી, અંગ ઉપાંગ સૂત્રે ગુંથાણી, સુણતાં દીએ શિવરાણી. ॥૩॥ જિન શાસનમાં જે અધિકારી, દેવ દેવી હોએ સમકિત ધારી, સાનિધ્ય કરે સંભારી, ધર્મ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી, જે છે પર ઉપકારી, વડ મંડલ મહાવીરજીતારી, પાપ પખાલી જીન જુહારી, લાલવિજય હિતકારી, માતંગ જક્ષ કરે મનોહારી, ઓલગ સારે સુર અવતારી, શ્રી સંઘનાં વિઘ્ન નિવારી. ॥ ૪ ॥

## चार शरणां

મુજને ચારે શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુ-
સાધુજી; કેવલી ધર્મ પ્રકાસિયો, રત્ન અમૂલખ લા-
ધુંજી; મુજને૦ ॥ ૧ ॥ ચિહું ગતિતણાં દુઃખ છેદવાં,
સમરથ શરણાં એહોજી; પૂર્વે મુનિવર જે હુઆ,
તેણે કીયાં શરણાં તહોજી; મુજને૦ ॥ ૨ ॥ સંસાર-
માંહે જીવને, સમરથ શરણાં ચારોજી; ગણી સમય
સુંદર એમ કહે, કલ્યાણ મંગલ કારોજી; મુજને૦
॥ ૩ ॥ લાખ ચોરાસી જીવ ખમાવીએ, મન ધરી
પરમ વિવેકોજી; મિચ્છામિ દુક્કડં દીજીએ, જીનવચને
લહીએ ટેકોજી; લાખ૦ ॥ ૪ ॥ સાત લાખ ભૂદગતે-
ઉવાઉના, દશ ચૌદે વનના ભેદોજી; ખટ્ વિગલ સુર
તિરિનારકી, ચઉચઉ ચઉદે નરના ભેદોજી; લાખ૦
॥ ૫ ॥ મુજ વેર નહિં કેહશું, સૌશું મૈત્રી ભાવોજી;
ગણી સમયસુંદર એમ કહે, પામીએ પુન્ય પ્રભા-
વોજી; લાખ૦ ॥ ૬ ॥ પાપ અઢારે જીવ પરિહરો,
અરિહંત સિદ્ધની સાખેજી; આલોચ્યાં પાપ છુટીએ,
ભગવંત એણીપરે ભાખેજી; પાપ૦ ॥ ૭ ॥ આશ્રવ
કષાય દોય બંધના, વલી કલહ અભ્યાખ્યાનોજી;
રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોસ મિથ્યાતોજી;
પાપ૦ ॥ ૮ ॥ મનવચ કાયાએ જે કર્યાં, મિચ્છામિ

દુક્કડં દેહોજી, ગણી સમયસુંદર એમ કહે, જીન ધર્મનો મર્મ એહોજી; પાપ૦ ॥ ૯ ॥ ધનધન તે દિન મુઝ કદી હોશે, હું પામીશ સંયમ સુધોજી; પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરૂ વચને પ્રતિબોધોજી; ધન૦ ॥ ૧૦ ॥ અંતપ્રાંત ભિક્ષા ગૌચરી, રણુવને કાઉસ્સગ્ગ લેશુંજી; સમતા શત્રુમિત્ર ભાવશું, સંવેગ શુધો ધરશુંજી; ધન૦ ॥ ૧૧ ॥ સંસારનાં સંકટ થકી, હું છુટીશ જીનવચને અવતારોજી; ધનધન સમય સુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી; ધન૦ ૧૨.

---

## ૮૪ लाख जीवायोनिमां मुंगां बहेरांदिनो छप्पो

લક્ષચોરાસી યોનિમેં, મુંગા બાવન લાખ; બત્રીસ કહીએ બોલતાં, ચોપનને નહિ નાક; ॥ ૧ ॥ ચોપનને નહિ નાક, ત્રીશ લાખ નાક વખાણું; છપન આંખે હીણ, અઠયાવીસ દેખતા જાણું; ॥ ૨ ॥ છવીસ કાને સાંભલે, અઠ્ઠાવન કાને હીણ કહયા; કવિ સુરગંગ વિનતિ કરે, લક્ષચોરાસીયોનિ એમ થયા; ॥ ૩ ॥

સમાપ્ત.